
મુક્તિનો મંગલ માર્ગ
પ્રવચનકાર
મુનિશ્રી યતીન્દ્રવિજયજી મહારાજ

# चिन्तन-कणिका।

कार्यं च किं ते परदोषदृष्ट्या,
कार्यं च किं ते परचिन्तया च।
वृथा कथं खिद्यसि बालबुद्धे,
कुरुष्व कार्यं त्यज सर्वमन्यत्॥

(हृदयप्रदीपषट्त्रिंशिका)

卐

धर्मस्य दया मूलं,
न चाक्षमावान् दयां समादत्ते।
तस्माद्यः क्षान्तिपरः,
स साधयत्युत्तमं धर्म्मम्॥

(प्रशमरतिप्रकरणम्)

卐

वशं मनो यस्य समाहितं स्यात्,
किं तस्य कार्यं नियमैर्यमैश्च।
हतं मनो यस्य च दुर्विकल्पैः,
किं तस्य कार्यं नियमैर्यमैश्च॥

(अध्यात्मकल्पद्रुमः)

श्री शंखेश्वर पार्श्वनाथाय नमोनमः
श्री सुरेन्द्रसूरीश्वरजी सद्गुरुभ्यो नमः

વીરમગામ
નં. 32
જૈન પાઠશાળા

# મુક્તિનો મંગલ માર્ગ

( રાજનગર ડહેલાના ઉપાશ્રયે
અપાયેલ પ્રવચનોનો સંગ્રહ )

—: પ્રવચનકાર :—

પરમ શાસન પ્રભાવક પૂજ્ય પન્યાસજી **શ્રી જયંતવિજયજી**
ગણિના વિદ્વાન્ શિષ્યરત્ન પ્રસિદ્ધ વક્તા મુનિરાજ
**શ્રી યતીન્દ્રવિજયજી** ( વ્યાકરણ તીર્થ )

—: સંપાદક :—

**સમયજ્ઞ મુનિપ્રવર શ્રી યશોભદ્રવિજયજી મહારાજ**

—: પ્રકાશક :—

શા. જશવંતલાલ ગીરધરલાલ
C/o જૈન પ્રકાશન મંદિર
૩૦૯/૪ ડોશીવાડાની પોળ,
અમદાવાદ.

—: પ્રાપ્તિસ્થાન :—

(૧) કાન્તિલાલ છગનલાલ ચોકસી
(અતુલ નીતીન એન્ડ કંપની વાળા.)
ઠે. ભુલામોદીનો ચકલો, બેગમપુરા,
મુ. સુરત

(૨) ગુણોત્તમભાઈ પનાલાલ શેઠ
ઠે. ફતાસા પોળ, લાલાભાઈનો ખાંચો,
અમદાવાદ

(૩) વરધીલાલ સંપ્રીતચંદ શાહ
ઠે. ખત્રીની ખડકી, દોશીવાડાની પોળ,
અમદાવાદ.

વિક્રમ સંવત ૨૦૧૮ — પ્રત ૧૫૦૦
ઈ. સ. ૧૯૬૧ — પ્રથમાવૃત્તિ.

મુદ્રક :
કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ
મંગલ મુદ્રણાલય,
રતનપોળ, અમદાવાદ.

# આમુખ

સંવત ૨૦૧૪ની સાલમાં સ્વ. આચાર્ય શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજ( ડહેલાવાળા )ના શિષ્યરત્ન મુનિપ્રવર શ્રી ( હાલમાં પૂ. પંન્યાસજી ) જયંતવિજયજી મહારાજ સાહેબ આદિ ઠાણાં ચારનું ચાતુર્માસ વિરમગામમાં થયેલું. તે વખતે વ્યાકરણતીર્થ, પ્રસિદ્ધવક્તા, મુનિશ્રી યતીન્દ્રવિજયજી (બાલમુનિ) મહારાજ સાહેબનાં વ્યાખ્યાનોનો રંગ વિરમગામના જૈન તેમ જ જનેતર ભાઈ–બહેનોને સારો લાગ્યો હતો. ત્યારે જ મને ઘણીવાર એમ થતું હતું કે શ્રી જૈન શાસનના પરમ પ્રભાવક મુનિમહારાજોની જૈન શાસનને ખોટ પડતી નથી, કારણ કે આવા બાલબ્રહ્મચારી, પવિત્ર, જ્ઞાની, શ્રમણ ભગવંતો જૈન શાસનની જ્યોતને વણબૂઝ રાખતા દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને પીછાણી સંસારના દુઃખતપ્ત માનવીઓને સુખનો શીતળ વાયુ સંચારિત કરવાનો ભગીરથ પુરુષાર્થ આદરે છે અને બાહ્ય પ્રવૃત્તિઓવાળા જીવોને અન્તરદૃષ્ટિની સંજીવની આપે છે.

પૂ. મહારાજશ્રી પોતે વાચન, અભ્યાસ અને ચિંતનના ખૂબ શોખીન છે. અને તેથી જીજ્ઞાસુ તરીકે નિત્ય નવું નવું મેળવતા રહે છે અને સરળ, રસપ્રદ, સુગમ ભાષાથી તેને ઉપભોગક્ષમ્ય બનાવે છે. નાનામાં નાના બાળકોને અને

ધર્મદૃષ્ટિએ અબોધ—એવા જીવોને ગળે ઊતરે તેવી રીતે તે અનુભવો રજુ કરે છે. છતાં જ્ઞાનિઓને તેમના જ્ઞાનની યત્રતત્ર ઝાંખી તો મળી જ જાય છે.

આ પુસ્તકમાં રાજનગર ડહેલાના ઉપાશ્રયે ચાલુ ચાતુર્માસ દરમ્યાન આપેલા જાહેર વ્યાખ્યાનોને સંગૃહીત કરી–કરાવી, દૂર વસતા ભાગ્યશાળીઓને પણ પ્રવચનકારશ્રીની મંગલવાણી પહોંચાડવાની પ્રકાશક મહાશયે જે શુભેચ્છા રાખી છે તે પણ પ્રશસ્ય છે.

આ વ્યાખ્યાનો વાંચનારને સહેજે સમજાશે કે આ કોઈ એક માર્ગના વક્તાનાં વ્યાખ્યાનો નથી; પણ જગતના સર્વ મનુષ્યોને સુખ–સાન્ત્વન આપનાર અને ગળાબૂડ સંસારની ઉપાધિઓમાં બૂડી ગયેલાના હાથ ઝાલવાનો પ્રયત્ન કરનાર કોઈ સેવાભાવી, સરળ, કૃપાળુ, મુનિશ્રીનો અલ્પ છતાં ઉપકારી પ્રયાસ છે.

“ મુક્તિનો મંગલ માર્ગ ” આઠ વ્યાખ્યાનોનો સંગ્રહ છે. તેમાં ચતુર્થ પુરુષાર્થ જે ‘ મોક્ષ ’ તેની પ્રાપ્તિ માટે જરૂરી ગુણોની અને તે મેળવવા સારૂ ત્યજવા યોગ્ય દોષોની સરળ અને ઉદ્‌બોધક કથાઓ દ્વારા ચર્ચા કરવામાં આવેલી છે. આમ આ વ્યાખ્યાનો આપણામાં રહેલ સદ્‌ તત્ત્વને જાગૃત કરવા અને અસદ્‌ને છોડવા શીખવે છે.

પૂ. મહારાજશ્રીએ પોતાના વ્યાખ્યાનોને સરળ અને બોધક બનાવતા પ્રસંગો આપ્યા છે અને છતાં કેટલાકમાં સૂત્રાત્મક વિધાનો દ્વારા પરમ સત્યને પ્રગટ કર્યું છે અને એ રીતે આજના યુગમાં દુર્ગમ લાગતા ધર્મતત્ત્વને

સુબોધપ્રદ બનાવવાની તેઓશ્રીએ કોશિષ કરી છે. આવા વિધાનો પ્રકાશક તરફથી અલગ ટાઈપથી અપાયા હોત તો કદાચ આ પુસ્તક વધુ સારી છાપ મૂકી જાત. હજુ એવાં વાક્યો સંગ્રહીત કરી, બીજા નાના પુસ્તકરૂપે આપી શકાય તો સારું.

આ આઠ વ્યાખ્યાનોના વિષયો દેખાય છે અલગ-અલગ પણ છે સળંગ. અરિહંત તત્ત્વની ઓળખાણ દ્વારા દુઃખના દાવાનળને શાંત કરવાની તેમાં તાકાત છે.

પહેલું વ્યાખ્યાન અરિહંતપદનું મહત્ત્વ, તેની આરાધનાની જરૂર અને તે આરાધના દ્વારા તે પદપ્રાપ્તિની સંભાવના દર્શાવે છે. 'અંતરમાંથી રાગદ્વેષના જાળા જાય અને કષાયોનો કાટ દૂર થાય તો જ જ્ઞાનના પારસમણિથી આ આત્મા સુવર્ણતુલ્ય બને'—આ કેવું સુંદર રીતે રજુ થયેલ સત્ય છે!

બીજું વ્યાખ્યાન 'પ્રેમનું પવિત્ર ઝરણું' જગતમાં વ્યાપી રહેલ વેરના તત્ત્વને અવૈરથી જીતવાનું કિંમતી રસાયન દર્શાવે છે. આજના દુઃખતપ્ત ઘરો, સમાજો, અને રાષ્ટ્રોને, મહાત્માઓએ બતાવેલ આ માર્ગ ફરીફરીને બતાવવો શું જરૂરી નથી? મોહ અને પ્રેમનો વાસ્તવિક તફાવત કેવા સુંદર દૃષ્ટાંતથી રજુ કરવામાં આવેલ છે? પ્રેમનું ઉગમસ્થાન અને તેના પ્રકારો સમજાવવા પરિચિત કથાઓ લીધી છે એ સારું કર્યું છે.

ત્રીજું વ્યાખ્યાન 'અહિંસા અને આપણે' માનવ-જીવનમાં અહિંસાની જરૂરિયાતને દર્શાવવા સાથે આજના

જીવનમાં વ્યાપી રહેલ ઘોર હિંસાની કરૂણ કથની અને તેથી થતી જીવનની ભ્રષ્ટતાને ભાવવાહી રીતે દર્શાવે છે. જીવ માત્રને જીવવું વહાલું લાગે છે. કોઈ કોઈને જીવન તો બક્ષી શકતો જ નથી. તો તે લેવાની સત્તા આપણને કોણે આપી ? અહિંસાના ત્રણ પગથીઆ માનવી પોતે કયાં ઊભો છે તે દર્શાવે છે. કોઈ પણ વ્યક્તિ આ કસોટીએ પોતાની જાતને કસે તો તે કયાં ઊભો છે, તે તરત જ સમજી શકે.

ચોથું વ્યાખ્યાન 'સૂરીશ્વર અને સમ્રાટ' પ. પૂ. પ્રાતઃ સ્મરણીય આચાર્ય મહારાજ શ્રી વિજયહીરસૂરીશ્વરજીના જીવનને અને સમ્રાટ અકબરના જીવનને સ્પર્શે છે. જીવન-પંથમાં ખાંડાની ધારપર ચાલનાર અને પ્રેમથી દિવ્ય જીવ-નને અનુભવનાર વ્યક્તિઓ સંસારમાં કેવાં સ્પંદનો જગાવે છે તે જાણવા આ વ્યાખ્યાન ઉપયોગી છે. વ્યક્તિગત સુખનો ભોગ ગુરૂતા મેળવવામાં કેવો સહાયભૂત થાય તે પણ અહીં જાણવા મળે છે. જીવનમાં ગુરુનું સ્થાન ખૂબ મહ-ત્વનું છે તે બાબત સમજવા જેવી છે. શ્રાવક, શ્રાવિકાઓ જૈનધર્મના સ્વયંસેવકો છે તે વાત ચંપાબાઈ પુરી પાડે છે. છેલ્લે धर्मो रक्षति रक्षितः। એ આર્ય સત્યનું દર્શન પણ આ વ્યાખ્યાન કરાવે છે.

પાંચમું વ્યાખ્યાન બલિદાનની ઉપયોગિતા દર્શાવીને 'દેહનું બલિદાન આત્માના ઉર્ધ્વગમન અર્થે કેટલું જરૂરી છે' તે વાત સમજાવે છે. સ્વાર્થભાવના આ બલિદાનમાં આડે આવી, આપણને પુનિત માર્ગથી ચલાવે છે અને

ધ્યેય સિદ્ધિમાં વિઘ્નભૂત થાય છે એ વાત પણ અહીં ફલિત થાય છે. 'ઉદ્દેશની સિદ્ધિ અને લક્ષ્ય વગર મરવું તેનું નામ અજ્ઞાન :' સમજવા જેવું વાક્ય નથી શું? શ્રેષ્ઠ બલિદાન દેનારની ભાવના 'દુષ્ટોનું પણ કલ્યાણ થાઓ' દર્શાવનારી હોય છે. જગતમાં થયેલ મહાત્માઓના જીવનના રહસ્યની ચાવી પણ અહિં જ આપણા હાથમાં આવી જાય છે.

છઠ્ઠું વ્યાખ્યાન 'રાગના રમખાણ અને વિરાગના વિજયને' દર્શાવવા માટે અપાયેલું છે. 'એક હૈયાનું રાગનું તોફાન આખા જગતને આવરી લે છે.' એ વાત સમજવા આખો માનવ ઈતિહાસ શું પડયો નથી? દરેક વસ્તુનાં બે પાસાં જોવાં જોઈએ અને સૂક્ષ્મ વૈરાગ્યથી સમજવાં જોઈએ. એ વાતાવરણ અહીં સ્પષ્ટતાથી બતાવવામાં આવેલ છે. 'રાગ રડાવે છે અને વિરાગ તારે છે' એ વાત પણ સમજવા જેવીજ છે. કોણ, કોને, કયારે, કેવી રીતે ઉપયોગી થાય છે એ વાત પણ જીવનમાં યાદ રાખી, જીવન ઘડતર કર્યા કરવું જોઈએ એ વાત ખૂબ સારી રીતે અહિં રજુ કરવામાં આવેલ છે.

સાતમું વ્યાખ્યાન 'સમતાના શીતળપણાને' દર્શાવે છે. ક્રોધની હોળીને અટકાવવાથીજ માણસ પરમ શાંતિ પ્રાપ્ત કરવા યશોભાગી થાય છે. વ્યક્તિ, ઘર, સમાજ કે રાષ્ટ્રના વાતાવરણને સુધારવા ક્રોધને અટકાવવાની જરુર નથી શું? સમતાવાળોજ કષાયોનો વિજેતા બની, પરમ

સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે, એ વાત અહિં સ્પષ્ટપણે રજુ થાય છે.

આઠમું અને છેલ્લું વ્યાખ્યાન 'સુખનું સોનેરી સ્વપ્ન અને દુઃખના દાવાનળને' ચર્ચે છે. સુખ સૌને પ્રિય છે; દુઃખ કોઈને ગમતું નથી; અને છતાં સુખની શોધ દુઃખનીજ પ્રાપ્તિ કેમ કરાવે છે એ વાત માનવ વિચારતો નથી. એ વિચારણા કરી સાચું સુખ શેમાં છે તે સમજે તો તેના જીવનને તે લક્ષ્ય તરફ દોરી શકે. આ વ્યાખ્યાન એ રીતે આપણા પ્રયત્નોની વિફલતા દર્શાવે છે અને સફળતાની ચાવી બતાવે છે.

આમ દુઃખમૂલનાશક આ જ્ઞાનની પરબના સંચાલકોનું પૂ. મહારાજશ્રીનાં વ્યાખ્યાનો પ્રસિદ્ધ કરવા બદલ હું ઋણ સ્વીકાર કરું છું. મને આની આમુખ લખવા આપી કૃતાર્થ બનાવ્યો છે તે બદલ શું કહું ?


આપણે આશા રાખીએ કે આ પુસ્તકનું વાંચન, પ્રવચનકારશ્રીના શ્રમને સાર્થક બનાવશે અને વાંચકને કલ્યાણને માર્ગે દોરી જઈ, વ્યક્તિના વિકાસ દ્વારા સમાજના કલ્યાણને સાધનાર થાય એ જ અભિલાષા.

કાન્તિલાલ વી. વોરા
શ્રી સંઘના મંત્રી
M.A.M.Ed. કાવ્યતીર્થ કોવિદ

વિરમગામ,
મૌન એકાદશી, ૨૦૧૮

સ્વ. ડહેલાના આદ્ય આચાર્યદેવ

## શ્રીમાન્ વિજય સુરેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ



સ્વ. **ગંગાબેન**ના સ્મરણાર્થે તેમના સુપુત્ર બાબુભાઈ
ચીમનલાલ સરસપુરવાળા તરફથી દર્શનાર્થે ભેટ.

# પ્રસ્તાવના

સુંદરમાં સુંદર મકાન હોય, ચારે બાજુથી રંગ-રોગાન અને કલા–કારીગરી કોરણીથી સુશોભિત હોય, છતાં તેને ભીતરમાંથી તપાસવા માટે દ્વાર અતિ આવશ્યક છે. મકાનમાં ગમે ત્યાંથી પ્રવેશ મળતો જ નથી પણ દ્વાર તરફજ જવું પડે છે અને દ્વાર ઉપરથી મકાનની લગભગ કલ્પના આવી જાય છે.

પુસ્તકનું પણ તેવુંજ છે. સારાય પુસ્તકના દ્વારરૂપે કોઈ હોય તો તે પ્રસ્તાવના છે પુસ્તકના ભાવોને રજુ કરી દ્વાર ખોલી આપે છે. જેથી જિજ્ઞાસુ વ્યક્તિ પુસ્તકના ઉંડાણમાં પ્રવેશી શકે છે.

"**મુક્તિનો મંગલ માર્ગ**"માં સમાવિષ્ટ થતાં 'અરિહંત પદની આરાધના' ઇત્યાદિ આઠેય પ્રવચનોમાં બાલબ્રહ્મચારી પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી **યતીન્દ્રવિજયજી** જગત્‌ની વર્તમાન યુગ અને ભૂતકાલીન યુગની પરિસ્થિતિનું ચિત્ર દોરી આપી ભવિષ્યકાલના જીવન માટેની ચાવી ખોલી આપે છે.

પૂ. મુનિશ્રીએ બહુજ કુમળી–નવ વર્ષની જ વયમાં **મુક્તિનો મંગલ માર્ગ**–ચારિત્ર માર્ગ અપનાવેલ છે.

કલિકાલ સર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરિ** કે તેવા જે પૂર્વના સમર્થ આચાર્યો કે જેમનું ચિત્ર હાલમાં આપણે અક્ષરદેહે નિહાળી શકીએ છીએ, અને ગૌરવ અનુભવી શકીએ છીએ, તેમાં તે મહાપુરુષોએ પણ નાની વયમાં જ "મુક્તિનો મંગલ માર્ગ"–ચારિત્ર માર્ગ અપનાવ્યો હતો તેજ મુખ્ય કારણ હતું.

દુન્યવી બીજાં ચિત્રો દોરાતાં પહેલાં જીવન ઉપર સાધનાનાં–આરાધનાનાં ચિત્રો દોરાઈ જાય તો એ જગતને કોઈ નવું જ સ્વરૂપ આપી શકે છે, એ નિઃસંદેહ વાત છે.

પ્રવચનકારશ્રીને બાલ્યવયે દીક્ષા લેવા સંબંધમાં કપરી કસોટીમાંથી પસાર થવું પડ્યું હતું અને તે તેમનાજ સંસારી ભાઈ જેઓ હાલ તેઓશ્રીના ગુરુ તરીકે છે તે પં. **જયંતવિજયજી** મહારાજ જ આટલી મહાન્ જવાબદારીનો ભારવહન કરી શકે !

કુટુંબ ઘણુંજ સુસંસ્કારી, બબ્બે (પોતાની સાથે ત્રણ) ભાઈઓએ તથા પિતાશ્રીએ પણ દીક્ષા લીધી છે જેઓ હાલમાં મુનિશ્રી **મનકવિજયજી** (પિતા) પં. શ્રી. **જયંતવિજયજી** ગણિવર (વડિલ ભાઈ ગુરુ) પૂ. **યશોભદ્રવિજયજી** (બીજા વડિલ ભાઈ–સમયજ્ઞ) તરીકે વિદ્યમાન છે. આ બધું પૂર્વના સંસ્કારો સિવાય બનવું અતિ દુષ્કર છે.

માતાપિતા તથા બીજા ભાઈઓ–કાન્તિલાલ મફતલાલ રતીલાલ વિગેરેએ ઉપરોક્ત બન્ને ભાઈઓને દીક્ષાની અનુમતિ આપ્યા બાદ આવી કુમળી વયના ભાઈ **નાનાલાલને** દીક્ષા આપવામાં મોહવશ થઈ આનાકાની જરૂર કરી પણ છેવટે પં. શ્રી **જયંતવિજયજી મ.** ની સંસારની વિચિત્રતાને લગતી સમજાવટથી મોહને તિલાંજલિ આપી મોહ ઉપર વિજય મેળવી કોઈ અણમોલ ત્યાગ કેળવી ભાઈ નાનાલાલને પણ દીક્ષા આપી ખરેખર તીર્થંકર ભગવંતોના શાસનના ચરણે એક અપૂર્વ રત્ન ધરી દીધું છે.

પોતાના ત્રણે પુત્રોની અનુપમ આરાધના નીરખી વૃદ્ધાવસ્થામાં પણ તેઓશ્રીના પિતાજીએ સંયમ સ્વીકાર્યો અને હાલ મુનિશ્રી મનકવિજયજી તરીકે આરાધનામાં જીવન પસાર કરે છે. પ્રવચનકારની દીક્ષાની પવિત્ર ક્રિયાથી સ્તંભન તીર્થ (ખંભાત) અને **રાળજ** તીર્થ પાવન થયું છે.

પહેલેથી જ જાણે પૂર્વ ભવોગત સંસ્કારો લઈને જ ન આવ્યા હોય તેમ દીક્ષા લેવાનું નક્કી કરી ચારિત્ર માર્ગ અપનાવતાં પહેલાં પણ તેને લગતો અભ્યાસ શરૂ કરી દીધો હતો અને તે પણ ભલભલા વિદ્વાન્‌ને શરમાવે તેવો રોજની ૫૦–૫૦ ગાથાઓ કંઠસ્થ કરીજ હોય.

જેઓશ્રી સંસારીપણામાં તેમજ મુનિ–જીવનમાં આવ્યા બાદ મારા પ્રાથમિક વિદ્યાર્થી તરીકે રહેલા અને તેજ સમયે મને તેમની પ્રતિભા ઘણી ઉચ્ચ કોટીની છે તેમ લાગતું હતું.

દીક્ષા લીધા પછી તેમના ગુરુને, તેઓ જૈન સમાજમાં અદ્વિતીય રત્ન પાકે, એ માટેની રઢ લાગી અને ગમે તેવી સ્થાનની મુશ્કેલીઓ, આર્થિક મુશ્કેલીઓ વેઠીને પણ ભણાવવામાં અને ભણનાર તરીકે તેમની જ્ઞાનભક્તિ કરવામાં પોતાની બધી શક્તિ ખર્ચવા જ માંડયા. તથા મુનિશ્રી પણ અખંડ–અતૂટ અપ્રમત્ત અભ્યાસી બનતાં ન્યાય વ્યાકરણ–સાહિત્ય–ધર્મ શાસ્ત્ર ઈત્યાદિના થોડા જ ટાઈમમાં જ્ઞાતા ધ્યાતા અને વ્યાખ્યાતા થયા, હજુ પણ અભ્યાસમાં તલ્લીનને તલ્લીન જ રહે છે, જેઓ સન ૧૯૫૮ ના એપ્રિલમાં બંગાલની સંસ્કૃત શિક્ષા પરિષદ્ તરફથી લેવાયેલ જૈન શ્વેતાંબર વ્યાકરણતીર્થની પરીક્ષામાં દ્વિતીય શ્રેણિ (સેકંડ કલાસ)થી ઉત્તીર્ણ થયેલ છે.

મુનિશ્રી રાજનગર ડહેલાના (અમદાવાદમાં સહુથી જુના) ઉપાશ્રયના આદ્ય આચાર્ય શ્રીમદ્વિજય **સુરેન્દ્રસૂરીશ્વરજી** મહારાજના શિષ્યરત્ન પૂ. પં. **શ્રીમજ્જયંતવિજયજી** ગણિવરના શિષ્ય **યતીન્દ્રવિજયજી** તરીકે સુપ્રસિદ્ધ છે.

પ્રવચનકારશ્રી અલબેલી કહો કે મોહમયી કહો એવી મુંબઈ નગરીમાં પણ વૈરાગ્યભરપૂર પ્રવચનોથી ભાવુકોને ધર્મમાં તરબોળ બનાવતા હતા.

રાજનગર ડહેલાના ઉપાશ્રયમાં આટલી નાની વયે પ્રવચન પટુતાવાળા ઉક્ત મુનિવરને સાંભળવા અને તે માટે જગ્યા મેળવવા જનતા પડાપડી કરતી હતી તેથી ઉપાશ્રયના

ટ્રસ્ટી મહાશયોને એમ ચોક્કસ લાગ્યું કે આવાં વ્યાખ્યાનોનો કોઈ વ્યવસ્થિત સંગ્રહ જનતાના હાથમાં મૂકીએ કે જેથી જેણે નથી સાંભળ્યું તે વાંચીને પણ આત્મિકતા પ્રાપ્ત કરી શકે માટે તે દિશામાં કરેલો પ્રયત્ન ઘણો સફળ થશે એમ માની વ્યાખ્યાનોને અક્ષરદેહમાં જનતા સામે ધરવા પ્રકાશક દ્વારા ભાગ્યશાળી બન્યા.

આજના જગતનું દૃશ્ય કેટલું બિહામણું છે! કેટલાક શ્રીમંતો ઐહિક સુખમાં જ મગ્ન બની, જીવનના ઉદાત્ત તત્ત્વને ભૂલી બેઠા છે; સત્તાધીશો સત્તાના ઘેનમાં મૂર્છિત થઈ ઉદ્ઘાટન ક્રિયામાંથી ઉંચા આવતા જ નથી; કેટલાક ધર્મગુરુઓ પણ પોતાના માટે મઠ–મંદિર બનાવવાની ધૂનમાં જ્યાં ત્યાં ભમી રહ્યા છે; મધ્યમ વર્ગ જીવનનિર્વાહની ચક્કીમાં પિસાઈ રહ્યો છે; વિજ્ઞાનનાં બિહામણાં સાધનો લાખો માનવીઓને મૃત્યુના મોંમાં ધકેલી રહ્યાં છે; અશાંતિ ડાકણની જેમ આંખો કાઢી માનવી સામે ઘૂરકી રહી છે; આવા વિષમ સમયમાં માનવતાનાં તત્ત્વોને વિકસાવે એવા ઉપદેશકની, એ ઉપદેશને જીવનમાં વણનાર જિજ્ઞાસુ શ્રોતાઓની, કોઈ પણ સમય કરતાં આજે વધારેમાં વધારે જરૂર છે.

આજનું ચિત્ર તદ્દન નિરાળું છે, સદાચારી અને નીતિ યુક્ત જીવન જીવવાનો રસ જાણે પરમાણુ યુગના પાતાળમાં પહોંચી ગયો છે....અને કદાચ કોઈ ભાગ્યશાળી એવું જીવન

જીવવા માગતા હોય, તો તેને અનેક મુશ્કેલીઓ સામે કટિબદ્ધ રહેવું જ પડે છે!

વળી આવતી કાલની પેઢીની તો કલ્પના ય અતિ દુઃખદ વાત બની ગઈ છે.

આજના નવયુવકો કેવલ ભૌતિક સુખને જ જીવનનું લક્ષ્ય માને છે. અને એ સુખ મેળવવા પોતાની તમામે તમામ શક્તિ ખર્ચી રહ્યા છે. પરિણામ એ આવવા માંડયું છે કે–આવતી કાલની પેઢી નૈતિક થરનું નિર્માણ કરી શકતી નથી. સીનેમાના નટ–નટીઓ એમનાં મનોરાજ્યનાં સાથી બની ચૂકયાં હોય છે....જેનું કલા કે ભાવના....સાહિત્ય કે જીવનની દૃષ્ટિએ કોડીનું ય મૂલ્ય નથી એવાં ભંગાર પ્રેમ-ગીતો આવતી કાલની પેઢીનો મંત્ર બની ગયો હોય એમ લાગે છે.

ભક્ષ્ય અભક્ષ્યનો વિવેક તો લગભગ સારાં ગણાતાં કુટુંબોમાંથી પણ ભુંસાવાજ માંડયો છે, શરીરને પોષણ આપવા માટેજ સાત્ત્વિક ભોજન છે એ સત્ય ભૂલાઇ ગયું છે, અને જીભની રસલાલસાને પોષવા ખાતર જ ભોજન હોવું જોઇએ એવું ભયંકર અસત્ય આજ સિંહાસનારૂઢ બની ગયું છે!

પાપ અને પુણ્યનાં પરિણામો કોઈ પણ કાળે, કોઈ પણ પરિસ્થિતિમાં સામે દેખાતાં હોવા છતાં આજ લોકો એને પૂર્વ કાળના તત્ત્વચિંતકોની એક હાસ્યાસ્પદ કહાની માની રહ્યા છે.

જે દેશ આધ્યાત્મિક અમૃતનુ વિતરણ કરનારો હતો, જે દેશ કોઇનું પણ અર્થાત્ માનવનું જ નહિ પણ પ્રાણિમાત્રનું કલ્યાણ કરવામાંજ મોખરે રહેવામાં ગૌરવ-કર્તવ્ય સમજતો હતો....જે દેશની જનતા કોઈને પણ દુઃખ થાય એમાં રસ લેવા તૈયાર ન હતી....અર્થાત્ નિરુપદ્રવી હતી, સેંકડો આક્રમણો આવ્યાં ને ગયાં, સેંકડો વિધર્મીઓ અને વિદેશીઓ આવ્યા ને ગયા. પરંતુ આ દેશની જનતાએ અન્ય ધર્મ પર કે અન્ય દેશ પર કદી આક્રમણ કર્યું નથી. બુરી નજર કરી નથી અરે! જે આવ્યા તેને આદર આપીને સમાવી લીધા છે.

આવી મહાન્ પ્રજાના તત્ત્વચિંતકોએ જીવનનાં અનેક મહાસત્યો આપ્યાં છે સદાચાર અને સાત્ત્વિકતાથી મળેલું જીવન જીવી શકાય એવા સરલ માર્ગો બતાવ્યા છે અને આજે પણ એ ભવ્ય ગાથાઓ આપણા સ્મૃતિરૂપી ખજાનામાં પડી છે!

છતાં આજનું ચિત્ર ખૂબ જ વેદના ઉપજાવનારું દેખાય છે.

જે દેશમાં લોકો નીતિ અને સદાચારયુક્ત જીવન જીવતાં સંકોચ અથવા મુશ્કેલીઓ અનુભવવા માંડે તે દેશની આવતી કાલ કેવી હશે! તે પ્રશ્ન કદિ કોઇએ ઉપેક્ષા કરવા જેવો નથી જ.

સવાલ એ થાય છે કે આવું પરિવર્તન કેમ આવ્યું?

ક્યાંથી આવ્યું ? વિધર્મીઓ અને વિદેશીઓના આક્રમણો સામે પણ જે દેશની જનતા પોતાની આધ્યાત્મિક સંપત્તિ અને સાત્ત્વિક જીવન જીવવાની ભાવનાને ટકાવી શકી હતી તે દેશમાં આવું પરિવર્તન શા માટે આવ્યું ! એવો કયો ધરતીકંપનો આંચકો લાગ્યો, અણુધારાનું કયું વાદળ તૂટી પડયું કે જેથી આજે રાષ્ટ્રનું નૈતિક માળખું અસ્તવ્યસ્ત બની ગયું છે ?

આ સવાલોનો જવાબ શોધવા જવું પડે તેમ નથી આપણી સામે જ છે અને પ્રવચનકારશ્રીએ રોચક શબ્દોમાં તે બાબતને ઠીક ઠીક આલેખી છે.

“ અરિહંતપદની આરાધના ” નામક પ્રથમ વ્યાખ્યાનમાં મોક્ષનું સુખ સાત્ત્વિક સુખ છે, અને સાંસારિક સુખ એ સુખાભાસ છે–ભ્રામક સુખ છે તેની યુક્તિપૂર્વક સુંદર છણાવટ કરવામાં આવી છે.

અરિહંત સર્વ પ્રથમ કેમ છે ! તે વાતની પણ સુંદર યુક્તિ રજુ કરી છે.

પારસમણિ–ગળે ફાંસો, વ્હેતા પ્રવાહમાં તંબૂ, ફ્યુઝ ઉડી જવો, ઇત્યાદિ પ્રેરક પ્રસંગો પુસ્તકમાં ઉંડા ઉતરી વાંચતાં આત્મિક આનંદ મળવા સાથે આત્મતત્ત્વનું પુરું ભાન કરાવી દે તેમ છે.

“ પ્રેમનું પવિત્ર ઝરણું અને પતિતનો પુનરુદ્ધાર ” વ્યાખ્યાનમાં ડૉક્ટરની મા અને અરણિકની માનો

તુલનાત્મક પ્રસંગ પૂર્વકાલીન અને ઐદંયુગીન માતૃપ્રેમ અને પુત્રપ્રેમનાં ચિત્રો રજુ કરી જાય છે, સાથે સાથે માનવતાને પણ ક્યાં ભૂલાય છે તેનો પણ સ્પષ્ટ ખ્યાલ આપી જાય છે.

"અહિંસા અને આપણે" (મુંબઈ જીવદયામંડળી ગુજરાતની શાખા તરફથી પ્રેમાભાઈ હોલમાં ગોઠવાયેલ) વ્યાખ્યાન અહિંસાના વાસ્તવિક સ્વરૂપને સમજાવતાં પુત્રોએ ડોશીમાની સેવા માટે રાખેલા નોકરની માખીઓ ઉડાડવાની વિધિનો પ્રસંગ, મઘાનો પ્રસંગ, એક તોલા માંસની શું કિંમત હોય ! વિગેરે પ્રસંગો કોઈ અનેરી ભાત પાડી જાય છે.

પ્રસંગોપાત અકબર બાદશાહ પ્રતિબોધક "હીરવિજય સૂરિને" પણ પ્રવચનમાં મુખ્ય ચોથા પ્રવચન તરીકે લઈ તેઓશ્રીના ટૂંકમાં પણ સારાય જીવનની દીક્ષા–આચાર્યપદ –અકબરમિલન ઈત્યાદિથી રૂપરેખા દોરી વાસ્તવિક સાધુપદ અને આચાર્યપદની ઝાંખી કરાવી છે. આ પ્રમાણે

"દેહનું બલિદાન અને આત્માનું ઉર્ધ્વગમન"

"રાગનું રમખાણ અને વિરાગનો વિજય"

"સમતાની શીતળ ચાંદની અને મહામુનિની મંગળયાત્રા"

સુખનું સોનેરી સ્વપ્ન અને દુઃખનો દાવાનલ" આ આઠ વ્યાખ્યાનો યુક્ત "**મુક્તિનો મંગલ માર્ગ**" રૂપ પુસ્તકનાં એકએક વ્યાખ્યાન અને તેમાં આવેલા પ્રેરક

પ્રસંગો વાંચતાં વાંચતાં પુસ્તક અધુરું મૂકી શકાય તેમ નથી જ પુરૂંજ વાંચી અને વાંચવામાં જ નહિ પણ વાંચકને પોતાના જીવનમાં ઊતારવા માટે ખૂબ ખૂબ પ્રેરણા પાઈ જાય છે.

પ્રવચનની શરૂઆતનો શ્લોક અને અંતનું ઉપનિષદ્વાકય આખાય પ્રવચનના સૂત્ર અને સારરૂપે સૈદ્ધાંતિક અવતરણોની રજુઆત કરે છે.

પ્રવચનકારશ્રીએ વિષયનું પ્રતિપાદન–છણાવટ માટે જે દૃષ્ટાન્તો રજુ કર્યાં છે તે અતિ સુન્દર છે જેમાંનાં કેટલાંક દૃષ્ટાન્તોનું સંક્ષિપ્ત અવગાહન આપણે કર્યું.

આ પ્રવચનોનો મુખ્ય ઉદ્દેશ વિચારોમાં વિશાળતા પેદા કરવાનો છે. જૈન મુનિ તરીકે મુનિશ્રીએ પ્રવચનો રજુ કર્યાં હોવા છતાં કોઈપણ ધર્મના અનુયાયીઓ આત્મિક ઉચ્ચતા માટે તેને અપનાવી શકે તેવી બીન સંપ્રદાયિક રજુઆત છે.

હવે તો ઉપયોગ જનતાને જ કરવાનો રહ્યો કે જે ઉપયોગ શરુ થતાં થોડાજ વખતમાં બીજી આવૃત્તિ–બીજા વ્યાખ્યાનોની ભૂખ જાગશેજ એમ ચોક્કસ મારું માનવું છે

જનતાના ઉપયોગની અપેક્ષા રાખવા સાથે મુનિશ્રી નવું નવું સાહિત્ય–જીવનભાથું સ્વમુખે જનતાને પીરસતાજ રહેશે કે જેથી નવી નવી આવૃત્તિઓ–પુસ્તિકાઓ પ્રગટ

થતી જ રહે, તેવી અને તેમ થતાં પીરસેલા સાહિત્યને ખાઈ પચાવી જીવન જીવવાનું નવું લોહી પેદા કરશે તેવી અંતરથી અભિલાષા સેવું છું.

પ્રવચનકારશ્રીના અભ્યાસકાળ દરમ્યાન મને જેમ તેઓશ્રીના વિદ્યાગુરુનું પ્રથમ સ્થાન મળ્યું હતું તેવીજ રીતે આ વિચારપૂર્ણ પ્રવચનો રૂપ—"મુક્તિના મંગલ માર્ગ"માં પ્રવેશવાનો પહેલો હક્ક મને મળ્યો એમાં જરૂર કાંઈક કુદરતી સંકેત જ હશે, અંતમાં પૂ. પં. શ્રી **જયંતવિજયજી** ગણિવર તથા સમયજ્ઞ પૂ. **યશોભદ્રવિજયજી** મ. શ્રીએ આ પુસ્તકની પ્રસ્તાવના લખવાની મને તક આપી તે બદલ હું તેઓશ્રીનો ઋણી છું.

તા. ૧૮-૧૨-૬૧
સં. ૨૦૧૮
માર્ગશિર્ષ શુકલા
એકાદશી
(મૌન એકાદશી)

પંડિત
**છબીલદાસ કેશરીચંદ સંઘવી.**
દાનવીર શેઠ બુલાખીદાસ નાનચંદ સંસ્થાપિત—શ્રી સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા અને શ્રીભટ્ટીબાઈ જૈન શ્રાવિકાશાળાના પ્રધાનાધ્યાપક—
**ખંભાત** (સ્તંભનતીર્થ)

# સંપાદકીય

જીવનમાં ઉજ્જવળતાનાં તેજ પ્રગટાવનાર અનંત જ્ઞાનના ભંડાર **શ્રી તીર્થંકર ભગવાન** જગતના જીવોને જન્મ-જરા–મરણના ભયંકર ભવરોગના તાપે તપતા જુએ છે. ત્યારે તે પરમ કૃપાળુ પાવનકારી **દ્વાદશાંગીને** પ્રવચન રૂપે પ્રાણીઓના ઉદ્ધારાર્થે રજુ કરે છે. એ દ્વાદશાંગીના ચરણ કરણાનુયોગાદિ ચાર અનુયોગો પૈકીનો ધર્મકથાનુયોગ વિષમકાળે ક્ષયોપશમની મંદતાના પરિણામે માનવીઓને ધર્મોપદેશરુપે શીઘ્રતાથી બોધદાયક બને છે, તે મુજબ આ પુસ્તકમાં અંતરને પાવન કરનાર **મહાપુરુષોના** જીવન પ્રસંગો તત્વજ્ઞાનના સુભગ સંયોગ દ્વારા રજુ કરવામાં પ્રવચનકારે જે ખુબી દાખવી છે, તે તો તેના મનન અને અધ્યયનથી જ સમજાશે. પ્રવચનનની મુલ્યવત્તા જીવમાત્રને માટે હોય છે જ એમાં સંશય નથી. આ અંગે દશપુર્વધર વાચકવર્ય ભગવાન **શ્રી ઉમાસ્વાતિજી** તત્ત્વાર્થસૂત્રની સંબંધકારિકામાં આ પ્રમાણે જણાવે છે. "ब्रुवतोऽनुग्रहबुद्धया वक्तुस्त्वेकान्ततो भवति।" લોકકલ્યાણની ભાવના હૈયે રાખી પ્રવચનનો ઉપદેશ કરાય તો વક્તાને તો એકંદરે લાભ જ છે. તે મુજબ આ પુસ્તકથી પ્રવચનકારને લાભ થયો જ છે.

પ્રવચનકાર **મુનિશ્રી યતીન્દ્ર વિજયજી** મારા સંસારી લઘુબંધુ છે. બાલ્ય વયે સંયમ સ્વીકાર્યા બાદ ખંતથી તેઓ-



મુક્તિના મંગલમાર્ગે પ્રયાણ કરવામાં
પાવનકારી સંયમજીવનના દાતા
પરમ તારક ગુરુદેવશ્રી
પંન્યાસપ્રવર જયન્તવિજયજી ગણિવરના
પવિત્ર કર-કમળોમાં
ભાવભર્યા હૈયે
— સાદર સમર્પણ —

ભવચ્ચરણચંચરીક
યતીન્દ્રવિજય

શ્રીના **ગુરુદેવ શ્રી**(મારા સંસારી વડીલ બંધુ)ની પુર્ણ કાળજી અને તેમના આશીર્વાદે તેમ જ પ્રવચનકારના વિદ્યાગુરુ पंडितश्री शोभाकान्तजी झा न्याय व्याकरणाचार्य। ની અધ્યાપન કરાવવાની ધગશના પરિણામે નાની વયે જ ખૂબ ટુંકા ગાળામાં જ્ઞાન શક્તિનો સંચય કર્યો છે. આ અંગે પ્રસ્તાવના તથા આમુખ વાંચવા ખાસ ભલામણ છે ચાલુ ચાતુર્માસ મારે બીજે સ્થળે કરવાનું હતું, પરંતુ મારી શારીરિક પ્રતિકુળતાના કારણે અમો પાંચ ઠાણાંને ચાતુર્માસ સાથે રહેવાનો પ્રસંગ સાંપડયો. ચાતુર્માસના પ્રારંભમાં જ પ્રવચન-કારની વિદ્વત્તાભરી વાણીનો રાજનગરની પ્રજાને લાભ મલ્યો. શ્રોતાઓની જાગેલી જીજ્ઞાસાએ દર રવિવારે અપાયેલ જાહેર પ્રવચનોના સંગ્રહને આ પુસ્તકમાં રજૂ કરેલ છે. આ ગ્રંથનું સંપાદન કાર્ય મને સોંપાયું, મેં યથાશક્તિ સંપાદન કર્યું. "મુક્તિનો મંગલ માર્ગ" નામ પ્રમાણે મુક્તિના મંગલમાર્ગ પ્રત્યે આ પુસ્તક અંગુલી નિર્દેશ કરે છે. વાંચકોને તે માર્ગ પ્રત્યે જવાની પ્રેરણા જાગે એ જ શુભેચ્છા.

ડહેલાનો ઉપાશ્રય, અમદાવાદ.
માર્ગશીર્ષ શુકલ એકાદશી
તા. ૧૮–૧૨–૬૧.

**સંપાદક.**

# પ્રકાશકીય નિવેદન

ભૌતિકસિદ્ધિથી ભરેલા જગતમાં દરેક સાધનો વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. પ્રત્યેક ક્ષેત્રે ઝડપી પ્રગતિ થઈ રહી છે. સાહિત્યક્ષેત્રે પણ તે પ્રમાણે બહોળા પ્રમાણમાં પ્રકાશન થતાં રહે છે. પણ બધી જ સામગ્રી રઝળતા ચિત્તને શાંત બનાવી સ્થિર વિચારની ભૂમિકા પૂરી પાડે એવું બનતું નથી. વિવેક દૃષ્ટિ ન હોય તો વિચાર નિર્મળતાની ઈચ્છાથી સેવેલું સાહિત્ય ઊલટું પરિણામ આણે છે. માટેજ વાંચનમાં પણ વિવેક દૃષ્ટિ જાળવવાની જરૂર છે.

લોકકલ્યાણની દૃષ્ટિથી અમે આ પ્રકાશન જનતા સમક્ષ મૂકીએ છીએ. ત્યાગજીવનની અમરવેલમાંથી પ્રાકટ્ય પામેલી સુવાસિત વાણીનું આ સંસ્કરણ છે. એ પવિત્ર વાણીનું ગુણગ્રાહક વાંચકો આકંઠ પાન કરશે એવી આશા છે.

આ પુસ્તકના ઉદ્ભવની વાત ટુંકમાં જણાવીશું તો અસ્થાને નહિ ગણાય. ડહેલાના ઉપાશ્રયના સંઘ વતી ટ્રસ્ટીઓએ પરમ શાસન પ્રભાવક પન્યાસજી મહારાજશ્રી જયંતવિજયજી મહારાજ આદિ ઠાણાં પાંચને સં. ૨૦૧૭ ના ચાતુર્માસમાં બિરાજવા માટે વિનંતિ કરી. તેમણે તે વિનંતિ સ્વીકારી દ્વિતીય જેઠ સુદ ત્રીજના મંગલ દિને ચાતુર્માસ માટે પ્રવેશ કર્યો. પંચમીના દિનથી વ્યાખ્યાનની શરૂઆત થઈ. શ્રોતાઓની જિજ્ઞાસાને કારણે દર રવિવારે જાહેર પ્રવચનો થવા લાગ્યાં. ચાતુર્માસ અંગે નિયમિત

વ્યાખ્યાન રૂપે વિપાક સૂત્ર અને શ્રી ચંદ્રકેવલી ચરિત્રનો પ્રારંભ થયો. તેમજ પૂજ્યશ્રીની પ્રેરણાથી શહેરના દરેક વિભાગમાંથી આવેલા આશરે પાંચસો આરાધકોએ શ્રાવણ વદ આઠમના શુભ દિને શ્રી નમસ્કાર મહામંત્રના જાપની આરાધના એકધાન ચોખાના આયંબિલથી ઘણી ઉમંગભેર કરી. આટલી વિશાળ સંખ્યામાં આયંબીલો શહેરમાં પ્રાયઃ કરીને પ્રથમ વાર થયેલ હશે. પર્વાધિરાજ પર્યુષણનાં દરેક પ્રવચનો નૂતન શલીએ શાસ્ત્રીય વિવેચન સહિત અપાયેલાં હતાં. તેનો પણ સારો લાભ લેવાયો. પૂ. પન્યાસજી મહારાજના મુખ્ય વડીલ ગુરુભ્રાતા વયોવૃદ્ધ પૂ. પન્યાસજી રવિવિજયજી મહારાજ પાટણ મુકામે કાળધર્મ પામેલા તે નિમિત્તે તેમ જ મુનિરાજશ્રી યશોભદ્રવિજયજીના શિષ્ય બાલ મુનિશ્રી વિમલભદ્રવિજયજીએ પર્યુષણાના દિવસોમાં કરેલ એકવીસ ઉપવાસની તપશ્ચર્યાની ઉજવણી નિમિત્ત આસો સુદ દસમીથી પૂજ્યશ્રીની શુભ પ્રેરણાએ તેઓશ્રીની શુભ નિશ્રામાં શ્રી સિદ્ધચક્રબૃહત્પૂજન સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ડહેલાના ઉપાશ્રયે ઘણી સારી રીતે ઉજવાયો. આસો સુદ પૂર્ણિમાના દિને શ્રી સિદ્ધચક્રબૃહત્પૂજન પ્રસંગે શહેરના તમામ ઉપાશ્રયોમાંથી શ્રમણ સમુદાય અને સાધ્વીજી સમુદાય પધારેલ. આ રીતે ધર્મના વાતાવરણમાં ડહેલાનો ઉપાશ્રય રંગાઈ ગયો હતો. જેથી દરેકનું માનવું હતું કે ચાલુ ચાતુર્માસ જેવું છેલ્લા કેટલાક વર્ષોમાં કોઈ ચાતુર્માસ ગયું નથી. આ રીતે અપૂર્વ શાસનપ્રભાવના સહ

પૂર્ણ થએલ ચાતુર્માસની પૂર્ણાહુતિના કળશરૂપે ડહેલાના ઉપાશ્રયના ટ્રસ્ટી મહાશયો શેઠશ્રી સકરચંદ મણિલાલ તથા શેઠશ્રી મોહનલાલ ડાહ્યાભાઈ શેર દલાલ આદિના શુભ પ્રયત્નથી, શ્રી કનુભાઈ બી. પંડયાએ ઊતારેલા પ્રવચનોને 'મુક્તિનો મંગલ માર્ગ' નામે રજૂ કરતાં અમને ઘણો આનંદ થાય છે. પ્રવચનોનું સંપાદન કાર્ય પૂ. મુનિપ્રવર શ્રી યશોભદ્રવિજયજીએ સ્વીકાર્યું તે બદલ અમે તેઓશ્રીના અત્યંત ઋણી છીએ.

પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી પ્રસ્તાવના પંડિતપ્રવરશ્રી છબીલદાસ કેશરીચંદભાઈએ અને આમુખ શ્રી કાંતિલાલ વી. વોરાએ જે લખી આપેલ છે તે બદલ અમો તેમનો હાર્દિક આભાર માનીએ છીએ. પ્રુફરીડીંગ વગેરે કાર્યોમાં મદદ કરનાર શાસ્ત્રી હરિશંકર અંબારામ પંડયા, પંડિતશ્રી ધીરજલાલ ડાહ્યાભાઈ તથા હસમુખભાઈ છ. પટેલ તથા અમને સહકાર આપનાર અન્ય બંધુઓનો પણ આભાર માનીએ છીએ. પુસ્તકના સુંદર મુદ્રણ માટે મંગલ મુદ્રણાલયના વ્યવસ્થાપક શ્રી કાંતિભાઈ પટેલના સહકારની નોંધ લીધા વિના કેમ ચાલે?

પુસ્તક વેળાસર તૈયાર કરવાની ઉતાવળમાં પુસ્તકમાં ક્યાંક દોષ રહી ગયા હોય તો તે માટે સુજ્ઞવાંચક વર્ગ ક્ષમા કરશે એવી આશા છે.

શાસનદેવ પ્રતિ પ્રાર્થના છે કે આવાં લોકોપયોગી પ્રકાશનો કરવાની શક્તિ સદૈવ અમને આપો એ જ મંગલ કામના.

—પ્રકાશક

# આભાર

રાજનગર ડહેલાના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી આર્થિક સહાયદાતા ટ્રસ્ટી મહાશયોનો, તથા અન્ય સદ્‌ગૃહસ્થો તરફથી પ્રકાશનમાં મળેલી સહાયની અમો સાભાર નોંધ લઈએ છીએ.

—પ્રકાશક

卐

# વિષય સૂચિ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| | આમુખ | ૩ |
| | પ્રસ્તાવના | ૯ |
| | સંપાદકીય | ૨૦ |
| | પ્રકાશકીય નિવેદન | ૨૨ |
| ૧. | શ્રી અરિહંત પદની આરાધના | ૧ |
| ૨. | પ્રેમનું પવિત્ર ઝરણું અને પતિતનો પુનરુદ્ધાર | ૨૩ |
| ૩. | અહિંસા અને આપણે | ૪૫ |
| ૪. | સૂરીશ્વર અને સમ્રાટ | ૭૧ |
| ૫. | દેહનું બલિદાન અને આત્માનું ઉર્ધ્વગમન | ૧૦૦ |
| ૬. | રાગનું રમખાણ અને વિરાગનો વિજય | ૧૨૨ |
| ૭. | સમતાની શીતલ ચાંદની અને મહામુનિની મંગલયાત્રા | ૧૪૮ |
| ૮. | સુખનું સોનેરી સ્વપ્ન અને દુઃખનો દાવાનળ | ૧૭૩ |

# મુક્તિનો મંગલ માર્ગ



## શ્રી અરિહંતપદની આરાધના

[ ૧ ]

**अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिश्रिताः**
**आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ।**
**श्रीसिद्धान्तसुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः**
**पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥**

**આજનો** દિવસ હૈયાની અંદર અદ્ભુત ઉમંગની લહેરોને પ્રગટાવે એવો આરાધનાનાં અપૂર્વ આંદોલનોને જગાવનારો છે. ત્યારે પ્રશ્ન થશે કે શાની આરાધના ? એનો ઉમંગ શું ? અને એ દ્વારા હૈયામાં ઉલ્લાસનાં આંદોલનો કેવાં ? પણ ખરેખર, તેના જવાબો સ્વાનુભવ સિવાય સમજી શકાય તેમ નથી. કારણ કે, નમસ્કાર મહામંત્રની આરાધના એટલે નમસ્કાર પ્રતિ અપૂર્વ પ્રેમ અને આદર કરવા દ્વારા હૈયામાં જાગેલો અદ્ભુત ઉમંગ, તે શું શબ્દોમાં વર્ણવી શકાય ?

**આપની તાકાત—**

વિચાર કરો કે સમુદ્રમાં ડૂબકી મારનારા મરજીવાને લક્ષમૂલ્ય મોતી હાથમાં પ્રાપ્ત થતાં જે ઉમળકો આવે તે ઉમળકાનું માપ આપણી પાસે હોઈ શકે ખરું ? તેનું માપ, તેનો ક્યાસ કાઢવા માટે તો વિશિષ્ટ કોટિના આનંદભોક્તાની જરૂર છે. એ રીતે આજના ઉમંગનું માપ કાઢવાની તાકાત આપણી નથી. તે માપ કાઢવાની તાકાત તો એક કેવળ સર્વજ્ઞ પરમાત્મામાં રહેલી છે અને બીજી તાકાત આરાધકોના સ્વાનુભવમાં રહેલી છે.

માટે જ પહેલેથી જણાવી દઉં છું કે આ આરાધનાના આનંદનું માપ શબ્દોમાં–ભાષામાં નહીં જ આવી શકે, તો તમને પ્રશ્ન થશે કે અત્યારે કહેશો શું ? ભલે એ આનંદનું માપ કાઢવાની તાકાત શબ્દોમાં ન હોય તો પણ જેમ બાળકને પૂછવામાં આવે કે સમુદ્ર કેવડો હોય છે ? તેનો જવાબ બાળક–બાળભાષામાં કે બાલચેષ્ટામાં જરૂર આપે છે. તે મુજબ જે આપણે આરાધના કરી છે તેનું વર્ણન થોડા ઘણા કાલાઘેલા શબ્દોમાં જરૂર થઈ શકે.

बालोऽपि किं न निजबाहुयुगं वितत्य
विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः ॥

**આરાધનાના ત્રણ વિભાગ—**

થોડા શબ્દોમાં જાણી શકાય એ માટે આપણે આજની આરાધનાને ત્રણ વિભાગમાં વિભક્ત કરવી જોઈએ.

૧. જે આરાધના કરી તે કોની?

૨. જે આરાધના કરી તે કેવી?

૩. જેણે આરાધના કરી તે આરાધક કેવા?

**પાંચ પરમેષ્ઠી—**

હવે પ્રથમ વિભાગ ઉપર આવીએ તો આરાધના કરી તે કોની? જગતમાં જે આરાધ્ય તરીકે પ્રસિદ્ધ હોય તેની. જૈન સમાજમાં આબાલગોપાલને પ્રસિદ્ધ એવા અરિહંત વગેરે પાંચ પરમેષ્ઠી પૈકી એકની પણ ઓળખાણ આપવી–પરિચય કરાવવો તે તો સૂર્ય, ચંદ્રની ઓળખાણ કરાવવા બરાબર છે, કારણ કે જેના ગુણો જગતમાં ચારે તરફ વિસ્તાર પામી ચૂકયા હોય તેનો પરિચય શું કરાવવાનો હોય? અને તેના ગુણોનો પરિચય કરાવી શકાય પણ ખરો? એટલે અહીં એક ખુલાસો કરું કે આજે હું તેમની ઓળખાણ નથી આપતો કે નથી તેમનો પરિચય કરાવવા માગતો પરંતુ તેમના ઉપરની પ્રીતિ, તેમના ઉપરની ભક્તિ જ બળજબરીથી તેમના ગુણાનુવાદ ગાવાની મને પ્રેરણા આપી રહી છે.

**અનંતા ગુણો—**

અથાગ જળથી ભરેલા લવણસમુદ્રનું માપ કરનારો જેમ મૂર્ખ કહેવાય તેમ અનંત ગુણોના ભંડાર પંચ પરમેષ્ઠીનું વર્ણન કરવા તૈયાર થવું તે પણ મૂર્ખની કોટિમાં ખપવા જેવું ગણાય. એટલે તેમના ગુણાનુવાદ

કરવાનીયે તાકાત નથી તો પણ વહાલાં માતા-પિતાની પાસે લાડઘેલો બાળક અસ્પષ્ટ શબ્દોમાં શું પોતાની હકીકત જણાવતો નથી? છતાં ભાંગ્યાતૂટ્યા શબ્દોમાં તેમના ગુણાનુવાદ કરવાના છે. પંચ પરમેષ્ઠીના ગુણો પણ અનંતા છે કે જે ગુણોનું વર્ણન કરનાર કેવળજ્ઞાની હોય, સાંભળનાર સાગરોપમના આયુષ્યવાળો દેવેન્દ્ર હોય તો પણ પૂર્ણરૂપે તે ગુણો વર્ણવી શકાય નહીં. ત્યારે આપણું તો જ્ઞાન પણ મર્યાદિત છે અને બીજી શક્તિઓ પણ સીમિત છે, માટે અનંતા ગુણોમાંથી એકાદ મહત્ત્વના ગુણની પિછાણ કરી તેનું હૈયામાં ધ્યાન ધરવામાં આવે તોયે ભવપરંપરામાંથી મુક્ત થઈ શકાય.

**ગુણાનુવાદની પ્રેરણા—**

હવે આપણને પ્રશ્ન થશે કે મહાન ગુણોના ભંડારને અલ્પ શક્તિવાળા જીવો કેવી રીતે વર્ણવી શકે? તેનો જવાબ મહર્ષિ માનતુંગસૂરિએ નીચેના શબ્દોમાં આપ્યો છે—

**अल्पश्रुतं श्रुतवतां परिहासधाम**
**त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम् ।**
**यत् कोकिलः किल मधौ मधुरं विरौति**
**तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥**

—અલ્પ મતિવાળો હું સ્તુતિ કરવાને માટે તૈયાર તો થયો તે સમયે બુદ્ધિમાન પુરુષો મારી બુદ્ધિમંદતાને લઈને મારી મશ્કરી તો કરશે તો પણ હે વીતરાગ! તારી ભક્તિ મને બળપૂર્વક દબાણ કરી રહી છે કે તું

જરૂર સ્તુતિ કરવા તૈયાર થા. કારણ કે, વસંત ઋતુમાં કોયલ મૂગી બેઠી હોય તો પણ આંબાનો મોર તેને બોલવા માટે જરૂર પ્રેરણા આપે છે. તે મુજબ હૈયામાં જાગેલી ભક્તિ આરાધ્યના ગુણાનુવાદ કરવા પ્રેરણા કરી રહી છે.

સારાંશમાં આરાધ્ય શ્રીપંચપરમેષ્ઠીની ઓળખાણ ટૂંકા શબ્દોમાં આપવાનું મુશ્કેલ છે.

**ત્રણ ભવમાં અરિહંતપદ—**

હવે આપણે આજે જેમને ઉદ્દેશીને આરાધના કરી તેમાંના મુખ્ય જે અરિહંત ભગવાન તેમના ગુણાનુવાદ કરવાનો પ્રારંભ કરીએ. પાંચ પરમેષ્ઠીમાં તેમનું મુખ્ય સ્થાન કેમ ? કારણ કે એમનામાં એક અપૂર્વ કોટિની વિશિષ્ટતા સમાયેલી છે કે, જે વિશિષ્ટતાના પરિણામે જિંદગીની હરેક પળો તેમના સ્મરણમાં, તેમના ચિંતનમાં, તેમના ધ્યાનમાં વીતે.

તે વિશિષ્ટતા કઈ ? પાંચમાંથી ચાર પદો તો જો પ્રયત્ન કરો તો એક ભવમાં જ પ્રાપ્ત થઈ શકે, પણ અરિહંતપદ પ્રાપ્ત કરવાને માટે જીવ માત્રને ઓછામાં ઓછા ત્રણ ભવ જોઇએ. આ તેની એક મહાન વિશેષતા છે.

**ભોગના વાતાવરણમાં જગત—**

આ વિશિષ્ટતાને લીધે ભલે કદાચ પંચ પરમેષ્ઠીમાં પ્રથમ સ્થાન મળ્યું હોય પણ આપણે માટે તો બધાય આરાધ્ય દેવો સરખા. પાંચેય પદોમાં પહેલાં અરિહંતની

ઉપાસના કરવી અને પછી બીજાની. એ વિધાનમાં પણ ઘણું ઊંડું રહસ્ય છે.

જગત જ્યારે ચારે તરફ ભોગના વાતાવરણમાં ઘેરાયેલું હતું, ભોગ ભોગવવામાં મશગૂલ હતું, જે સમયનું જીવન જગતની અપેક્ષાએ સુખી મનાઈ રહ્યું હતું, જગતના જીવોને જોઈતી સામગ્રી પ્રાપ્ત કરવા માટે કોઈ જાતની તકલીફ ઉઠાવવી પડતી નહોતી; અર્થાત્ ખાવાની, પીવાની, પહેરવાની, ઓઢવાની તમામ સામગ્રીઓને આપનાર કલ્પવૃક્ષો હાજર હતાં.

તે સમયના જીવો રુદન શું ચીજ છે એ સમજતા જ ન હતા. મૃત્યુ આવતું હતું છતાં જેટલી આજે આપણને મૃત્યુની ભયંકરતા લાગી રહી છે તેટલી તેમને તે સમયે નહોતી સ્પર્શતી. એનો અર્થ એ નહિ કે મૃત્યુ નહોતું આવતું. પરંતુ મૃત્યુ આવે ત્યારે હૈયામાં તેનો એટલો બધો શોક નહોતો થતો જેટલો આજે આપણને થાય છે.

## સુખમાં સાંભરે સોની અને....—

હવે વિચાર કરો, જ્યારે સુખની પરિસીમા સમો કાળ વરતાતો હોય અને ત્યાગ-વૈરાગ્યની વાતો સંભળાવનાર કોઈ હાજર ન હોય તો ત્યાગ અને વૈરાગ્ય પ્રગટે ક્યાંથી ? કોને પ્રગટે ? જલદીથી પ્રગટી શકે ખરાં ? લોકોમાં પણ કહેવત છે કે, 'સુખમાં સાંભરે સોની અને દુઃખમાં સાંભરે રામ.' એટલે આવા ભોગથી ભરેલા

સમયમાં અરિહંત ભગવંતે જીવન જીવવાના બાહ્ય વહેવારની કલાઓ શીખવી અને એ બધામાં ઉત્તમ કળાનું જ્ઞાન આપ્યું.

'सव्वकला धम्मकला जीणाइ ।'

ધર્મકલા બધી કલાઓને જીતી લે છે. આ ઉદ્દેશ ખ્યાલમાં રાખીને અનેક કળાઓ શીખવી. તે પછી દિવ્ય ભોગો જેવા કે ખાવાને માટેના દેવકુરુ અને ઉત્તરકુરુ ક્ષેત્રનાં કલ્પવૃક્ષનાં ફળો, ક્ષીર સમુદ્રનું પાણી, કોઈ પણ માનવને ન મળે એવા, કોઈની પ્રેરણા સિવાય, કોઇની સહાનુભૂતિ સિવાય સુખની ટોચ સમાં બધાં સાધનોનો ત્યાગ કરી પોતાના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવાને અર્થે જે અરિહંત પરમાત્મા ભગીરથ પુરુષાર્થ ખેડવા તૈયાર થયા અને તે પુરુષાર્થના માર્ગમાં આવતાં સંકટો અને પડતી મુશ્કેલીઓ વગેરેને હસતા મુખે સ્વીકારી લઈ ઇષ્ટસિદ્ધિના લક્ષ્યનું ભાન ગુમાવ્યા સિવાય આગળ વધતાં વધતાં અંતરમાં જેણે જગતમાત્રના ભાવોને બતાવનાર દિવ્ય જ્ઞાનને પ્રાપ્ત કર્યું એવા મહાઉપકારી શ્રીઅરિહંત પરમાત્મા પાંચે પરમેષ્ઠીમાં પ્રથમ સ્થાને અને નમસ્કારમંત્રની આરાધનામાં મુખ્ય આરાધક તરીકે કેમ ન હોઈ શકે ?

**મહાન ઉપકાર—**

જે શ્રીઅરિહંત ભગવંતે જગતના ભલાને માટે સાચા સુખોની પ્રાપ્તિના માર્ગો બતાવવામાં પોતાની તમામ

શક્તિનો ભોગ આપ્યો, તેમનો જગત ઉપર કેટલો મહાન ઉપકાર ગણાય ? જગત આખુંય ભોગના માર્ગની અંદર ડૂબી ગયું હોય, જગતના જીવો ભાન ભૂલીને ભોગ ભોગવવામાં ભટકી રહ્યા હોય ત્યારે તેમનો ઉદ્ધાર કરનાર, તેમના જીવનમાં નવું ચૈતન્ય પ્રગટાવનાર અરિહંત પરમાત્માનું સ્થાન સર્વોચ્ચ હોય તેમાં નવાઈ નથી.

## ભ્રામક સુખનું ભાન કરાવનાર—

જગત જે સુખની કલ્પનામાં રાચતું હતું તે ભ્રામક છે, ફોગટ છે, સુખાભાસ છે એવું ભાન અરિહંત ભગવાને કરાવ્યું અર્થાત્ સ્વયં ભોગ–સુખોનો ત્યાગ કરી ત્યાગમાર્ગના આનંદનો અનુભવ કરી જગતને પણ તે અનુભવ કરાવ્યો, જેના ફળસ્વરૂપે ભવરોગનો નાશ કરનાર ધર્મતીર્થની સ્થાપના કરી અને તીર્થનો પ્રારંભ કરનારા શ્રીઅરિહંત પરમાત્મા બન્યા.

## મહાન પદ—

જગતના જીવોની ભલાઈની ભાવના ભવોભવથી તે સેવી રહ્યા હતા. તે ભાવનાને મૂર્તસ્વરૂપ આપવાને માટે એ મહાપુરુષ અરિહંતપદ પ્રાપ્ત કરવાના ભવમાં આવ્યા, જેના પરિણામે અસહ્ય યાતનાઓ ભોગવી રહેલા નારકીઓએ પણ સુખનો શ્વાસ લીધો. અંધારામાં અજવાળું ફેલાયું. આટલા મહિમાસૂચક, પ્રભાવશાળી અરિહંતપદને

પ્રાપ્ત કરનારા જીવો એક અવસર્પિણીમાં કેટલા હોય ? ઢગલાબંધ જીવોમાંથી ફક્ત ચોવીસ.

આ ઉપરથી કલ્પના કરી શકાય કે શ્રીઅરિહંતપદ કેટલું મહાન હશે ?

**મંગલ માર્ગના સ્થાપક—**

માટે જ આટલી મહત્તાથી ભરપૂર એવા શ્રી. અરિહંતપદની કમળના આકારે ધ્યાન ધરવાની તૈયારી કરનાર ભાવિક પોતાના હૈયાના મધ્ય ભાગે અરિહંતને સ્થાન આપે છે. પંચપરમેષ્ઠીની જે કોઈ આરાધના–પૂજાનો પ્રકાર હોય તે બધામાંય મુખ્યતા છે શ્રીઅરિહંતપદની.

જગતના સર્વશ્રેષ્ઠ ઉપકારી તરીકે, મુક્તિના મંગલ માર્ગના સ્થાપક તરીકે, શાશ્વત સુખના જે જે માર્ગો છે તેના દર્શક તરીકે શ્રીઅરિહંત પરમાત્મા સિવાય અન્ય કોઈ નથી.

**તો અજવાળું થઇ જાય—**

સિદ્ધ વગેરે ચાર પદોને ઓળખવનાર પણ એક જ શ્રીઅરિહંત પરમાત્મા છે. આટલા ઉત્કૃષ્ટ કોટિના સ્વરૂપવાળા અરિહંત પરમાત્માની આરાધના આપણા જીવનમાં એકાગ્રતાથી વિશુદ્ધિપૂર્વક આવી જાય તો અજવાળું અજવાળું થઈ જાય. સ્વચ્છતા સિવાય કશું દેખાય જ નહીં. કયાંય કર્મનો કચરો નજરે ન પડે. પણ આ કયારે બને ? શ્રીઅરિહંત પરમાત્માની આરાધનામાં

ઓતપ્રોત બનીએ તો. હૈયામાં બીજા કોઇનેય સ્થાન આપ્યા સિવાય અંતરનું આખુંય સિંહાસન કેવળ શ્રી. અરિહંત માટે જ હોઈ શકે. જો એમાં કાંઈ ફેરફાર હોય તો જે પૂર્ણરૂપે અજવાળું થવું જોઇએ તે ન થાય. બીજા મુદ્દા માટે અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે —

## આરાધના કરી તે કેવી ? —

એક માનવી જંગલમાં આપઘાતની કોશિષમાં હતો. કારણ કે બિચારાને આર્થિક સંકડામણ ઘણી હતી. કુટુંબનું પોષણ થતું ન હતું. આથી તંગ બની જતાં તેણે વિચાર કર્યો કે આવી જિંદગી કરતાં તો મરી જવું સારું. આ હેતુથી તે જંગલમાં ગયો. નગરમાં તો કોઇ બચાવ કરનાર પણ મળી જાય. જંગલમાં કોઈ હોય નહીં એટલે શાંતિથી મરાય તો ખરું ! ત્યાં પૂછે કોણ ? આવો વિચાર કરી તેણે એક ઝાડની ડાળીએ ફાંસો નાંખ્યો. એટલામાં ત્યાંથી પસાર થતા એક યોગીની દૃષ્ટિ આ દૃશ્ય ઉપર પડી. તેમને સ્વાભાવિક જ કરુણા જાગી : 'અરે ભાઈ ! આમ શા માટે ?' એ પ્રશ્નની સાથોસાથ તેમણે સર્વ પ્રથમ પેલું દોરડું તોડી નાખ્યું. જો કે ગળાના કોમળ ભાગ ઉપર થોડી ઇજા તો થઇ પણ પેલો જીવ ઊગરી ગયો અને આવેલી મૂર્છામાંથી ભાન આવતાં તે યોગીને કહેવા લાગ્યો : 'શા માટે મને બચાવ્યો ? ન બચું એટલા માટે તો અહીં હું જંગલમાં આવ્યો.'

યોગી કહે: 'પણ આમ કરવાનું કારણ શું? જગતના જીવો જીવવા માટે ફાંફાં મારે છે અને તું મરવાના પ્રયત્નો શા સારુ કરે છે?' પેલો કહે: 'હવે મારાથી જીવી શકાય તેમ છે જ નહીં. હું આર્થિક સંકડામણમાં ત્રાસી ગયો છું.'

### પારસમણિ—

યોગી કહે: 'બસ! એ જ વાત છે ને? હું તારું એ દુઃખ દૂર કરીશ પણ મરવાનાં ફાંફાં ન મારીશ. મેં મહા-મહેનતે જે ચીજ મેળવી છે તેનાથી જો તારી મુશ્કેલી દૂર થતી હોય તો તને આપું છું. જો, આ પારસમણિ છે. લોખંડને અડકાડે તો સોનું બની જાય એવો પારસમણિ ઘણા કષ્ટે અને ઘણી મહેનતે મેં મેળવ્યો છે. તેનાથી તને શાંતિ અને સુખ મળતાં હોય તો તે લઈ જા અને એ દ્વારા લોખંડમાંથી સોનું બનાવી લેજે, પછી શું મુશ્કેલી છે?'

### સમ્યગ્દૃષ્ટિ—

તિજોરીવાળાને દુઃખ હોય. આરાધકને કશું દુઃખ હોય નહીં. આ બેમાં ફરક છે. તિજોરી ભરવાની લાલસા-વાળો તિજોરી ભરાય ત્યારે આનંદ પામે અને તિજોરી તળિયા ઝાટક થાય ત્યારે મૂંઝાઈ જાય. આરાધક આત્મા માને કે તિજોરી સાફ થઈ તો આરાધનામાં સફળતા થઇ.

એટલા માટે તો સમ્યગ્દર્શનનો આખો વહેવાર જગતથી પ્રતિકૂળ છે. જગત અપરાધીને મારવા દોડે છે. જ્યારે સમ્યગ્દૃષ્ટિ અપરાધીનું સહેજ પણ પ્રતિકૂળ ચિંતવતો

નથી. જગત મથે છે તિજોરી ભરવા જ્યારે સમ્યગ્દૃષ્ટિ માને છે એને ખાલી કરવામાં, કે જેથી રડારોળ થાય નહીં.

**ગયેલાનો શોક—**

આપણે શું કરીએ છીએ? તિજોરી ખાલી થાય તો શાંતિ રહે છે? ના; અને ભરાય તો? ભોગનો ઘટાડો થાય તો હર્ષ થાય કે દુઃખ?

આ વિશે જ્ઞાનીઓ શું જણાવે છે? જો તમારી પાસે રહેલાં સાધનો ઓછાં થાય તો ખૂબ ખૂબ આનંદો. કારણ કે જેને કાઢી મૂકવાનાં હતાં તે સ્વયં ગયાં તો કયો મૂર્ખ એવો હોય કે ગયેલાની પાછળ શોક કરે? આપણી સ્થિતિ કેવી છે? છત્રી વિના વરસતા વરસાદમાં નીકળો અને પછી બૂમ મારો કે કપડાં પલળી ગયાં. હું ભીંજાઈ ગયો. કેવું હાસ્યાસ્પદ! અશાંતિવાળા પદાર્થો ભેગા કરી શાંતિની આશા રાખવી તે રેતીમાંથી તેલ કાઢવા જેવું નથી લાગતું?

**અસ્થિર સાધનોનો ત્યાગ—**

એટલે જ અનંત જ્ઞાની પરમાત્માએ ફરમાવ્યું છે કે, તમે જે સુખનાં સાધનો માની બેઠા છો તે હકીકતમાં ખૂબ જ ભ્રામક કલ્પના છે. કારણ કે કાયા કાચા કુંભ જેવી છે, યૌવન વીજળીના ચમકારા જેવું છે, જીવન ડાભના તણખલા ઉપર રહેલ જળના બિંદુ સમાન ચંચળ છે. આવા અસ્થિર અને અશાશ્વત સાધનોથી સુખની કલ્પના કરવી કેટલી અસ્થાને છે?

અવિનાશી અને ચિરસ્થાયી શાંતિ પ્રાપ્ત કરવાને માટે અવિનાશી સાધન જોઈએ. જેને તે સાધન પ્રાપ્ત કરવાં હશે તેણે જગતના અસ્થિર સાધનોનો સાપની કાંચળીની માફક ત્યાગ કરવો પડશે. શાસ્ત્રોમાં એક પણ એવી નોંધ નથી કે અસ્થિર સાધનોના ઉપભોગમાં મશગૂલ રહેનારે શાંતિ પ્રાપ્ત કરી હોય. એનાથી ઊલટું તે સાધનોનો ત્યાગ કરનાર અનેક આત્માઓ શાશ્વત શાંતિના ભોક્તા બન્યા છે. હવે આપણે મૂળ વાત ઉપર આવીએ.

## અજ્ઞાની અને પારસમણિ—

આ બિચારા દુઃખી જીવને આવું બધું જ્ઞાન નથી. એવાં સાધનોને પ્રાપ્ત કરાવી આપનાર પારસમણિની પ્રાપ્તિ થઈ તેમાં તો તે ખુશ ખુશ થઈ ગયો. જો કે અચાનક અને કોઇના બતાવ્યા વગર આ પારસમણિ તેને પ્રાપ્ત થયો હોત તો જરૂર તેને તે પથ્થર માની લેત પણ ધનની લાલસાથી ભરપૂર એવા હૈયાવાળા આ જીવને યોગીએ પારસમણિનો મહિમા બતાવ્યો. એટલે તે પારસમણિને લઈને ઘેર આવ્યો. ઘેર આવીને વિચાર કરે છે કે લોખંડના નાના નાના ટુકડાઓને આ પારસમણિનો સ્પર્શ કરાવીને સોનું બનાવવું એ તો ઘણી માથાફોડ છે. માટે લાવને પેલી ઘરના ખૂણામાં બાપદાદાઓના વખતની મોટી કોઠી ઉપયોગ વગરની પડી છે તેમાં જ નાખું. સોનું બનાવવાનું સાધન મળી ગયું તો થોડું શા માટે બનાવવું ?

હું તમને પૂછું કે આવું સાધન કદાચ તમને મળી ગયું હોય તો કેટલું સોનું બનાવો? બે-પાંચ-દશ મણથી સંતોષ થાય ખરો? (હસાહસ)

પેલો તો વિચારે છે કે આખી કોઠી સોનાની બની જશે પછી તેમાંથી જરૂર પ્રમાણે ટુકડા કાપીને મોજ કરીશ, એમ વિચારી પારસમણિ પેલી કોઠીમાં પધરાવી દીધો.

પછી તો તે વિચારોના ચકરાવે ચડે છે કે હમણાં આખી કોઠી સોનાની થઈ જશે અને એ બધા સોનાથી હું અને મારું કુટુંબ અનેક પ્રકારનું સુખ અને આનંદ અનુભવીશું. જૂઓ તો ખરા દુઃખદાયક સાધનોથી બિચારો સુખ માની રહ્યો છે!

અહીં એક પ્રસંગ યાદ આવે છે.

### વહેતા પ્રવાહમાં તંબૂ!—

એક માણસ નદીના વહેતા પ્રવાહમાં ઊભો ઊભો એક હાથમાં હથોડો અને બીજા હાથમાં ખીલો રેતીમાં ટેકવી ધબ, ધબ, ઠોકી રહ્યો છે. કાંઠે ઉભેલા એક ડાહ્યા માણસે પૂછ્યું કે, 'ભાઈ! આ શું કરે છે?' પેલાએ જણાવ્યું કે, 'ઉનાળામાં ગરમી ઘણી લાગે છે, શીતળતા ક્યાંય મળતી નથી જેથી મેં વિચાર કર્યો કે આ નદીના પાણીમાં જ તંબૂ બાંધીને આરામથી સૂઇ જાઉં જેથી ઠંડક મળશે.' પેલા ડાહ્યા માણસને આ સાંભળી હસવું આવ્યું. તેણે જણાવ્યું કે, 'નદીના વહેતા પ્રવાહમાં તું તો શું પરંતુ તારી પેઢી દર

પેઢીનાં વરસો વ્યતીત થઇ જશે તો પણ તારી આ અભિલાષા પૂર્ણ થવાની નથી.' પેલો નદીમાં વૃથા પ્રયત્ન કરતો માણસ ખી, ખી, ખી, કરતો હસ્યો. કેટલી બાલીશતા! આંખો આડે કેવાં અજ્ઞાનનાં પડળો છવાઈ ગયાં છે? પછી શાનું ભાન હોય? આ ભાન કરાવનાર અરિહંત પરમાત્મા સિવાય બીજું કોઇ નથી.

પેલા ડાહ્યા પુરુષે હિતની શિખામણ આપી કે, 'આવા વ્યર્થ પ્રયત્નો કરવા કરતાં તો ઘેર જઈ નાની એવી પણ બારીઓવાળી એક કોટડી બનાવ તો તને પવન મળી રહેશે.'

## પારસમણિ નિષ્ફળ—

આ દુઃખી જીવ પણ નદીના પ્રવાહમાં તંબૂ બાંધનારની માફક જ મનના મનોરથો ઘડી રહ્યો છે. યોગીએ શું જણાવ્યું હતું? લોઢાને પારસમણિનો સ્પર્શ થશે કે તરત જ સોનું થઈ જશે પણ તેમ થયું નહીં. કલાક થયો તોય કોઠીમાં કોઈ પણ જાતનો ફેરફાર વરતાયો નહીં તેણે વિચાર્યું કે કલાકના બદલે બે કલાકે ફેરફાર થશે પણ દિવસ આખો પૂરો થયો ને રાત પડી તો પણ કશો ફેરફાર ન દેખાયો. આ માણસ મનમાં વિચારે છે કે જરૂર યોગીએ મને છેતર્યો. નર્યું ગપ્પું માર્યું. કોઈ દિ લોઢાનું તે વળી સોનું થતું હશે?'

જેને આ વાતનું ભાન ન હોય તે એમ જ માને. આપણને પણ આરાધનાનું મહત્ત્વ ન સમજાયું હોય તો

કર્મના કચરાથી સાવ મલિન બની ચૂકેલો આત્મા આરાધનાથી સ્ફટિક સમ નિર્મળ બને એ વાત ગપ્પાંરૂપ જ લાગે.

આ તો આવ્યો દોડતો જંગલમાં અને બાખડ્યો યોગી સાથે. એ કહેવા લાગ્યો કે, 'આવો વિશ્વાસઘાત! આ શું કર્યું? હું સુખેથી મરતો હતો ત્યારે મને શા માટે બચાવ્યો? કેવળ ફોગટ લાલચ આપીને મારા જેવા દુઃખીના દુઃખમાં વધારો કરવાથી આપને શું મળ્યું?' યોગીને નવાઈ લાગી અને પૂછ્યું: 'કેમ, ભાઈ! શું થયું?' પેલાએ કહ્યું: 'અરે! પેલા તમે આપેલા પથરાથી તો કાંઇ ન થયું. રાહ જોઇ જોઈને થાકયો પણ કાંઈ ફળ ન મળ્યું.' યોગી મનમાં વિચાર કરે છે કે આમ બને જ નહીં. આ માણસ કેમ આમ બોલે છે? શું પારસમણિ નિષ્ફળ હોઇ શકે? એ તો ન જ બને. ન ભૂતો ન ભવિષ્યતિ. પારસમણિનો સંસર્ગ થાય તો લોઢું સોનું થયા વિના રહે જ નહીં.

ધ્યાન રાખજો કે આપણે પણ કાંઇક આવી જ પરિસ્થિતિમાં છીએ.

## ઝળહળતું સુવર્ણ—

યોગી કહે છે: 'ચાલ, બતાવ મને, તપાસ કરું.' તે યોગી પેલાની સાથે તેના ઘેર આવ્યા. પેલાએ બતાવ્યું કે, 'જૂઓ આ કોઠી લોઢાની છે, જેમાં મેં પારસમણિ નાખ્યો છે. આટલો વખત પસાર થયો છતાં હજી સુધી કશો ફેરફાર દેખાયો નથી.' યોગી કહે છે: 'અરે ભલા

માણસ ! ઊંડો નમીને જો તો ખરો ! અંદર પારસમણિની શી દશા છે !' પેલાએ દીવો પ્રગટાવી અંદર તપાસ કરી તો કોઠી કેટલાંય વર્ષોની જૂની એટલે અંદર બાઝેલાં જાળાંની વચમાં પારસમણિ અટવાઈ પડેલો દીઠો. તેણે યોગીને આ હકીકત દર્શાવી. યોગીએ પણ નિરીક્ષણ કર્યું. વસ્તુ સાચી હતી. તેમણે કહ્યું કે, 'લોઢાનું જો સોનું બનાવવું હોય તો સૌ પ્રથમ તેમાંથી બાઝેલાં જાળાં દૂર કર, વર્ષોજૂના કાટને સાફ કર. સોનું બનાવવા માટે લોઢું સ્વચ્છ હોવું જોઈએ. આ સ્થિતિમાં જ જો તું સોનું બનાવવા મથે તો ક્યાંથી બને !'

**એ કાટ દૂર થાય તો જ—**

આમ આપણે પણ મહાઉપકારી શ્રીઅરિહંતપદની આરાધના તો કરવા તૈયાર થયા છીએ અને આરાધના કરી પણ લઈએ છીએ, પણ જાણતા નથી કે અરિહંતની આરાધના કરવી કેવી રીતે ? જગતમાત્રના જીવોને જન્મ, જરા, અને મૃત્યુના રોગોથી પીડાતા જોઈ જેનું હૈયું દ્રવી ઊઠયું : જનમ-જનમથી જગતના ભલાની સેવેલી ભાવનાને સાકાર બનાવવા માટેનો ભગીરથ પુરુષાર્થ ખેડનાર એવા એ મહાન અરિહંત-પદની આરાધના કે જેનું જ્ઞાનીઓએ પારસમણિ કરતાંય અધિક મહત્ત્વ આપ્યું છે, આવી મહત્ત્વવાળી આરાધનાના પ્રતાપે ક્રોધાદિ કષાયોના રૂપમાં રહેલા કાટથી કટાઈ ચૂકેલા જર્જરિત ચેતનને નિર્મળ કુંદનસમ બનાવી શકાય તેમ છે. પણ તે ક્યારે બનશે ?

અંતરમાંથી રાગ અને દ્વેષનાં બાઝેલાં જાળાં ઓછાં થશે, કષાયનો કાટ દૂર થશે ત્યારે જ આપણે સુવર્ણસમ બની શકીશું, અન્યથા નહીં. અરિહંતપદ મહાન છે, તેની આરાધના મહાન છે, તેનો જગત ઉપર અગણિત ઉપકાર છે. તેમણે આ જગતને ત્યાગનો ધોરી માર્ગ બનાવી આપ્યો છે. આવા માર્ગ ઉપર ચાલનારા ઘણા મળશે પણ તે માર્ગને બનાવનારા, સ્વયં ઘડનારા કોઇ શક્તિશાળી વિરલ પુરૂષ જ હોય છે. થયેલા અજવાળે વસ્તુ શોધી આપનારા તો ઘણા છે પણ અજવાળું પ્રગટાવનારની જ મહત્તા છે.

## એકાગ્રતાની સંપૂર્ણતા—

આવું અજવાળું પ્રગટાવનાર અરિહંત પરમાત્માની ઉપાસના કરનાર આપણે ઉપાસનાની તૈયારી કરીએ ત્યારે આપણા અંતરમાં ફેરફાર થવો જોઈએ. કારણ કે, પાવર હાઉસ બરોબર હોય, સ્વીચ બરોબર હોય, ગોળો પણ લાગેલો હોય તો પછી અજવાળું થવું જોઈએ ને ? તે જો ન થાય તો કોઈ પણ સાધનમાં ખામી છે. એમ માનવું જોઈએ. આ ખામી કઈ ? તે શોધી લેવાની ખાસ જરૂર છે. ધ્યાન કે આરાધનાનું વાસ્તવિક ફળ જ્યારે મળતું નથી એ વિષે જ્ઞાનીઓએ ટૂંકો જવાબ આપ્યો છે. કે તે ખામી છે એકાગ્રતાની. અપૂર્ણતાની આરાધનામાં એકાગ્રતા ન હોય તો સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

## માખણની પ્રાપ્તિ અને તાકાતઃ—

પૂજ્ય અને પૂજક વચ્ચે જો તલ્લીનતા આવી જાય, પડદારૂપે રહેલા દરેક પદાર્થો હઠી જાય તો જરૂર ફેરફાર થાય જ. ભૂતકાળમાં આવો ફેરફાર અનુભવનારા સેંકડોની સંખ્યામાં નોંધાયેલા છે. આપણે સાંભળીએ પણ છીએ અને વિસ્મય પામીએ છીએ કે એ કેમ બનતું હશે? તેમના જીવનમાં તેમણે પ્રબળ પુરૂષાર્થ આદર્યો અને તેવા પ્રકારનાં સાધનો પ્રાપ્ત કર્યાં ત્યારે જ એમ બન્યું. જુઓને વ્યવહારમાં માખણવાળી છાશથી ભરેલી ગોળીમાંથી માખણ પ્રાપ્ત કરવામાં કેટલી મહેનત કરવી પડે છે? ખભા પણ દુઃખી જાય છે! આજે કદાચ યંત્રો આવ્યાં હશે એટલે એ મહેનત ન દેખાય પણ ગઈકાલની વાત કોઈને પૂછો કે દહીંના અણુ–પરમાણુમાંથી માખણનો ભાગ વિખૂટો પાડવા કેટલી તાકાત અજમાવવી પડતી હતી?

આપણા જેવા વેજીટેબલ આહાર કરનારમાં આ તાકાતની ખામી હોય તે સ્વાભાવિક છે. તે મુજબ આરાધનાને અજમાવતાં પણ તાકાતનો ઘણો ઉપયોગ કરવો પડે છે. ઉપરછલ્લી આરાધના કરવાથી આત્મપ્રદેશો સાથે ઓતપ્રોત બનેલાં કર્મોને વિખૂટાં પાડી ન શકાય. આજની નમસ્કાર મહામંત્રની આરાધના કર્મ પ્રદેશોને વિખૂટાં પાડવા માટે જ છે.

આપણે આ રીતે આરાધ્ય અને–આરાધના તો જોઈ

ચૂકયા. તે બન્ને મહાન છે એમ જરૂર કબૂલ કરવું પડશે. હવે ત્રીજો મુદ્દો છે આરાધના કરી તે આરાધક કેવા ? તેની થોડી તપાસ કરીએ.

**આરાધક કેવા ?—**

ભૂલેચૂકે પડેલી પુરાણી કોઠીમાં જામેલાં જાળાં જેવા જો આપણે બનીશું તો મહાન એવી આરાધના પારસરૂપે હોવા છતાં સોનુ નહીં બનાવી શકાય. અરે ! આ નમસ્કાર મહામંત્રની આરાધના પારસ કરતાં, ચિંતામણિરત્ન કરતાં અને કલ્પવૃક્ષ કરતાં પણ અનેકગણી મહત્તા ધરાવે છે. કારણ ? કલ્પવૃક્ષાદિ જે પદાર્થો આપે છે તે તો જગતમાં જેનું અસ્તિત્વ હોય તેવા પદાર્થો આપી શકે છે. પણ સમગ્ર જગત કરતાં અલગ એવી ચીજ આપવાની તાકાત કાંઈ ચિંતામણિ રત્ન આદિમાં નથી, જ્યારે આરાધનામાં તાકાત છે. તે દેવ, મનુષ્ય, તિર્યંચ, અને નારકીના સ્થાનથી અલગ એવા પાંચમા સ્થાનની પ્રાપ્તિ કરાવી શકે છે.

**આરાધનાનું સ્મરણ રહે માટે :—**

આજે કરેલી આરાધના જીવનની છેલ્લી પળે પણ યાદ આવે તેવા પ્રયત્નો કરવા જોઈએ. એ કયારે બની શકે ? રોજ રોજ તે આરાધનાનું સ્મરણ કરીએ તો તે માટે મારી તમારી પાસે એક નમ્ર માગણી છે કે 'કરેલી આરાધનાના સ્મરણરૂપે દિવસના કોઈ પણ ભાગમાં ૧૦૮ વાર નમસ્કાર મહામંત્રનું ધ્યાન ધરવાનું કદી ભૂલશો નહીં.'

## પાંચ તીર્થોનો સમાવેશઃ—

જે નમસ્કાર મહામંત્રના પાંચ પદોમાં આપણાં ગણાતાં એવાં પાંચ મહાન તીર્થોનો સમાવેશ રહેલો છે તે પહેલું પદ કયું? णमो अरिहंताणं—અરિહંતનો આદિ અક્ષર શું? 'અ'. અષ્ટાપદનો આદિ અક્ષર કયો? 'અ' એટલે? અરિહંત–પદથી અષ્ટાપદજી તીર્થનું સ્મરણ. તેવી રીતે—णमो सिद्धाणं—પદથી સિદ્ધાચળજીનું સ્મરણ. णमो आयरियाणं—પદથી આબૂજીનું સ્મરણ. णमो उवज्झायाणं—પદથી ઉજ્જયંતગિરિ (જૂનાગઢ)નું સ્મરણ. णमो लोए सव्वसाहूणं—એ પદથી સમેતશિખરજી તીર્થનું સ્મરણ—આ રીતે એક એક પદના એક એક આદિ અક્ષરથી આપણાં પાંચે મહાન તીર્થોનું સ્મરણ આવી જાય છે.

## મુક્તિના મંદિરમાંઃ—

આટલા મહાન રહસ્યથી ભરપૂર નમસ્કાર મહામંત્રની આરાધના જીવનમાં જરૂર અજવાળું પાથરવામાં શક્તિમાન છે. જો આપણે તે જાતના પુરુષાર્થમાં લાગેલા હોઈએ તો, નહીંતર પાવર હાઉસ બરાબર હોય, ઈલેક્ટ્રિક ફીટીંગ્સ પણ બરાબર હોય પણ જો ફ્યૂઝ જ ઊડી ગયેલો હોય તો અજવાળું થાય ખરું?

આ મુજબ આરાધ્યરૂપી નમસ્કાર મહામંત્રનું પાવર-હાઉસ બરોબર હોય, આરાધનારૂપી ઈલેક્ટ્રિક ફીટીંગ પણ

ખરેખર હોય પરંતુ આપણા અંતરરૂપી ગ્લોબ-ગોળામાં જ જો સ્થિરતાનો ફ્યૂઝ નહિ હોય તો પ્રકાશ થવાનો નથી.

આજના દિવસે કરેલી આરાધના દ્વારા જીવનમાં સ્થિરતા પ્રાપ્ત કરી પરમ પ્રકાશના સહારે આપણા જીવન-માર્ગને અજવાળતા અજવાળતા યાવદ્ મુક્તિના મંદિરમાં વસવાને માટે આપણે ભાગ્યશાળી બનીએ એ જ શુભેચ્છા.

★

## આરાધનાનું શીતલ નીર

ભોગની ભીષણ ભૂતાવળમાં ભટકતા પ્રાણીને જન્મ-જરા-મરણના ભવરોગની ભયંકર પીડાઓ ચોતરફથી ઘેરી વળે છે. પરિણામે વિવેકવિહોણો ચેતન સંસારના અનંત ચક્રમાં ચગદાઈ જાય છે તે અનંતચક્રની નાગચૂડમાંથી મુક્ત કરાવનાર શ્રીઅરિહંત પરમાત્માએ અંતરના ઊંડાણમાંથી વહાવેલ વાણીની ગંગાએ વિશ્વને આરાધનાના અખૂટ પ્રવાહ રૂપે શીતલજલની અપૂર્વ ભેટ આપી છે. તે શીતલ નીરમાં શુદ્ધ અંતઃકરણથી સ્નાન કરી કઠિન કર્મમલને હઠાવી હૈયાને નિર્મલ બનાવો.

—પ્રવચનકાર.



## પ્રેમનું પવિત્રઝરણું અને પતિતનો પુનરુદ્ધાર

[૨]

**वत्स किं चंचलस्वान्तो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।**
**निधिं स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥**

[ જ્ઞાનસાર અ૦ ૩ ]

**પ્રેમની શક્તિ—**

ઝરણામાંથી શું નીકળે? પાણી. તેનો અનુભવ કેવો? જે તેનો વપરાશ કરે તેને શું પ્રાપ્ત થાય? ઠંડક અને પવિત્રતા, પાણીનો સ્વભાવ છે કે ગરમીથી સંતપ્ત થએલાને ઠંડક આપવી, કાદવથી ખરડાએલાઓને સ્વચ્છતા આપવી. આ ખૂબી પાણીમાં છે. બીજા-કોઇમાં નથી. કઠિનને પણ ભેદીને રસ્તો કરવાની ખૂબી પણ એમાં છે. આ તાકાત પણ બીજા કોઈ પદાર્થમાં નથી. પથ્થરના ડુંગરમાંથી તીક્ષ્ણ પ્રવાહરૂપે બહાર આવી તે વહે છે. આ પાણીનો પ્રવાહ પર્વતમાં પણ વિભાગ કરે છે તે પાણીની સરખામણીમાં, જગત માત્રના, જીવોને કાબૂમાં રાખવાનું સાધન, આકર્ષવાનું સાધન, વશવર્તી બનાવવાનું સાધન એક માત્ર પ્રેમ છે.

તમે કહેશો કે જગતમાં સત્તાનો કોરડો મજબૂત છે, બળની સાંકળ વીંઝવામાં આવે તો સામો માણસ હાથ જોડીને ઊભો રહે. બળ એ 'ચૌદમું રતન' છે તેનો અર્થ શું? દુષ્ટ પ્રાણીને વશ કરવું હોય તો તે જોર-જુલમથી વશ થાય. પણ હકીકતમાં તે વશ થતાં જ નથી એવું મહાપુરુષો સમજાવે છે. તે નિર્બળ હોવાથી, લાચાર થઈને નમે છે એટલું જ.

સત્તા દ્વારા સ્થપાએલું કોઈ સામ્રાજ્ય 'યાવચ્ચંદ્ર-દિવાકરૌ' ટક્યું નથી. અર્થાત્ સત્તા અને જુલમ ચિરકાળ ચાલતાં નથી. પ્રેમભાવ દ્વારા પોતાના હૈયારૂપી સિંહાસન ઉપર જેને બધાંએ સ્થાન આપ્યું છે તે સ્થાન ચિરકાળ-પર્યંત ટકે છે. સંસારના વ્યવહારમાં પિતા–પુત્રના સંબંધો પ્રેમદ્વારા ટકે છે, બળ દ્વારા નહિ. જુલમ શક્તિનો જેમ જેમ આવિર્ભાવ થાય તેમ તેમ સામાનું હૈયું કઠોર બને છે. એવા પથ્થરથી મજબૂત હૈયાને ભેદવા માટે પ્રેમની જરૂર છે. કારણ જેમ પાણી પથ્થર ભેદીને વહે છે. તેમ તે હૈયાની કઠોરતા ભેદી નાખે છે.

**પ્રેમ અને ઝરણું:—**

આખી દુનિયા ઉપર સત્તા જમાવ્યા કરતાં તેના ઉપર પ્રેમભાવ કેળવવો તે સુંદર માર્ગ છે. જેના ઉપર પ્રેમ છવાયો હશે તે આપણા ઉપર પોતાની તમામ ચીજો સ્વેચ્છાએ ન્યોછાવર કરશે.

અસંભવિત કાર્ય સંભવિત ક્યારે બને? સામાને પ્રિય બનાવીએ ત્યારે. પૈસા, બળ અને આજીજી કરતાં પ્રેમ ત્વરિત સફળતા અપાવે છે, પ્રેમદ્વારા અસાધ્ય કામ સાધ્ય બને છે. કારણ તે ભાવ જ એવો છે. આ પ્રેમ જે પ્રાપ્ત કરે તેના પ્રતિ જગતના જીવો વેર-વર્તાવ રાખે નહિ. માટે જ આજના વિષયને "પ્રેમનું ઝરણું" નામ આપવામાં આવ્યું છે. જેમ પથ્થરને ભેદી નાખવાની ઝરણામાં તાકાત છે તેવી જ રીતે દુષ્ટોને સીધા રસ્તે લાવવાની પ્રેમ જેવી તાકાત બીજામાં નથી.

**પ્રેમનું અત્તરઃ—**

ખૂણામાં એક નાની અત્તરની શીશી પડી હોય અનાયાસે તેનું બૂચ ખૂલ્લો રહી ગયો હોય અને હવાનો સંપર્ક તેની સાથે થતાં તે અત્તરની સુવાસ નાક સુધી પહોંચે છે. સુવાસ ક્યાંથી આવે છે તે જાણવા તુરત લક્ષ ખેંચાય. તેથી ઊલટું; પાણીનો બાટલો સવારથી સાંજ સુધી આ સભાખંડના એ જ ખૂણામાં મૂકવામાં આવે, સવારથી સાંજ સુધી ઉઘાડા મોઢે પડ્યો રહે, હવાનો સંપર્ક પણ થાય તો શું નાક દ્વારા તેની હાજરી ધ્યાન ખેંચશે? નાની શીશી પોતે ક્યાં પડી છે તેનું તુરત ભાન કરાવે છે. તેવી રીતે જેના અંતરમાં પ્રેમનું અત્તર હશે તો લાખોના સમુદાયથી પોતે દૂર હોવા છતાં તેના પ્રતિ બે લાખ આંખો મંડાવાની.

જેના અંતરમાં જગતના જીવો પ્રત્યે પ્રેમભર્યો હશે

તેને જગતના જીવો મહાન બનાવવા હંમેશ તૈયાર રહે છે જ, તે સિવાય નહિ.

સેવા એ પણ પ્રેમનો પ્રકાર છે. તે ગુણ ક્યારે પ્રગટે ? જીવો પ્રતિ પ્રેમભર્યું વાતાવરણ અર્થાત્ વર્તન રાખવામાં આવે ત્યારે. પ્રેમ વિનાના હૈયામાં સેવાનો ભાવ કોઈ કાળે નહિ પ્રગટે. સારાંશ કે, પ્રેમભર્યા હૈયાવાળો ગમે તે વખતે, ગમે ત્યાં હશે તોપણ જગતના જીવોની નજર તેના તરફ પહોંચવાની.

છોકરાની વહુ બી. એ. ભણેલી હોય, શ્રીમંત હોય, આકર્ષક હોય, બોલવામાં ચબરાક, ચાલવામાં ચપળ અને ટાપટીપ પણ ઘણી કરતી હોય પણ વડીલો પ્રત્યે પ્રેમ ન હોય, મોટાઓ પ્રત્યે માન ન હોય, સેવાભાવ ન હોય, અભિમાની હોય અને ઉદ્ધત હોય તો તે વડીલોના હૈયાનો પ્રેમ તેના તરફ વરસશે ? પ્રેમ જીતવા બી. એ. કામ ન લાગે. ચાલવાની ટાપટીપ કામ ન લાગે. એવા અન્ય સાધનો કામ લાગે ? શ્રીમંતાઈ કામ લાગે ? બધા મોં મરોડશે ને કહેશે કે ઠીક છે, બહુ મિજાજી છે, જવા દોને ! તેના બદલે ગરીબ ઘરની સાત ચોપડી ભણેલી વહુ હોય, દેખાવે પણ સુંદર ન હોય પણ ઘરનાં વડીલોને માન આપશે, સાસુ-સસરાની સેવા કરશે તો તે વડીલોના હૈયામાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરશે.

ઉપરની વાતની સરખામણી કરી જુઓ, શું લાગે છે? તેમાં ફરક-ખરોને ? જરૂર, ફરક છે.

પ્રેમની પાસે—સેવાની પાસે શ્રીમંતાઈ, બુદ્ધિ અને જ્ઞાન બધું જ ગૌણ બની જાય છે. વડીલો પ્રત્યે આદર ક્યારે આવે? હૈયામાં પ્રેમ ભરેલો હોય તો—હૈયામાં સેવાભાવ હોય તો.

**પ્રેમ અને મોહ:—**

પ્રેમ અને મોહને જુદાં પાડવાં જરૂરી છે. પ્રેમને જગતના જીવોએ મોહનું રૂપાંતર આપ્યું છે. શરૂઆતમાં બે-ચાર દિવસ અવારનવાર મળ્યા એટલે માન્યું કે પ્રેમ થઈ ગયો. હવે નિકટનાં સાથી બન્યાં. સજાતીય અને વિજાતીય બન્નેમાં આમ બને છે. આ સ્થિતિને જ્ઞાનીઓ પ્રેમ કહેતા નથી, મોહ કહે છે. મોહ અંધારિયું છે, પ્રેમ અજવાળિયું છે. પ્રેમ દિવસ છે, મોહ રાત્રિ છે. પ્રેમ સૂર્યનો પ્રકાશ છે, મોહ વાદળ છે. બોલો, તો વધુ ઉપકારક કોણ? વરસાદ કે સૂર્યની ગરમી? સૂર્યની ગરમીથી વરાળ બને ત્યારે વરસાદ આવે. વરસાદનું મૂળ કારણ? સૂર્યની ગરમી છે. જગતની દુર્ગંધ સૂકવવાની તાકાત સૂર્યની ગરમીમાં છે. વરસાદ એક કલાક વરસે તોય કેટલા કાદવ-કીચ્ચડ જામે? કેટલી દુર્ગંધ થાય? પણ સૂર્ય એક જ કલાક તપે તો તેની ગરમીથી વાતાવરણ સ્વચ્છ બને. પ્રેમમાં સૂર્ય જેટલી તાકાત છે. મોહમાં કેવળ દુર્ગંધ છે. બે-ચાર દિવસનો સંપર્ક તે પ્રેમનું સ્વરૂપ નથી. પણ મોહ નામ સારું નથી માટે પ્રેમ નામ અપાય છે. વાસ્તવમાં તો તે પ્રેમ નથી—મોહ જ છે. જો પ્રેમ હોય તો ભૂલેચૂકે

પણ તૂટવાની સંભાવના ન રહે. મોહ તો કાચના ગોળા જેવો છે. કાચનો ગોળો સહેજ અથડાયો કે ટક્કર લાગે અને તૂટી જાય. વર્ષના પરિચય બાદ માનેલો મોહ રૂપી પ્રેમ નભે કયાં સુધી? ટક્કર ન લાગે ત્યાં સુધી તેને ટક્કર લાગે તો તે ફૂટે કાં તડ પડે. તેથી મોહને કાચનો ગોળો કહ્યો છે. કાચના ગોળાને હરપળે સંભાળવો પડે છે. એવું મોહનું સ્વરૂપ છે.

આત્માને મૂંઝવે એ પ્રેમ નથી અને તેથી દુનિયા જેનાં પ્રેમના નામે ગુણગાન ગાય છે તે માત્ર મોહ છે.

**પ્રેમનું ઝરણું:—**

ઉનાળાની સખત ગરમીથી પીડાતા મુસાફરને આરામ આપનાર કોણ? 'ઝરણાનું પાણી.'

કવિઓ કહી ગયા છે પાણીથી ભરેલો અગાધ દરિયો ઉપયોગી નથી તેટલું એક નાનું ઝરણું માનવજાત માટે—ઉપકારી છે. તૃષા મહત્વની છે. અન્ન વિના ચાલે, પાણી વિના ન ચલાવાય. આજે અહીં આપણને તેની કિંમત નથી જણાતી. પણ કચ્છના રણમાંથી પસાર થતા હો, સાથેનું પાણી ખૂટી જાય અને તપાસ કરતાં બીજું પાણી ન મળે તેમ હોય તે સમયે જેની પાસે પાણી હોય તેની પાસે પાણી માગતાં તે એક પ્યાલા પાણીની કિંમત પચાસ રૂપિયા માગે તો ગણી આપો કે નહિ? ખિસ્સામાં હોય

તો ગણી આપે. કોઈને આ વાત ગપ્પાંરૂપે લાગે પણ ત્યાં જઈને જુઓ અને અનુભવો તો આ સત્ય સમજાશે.

દરિયાની કશી કિંમત નથી તેનાથી તૃષ્ણા મટે નહિ. જ્યારે ઝરણું મીઠું છે, તેનું પાણી પીવાલાયક છે. પ્રેમનાં સ્વરૂપે ઓળખાતા મોહને તત્ત્વજ્ઞાનીઓ ખાશ દરિયા સાથે સરખાવે છે, જ્યારે પ્રેમને પવિત્ર ઝરણાની ઉપમા આપે છે.

## પ્રેમનું ઉત્પત્તિસ્થાન:—

ઝરણું પહાડમાંથી નીકળે છે તો આ પ્રેમ ક્યાંથી નીકળે છે? પથ્થરમાંથી? લાકડામાંથી? ભીંતમાંથી? ના. એ જીવ માત્રના અંતરમાંથી ઉત્પન્ન થાય છે. કેટલાંય વર્ષોથી મકાનમાં રહો. પણ મકાનના એકેય અણુમાં પ્રેમ નહિ જન્મે તેટલો પડોશીના હૈયામાં જન્મશે.

જ્યારે વર્ષોના વસવાટ બાદ તમે તે મકાન બદલશો તો દીવાલો આંસુ નહિ સારે. ત્યારે આંસુ કોણ વહાવશે? પાડોશમાં હશે તે આંસુ વહાવશે. સંસાર, મકાન એ જડ વસ્તુ છે ત્યાં પ્રેમ ન જન્મે તેમાં વસતા ચેતનના અંતરમાં જ પ્રેમના ભાવ પ્રગટવાના.

જીવનમાં લાખો-કરોડો રૂપિયા તિજોરીમાં તર થઈ જાય પણ માલિક જતાં તિજોરીને કાંઈ અસર થશે? ના. પણ તેથી ય વિશેષ પચીસ રૂપિયાના પગારદાર માણસને માલિક જતાં અસર થશે અને આંસુ ઉભરાઈ આવશે. તિજોરીમાંના લાખ રૂપિયા જડ છે. માત્ર ચેતન સૃષ્ટિ જ

આંસુ વહાવે. તેમાં પ્રેમ ભર્યો હોય. જડ સૃષ્ટિમાં પ્રેમભર્યું વાતાવરણ હોતું નથી.

જેની સાથે રોજનો સંપર્ક છે એવાં ગાય, ભેંસ, બળદ, ઘોડા વિગેરે પ્રાણીઓ માલિક પ્રત્યે પ્રેમ વ્યક્ત કરે છે કારણ કે, તે ચેતન છે. તેમનામાં પ્રેમ રહેલો હોય છે. એ પ્રેમમાં દિવ્ય તાકાત હોય છે એવા એ પ્રેમનું ઉત્પત્તિ-સ્થાન જીવ માત્રના અંતરમાં છે.

**પ્રેમના પ્રકાર—**

તત્ત્વચિંતકો પ્રેમને ત્રણ વિભાગમાં વહેંચે છે: ૧ ભક્તિ, ૨ મૈત્રી, ૩ કરુણા. આ ત્રણ પ્રેમના પ્રકાર છે. પ્રેમરસ ત્રણેયમાં ટપકે છે. તેમાંનો પ્રથમ પ્રેમનો ભક્તિરૂપ પ્રકાર ગુરુ પ્રતિ અને ધર્મ પ્રતિ છે. ત્યારે મૈત્રીનો પ્રેમ સમાન વયમાં હોય છે. કારણ? સંસ્કૃતનું એક સુભાષિતછે કે 'समानशील–व्यसनेषु सख्यम्'. આપણી સરખી સ્થિતિવાળામાં મૈત્રીનો પ્રેમ હોય તે પણ પ્રેમનો એક પ્રકાર છે. મોહનો પ્રકાર હોય છે તેવી મૈત્રીવાળો આ પ્રકાર નથી હો?

ત્યાગની ભાવના અર્થાત્ છોડવાની ભાવના હોય તે ત્યાગ. તેમાં પણ મૂળ પ્રેમ જ છે. પોતપોતાના મિત્રો માટે, સગાં–સંબંધી માટે નિઃસ્વાર્થ ભાવનાવાળો પ્રેમ હોય તો જ ત્યાગભાવના ઉદ્ભવી શકે. પીડા અને દુઃખને અનુભવનારાઓ પ્રતિ આપણા હૈયામાં જે લાગણી જન્મે

તે કરુણા-પ્રેમ. સામો નિષ્ઠુર અને બેવફા બને. તોપણ જેના હૈયામાં પ્રેમનો રસ જ ટપકે ને તે કદી તેના પ્રતિ વૈર ધારણ કરે નહિ. અહર્નિશ પ્રેમની સરિતા તેના હૃદયમાં કરુણારૂપે વહ્યા જ કરે. પ્રેમ આવો હોય.

હવે આપણે પ્રેમનાં દૃષ્ટાંતો જોઈએ.

**પ્રથમ પિતૃપ્રેમનું દૃષ્ટાંત લઈએ:—**

પહેલાં જે મીઠાશ હતી તે આજે દેખાય છે? ના. તે જમાનાના સંસ્કાર આજે જોવા નથી મળતા. આપણા પોતાનામાં પ્રેમનું પવિત્ર ઝરણું નથી તો બીજામાં કેવી રીતે ઉદય કરી શકીશું? પ્રેમમાં એ તાકાત છે કે ખસી ગએલાને ઠેકાણે લાવે છે. મૂંગો મૂંગો પિતા પુત્રનો અવિવેક સહન કરે છે. પુત્ર ભયંકર બને તો પણ પિતા તેના પ્રતિ-પ્રેમનો જ ભાવ ધારણ કરે છે.

પિતા શ્રેણિકને કોણિક પુત્રે જેલમાં પૂર્યો. ચાબખાના માર માર્યા છતાં પિતાના હૈયામાંથી પુત્રપ્રેમ સહેજ પણ ખસ્યો નહિ. જેના પરિણામે નિષ્ઠુર હૈયાવાળા પુત્રમાં પણ ફેરફાર થઈ ચૂકયો અર્થાત્ અંતકાળે પિતા પાસે ક્ષમા માગવા આંસુ સારતો આવી પહોંચ્યો. આ શું બતાવે છે? તે પ્રેમની તાકાતનું-ભાન કરાવે છે. આમ નિષ્ઠુર પુત્ર દ્વારા ચાબખાના ઘા ઝીલનાર પિતા પુત્રને ક્ષમા આપે છે.

**હવે માતૃપ્રેમનું એક ઉત્કૃષ્ટ દૃષ્ટાંત જોઈએ:—**

જગતના વ્યવહારમાં માતાના પ્રેમની-સરખામણીમાં

બીજો કોઈ પ્રેમ આવી શકે તેમ નથી. આ વાત વ્યવહારની છે. સંતપુરુષોની આ વાત નથી. સંસારથી નિરપેક્ષ થએલાઓના પ્રેમની વાત જ અલગ છે. વ્યવહારમાં માતાનો પ્રેમ ઉચ્ચ છે. પુત્ર ભયંકર હોવા છતાં ય તેના હૈયામાંથી શ્રાપ નથી નીકળતો. એ તો આશીર્વાદ ઉચ્ચારશે 'બેટા સુખી રહેજે.'

એક ગરીબ બ્રાહ્મણની વિધવા માતાને એકનો એક પુત્ર. પેટે પાટા બાંધી પુત્રને મોટો કરે. જીવનના વ્યવહાર ઉપર કાપ મૂકીને આશ્રયવિહોણી આ માતા તનતોડ મહેનત કરે, મજૂરી કરે. બાળક મોટો થયો. માતાની અમીઝરતી હૂંફમાં આ બાળક ભણવા માંડયો. ભણવામાં હોંશિયાર એટલે દર વર્ષે પ્રથમ વર્ગમાં આવે. માતાએ વધુ કરકસર કરી. પુત્રને મેટ્રિક પાસ કરાવ્યો. હવે માતાની શક્તિ નહોતી કે પુત્રને આગળ ભણાવી શકે. ભણવામાં હોંશિયાર એવો આ પુત્ર માતાને કહે છેઃ 'મા, તું મને થોડો સમય ભણાવ, શરૂઆતની મદદ કર!'

માતાના હયામાં પુત્રપ્રેમ ભરપૂર હતો એટલે તેણે પોતાના ભાણામાં અડધો કાપ મૂકીને, ચીંથરાં પહેરીને કરકસર કરીને, છોકરાને આગળ ભણાવવા માંડયો, તેને ભણવાની સગવડ કરી આપી. છોકરો ચોપડેલી રોટલી ખાય. જ્યારે માતા સૂકો રોટલો ખાય અને તેમ અડધી ભૂખી રહે તેટલું. કોઈ કહેશે બદલા માટે પણ આ બધું

કેવું ? પેલા પરલોકના દેવા જેવું, કોઈ કહે કે કોઇને બીજા જન્મમાં આપવાની મુદતે પૈસા જોઈતા હોય તો લઈ જાવ તો એ પૈસા કયારે મળે તે કોણ જાણે ? આજે તો તે આપે જ છે.

તે મુજબ ભવિષ્યમાં આ પુત્ર માતાનું પોષણ કરશે ? તે વાત તો આગળની છે પણ આજે કષ્ટ કોણ ભોગવે છે ? માતા. આ માતા કષ્ટને બોજારૂપ માનતી નથી. પાંચ વર્ષની બાળા ત્રણ વર્ષના ભાઈને ઉપાડે છે. કેમ ? તે બોજો નથી પણ ભાઈ તરીકેનો પ્રેમ છે. આ પ્રેમના પરિણામે થાય છે. નાની ચીજ ન ઉપડે. બાળક જન્મે ત્યારે કેટલા રતલનું હોય છે ? સાત રતલનું. ત્રણ વરસનો થાય ત્યારે ? સ્વાભાવિક રીતે જ સરેરાશ અડધો મણ, ખરૂં ને ? જેમાંથી પ્રેમ ઊડી જાય તેનો બોજો લાગે, પણ આ તો કોઈ પણ જાતના ગ્લાનિભાવ વિના અડધો મણ અર્થાત્ ત્રણ વર્ષના ભાઈને લઈને શેરીમાં પાંચ વર્ષની બાલિકા ફરે તે રીતે માતા પોતાને પડતી તકલીફો પોતે તકલીફ રૂપે માનતી જ નથી.

નાનો બાળક માતાની પથારીમાં સૂતો હોય. આ બાળક પથારીમાં પેશાબ કરે તો માતા સૂવાની કોરી જગ્યામાં બાળકને સૂવાડી પોતે તેની ભીની જગ્યામાં સૂઈ જશે. કારણ ? બાળકને શરદી ન થાય માટે. બાળકને ‘ ભીનામાંથી કોરામાં અને માતા કોરામાંથી ભીનામાં.’ લોકોની આ કહેવત વર્ષો જતાં અદૃશ્ય થઈ ગઈ.

માતાએ સાત વર્ષ સખત મજૂરી કરી પુત્રને ડૉકટર બનાવ્યો. તે ધંધે લાગી પૈસે ટકે સુખી બન્યો. નાતમાં કન્યાઓ તૈયાર હતી પણ આ તો કૉલેજમાંથી જ આંતરજ્ઞાતિય લગ્ન કરીને આવ્યો. પણ માતાને તો જ્યારે પગે લાગવા ગયો ત્યારે જ ખબર પડી છતાંયે પુત્ર પ્રેમના અતિરેકમાં માતાએ આ પરિસ્થિતિ નીભાવી લીધી. પુત્રવધૂ ઘરમાં આવી બાદ બન્નેનાં વર્તન કેવળ વિલાસમય બની ગયાં. આખો દિવસ ટાપટીપની મથામણ. બાહ્ય પદાર્થોથી સારા કેમ દેખાવું. તેની જ જંજાળમાં હૈયાને સારું બનાવવાની ફૂરસદ કોને છે? માટે જ સાચા સંસ્કારોની ખાસ જરૂર છે.

હવે ડૉકટર બનેલો પુત્ર પત્ની સાથે પોતાના ઘરમાં અમર્યાદિત વાતાવરણ ખડું કરી રહ્યો હતો. માતા બધું જ મૂંગે મોઢે નીરખ્યા કરે છે.

દૈવયોગે અચાનક એક વખત માતા અગાસીમાં જઈ ચઢી. ત્યાં શું જુએ છે? ચારે તરફ કાચલાં વેરાયેલાં છે. શાનાં? ઈંડાંનાં. સંસ્કારી માતા આ દૃશ્ય જોઈને તમ્મર ખાઈને નીચે પડે છે, બેભાન બની જાય છે. અડધા કલાકે જ્યારે ભાન આવે છે ત્યારે નીચે ઉતરીને પુત્રવધૂને બે–ચાર શબ્દો સહેજ ઠપકારૂપે કહે છે. પુત્રવધૂ સમજે છે કે મેં કૉલેજનું શિક્ષણ લીધું છે તે કાંઈ આવું સહન કરવા લીધું છે? આવું અપમાન સાંખી લેવા લીધું છે? પછી શું થયું તે તમે સમજી શકશો. અર્થાત્

ઠપકાનાં વચનો સાંભળી પુત્રવધૂને સાસુ ઉપર ખૂબ જ અણગમો ઉત્પન્ન થયો.

સાંજે ઘેર આવેલા પોતાના ડૉકટર પતિને આ વહુ જણાવે છે કે કોઈ પણ ઉપાયે કાં તો માતાને જુદી રાખો અગર મને છૂટી કરો. ખોટા મોહની અંદર મૂંઝાએલા ડૉકટર માટે શું એ શકય છે? કે તે પોતાની પત્નીનો ત્યાગ કરે? ના.

પૂર્વકાળમાં સાસુ-સસરા પુત્રવધૂને કંઈ કહે તો પણ પુત્રવધૂ સામો જવાબ ન આપે. કદાચ પોતાની ભૂલ ન પણ હોય તેવા સંજોગોમાં તે વખતે તો ચુપચાપ સાંભળી લે પછી કલાક બાદ શાંતિથી સમજાવે કે 'માતાજી, પિતાજી! આમની વાત આમ હતી.' આજે આવી વસ્તુ રહી છે? આજે તો દલીલબાજી આવડે છે. એક વાત વડીલે કહી, ચાર ગણી પુત્રવધૂએ કહી. પરિણામે કડવાશ જન્મી. માતા પુત્રના નાતે ફરિયાદ કરે, પત્ની પતિના નાતે ફરિયાદ કરે કે આપણને આ નથી ફાવતું. આ તો રોજની સ્થિતિ થઈ.

આ પતિ-પત્નીએ વિચાર કર્યો કે આ ડોશીને કયાંક દૂર મૂકી આવીએ. આ માટે એક યોજના તૈયાર કરવામાં આવી કે થોડા દિવસ ડોશી પ્રત્યેનું વર્તન સારૂં રાખવું. આ પુત્રવધૂએ પૂર્વ યોજના પ્રમાણે નાટકરૂપી બનાવટી પ્રેમ-માન સાસુ પ્રતિ બતાવવા માંડયાં. ભોળી ડોશી સમજી કે મારી વહુ સુધરી ગઈ છે. આ રીતે થોડા દિવસ

વીત્યા; પુત્ર કહે, 'માતાજી! તમે ઘરડાં થયાં છો એટલે તમને તીર્થયાત્રા કરાવવાનો મારો વિચાર છે. ડોશી સમજી મારો પુત્ર કેટલો ડાહ્યો છે! મને તીર્થયાત્રા કરાવશે. હું પાવન થઈ જઇશ. આ વિચારે ડોશી તૈયાર થઈ ગઈ. મા-દીકરો રવાના થઈ ગયાં. છોકરો દૂર દૂરની ટિકિટ કપાવ્યે જ જાય છે. પ્રયાગ આદિ તીર્થક્ષેત્રમાં ફરીને દૂરના પ્રદેશમાં આ લોકો આવ્યાં.

એક ધર્મશાળા આગળ આવીને પુત્ર માતાને કહે છે: 'માતાજી! તમે અહીં બેસો, હું અડધા કલાકમાં આવું છું.' આમ પુત્ર માતાને ધર્મશાળાના ઓટલે મૂકીને ગયો તે ગયો જ. અડધા કલાકનો કલાક થયો. માતા રાહ જુએ છે. દિવસ આથમ્યો, રાત વીતી છતાં માતાને પુત્ર પ્રત્યે શંકા ઊઠતી નથી. પણ એ વિચારે છે! મારા પુત્રનું શું થયું હશે? મુશીબત આવી હશે? વિગેરે ચિંતા કરવા લાગી. ઘરડા શરીરે આખી રાત આમને આમ જાગરણ કરીને કાઢી. અર્થાત્ કલ્પાંત કરીને સામે માર્ગ પ્રતિ જોયા જ કર્યું. પણ પુત્ર ક્યાંથી આવે? ડોશીના શરીરમાં તાવ દાખલ થયો. શરદી પણ સખત. તાવનો હુમલો જોરદાર હતો. એક તો શરીરની પીડા. બીજું આ સ્થિતિમાં છોકરાનો વિયોગ. આ વખતે ડોશીનો જીવનદીપ બુઝાવાની તૈયારી કરવા લાગ્યો. હવે ડોશીને સાચી પરિસ્થિતિનું ભાન થયું કે જરૂર છોકરાએ મારો ત્યાગ કર્યો છે.

ધર્મશાળાના રખેવાળે ડોશીની આ પરિસ્થિતિ જોઈ. તેણે કરુણભાવે ડોશીને પૂછયું: 'માજી શું થાય છે તમને ? તમારો છોકરો ક્યાં ગયો ?' ડોશીએ નિઃશ્વાસ નાખ્યો અને પૂર્ણ હકીકત સંભળાવી અને છેલ્લે જણાવ્યું કે, 'હું હવે ઘડી બે-ઘડીની મહેમાન છું. કદાચ મારો પુત્ર આવે તો કહેજો ભાઈ ! તારી માતાના મરતાં મરતાં છેલ્લા શબ્દો હતા કે, 'બેટા સુખી રહેજે.'

કેટલો પ્રેમ ? ડોશીએ 'બેટા સુખી રહેજે' એમ કહી પ્રાણ છોડયા. પછી પેલો માતાના ઉપકારોનો બદલો અપકારથી વાળનાર છોકરો આવ્યો કે નહિ તેની સાથે આપણે નિસ્બત નથી, પણ કહેવાનો ભાવાર્થ છે કે પોતાના બાળકના કલ્યાણ માટે આવો નિઃસ્વાર્થ પ્રેમ માતા જ દર્શાવી શકે, જ્યારે પુત્રને પોતાની ફરજનું ભાન હોતું નથી.

## પ્રેમનું પવિત્ર ઝરણું :—

આપણો મૂળ વિષય છે 'પ્રેમનું પવિત્ર ઝરણું.' આ ઝરણું કામ શું કરે ? 'ઉદ્ધારનું.' કોનો ? પતિત થએલાંનો. પણ પવિત્ર પ્રેમ ઉદ્ધાર કરી શકે છે. ધ્યાન રાખજો જે તાકાતનું દર્શન આપણને ઝરણાંમાં જોવા મળ્યું તેવી જ, તેથીય વધારે તાકાતનું દર્શન પ્રેમમાં પણ થશે.

ઉનાળાનો સખત તડકો તપી રહ્યો છે, ઊની લૂ વાય છે, સૂર્યનાં કિરણો ગરમી ઠાલવી રહ્યાં છે. એવા

વાતાવરણમાં એક યૌવનાવસ્થામાં પ્રવેશતા મુનિ ધીમા ડગલે ચાલી રહ્યા છે. પોતાના જીવન દરમ્યાન આવા કપરા સંજોગોમાં નહોતા આવેલા. કારણ? માતા, પિતા અને પુત્ર ત્રણેયે સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. ભદ્રા માતા અને દત્ત નામના પિતાએ પોતાના આઠ વર્ષના બાળક અરણિકની સાથે સંયમ ધારણ કર્યો હતો. પિતાને બાળક ઉપર અતિશય પ્રેમ હતો. સંયમી જીવનમાં આવ્યા બાદ પણ પિતાએ અરણિકનું ખૂબ જ પ્રેમપૂર્વક જતન કર્યું હતું. પુત્રનું બધું કામ પિતા હોંશેહોંશે કરતા હતા. પણ પિતા પોતાનું આયુષ્ય પુરૂં થયે કાળધર્મ પામ્યા. પછી હવે અરણિકનું કામ કોણ કરે? કદાચ કોઈ બે-ચાર દિવસ કરી આપે પણ આ વસ્તુ તો રોજની થઈ. રોજ કોણ કરી આપે?

પિતાના ગયા બાદ સંયમ જીવનના નિર્વાહને માટે ગૌચરી આદિ લાવવાની ક્રિયાની જવાબદારી આવી પડી. પણ આ જવાબદારી કેવી રીતે ઉઠાવવી? તે પણ અરણિક મુનિને આવડતું ન હતું. બીજા મુનિઓની સાથે ગૌચરી અર્થે બહાર નીકળે છે. કોમળ કાયા ઉનાળાની ગરમીમાં કરમાય છે. સુકુમાર પગમાં ફોલ્લા પડે છે. ક્યાંય છાંયડો દેખાતો નથી. પેલા કસાએલા મુનિઓનું વૃંદ સડસડાટ રસ્તો કાપ્યે જાય છે તેથી મુનિઓનો સાથ છૂટયો અને અરણિક એકલો પડયો.

આમ એકલો પડેલો અને તડકાથી ત્રાસ ત્રાસ પામતો અરણિક છાંયડો શોધે છે. તેટલામાં એક ઊંચી હવેલી આવી. બરાબર તેની નીચે પડતી છાયામાં આ અજાણ અરણિક ઊભો રહે છે. તે વખતે ઉપરના ઝરૂખામાં બેઠેલી વીસેક વર્ષની યુવાન સ્ત્રીની નજર આ અરણિક ઉપર પડે છે. ગુલાબ કરતાં પણ જેની કાયા કોમળ છે, ચંદ્ર જેવું જેનું તેજ છે, અશ્વિનીકુમાર જેવું જેનું રૂપ છે, માખણથી અધિક મુલાયમ જેનો માંસલ બાંધો છે; એવા આ યુવાન અરણિક મુનિનો દેહ જોઈને ઉપર હવેલીના ઝરૂખે બેઠેલી યુવતી આકર્ષાઈ. તમને એમ થશે કે ત્યાગીના વેશમાં આકર્ષણ ક્યાંથી ? આકર્ષણ તો ટાપટીપમાં હોય ! પણ હકીકતમાં તેવું નથી. ત્યાગીનો વેશ ત્યાગીના સૌંદર્યમાં વૃદ્ધિ કરે છે. તમારો વેશ માત્ર મોહક છે. કારણ કે તે કૃત્રિમ છે, જ્યારે ત્યાગીના જીવનમાં કોઈ ચીજ એવી નથી. આજે તો જગતમાં ચારે તરફ ઝેર ભર્યું છે. ગમે તેવો યોગી હોય તો પણ તેની ચિત્તવૃત્તિઓથી ચલિત થઈ જાય તેવા સંયોગો વચ્ચે આજે જીવન જીવાઈ રહ્યું છે.

ચોતરફ ભડકે બળતા અગ્નિમાં બેસનારો શીતળતાનો અનુભવ કરે તો તો સમજવું કે જરૂર કંઈ દિવ્ય તાકાત છે. અને એજ દિવ્ય તાકાતનું નામ છે ત્યાગ.

હવે પેલી બારી ઉપર બેઠેલી સ્ત્રીએ પોતાની દાસીને નીચે મોકલી અને નીચે ઊભેલા યુવાન મુનિને ઉપર

તેડી લાવવા કહ્યું. દાસી નીચે આવીને કહે છે, 'ઉપર પધારો.' દુન્યવી માયાથી અજાણ એવા અરણિક મુનિ ઉપર જાય છે. ઉપરના ખંડોમાં પ્રવેશ કરતાં જ નહિ દેખેલું ભોગનું વાતાવરણ અરણિક મુનિના સુષુપ્ત હૈયાને સહેજ અકળાવી મૂકે છે. તેવા સંયોગોમાં પેલી સ્ત્રી સમીપ આવીને કહે છે કે, 'આપને શું જોઈએ છે? ભિક્ષા જોઈએ ને? લો, આ ભિક્ષા આપને ખપી શકે એવી છે.' એમ કહી મુનિના પાત્રમાં આહાર મૂકે છે. આહાર મૂકયા બાદ સ્ત્રી જણાવે છે કે 'શું આવી કોમળ કાયા કરવત સરખા કઠિન વ્રતોથી કાપ માટે સર્જાઈ છે? એના કરતાં તો સુંવાળી જિંદગી, સુંવાળું જીવન અને સુંદર સહચાર પ્રાપ્ત કરોને! કે જેથી બધી તકલીફ મટી જાય. ભોગની અઢળક સામગ્રી મારી પાસે ભરી છે. તમારા ચરણોમાં હું તે સામગ્રી સાથે મારૂં સમગ્ર જીવન સોંપવા તૈયાર છું. તે સ્વીકારી લો.'

સંસારના કહેવાતા ભોગોથી અનભિજ્ઞ મુનિ આ વચનોની જાળમાં લુબ્ધ બની ગયા, પોતાના સંયમ-જીવનને ભૂલી સુંદરીની સોબતમાં સંસારના રંગથી રંગાવા લાગ્યા.

આ રીતિએ ભિક્ષા લેવા ગએલા મુનિને ચંદ્રવદનીએ ચારિત્ર્યથી ચૂકવી દીધો. ચાર-પાંચ કલાક થયા. મુનિઓને અરણિકની ગેરહાજરી માલુમ પડી. તપાસ આરંભાઈ પણ તે ક્યાંથી મળે? ઊડતું પંખી પાંજરામાં પૂરાયા બાદ બહાર ક્યાંથી આવે? છૂટી શકે ખરૂં? મુક્ત વિહારી સંસારના કાવા-

દાવાથી અજાણ–અરણિકને મીઠી વાતોથી ફસાવવામાં આવ્યો. અનેકવિધ સગવડોની લાલચે આ ભામિનીએ તેને ભોળવ્યો અને પછી બંને ભોગ–સુખમાં દિવસ પસાર કરવા લાગ્યા. કોઈ પ્રકારની ચિંતા નહિ. આ બાજુ મુનિઓ તપાસ કરીને થાકયા. માતાને ખબર આપી. પિતા તો નહોતા. માતાએ હૈયામાં આંચકા સાથે આ સમાચાર સાંભળ્યા. ઉજ્જવળ જીવન માટે સંસારમાંથી બાલ્યકાળથી જ અહીંયાં વાળ્યો. અહીં પણ જેણે થોડું પણ કષ્ટ કાપ્યું નથી એવો દુન્યવી માયાથી અજ્ઞાન અરણિક કયાં ગયો હશે? કોઈએ તેને રાખી લીધો હશે! એવા તર્ક-વિતર્ક થવા લાગ્યા. વસતીમાં તપાસ કરી પણ કયાંય પત્તો લાગ્યો નહિ.

અપૂર્વ પુત્રપ્રેમ તેમને ચિંતા કરાવે છે. મારો પુત્ર કયાં જઈને ફસાયો હશે? તેની કેમ કરીને ભાળ મળે? એ ધૂનમાં નગરના માર્ગો ઉપર માતા ઘૂમી રહી છે. અતિ ઉત્કટ પ્રેમે માતા ગાંડી બની ગઈ, સુધબુધ ખોઈ બેઠી, 'મારો અરણિક કયાં છે? અરણિક! અરણિક!' કરતી ફરી રહી છે. ટીખળી લોકોને ટીખળ મળે, સજ્જનોને કરુણા ઉપજે. દુર્જનો હસવા લાગ્યા. નિંદાખોરો નિંદા કરવા લાગ્યા કે, જોયું ને સમજ્યા વિના છોકરાને સંયમમાં ધોંચી દીધો.' હવે વિચારો કે કોઈ બાળકને બાલપણમાં સત્સંસ્કારોરૂપે ચોરી નથી કરવી, અસત્ય નથી બોલવું એવી જાતના નિયમો આપવામાં આવે તે શું અણમમજની વાત છે? ખોટી છે? હરગિજ નહિ.

વર્ષો પહેલાં બાલદીક્ષા માટે વિરોધ હતો. દીક્ષા કોણ લે ? બાવીસ વર્ષનો ? પરણેલો ? ત્રણ છોકરાનો બાપ ? પચાસ-પંચાવન-સાઠ વર્ષનો ? કઈ વયમાં અને ક્યારે દીક્ષા લેવી ? કોઈ જીવ પોતાના જીવનમાં અસંસ્કારોને દૂર કરવા તયાર થાય તો અશાંતિનું વાતાવરણ વધશે કે ઘટશે ?

ગાંડી બનેલી માતા શેરીએ શેરીએ ફરી-રહી છે અને 'અરણિક-અરણિક' એવી બૂમો પાડતી ફરે છે બાળકો ચીડવી રહ્યાં છે. કુદરતને કરવું કે કાદવ-ભોગમાં લપટાએલો અરણિક હવેલી ઉપર બેઠો હતો ત્યાં આ પડઘો સંભળાયો. તે ઓળખે છે કે આ અવાજ તો મારી માતાનો છે. તે જ ઘડીએ તેને ભાન થાય છે કે હું ક્યાં છું. બારીમાં આવીને જુએ છે. ચીંથરેહાલ માતા આકુળ-વ્યાકુળ વદને શોધી રહી છે પોતાના પુત્ર અરણિકને........

આ દૃશ્ય જોઈ તેનામાં આવેલું ક્ષણિક સંસારભોગનું અજ્ઞાનતાનું આવરણ દૂર હટી ગયું. માતાના સાચા પ્રેમ આગળ આ આવરણ મીણની માફક પીગળી ગયું. 'આ શું કર્યું મેં ? મારા જીવનમાં આગ ચંપાઈ ગઈ.' એમ મનોમન વિચારતો અરણિક સડસડાટ નીચે ઉતરી આવ્યો. આંખમાં ચોધાર આંસુડે માતાના પગમાં પડીને કલ્પાંત કરવા લાગ્યો. અને કહેવા લાગ્યો કે 'હું મારું મુખ બતાવવા લાયક નથી રહ્યો. માતા ! હું કુલાંગાર છું. મને ધિક્કાર છે.' આ રીતે અરણિકને હૈયામાં ચોટ વાગે છે.

માતાને મન સાઠ વર્ષનો પુત્ર પણ બાળક રૂપે જ છે તે હિસાબે પુત્ર પ્રેમમાં પાગલ બનેલી માતા પુત્ર મળી

આવતાં હર્ષિત બની તેને સાંત્વન આપે છે કે તારા જીવનમાં જે ભૂલ થઈ ગઈ છે અને એ અજ્ઞાન આચરણ માટે આટલો પશ્ચાત્તાપ તને થાય છે તે ઘણું છે. મારી કુખમાં આવેલાને આ વાત હોય નહિ છતાંય જે બની ગઈ તે ખેર, હવે ભૂલ્યા ત્યાંથી ફરી ગણી તારા જીવનનું નવું મંગલ પ્રભાત શરૂ કર.'

જોયું! પ્રેમનું પવિત્ર ઝરણું શું કામ કરે છે? ઊંડી ખાઈમાં પડેલા પુત્રને પુત્રપ્રેમમાં પાગલ બનેલી માતાના હૈયામાંથી નીકળતા ગગનભેદી આક્રંદનો પ્રતિઘોષ સંભળાયો અને તેથી મોહનિદ્રા ઊડી ગઈ. પોતે ક્યાં છે તેનું તેને ભાન થયું. આ આક્રંદનો પ્રતિઘોષ ક્યાંથી આવ્યો? માતાના અંતરમાંથી, માતાના અંતરમાંના પ્રેમમાંથી.

આવા પ્રેમથી સિંચાએલ અવાજરૂપી તીરે અનભિજ્ઞ એવા પુત્રના ઉપર જામેલી મોહની જાળને ચીરી નાખી. અને અરણિકને સાચી પરિસ્થિતિનું ભાન કરાવ્યું.

## પતિતનો પુનરુદ્ધાર

પુત્ર કહે છે કે, 'માતા! હું અતિશય સુંવાળો થઈ ગયો છું. સંયમની, પરિણામે હિતકારી અને પ્રારંભમાં કઠિનાઈવાળી વાતોથી હું અકળાઈ જાઉં છું, માટે મને તો થોડા સમયમાં જ મોટું કષ્ટ સહન કરી લઉં તેવું બતાવ.'

માતા કહે છે, 'ગુરુ પાસે ચાલ. ત્યાં ગયા બાદ તને યોગ્ય માર્ગદર્શન મળી જ જશે.' પુત્ર માતાની સાથે ગુરુ પાસે આવે છે. ગુરુ પણ હિતદાયક એવા મીઠા શબ્દોમાં

આશ્વાસન આપે છે. ત્યાર બાદ અરણિક મુનિ માતા સમક્ષ ગુરુની પાસે અનશન સ્વીકારવાની અનુમતિ માગે છે. પુત્રના કલ્યાણને અર્થે પુત્રના ક્ષણિક પ્રેમને આગળ ધર્યા સિવાય માતા ગુરુ પાસે અનુમતિ અપાવે છે.

તડકાની અંદર તપેલી શિલા ઉપર મુનિ અરણિક પોતાના દેહને લંબાવી દે છે. ગરમીથી ધગધગતી શિલા ઉપર કોમળ કાયા શેકાવા લાગી. અગ્નિ ઉપર ધાણી ચણા શેકાય તે મુજબ ચામડી શેકાવા લાગી.

છતાંય સમભાવમાં સ્થિર મુનિ અનિત્ય દેહનો ત્યાગ કરી પોતાનાં જીવનને ધન્ય બનાવી ગયા.

પતિત થએલા પુત્રને પવિત્ર પ્રેમના ઝરણા દ્વારા માતાએ પુનિત ધામમાં પહોંચાડ્યો.

આપણે પણ એ ધામને પ્રાપ્ત કરીએ એ જ શુભેચ્છા !

★

## પ્રેમનાં કોમલપુષ્પો


૧ મૈત્રી-વિશ્વના પ્રાણિમાત્રનો બંધુ.

૨ પ્રમોદ-ગુણવાનની પ્રેમ ભરી પ્રશંસા.

૩ કરુણા-દુઃખના દાવાનલમાં સળગતાને અંતરની અમીદૃષ્ટિનું પાન.

૪ માધ્યસ્થ્ય-કર્મની કુટિલ જાળમાં ફસાયેલા ઉપર ન રાગ ન દ્વેષ. અંતરના બગીચામાં પ્રેમના પુષ્પોની સૌરભ ફેલાવો.

—પ્રવચનકાર



# અહિંસા અને આપણે

[ ૩ ]

**मातेव सर्वभूतानामहिंसा हितकारिणी ।**
**अहिंसैव हि संसारमरावमृतसारणी ॥**

( યોગશાસ્ત્ર, પ્રકાશ ૨. )

## જીવનની જરૂર—

'અહિંસા અને આપણે' એ વિષયને બદલે બીજો વિષય કેમ નહિ ? એનો ઉત્તર છે કે, દુનિયાના પ્રાણી માત્રને, જગતના જીવમાત્રને, વિશ્વના તમામ જીવને જીવનની જરૂરિયાત છે. જેટલી જરૂરિયાત ધનની, જેટલી જરૂરિયાત અન્નની, જેટલી જરૂરિયાત વસ્ત્રની અને બીજા પદાર્થોની છે તેથી લાખ ગણી જરૂરિયાત આ જીવનની છે. માટે 'અહિંસા અને આપણે' એ વિષય સુસંગત છે.

ઘોર જંગલમાંથી પસાર થઈ રહ્યા હો, તમારાં ખિસ્સાં લાખો રૂપિયાથી ભરેલાં હોય અને કોઈ સામે મળે અને કહે કે રૂપિયા મૂકો યા જીવન મૂકો. બોલો કઈ વસ્તુ મૂકશો ? જીવન કે રૂપિયા ? મરણપથારીએ પડ્યા હો,

છેલ્લી ઘડીઓ ગણાતી હોય અને દેવ પ્રસન્ન થઈને કહે કે 'માગ, માગ, જે માગે તે આપું,' કહો જોઈએ કઈ ચીજ માગશો? લાખો-કરોડો રૂપિયા માગશો? બંગલા, મોટર, હીરા-માણેક શું માગશો? જીવનના છેલ્લા શ્વાસોચ્છ્વાસ ચાલી રહ્યા હોય એવી સ્થિતિમાં મરણ-પથારીએ પડેલાને જરૂર શાની? બધા કરતાં પણ વિશેષ જરૂર જીવનની જ ને?

આમ, જગતના બધા પદાર્થોનું જીવન કોનામાં સમાએલું છે? અહિંસામાં.

**આજ્ઞાનું અવિરત પાલન—**

આપણા ધર્મ મુજબ નહિ પણ હિન્દુધર્મ અને બીજા બધા ધર્મ મુજબ જુઓ. આખા જગતની સૃષ્ટિ ઈશ્વરે સર્જી તે પછી ઉદ્ભૂત થએલા પદાર્થોને અમુક આજ્ઞા આપી. જગતને ઈશ્વરે બનાવ્યું કે નહિ તે ચર્ચામાં અત્યારે ઉતરવું નથી. પણ એક દૃષ્ટાંતરૂપે કહીએ કે આ સૃષ્ટિની રચના ઈશ્વરે કરી અને કહેવામાં આવતા પદાર્થોને આજ્ઞા કરી.

નદીને આજ્ઞા કરી કે, તારે બે કાંઠામાં નિરંતર વહ્યા જ કરવાનું, કોઈ પણ જીવ આવે, પાણી પીએ, પાણી ગંદું કરે તો પણ તારે તારા પાણીનો ઉપયોગ તેને કરવા દેવાનો. આજે એ સૃષ્ટિને રચાયાને લાખો વર્ષ વહી ગયાં. છતાં નદી અવિરત રીતે વહ્યા જ કરે છે—તેનો સતત વહેતો પ્રવાહ થોભતો જ નથી.

બીજી આજ્ઞા કરી સમુદ્રને કહ્યું કે, તારે મર્યાદામાં રહેવાનું, બહિર્ભૂત થવાનું નહિ. સમુદ્ર મર્યાદા મૂકે તો ? ભરતી–ઓટનાં મોજાં કેટલાં મોટાં હોય છે ? પણ તે કિનારે આવીને પાછાં ચાલ્યાં જાય છે કોઈને હાનિ કરતાં નથી.

આકાશના સૂર્યને આજ્ઞા કરી કે, તારે અજવાળું પાથરવાનું, ગરમી આપવાની કે જેથી ગંદકી દૂર થાય. રાત્રિના ચંદ્રને આજ્ઞા કરી કે, તારે શીતળ ચાંદની વડે ઠંડક આપવાની પછી અમાસના તારાને આજ્ઞા આપી કે, તારે અદ્ધર લટકતા રહીને અંધકારમાં ઝબૂકયા કરવાનું તેવી રીતે ફૂલને સુવાસ આપવાનું અને ફળને ભૂખ દૂર કરવાનું કહ્યું.

આમ પૃથ્વીના જન્મથી પદાર્થોને જે જે આજ્ઞા આપી છે તે તે આજ્ઞા મુજબ તેઓ આજદિન સુધી વર્ત્યાં છે અને તે પ્રમાણે જ વર્તશે.

આ આજ્ઞાની જેમ માનવને પણ બે આજ્ઞાઓ આપી હતી. શું આજ્ઞા આપી ? આખો દિવસ શરીરની ટાપટીપ કરવી ? સારો દેખાવ કરવો તે ? કપડાંને ડાઘ ન પડવા દેવો તે ? હમેશાં તેમાં જ—ભૌતિક ભોગમાં જ વ્યસ્ત રહેવું ? ચોવીસ કલાક દોડધામ કરવી ? કઈ આજ્ઞા આપી ? એવી કોઈ આજ્ઞા આપી નથી. જગતના તમામ જીવો ભૌતિક વસ્તુઓ પ્રાપ્ત કરવામાં તો પોતાનો સમય વીતાવે જ છે. મનુષ્યો વિશેષ શું કરે છે ? ત્યારે, મનુષ્યને

આપેલી આજ્ઞા આ હતીઃ 'ચારિત્ર્યને નિર્મળ રાખો અને ઈશ્વરનું સ્મરણ કરો.' વિચારો કે આ આજ્ઞાનું પાલન મનુષ્ય કેટલા અંશે કરે છે? જડ પદાર્થો અવિરોધ રીતિએ અદ્યાપિપર્યંત પાલન કરી રહ્યા છે. તમામ સૃષ્ટિમાં મનુષ્ય અનોખું પ્રાણી છે, વિશિષ્ટ પ્રાણી છે. જગતના તમામ જીવો–મનુષ્ય સિવાય નીચી દૃષ્ટિએ ગમન કરે છે જ્યારે મનુષ્ય ઊર્ધ્વ દૃષ્ટિએ ગમન કરે છે એ એની વિશિષ્ટતા છે.

મનુષ્ય ઊર્ધ્વદૃષ્ટિએ અને તિર્યંચ કહેતાં પશુ-પંખી નીચી દૃષ્ટિએ ચાલે છે. જગતની તમામ જીવસૃષ્ટિમાં મનુષ્યનું સ્થાન જુદું છે તેને એ વિશિષ્ટ આજ્ઞા આપેલી છે. પહેલી આજ્ઞાના મૂળમાં અહિંસા રહેલી છે. આજ કારણે બીજા કોઈ પણ વિષય કરતાં અહિંસા અને આપણે એ વિષય આજે પસંદ કરવામાં આવ્યો છે.

## અહિંસાની ઓળખ—

અહિંસામાં શું કહેવાનું છે તે જાણતાં પહેલાં હિંસાને ઓળખીએ, વિચારીએ. કારણ કે, પહેલાં વિરોધી બાજુને જોવી જોઇએ

અહીંયાં ફલાણો નથી તે વાતનો જ્યારે પરિચય કરવો હોય તે પહેલાં માણસ કોણ છે તેને આપણે ઓળખવો જોઈએ. અહિંસાનું મનનીય સ્વરૂપ આપણા હૈયામાં સ્થિર ક્યારે થાય? હિંસાને પૂર્ણ રીતે જાણ્યા પછી.

હિંસા–અહિંસાનું શ્રવણ કરવાથી જ તે સ્થિર થવી મુશ્કેલ છે. બંને બાજુને મનનપૂર્વક સમજીએ નહિ તો તેનું પરિણામ ઊલટું આવે.

આપણે તે માટે એક ઉદાહરણ જોઈએ.

એક ડોશી બીમાર પડી. છોકરાઓને ચાકરી કરવાની ફૂરસદ નથી. બધી સારવાર થતી પણ ઘરડું શરીર, લાળ પડે, લૂગડાં ખરડાય, માખીઓનો ઉપદ્રવ ઘણો. આ ત્રાસ નિવારવા માટે કોઈ માણસ ડોશી પાસે જોઈએ. વૃદ્ધ ડોશીમા વારે વારે માખીઓને ઉડાડે પણ થાકી જાય, તેથી માખો ઉડાડવા માટે એક માણસ રાખ્યો. આ માણસને એમ જણાવવામાં આવ્યું કે ડોશીમા ઉપર માખી ન બેસવી જોઈએ. કહેલી હકીકતને ઊંડા વિચારપૂર્વક ગ્રહણ કરવામાં ન આવે તો પરિણામ શું આવે ? ચિંતન કરવાની ફૂરસદ ન હોય, મનનીય રીતે વિચારવાની ફૂરસદ ન હોય તો તે કહેલી વાત હૈયામાં રુચશે ?

માણસ લૂગડાનો કકડો હાથમાં રાખીને માખીઓ ઉડાડે. ઘડીક હાથ બંધ રાખે ત્યાં માખીઓનો ઢગલો થઈ જાય. આ કાંઈ માનવ થોડું છે ? માખી તો અણસમજુ જાત, આમ એક વખત, બે વખત, ત્રણ વખત ચાલ્યું. ચોથી વખત પેલો કંટાળ્યો. પછી બધી માખીઓને શરીર ઉપર બેસવા દઈ. ઑર્ડર કર્યો—ચેતવણી આપી કે આ વખતે હું ઉડાડીશ. ફરીથી આવશો તો કોઈનો જીવ સલામત રહેશે નહિ; પણ આ ચેતવણીના શબ્દો

સાંભળવા માટે માખીઓ પાસે કાન-હૈયું છે? તે વખતે તો તેણે ઉડાડી મૂકી, પછી વિચાર્યું કે હવે નહિ આવે. ધમકી આપી છે ને! એક મિનિટ થયા પછી, સાત-આઠ માખીઓ આવી અને ડોશીના શરીર ઉપર બેઠી. પેલો જોઈ રહ્યો. તે મનોમન કહે, હવે આવવા દો, એવી સજા કરું કે ફરીને આવવાનું નામ લે જ નહિ. શેઠે કહ્યું છે તેનું બરોબર પાલન કરવું જોઈએ. આખા શરીરે માખીઓ ભરાઈ ગઈ. બાજુમાં એક ધોકો પડયો હતો તે લઈને આ તો મંડી પડયો ધબોધબ દેવા. જો કે માખીઓ તો ઉડી ગઈ પણ સાથે ડોશીમા બિચારાં પણ ઉડી ગયાં.

શેઠે શું કહ્યું હતું? ડોશીમાના શરીર ઉપર માખીઓ ન બેસે તેની સાવચેતી રાખવાનું. આશય હતો માખીઓના ત્રાસથી ડોશીમાને બચાવવાનો. પેલા માણસે આ શબ્દોનો ઊંડો અભ્યાસ કર્યો હોત તો? માખીની પ્રકૃતિને સમજ્યો હોત તો!

અહિંસાનું સ્વરૂપ કહેવાઈ જાય પણ તે હૈયામાં સ્થિર ક્યારે બને? મનન કરવામાં આવે, તેનું ચિંતન કરવામાં આવે તો, નહિ તો માખી ઉડાડનાર ચાકરે કર્યું તેવું થાય.

## ભોગનો માલિક અને વિષ્ટાનો કીડો—

સૌ પહેલાં અહિંસાની સામી બાજુ કોણ છે તે જોવું જોઈએ. વિરોધી બાજુ કઈ? વિરોધમાં છે હિંસા. આ

હિંસા કેટલી ભૂંડી છે? તે જીવનમાં ધાંધલ મચાવી મૂકે છે. હિંસા જગત માત્રના જીવોને ભયભીત બનાવે છે. કેમ? તે વિશે શરૂઆતમાં કહ્યું છે કે, જીવ માત્રને જીવન પ્રિય છે, વિષ્ટાના કીડાને અને ભોગ ભોગવનાર દેવલોકના માલિક ઇન્દ્રને સમાન રીતે જીવવાની ઇચ્છા હોય છે. વિષ્ટાના કીડાનું જીવન હલકી કોટીનું છે. જ્યારે ભોગ ભોગવનાર ઇન્દ્રનું જીવન ઉચ્ચ કોટીનું છે. જેટલી અભિલાષા, જેટલી જિજીવિષા ઇન્દ્રને, તેટલી જ વિષ્ટામાં સબડતા કીડાને હોય છે.

## સર્વભક્ષક અગ્નિ અને હિંસા—

આ ઉપરથી નક્કી કરવું જોઈએ કે આપણા આચરણ દ્વારા, આપણા વ્યવહાર દ્વારા કોઈને નુકશાન તો નથી પહોંચતું ને? તે ખાસ જોવું જોઈએ. તેવું નુકશાન પહોંચાડીએ તેનું નામ હિંસા, પછી તેના પ્રકારો ઘણા હોય છે. બધા નિયમોમાં, આચરણોમાં કે વ્યવહારોમાં મુખ્ય વ્યવહાર અહિંસા છે.

કોઈએ પૂછ્યું ઘડિયાળમાં કેટલા વાગ્યા? તો કહો કે સાડા નવને દસ થઈ છે. પણ બીજી જ મિનિટે ફરીને નજર પડતાં નવને પચીસ દેખાય તો પહેલાં કહેલા સમયનો સુધારો સાંભળનારને જણાવવો જોઈએ અને જણાવીએ. ખોટું બોલાયું હોય તો સુધારણાનો અવકાશ છે. ચોરી કરી. દુઃખ જણાવ્યું. ચીજ પરત કરી શકાય અને

તે રીતે દુઃખ દૂર કરી શકાય. પણ કોઈના જીવને નુકશાન પહોંચાડયું હોય તો પુનઃ જીવન આપી શકો ? પશ્ચાત્તાપ કરો. મોટરમાં બેસીને જતા હો, ડ્રાયવરને સૂચના આપો કે રોડ ઉપર ધ્યાન રાખજે, કોઈને વાગી ન બેસે. છતાં અકસ્માત સર્જાય અને કોઈના જીવનો વિઘાત થાય બદલામાં એક લાખનો ચેક આપી તમે પશ્ચાત્તાપ કરો તે કબૂલ પણ પુનઃ જીવન લાવી શકશો ? નહીં જ–ત્યારે તે કોણ લાવી શકે ? અહિંસા.

## હિંસા કોના જેવી છે ?

જો આગ લાગે ત્યારે તેમાં આવતી સર્વ વસ્તુ બળીને ભસ્મ થઈ જાય, પછી તે પાછી મળે નહિ, જ્યારે પાણીમાં ડુબેલી વસ્તુ ફરીથી પાછી મળવાનો સંભવ ખરો. અગ્નિ સાથે જે ચીજનો સંયોગ થયો હશે તે ચીજની પુનઃ પ્રાપ્તિ ન થાય, આપણા વ્યવહારમાં સર્વભક્ષક અગ્નિ—જે નાખો તે સ્વાહા—જેવી હિંસા છે, પાણીમાં ડૂબેલી ચીજ પેલી બાજુ પણ નીકળશે, જ્યારે અગ્નિમાં પડેલી હાથ ન આવે. તે મુજબ હિંસાને અગ્નિ સાથે સરખાવી શકાય. હિંસા દ્વારા કોઈના પ્રાણને નુકશાન પહોંચ્યું હોય તો તે નુકશાન પાછું લાવવાની તાકાત તેનામાં નથી. આ કારણે બધા આચરણમાં મુખ્ય અહિંસા જણાવી છે. પતંજલિ યોગ-દર્શનમાં પાંચ મહાયમોનું વર્ણન જણાવ્યું છે.

“ अहिंसाप्रतिष्ठायाम् तत्सन्निधौ वैरत्यागः ”

## અહિંસાની અસર—

જેના હૈયામાં અહિંસાની પ્રતિષ્ઠા રમી રહી હોય તે માણસનું સાન્નિધ્ય જેને સાંપડે તેના હૈયામાંથી વૈરનો ત્યાગ થઈ જાય. વૈરની આગ બુઝાઈ જાય. હિંસામાંથી દ્વેષ અને વેર પ્રગટે, જ્યારે અહિંસામાંથી પ્રેમ અને શાંતિ મળે, મત્રી અને સમાનભાવ પ્રગટે એટલે જો કોઈ બૂરી ચીજ હોય તો તે હિંસા છે. કેમ કે જગતના શ્રેષ્ઠ જીવનોનો તેના દ્વારા વિનાશ થઈ રહ્યો છે. એટલે જ એ ભયંકર છે.

## જીવનની કિંમત—

એક વખત મગધના દરબારમાં વાત થઈ કે આજના જીવન-વ્યવહારમાં સસ્તી ચીજ કઈ? સૌ સૌને ઠીક લાગ્યો તે જવાબ આપ્યો. એક દરબારીએ રાજાને કહ્યું, “સસ્તામાં સસ્તું તો જીવોનું માંસ છે.” રાજા શ્રેણિક મહામંત્રી અભયકુમાર સામે જુએ છે અને પૂછે છે, “આ બરાબર છે?”

કહેવા ખાતર તો ગમે તે કહી શકાય. પણ ચાર રસ્તા ઉપર ઊભા રહી કહો, કે ‘પ્રાણ આપો’ તો કોઈ આપે? ન આપે, કારણ સૌ સમજે છે કે ‘આપ મૂઆ પીછે ડૂબ ગઈ દુનિયા’ એ પ્રમાણે ગમે તેટલા દુનિયાના રાગરંગ ભોગવતા હોય પણ મર્યા પછી શું કામના?

અભયકુમારે રાજાને કહ્યું, "આનો જવાબ કાલે આપીશ."

શ્રેણિક કહે, 'બહુ સારું.'

રાત પડી. દસ વાગ્યાના સુમારે અભયકુમાર એક લાખ સોનામહોરોની થેલી ભરી જે દરબારે દરબારમાં જીવોનું માંસ સસ્તું હોવાનું જણાવ્યું હતું તે દરબારીના ઘેર પહોંચ્યો. અભયકુમારે દરબારીનું બારણું ખખડાવ્યું. અંદરથી જવાબ આવ્યો; "કોણ?"

"એ હું અભયકુમાર--મગધનો મહામંત્રી." દરબારીએ દોડીને બારણું ઉઘાડ્યું. સ્વાગત કરી, આસન આપ્યું અને પૂછ્યું, "કહો કેમ પધારવું થયું?"

અભયકુમારે કહ્યું, "એક ખાસ જરૂરી કામે આવવાનું થયું છે. આજનો દરબાર પૂરો થયા પછી રાજાજીને શરીરે અસાધારણ વ્યાધિ ઉપડ્યો છે, જેનું દમન થતું નથી. વૈદ્યરાજોના ઉપચાર નિષ્ફળ ગયા છે. છેલ્લો ઉપાય બાકી રહ્યો છે. એ ઉપાય માટે માણસના કાળજાનું માંસ એક તોલો મળે તો જ રાજાજીનો વ્યાધિ મટે તેમ છે. લો, એક લાખ સોનામહોરો અને તમારા શરીરનું એક તોલો માંસ આપો."

વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ દરબારીને લાગ્યું. તે બોલ્યો, "આપણાથી તો આ કામ નહિ બને. પણ સવા લાખ મહોરો હું મારા ઘરમાંથી આપું. માટે કૃપા કરી બીજા પાસે જાઓ."

અભયકુમાર કહે, "ઠીક લાવો, ત્યારે બીજે કદાચ વધુ જરૂર પડે તો કામ આવશે." મહામંત્રી અભયકુમાર બીજાને ઘેર ગયા અને કહ્યું, "રાજાજી છેલ્લી પથારીએ છે."

પેલા ભાઈ કહે, "હું શું સેવા આપી શકું?"

અભયકુમાર કહે, "બીજી તો કોઈ જરૂર છે નહિ. પણ આ સવા બે લાખ સોનામહોરો લો અને તમારા કાળજાનું એક તોલો માંસ આપો."

પેલા ભાઈને તો પરસેવો છૂટી ગયો. તેણે કહ્યું, "લો, આ સવા બે લાખ સોનામહોરો વધારાની હું આપું. મહેરબાની કરીને બીજાને ત્યાં જાવ."

ત્યાંથી અભયકુમાર ત્રીજાને ત્યાં ગયા. ત્રીજાએ પૂછ્યું, "કેમ આવવું થયું?"

અભયકુમારે કહ્યું, "કાંઈ ખાસ નથી. પણ રાજાજીની હાલત ગંભીર છે. ઉપચારમાં માત્ર એક તોલો કાળજાનું માંસ જોઈએ છે. બે ત્રણ જગ્યાએ તપાસ કરી પણ મળ્યું નહિ. લો, આ સાડાચાર લાખ સોનામહોરો અને તમારા કાળજાનું માંસ એક તોલો જોખી આપો."

પેલાએ કહ્યું, "આ સોનામહોરો બમણી કરી આપું પણ મારું નામ ન લેશો."

અહીં એક તોલો માંસનો જ પ્રશ્ન છે. સામે પલ્લે સાડા ચાર લાખ સોનામહોરો હોવા છતાં કોઈ માંસ આપતું નથી.

હવે મહામંત્રી અભયકુમાર ચોથા ઘેર જાય છે અને પ્રશ્ન મૂકે છે. ચોથો કહે, "ભાઈ! મારા કુટુંબથી દૂર થવાનું આપણને પાલવે તેમ નથી." તે મનમાં વિચારે છે આ સંકટમાંથી કેમ છૂટવું? મહોરો કમાઈશું પણ કાળજાનું માંસ તો કેમ અપાય? એમ વિચારીને બોલ્યો, "લો, હું સાત લાખ સોનામહોરો આપું, પણ તમે આગળ જાઓ."

અભયકુમારે આ બધી સોનામહોરો લઈ લીધી અને ચુપચાપ પોતાના મહેલે આવીને સુઇ ગયો. સવારે પુનઃ દરબાર ભરાયો. મહામંત્રીએ બધી જ સોનામહોરોની થેલીઓ દરબારમાં રજૂ કરી દીધી અને રાજાજીને જણાવ્યું કે, "આપે ગઈ કાલે પૂછેલા સવાલનો આ જવાબ છે. આપ જોઈ શકશો કે કઈ ચીજ સસ્તી છે. પેલા બધા દરબારીઓ તો કાપ્યા હોય તો લોહી ન નીકળે તેવા થઈ ગયા. તેમના હાથે જ એક તોલા કાળજાના માંસના બદલામાં આ સોનામહોરો આપેલી હતી. અભયકુમારે જણાવ્યું. "મહારાજ! અડધી રાતે ચાર ચાર ઘેર ફર્યો. સાથે હું માત્ર એક લાખ સોનામહોરો જ લઇ ગયો હતો. તે આ દૂર મૂકી છે. બાકીની આ પંદર લાખ મને એક તોલા કાળજાના માંસના બદલામાં મળી છે. પૂછો એ મહાનુભાવોને કે શું સસ્તુ?

## ભાગીરથી અહિંસા

હિંસાનાં પરિણામ વિચાર્યા સિવાય પેલા દરબારીએ

જવાબ આપેલો. હિંસા કોની? પોતાની નહિ. પારકાની. પોતાનાં 'પોતાયાં અને પારકાના ઢેબરાં.' હું અને મારો છોકરો માત્ર. હું એટલે વડાપ્રધાન જવાહરલાલ નહેરૂ અને મારો છોકરો એ જનરલ સેક્રેટરી. બીજા તો ઝાડુ વાળનારા મારા નોકર. આવું માનનાર માણસ સજ્જન કહેવાય? પોતાના જીવનની કિંમત અબજો રૂપિયા! જ્યારે બીજાના જીવનની કિંમત કાંઈ જ નહિ.

જેના અંતરમાં હિંસા રમતી હોય છે તે દ્વેષને અને અહમ્‌ની ભાવનાને આવકારે છે. કવિઓએ જણાવ્યું છે કે હિંસા એ ઉકરડો છે, ગંદકી છે, તે તો ગંદુ ખાબોચિયું છે. હિંસા એ સળગતી આગ છે, જ્યારે અહિંસા નંદનવન છે; અહિંસા શીતળ ચાંદની છે, અહિંસા એ ભાગીરથી ગંગા છે.

## માનવની જવાબદારી

ગંદા ખાબોચિયામાં હાથ--પગ પડે તો શરીર ખરડાય, નદીમાં હાથ-પગ બોળીએ તો ખરડાએલા તે શુદ્ધ કરી શકીએ. હૈયામાં રમતી હિંસા અહમ્‌ને વધારે છે. જ્યારે અહિંસા જગત્ માત્ર ઉપર પ્રેમ અને મૈત્રી વરસાવે છે. આ અહિંસાની જવાબદારી મનુષ્ય ઉપર વિશેષ છે. કુટુંબનો આધાર 'કુટુંબના વડા ઉપર.' ગણાય. જગતની જીવસૃષ્ટિ ઉપર વડું કોણ? ગાય, ભેંસ, ચકલી, કબૂતર, કાગડો? કોણ વડું? મનુષ્ય જ ને! ત્યારે જવાબદારી

કોના ઉપર ? માનવ પર વડા તરીકેની માનવની ફરજ છે કે નહિ ? ઘરનો વડો જવાબદારી સ્વીકાર્યા પછી કહી દે કે 'આપણે તો કાંઇ નહિ,' તો તે ચાલશે ? બધા જીવો કરતાં મનુષ્યમાં પ્રજ્ઞા વિશેષ છે. માટે તેની જવાબદારી પણ વિશેષ છે.

વર્ષો પહેલાં પશુઓ જે રીતે જિંદગી જીવતાં હતાં તે જ રીતે આજે પણ જીવે છે. ત્યારે મનુષ્યોએ ફેરફાર કર્યો છે. મનુષ્ય વર્ષો પહેલાં અસુધારક, જંગલી જેવી ગણાતી જિંદગી જીવતો. આજે વધુ વ્યવસ્થિત રીતે જીવે છે.

પશુઓએ ફેરફાર કર્યો ? કપડાં બનાવ્યાં ? ઘર બનાવ્યું ? તે સમયે પણ તે તો પરાધીન જ હતાં. અને આજે પણ પરાધીન જ છે.

**મત્સ્ય ગલાગલ ન્યાય**

હિંસાત્મક સાધનો દ્વારા દ્વેષ પ્રગટે. આજે એક બીજા રાષ્ટ્ર વચ્ચે, માનવી–માનવી વચ્ચે, પાડોશી–પાડોશી વચ્ચે વૈમનસ્ય અને અંતે ઝઘડા થાય છે. માનવી–માનવી વચ્ચે અને રાષ્ટ્ર–રાષ્ટ્ર વચ્ચે આજે સ્નેહ છે ? સળગી જતાં વાર કેટલી ? આજુબાજુના સંયોગો સામે નજર કરો. કેવળ દીવા-સળી ચાંપી નથી તેટલી જ વાર છે. બાકી બધું તૈયાર છે. કયું સાધન બાકી છે ? થોડી મિનિટમાં આખું ભારત સાફ થઈ જાય તેવી શકયતા છે. હા, મોટું રાષ્ટ્ર નાના રાષ્ટ્રને

દબાવે, મોટું માછલું જેમ નાના માછલાંને ખાય એવો માત્સ્ય ન્યાય પ્રવર્તે છે. ઝાડુવાળાને પટાવાળો દબાવે, પટાવાળાને કારકુન દબાવે, કારકુનને તેનો સાહેબ દબાવે, સાહેબને કલેકટર દબાવે, કલેકટરને પ્રધાન દબાવે, પ્રધાનને વડાપ્રધાન દબાવે અને વડાપ્રધાનને પક્ષ દબાવે. એકેયના હૈયામાં પ્રેમનું વાતાવરણ ખરું ? હૈયામાંથી હિંસાનું વાતાવરણ જતું નથી અને અહિંસાનું સ્થાન જામતું નથી.

'આત્મવત્ સર્વભૂતેષુ' આવું માનવા કોઈ તૈયાર છે ?

### આપણા સમાન અન્ય

હું છું તેવા જગતના તમામ જીવો છે, હું શ્રીમંત છું, હું સુખી છું તો બધા શ્રીમંત અને સુખી એમ માનવાનું ? તો દાનની શી જરૂર ? શિક્ષણની શી જરૂર ? બતાવો, આપણે ગાંડા તો બધા ગાંડા ? આપણે ડાહ્યા તો બધા ડાહ્યા ? આપણી પાસે ખાવાની સગવડ તો બધા પાસે ખાવાની સગવડ હોય ? મહાન તત્ત્વજ્ઞાનીઓ એમ કાંઈ આપણને છોડે તેમ નથી. આપણે મનગમતો અર્થ કરી લઈએ અને બાકીનો ભાગ છોડી દઈએ તો ચાલશે ? જેમ સુખ તમને ગમે છે, દુઃખ નથી ગમતું, તેમ બીજાને માટે પણ માનો. તમને જે ચીજો પ્રિય લાગે છે તે બીજાને પણ પ્રિય લાગે જ છે. એનો ખ્યાલ રાખો, પોતે સુખી તો બધા સુખી. એમ માને ન ચાલે. કોઈને દૂધ પીધે

ઊલટી થાય તો કોઇને દૂધ પીધે શક્તિ આવે. જે દુઃખનો કંટાળો આપણને હોય તેનો બીજાને પણ હોય. લાખ રૂપિયા આપણને મળે તો આપણે ખુશી ખરા કે નહિ? તેમ બીજાને માટે પણ માનવું જોઈએ. એ કારણે તત્વજ્ઞાનીઓએ જણાવ્યું છે કે સુખ અને દુઃખમાં પ્રિય અને અપ્રિયમાં પોતાની સમાન બીજાને માનવા જોઈએ. અને તેમ કરી મન–વચન અને કાયાથી થતી હિંસાથી દૂર રહેવું જોઈએ. માટે જ અહિંસા સુંદર છે, હિંસા બૂરી ચીજ છે.

## વિજય કોનો? હિંસાનો કે અહિંસાનો?

શું હિંસાથી જ જીતી શકાય છે? આજ પહેલાં આ દેશ ઉપર બીજાનું શાસન હતું. તેને હટાવવા કોણ કામ કરી ગયું? દમનનીતિ કે દમનનીતિથી નહિ દબાનારા? હિંસાના સાધનોથી સરકાર જીતી કે અહિંસાના સાધનોથી પ્રજા? એમ કહેવા માત્રથી નહિ અનુભવમાં હિંસા–અહિંસા શું છે તે ઓળખો તો સમજાશે કે હિંસા ભયંકર છે અને અહિંસા શીતળ છે.

પાડોશીઓ પ્રત્યે પણ પ્રેમ રાખવો જોઈએ, ઝગડા ન રાખવા. જો પાડોશીઓ જોડે ઝગડા હોય અને વ્યાવહારિક પ્રસંગે કોઈ છોકરાને જોવા આવે તો પેલો પોળ બહાર ઊભો રહે અને ભંભેરે કે 'જો, જો, હો! છોકરી નાખતાં વિચાર કરજો. આ તો સારા માણસ નથી.'

વગેરે, કહો જોઈએ પેલાના હૈયા ઉપર શું અસર થશે ? આવો વેવાઈ ન જોઇએ, એ જ ને ? આને બદલે પડોશી પ્રત્યે પ્રેમ અને મૈત્રીભર્યો વ્યવહાર હોય તો ઊલટાની તે ભલામણ કરે. પ્રેમ આમ જીતે છે.

અહિંસા એટલે જ પ્રેમ. હિંસા–અહિંસામાં કોણ સારું, તે અનુભવે સત્ય માનો કે નહિ ? આજનો જમાનો કહે છે કે સામે બતાવો, અનુમાન નહિ ચાલે. આ અંગે કલિકાલસર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ જણાવે છે કે—

'मातेव सर्वभूतानाम् अहिंसा हितकारिणी'

## જગતની માતા

જગતના જીવોનું હિત કરનારી અહિંસા છે, બાળકનું જતન માતા કરે છે તેમ જગતના જીવોનું જતન કરવાની તાકાત અહિંસામાં છે. અહિંસાથી વધીને બીજી કોઈ શક્તિ જગતનું ભલું કરી શકે તેમ નથી.

હું જીવું પણ બીજાને જીવાડું તેવો સંભવ ઓછો છે ? શાસ્ત્રકારો આંગળી ચીંધે છે. અહિંસાને માતાની ઉપમા આપી છે અને કહ્યું છે, જગતમાત્રના સર્વ ભૂતોનું કલ્યાણ કરનારી અહિંસા માતા સમાન છે. જેના અંતરમાં હિંસા રમી રહેલી છે તે બીજાને ભારરૂપ બને છે. તેના બદલે અહિંસામાં જેના વિચારો અને મન રમી રહેલ છે, તે પરમ શાંતિનો દાતા બને છે.

## સર્પનો જીવનપલટો

જંગલમાં એક ઝેરી સર્પ રહેતો હતો. તે બધા જીવો માટે પ્રાણઘાતક હતો. જેના પ્રભાવે મનુષ્ય તો શું પશુ–પંખી પણ ફરકતાં ગભરાતાં. કેટલાક સર્પોને દાઢમાં ઝેર હોય ત્યારે આ સર્પની દૃષ્ટિમાં ઝેર હતું. આ ઝેર ક્યાંથી આવ્યું? હિંસાના વાતાવરણમાંથી. વહેમના દાવાનળથી ભરેલા ભયંકર વિષના અગ્નિને વરસાવતા એ જીવને અગ્નિરોધક મહાવીર ભગવાને બૂઝાવી દીધો. જે નાગ અવાજ થતાં જ મારી નાખવાને તૈયાર, તે નાગને કીડીઓએ આવીને ચાળણી જેવો કરી નાંખ્યો. અંગે અંગ વીંધી નાખ્યું. તો પણ તેમના ઉપર સહેજે આક્રમણવૃત્તિ ન દાખવી. સમતાભાવે તે વેદનાને સહન કર્યા જ કરી. "अहिंसाप्रतिष्ठायाम् तत्सन्निधौ वैरत्यागः" એ વાક્ય અહીં ચરિતાર્થ થાય છે.

જેના અંતરમાં અહિંસા રમી રહેલી હોય તેવી વ્યક્તિના સંપર્કમાં આવનારનું વૈર નિર્મૂળ થઈ નાશ પામે છે. જો શ્રમણ ભગવાન મહાવીરમાં એ અહિંસાનો ભાવ ન હોત તો આમ બની શકત ? કેટલાય પ્રાણ ખોઈને ગયા. એટલા જ માટે એ સિદ્ધ થાય છે કે પ્રેમનું વાતાવરણ ક્રૂરને પણ વશ કરી દે છે. અહિંસામાં એ તાકાત છે.

## બુદ્ધનો પૂર્વભવ

બુદ્ધના પૂર્વ જીવનમાં મધાનો પ્રસંગ છે. એ એક

ખેડૂતનો જીવ હતો. જન્મ્યો ત્યારથી જ પ્રેમભર્યો વર્તાવ રાખે છે. જે દુઃખી અને ગરીબ હોય તેના પ્રત્યે વિશેષ કરુણા વહે. વ્યસનીઓને સમજાવવાને માટે તે પ્રયત્નો કરે અને તેને વ્યસનની ગુલામીમાંથી મુક્ત કરાવે. આ બાબત કેટલાકને પાલવતી ન હતી. કાપડિયાને કાપડ પહેરનારા જેમ વધે તેમ નફો વધે. તેથી ઊલટો વેપાર કરનાર હોય તો શું થાય? પોતાનો વેપાર કેમ ચાલે તેવો વિચાર કરે. આ રીતે લોકોને વ્યસનમાં જકડી રાખનારાઓને આ વાત રુચતી નહોતી. આવા લોકોએ રાજાને ઉશ્કેર્યો કે આ મઘો તો ગામમાં ભયંકર રીતે લોકોને હેરાન કરે છે.

રાજાએ આ વાત માની લીધી. આમ કેમ લાગ્યું? ચશ્માં ઊંધાં હોય તો? નંબર ફેર હોય તો? તો ઝાંખું દેખાય. પણ પદાર્થ તો તેનો તે જ છે. કેટલાંક દર્પણ એવાં હોય છે કે તેમાં સીધું હોય તે ઊલટું દેખાય, જ્યારે કેટલાંક દર્પણ એવાં હોય કે ઊલટું હોય તે સીધું દેખાય. એમાં દોષ કોનો?

રાજાએ હુકમ કર્યો કે, મઘાને પકડીને હાથી નીચે ચગદી નાખો. મઘાને આ રાજાજ્ઞા જણાવવામાં આવી કે તમને તો મારી નાખવાના છે.

મઘો ખુશ થઈને બોલ્યો, "એમાં શું? નવી જિંદગીમાં નવું કરીશું. તેણે પોતાના સાથીઓને ભેગા કરીને કહ્યું કે, 'કસોટીનો કાળ આવ્યો છે. તમારો નાશ

કરનારનું બૂરું ન ચિંતવશો કલ્યાણની ભાવના સેવજો, દેહનો નાશ ભલે થાય. આત્માનો નાશ કરવાની કોઈની તાકાત નથી.'

## સદ્‌ભાવની સાંકળ—

હાથીને દારૂ પાવામાં આવ્યો. બધાને હારમાં સૂઈ જવાનું કહેવામાં આવ્યું. બધા જ સાથીઓ હૈયામાં પ્રેમ રાખી સૂઈ ગયા. પ્રેમના વાતાવરણમાં સૌ મરવા માટે સૂતા. ગાંડા હાથીને દારૂ પાયો એટલે તે બમણો ગાંડો બન્યો. આ કાંઈ સવારીનો હાથી ન હતો, આ તો ગુને-ગારોને મારવા માટેનો હાથી હતો. સૌથી આગળ મઘો પોતે સૂતો, પહેલાં પોતે પછી સાથીઓ. 'માલ મેં ખાઉં માર દૂસરા ખાય' એવી સ્થિતિ નહિ: આજ તો એવું બને છે. નબળા માર ખાય, સબળા લહેર કરે. એ કારણે પ્રેમ-ભર્યો ભાવ તૂટે છે. દસ અંકોડાવાળી સાંકળનો એક અંકોડો તૂટે તો? આખી સાંકળ તૂટી જાય. તેવી રીતે જીવન વ્યવહારમાંથી એક પ્રેમભાવનો અંકોડો તૂટે અને 'માલ હું ખાઉં' એવી ભાવના આવે તો આખી સદ્‌ભા-વની સાંકળ તૂટી જાય. અને બધાના હૈયામાં અવિશ્વાસનું વાતાવરણ જામે.

## ભૂંડું કરનારનું ભલું થજો

'હું માલ ખાઉં અને બીજો માર ખાય' એવું પહેલાં નહોતું. પહેલાં તમામ જીવોને પરસ્પર વિશ્વાસ હતો.

મઘાને સાથીઓ ઉપર વિશ્વાસ હતો. સાથીઓને મઘા ઉપર વિશ્વાસ હતો. મઘો પડેલો સૂતો. હૈયામાં ભાવના હતી કે હાથી ચલાવનારનું પણ ભલું થજો. હાથી આવ્યો. ગાંડો હાથી પણ સૂંઢ નમાવીને સૂંઘીને દૂર ભાગ્યો. બીજો હાથી લાવ્યા. તેણે પણ આમ જ કર્યું. જેની આંખમાં ઊલટાં ચશ્માં છે તેને ભાન નથી હોતું. તે તો એમ જ માને છે કે આવો મસ્ત અને ગાંડો હાથી. અને એનાદ્વારા આ લોકોને નાશ પામતાં કેટલી વાર ? એક–બે પળ ! જેનું સર્જન કરતાં વર્ષ લાગે તેનો વિનાશ કરતાં કેટલો સમય લાગે ? બનાવતાં સમય લાગે, ભાંગફોડમાં પળ ! નાશ તરફ વળેલો રાજા વિચારે છે કે, આ મંત્ર ભણતો હશે. પણ ના, અહીં તો એક જ વાત છે, 'ભૂંડું કરનારનું પણ ભલું જ થજો,' એટલે તે મારું ભલું કરવા તૈયાર જ. આપણે શા માટે કહેવું જોઈએ કે મારૂં ભલું કરો ? પોતાના કાર્યની સિદ્ધિ થાય તેવી આકાંક્ષા શા માટે ? બધાના કાર્યની સિદ્ધિમાં આપણું નામ પણ આવી જાયને !

બ્રાહ્મણ પચીસ, દાતા એક, બધા પડાપડી કરે. બધા કહે પહેલાં મને આપો, દાતા વિચારે છે કે, આમાં હું કોને પહેલાં આપું ? તેણે દાન આપવાનું બંધ રાખ્યું. ત્યાં દૂર એક છવ્વીસમો બ્રાહ્મણ આ જોઈ રહ્યો હતો. તેને એક યુક્તિ સૂઝી, 'અરે ભાઇ, કેમ ધાંધલ કરો છો ? ચાલો, આવી જાવ આ બાજુ,' એમ કહીને બધાની હરોળ કરી અને પહેલા નંબરે પોતે ઊભો રહ્યો, પ્રથમ સ્થાન

પોતે લીધું. જગતમાં આવો ભાવ છે ત્યાં સુધી પ્રેમનું વાતાવરણ નહિ જામે. તમામ જીવોને ઈશ્વરનો અંશ માની લઈએ તો ઝેર–વેર નહિ જાગે. બધા જીવોને સમ–દૃષ્ટિથી જોઈએ તો ? જ્યાં કુટુંબમાં જ આ ભાવના નથી તો પછી આ તો લાંબી વાત થઈ.

## અહિંસાનાં ત્રણ પગથિયાં

આ અહિંસા, જે પ્રભાવે ક્રૂર પ્રાણીઓને અટકાવી દેનાર છે. તેમાં એક મુખ્ય વાત—'મારું ભૂંડું ભલે થાય બીજાનું ભલું થજો.' તેમાં ત્રણ પગથિયાં છે, પહેલું 'હું જીવું.' આ થઈ સામાન્ય કોટિ, જે ગ્રહણ કરવા યોગ્ય નથી. બીજું 'હું જીવાડું,' તે કંઈક અંશે ગ્રહણ કરવા યોગ્ય છે. ત્રીજું 'મારા જીવનના ભોગે પણ જીવાડું.' આ ત્રણમાં આપણે કયા પગથિયે છીએ ? બીજામાં અમુક અંશે, પહેલાંમાં પૂર્ણ અંશે, ત્રીજામાં અલ્પ પ્રમાણમાં. જ્યાં સુધી આપણા ભોગની વાત ન આવે, ત્યાં સુધી. વૈદ્યરાજે કહ્યું, 'ખારું–ખાટું, તેલ–મરચું ન ખાશો.'

ઘેર રસોઈ બનાવી હોય ભજિયાં, ગોટા વિ. જોઈ જીવ ઝાલ્યો રહે નહિ, સ્વાદ થઈ જાય, બે–ચાર મોઢામાં મૂકી દઈએ. પછી સાંજે રોગનો હુમલો થાય. સવારે વૈદ્ય પૂછે 'કેમ કંઈ ખાધું હશે ?'

'ના, ના, તમે કહ્યું હતું તેમ જ.'

'પણ આ હુમલો થયો તે કાંઈ ખાધા વગર ?'

'એ તો સહેજ....જરા....'

ત્યાં જ ત્યારે વાંધો છે ને ! રોગમાં વૃદ્ધિ કરનારૂં તત્વ એ સહેજ....હોય છે. એક જ ભજિયું રોગનું કારણ છે. આમ હું જીવું અને હું જ સલામત. 'હું જીવાડું' એ ભાવ પણ તો પોતે સલામત રહી શકતો હોય ત્યાં સુધી જ હોય છે.

'હું જીવું' આ ભાવના જ્યાં સુધી જેનામાં હશે ત્યાં સુધી તે શાંતિ સ્થાપી શકવાનો નથી. 'જીવનના ભોગે જીવાડું' એ ભાવ હોય તે જ જગતનો સ્વામી બનશે. બીજાની તાકાત નથી. આઠ પેઢીનું નામ ભૂલાયું તેમ આપણે પણ ભૂલાઈ જઈશું. 'મારા ભોગે પણ સામાને જીવાડું' એમ માનનારનું નામ કદાપિ ન ભૂલાય.

'હું જીવું' એ પગથિયું અંતરમાં રમે તેવી ભાવનાવાળો ભયંકર પરિણામ સર્જે છે. 'હું જીવું' એટલે બીજાનાં જીવન ગૌણ અને પોતે મહાન. દ્વેષમૂલક ભાવનાને કારણે એ બીજાંને ગૌણ માને છે અને પોતે પોતાને મહાન માને જાય છે. 'હું જીવું' એ ભાવના કેટલે હદ સુધી ભયંકર પરિણામ લાવે છે તે જણાવવા માટે એક દૃષ્ટાંત લઈએ.

એક ગામ હતું. બે ભાઈઓ રહે. મોટોભાઈ શ્રીમંત. નાનો ગરીબ. શ્રીમંત પોતાની શ્રીમંતાઈમાં અંધ.

નાનાની ભાંગી-તૂટી નોકરી પણ છૂટી જતાં પરેશાની. ખાવા સાધન નહિ. ત્રણ દિવસ વીત્યા. પાંચ છોકરાંનું પાલન કરવું. ચાર દિવસથી નોકરી શોધે છે, નોકરી મળતી નથી. બન્ને ભાઈમાં અણબનાવ ચાલે, મોટો માને છે 'હું જીવું.' માનવી માનવી પ્રત્યે બેદરકાર બને ત્યારે પરિણામ ભયંકર આવે છે. ચોથા દિવસે આ નાનો ભાઈ નોકરી શોધવા ગયો છે. ઘેર પાંચ બાળકો ત્રણ દિવસનાં ભૂખ્યાં કલ્પાંત કરે છે. સ્ત્રી પોતાના જેઠના ઘેર ગઈ. જેઠ ઘેર ન હતા. આ બન્ને ભાઈની માતા જીવતી હતી તે ઘરમાં હતી. આ દુઃખી અને ભૂખી વહુ રડતાં રડતાં બોલી: 'સાસુજી! અમે બન્ને ભૂખ્યાં છીએ તેનો અમને અફસોસ નથી, પણ આ બાળકો ત્રણ દિવસથી ભૂખ્યાં ટળવળે છે, શેર લોટ આપો.' માનું હૈયું કાબૂમાં ન રહ્યું. શેર લોટ આપ્યો. જેઠાણી આ જોઈ ગઈ. ઘેર જઈ આ નાના ભાઈની વહુ બાળકોને બેસાડી રોટલી ઉતરે તેમ ખવરાવે છે.

મોટોભાઈ જ્યારે ઘેર આવ્યો ત્યારે તેની વહુએ ઉંધું-ચતું ભેરવ્યું. "તમારી માએ પેલીને પાંચ શેર લોટ આપી દીધો. રોજ ખાનગીમાં બધું આપી દે છે." આમ વાત વધારીને કહ્યું. મોટાભાઈને ઝનૂન ચઢ્યું. 'હું જીવું બીજા નહિ.' એ ભાવ એના મનમાં. ભાઈ કહેવાથી કંઈ ભાઈ થતો નથી. આ સ્વાર્થાંધ ભાઈ તરત નાનાભાઈના ઘેર દોડયો. જઈને કહેવા લાગ્યો: "હરામજાદાઓ! મારું કેમ ખાઓ છો?" કહીને લોટનો પીંડો અને રોટલીઓ

બધું લઈને બહાર કૂતરાંને નાખી દીધું. છોકરાં આ પ્રત્યક્ષ બનાવથી કકળી ઉઠ્યાં. કલ્પાંત કરવા લાગ્યાં. ચાર દિવસનાં ભૂખ્યાં, તેમાં વળી શેર લોટ મળ્યો, તેને પણ કાળ જેવો કાકો ઝૂંટવી ગયો ! છોકરાં પછાડીઓ ખાવા લાગ્યાં. બાપ ઘેર નથી. કેવી પરિસ્થિતિ : માતાને આઘાત લાગ્યો તેને પોતાની લાચારીનું ભાન થતાં જીવન જીવવું અકારું લાગ્યું.

રડતાં છોકરાંને મિઠાઈ અપાવવાનું કહી સાથે લીધાં. એક ગલી આવી ત્યાં બધાં છોકરાંને ઊભાં રાખી મિઠાઈ લેવા જાય છે તેવું કહી આગળ ચાલી માર્ગમાં આવતા કૂવામાં તેણે પડતું મૂક્યું. ઘણી વારે માતા ન આવી ત્યારે મોટો છોકરો તપાસ કરવા ગયો, સામે કૂવો દેખાયો. અંદર નજર કરી માતાનું શબ દેખાયું. તેણે પણ અંદર ભૂસકો માર્યો. પછી બાકીનાં ચાર બાળકો એ જ રીતે કૂવામાં કૂદી પડ્યાં. આવી કરુણ અવસ્થામાં છયે નાશ પામ્યાં. નાનો ભાઈ જ્યારે ઘેર આવ્યો તો બધું વેર–વિખેર પડેલું. પડોશીને પૂછ્યું પણ કંઈ સમાચાર ન મળ્યા. તપાસ કરી કૂવા પાસે આવ્યો. અંદર નજર કરી છ મડદાં તરતાં દેખાયાં. એક–બે મિનિટ વિચાર કર્યો. તેને પણ આ દુનિયા ઉપર નફરત જન્મી અને છ પાછળ પોતે સાતમો પણ કૂદી પડ્યો !

જ્યારે મોટાભાઈને આ સમાચાર મળ્યા ત્યારે તે સ્વાર્થાંધને થોડું ભાન થયું. કેવી ભાવના ? 'હું જીવું'ની એ ભાવનામાં મહાલતો જીવ બીજાને પોતાનાથી ગૌણ માને તે કેટલું ભયંકર પરિણામ લાવે છે ? પછી વહાવેલાં


આંસુ શા કામનાં? હિંસા બની ગયા પછી કાંઈ જ કામ નથી લાગતું.

પશુથી માણસ અલગ ક્યારે? ધોતી, ટોપી, ઝભ્ભો પહેરે તો? તેથી તો લાજ ઢંકાય. અંતર ઢાંકવા માટે જીવ–જીવ પ્રત્યેનો પ્રેમ કેળવવો પડે. કપડાં તો બહારના અવયવો સુશોભિત બનાવે, જ્યારે અંતર શોભાવવા માટે આ ભાવના જોઈએ કે, "કોઈ પણ ભોગે બીજાંને જીવાડું." 'હું જીવું' તે તો જગત માત્રના જીવો ઇચ્છે જ છે. વિશેષ શું? કોઈ પણ ભોગે બીજાંને જીવાડવાની ભાવના રહેલી છે.

જેથી કરીને પહેલા પગથિયે માનવ અને પશુમાં કાંઈ ફરક રહેતો નથી. બીજું પગથિયું સામાન્ય માનવની કોટિમાં આવે છે અને ત્રીજું પગથિયું 'કોઈ પણ ભોગે જીવાડું' એ ભાવના માનવને મહામાનવ બનાવે છે. આપણે માનવ તો છીએ જ. આ માનવમાંથી મહામાનવ બનવા માટે યથાશક્તિ પ્રયત્નો આ દિશામાં વાળો. તન, મન અને ધનથી, મન, વચન અને કર્મથી આ ભાવના ગ્રહણ કરીશું તો જ. અહિંસાની આપણી બધી વાતો સાર્થક ગણાય. અહિંસા એટલે પ્રેમ; અહિંસા એટલે 'કોઈ પણ ભોગે જીવાડું' એ ત્રીજી કોટિની ઉત્તમ ભાવના. આ ભાવનાને જીવનમાં ઉતારી કલ્યાણના ભાગી બનીએ એ જ.

શુભેચ્છા.

★



# સૂરીશ્વર અને સમ્રાટ

[૪]

**विना गुरुभ्यो गुणनीरधिभ्यो धर्मं न जानाति विचक्षणोऽपि ।**
**आकर्णदीर्घोज्ज्वललोचनोऽसौ दीपं विना पश्यति नान्धकारे ॥**

(સમ્રાટ અકબર પ્રતિબોધક પૂજ્ય શ્રીવિજયહીરસૂરીશ્વરજીના નિર્વાણ દિને આ વ્યાખ્યાન અપાયું હતું. તેમના જીવનમાં વણાઈ ચૂકેલી અમૂલ્ય વાતો, તેમના જીવન સાથે સંકળાએલી મહત્વની બીનાઓ હૈયામાં ઉતારવા આપણે સૌ પ્રયત્ન કરી રહ્યા છીએ. એવા એક નમ્ર પ્રયત્નરૂપે આ પ્રવચન રજૂ થયું હતું.)

**ગુણાનુવાદ શા માટે :—**

જીવનમાં રહેલી મહત્તાના ગુણગાન ગાવા માટે આપણે પ્રયાસ કરીએ તે પહેલાં એમના જીવનમાં કઈ મહત્તા હતી તે વિચારીએ. એમના જીવનમાં એવું તે શું હતું કે આપણે સૌ એમને યાદ કરી રહ્યા છીએ? એમના ગુણાનુવાદ શા માટે? એક વાત સ્પષ્ટ છે કે, જીવનમાં થોડુંઘણું પણ મહત્વ ન હોય તો તે જીવન શા કામનું?

આમ તો જીવન જીવનારા ઘણાય મળી આવશે. શું હર-પળે આપણે તેવાઓને યાદ કરીએ છીએ ?

કવિઓ જણાવે છે કે; લોકોની ગણતરીમાં ગુણવાન તરીકે જેના નામ તરફ આંગળી ચીંધાતી નથી તેવા પુત્રને માતા જન્મ આપે કે ન આપે તે બન્ને સરખું જ છે. જેની કુખે મહાપુરુષોનો જન્મ થાય છે. એ માતા ભાગ્યશાળી છે જગતના જીવો જેનું નામ લેતાં લેતાં પોતાની જિંદગી વીતાવે તેની જ માતા ખરેખર નસીબવંતી છે. જો કે નશ્વર દેહનો ત્યાગ કરીને તો સૌને જવું પડે છે, પણ તેમના ગયા પછીથી તેમનાં કાર્યો તેમની યાદ હર પળે દરેકના સ્મરણ પટ ઉપર લાવે છે.

**સર્વોપરી ઉપકારક**

જેમનાં કાર્યો તરફ જગત નજર કરે છે તે મુજબ શ્રીવિજયહીરસૂરીશ્વરજીના જીવન તરફ આપણે નજર કરીએ તે પહેલાં એક વસ્તુ સમજી લેવાની છે કે, દેવ, ગુરુ અને ધર્મ—આ ત્રણેય સિવાય બધું જ નકામું છે. આ ત્રણથી વધીને જગતના જીવોને માટે કોઈ ઉપકારી નથી. દેહ માટે રૂપ, શરીર માટે શણગાર અને વ્યવહાર માટે પૈસાને જગત ઉપકારી ગણી રહ્યું છે. પણ દેવ, ગુરુ અને ધર્મનો વાસ્તવિક ઉપકાર તો સર્વોપરી છે. તે માત્ર કહેવાથી નહિ, પણ જીવનમાં તેના સ્વાનુભવે જ સૌ કોઈને દેખાય છે.

**ગુરુતત્ત્વ :**

દેવતત્ત્વ અનોખું છે જેમનામાંથી રાગ—દ્વેષ મટી ગયા

છે એવા એ નિર્મળ તત્ત્વની ચર્ચામાં ઉતરવાનો આજનો વિષય નથી, પરંતુ આજે તો દેવ અને ધર્મની સ્મૃતિને તાજી કરાવનાર ગુરુતત્ત્વની વિચારણા કરવાનો દિવસ છે.

ગુરુ બનતાં પહેલાં ગુરુ બનનારનું જીવન કેવું હોવું જોઈએ તે જાણીએ. 'ગુ' એટલે અંધારું અને 'રુ' એટલે નાશ કરનાર; અંધારાનો નાશ કરે તે ગુરુ. જ્ઞાનીઓએ જણાવ્યું છે કે,

**'विना गुरुभ्यो गुणनीरधिभ्यो धर्मं न जानाति विचक्षणोऽपि।'**

હોંશિયારમાં હોંશિયાર—વિચક્ષણ પુરૂષ પણ ધર્મની ગૂઢતા ગુરુ વિના સમજી શકતો નથી.

**आकर्णदीर्घोज्ज्वललोचनोऽपि दीपं विना पश्यति नान्धकारे ॥**

ચોતરફ ગાઢ અંધકાર છવાએલો હોય તો એ ઘનઘોર અંધકારમાં લીંબુના ફાડ જેવી આંખો હોય તો પણ કોઈની સહાય વિના સામે પડેલ પદાર્થને ઓળખી શકાશે ? તેનો જવાબ છે 'ના.' તેને સહાય જોઈશે દીપકના પ્રકાશની. આંખો તો જોવામાં નિમિત્તભૂત છે. તેને સહાયક તરીકે દીવાની જરૂર છે, તેમ જગતના જીવ ભલે પોતે વિચક્ષણ હોય છતાં અંધકારનો નાશ કરી શકે એવા પ્રકારના ગુરુની જરૂર તો પડે જ છે. જેણે જગતમાં ઉપકારી તત્ત્વ તરીકે રહી જીવનમાં જગતના જીવોના કલ્યાણની ભાવનાને મુખ્ય સ્થાન આપ્યું હોય તે ગુરુ બની શકે. જગતના જીવોના કલ્યાણની સામે પોતાના તમામ સુખોનો ભોગ આપ્યો હોય છે તે જ સાચો ગુરુ.

જેણે આવો ભોગ ન આપ્યો હોય અને સુખ–સગવડોનો ત્યાગ કરીને સાચા જ્ઞાનની પ્રાપ્તિ ન કરી હોય તે ગુરુ બનવા લાયક નથી.

**મહાપુરુષનો જન્મ—**

શ્રીહીરસૂરીશ્વરજીના જીવનમાં ઊંડા ઉતરીને આપણે શું પ્રાપ્ત કરવાનું છે? તેમના જીવનમાં વ્યાપેલા સદ્‌ગુણોમાંનો એકાદ આપણને મળી જાય તો આપણું જીવન ઉજ્જવળ બની જાય. લોઢાને પારસનો સહેજ સ્પર્શ થાય તો પણ સોનું જરૂરથી બની જ જાય. તે મુજબ મહાપુરુષના ગુણાનુવાદ કરતાં કરતાં એકાદ ગુણ જીવનમાં ઉતારવા સૌ પ્રયત્ન કરે તો જ તેમના ગુણાનુવાદની સફળતા છે.

આવો હવે એ મહાપુરુષના જીવનમાં ડોકિયું કરીએ.

૧૫૮૩ નું પાલણપુર શહેરનું વર્ણન કવિઓએ કર્યું છે. ત્યાં પલ્લવીઆ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર હતું. જેમાં રહેલ પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમાના પ્રભાવે કરીને પ્રહ્‌લાદ રાજાને કોઢ રોગ મટી ગયો હતો. એવા એ મંદિરમાં ભાવિકોની ભીડ એટલી બધી થતી કે, કેટલાય થેલા ચોખા પણ રોજે રોજ ભાવિકો ભેટ કરતા 'હીરસૌભાગ્ય'ના કાવ્યમાં પ્રહ્‌લાદપુરની જાહોજલાલી ઘણી સુંદર રીતે વર્ણવેલી છે. મંદિરની અંદર ભાવિકોનું આગમનથી આવતા ચોખાના માપ ઉપરથી જ તે વખતના જૈનોની ભવ્ય પ્રભાવકતાનો આપણને આછો આછો ખ્યાલ આવે છે.

આ મહાપુરુષનો જન્મ ૧૫૮૩ ની સાલમાં માગશર સુદ ૯ ના દિવસે એવા વિખ્યાત પ્રહ્લાદપુર (પાલણપુર) શહેરમાં ઉચ્ચ ખાનદાન કુટુંબના કુરાશાહ નામક ઝવેરીને ત્યાં થયો હતો. માતા નાથીબાઈ ભાગ્યશાળી અને સુસંસ્કારી આદર્શ માતા હતાં.

પહેલાં પોતાની જનેતાની કુખને તેમણે ઉજાળી. કુદરતનો સંયોગ પણ કેવો ? રત્ન ઝવેરીને ત્યાં જ હોય. ભાવીમાં જીનેશ્વરના શાસનનું મહામૂલું રત્ન બનનાર આપણા હીરસૂરીજી મહારાજનો જન્મ પણ આવા જ એક ઝવેરીને ત્યાં થયો.

પુણ્યશાળી આત્માઓ શુભ ગતિમાં રહ્યા રહ્યા પોતાને અનુરૂપ જન્મસ્થાનની તપાસ રાખે છે. દેવગતિમાં હોય ત્યારે એ એમની પાસેના જ્ઞાન દ્વારા પોતાની પૂર્વ ભૂમિની જગ્યા નક્કી કરી જ નાખે છે. જે ભીંત ડાઘાવાળી હોય તે ભીંત ઉપર સુશોભિત ચિત્ર તૈયાર થતાં જ નથી, તેવી રીતે જેની માતાની કુખ સંસ્કારશીલ ન હોય તો તેમાં અવતરનાર પણ સંસ્કારી હોય નહિ–'કૂવામાં હોય તો હવાડામાં આવે' એ ન્યાયે. માતાના સંસ્કારનાં બીજ એમનામાં રોપાયાં.

## બાળપણ

માતામાં જ જ્યાં સુસંસ્કારો ન હોય તો બાળકમાં શુભ સંસ્કારો જાગે ક્યાંથી ? ફૂલના છોડમાં સુવાસ ન હોય તો ફૂલમાં તે સુવાસની મહેંક ક્યાંથી આવે ? શીલની

અણિશુદ્ધ સુગંધ અને સુસંસ્કારોની છાયામાં, માતા નાથીબાઈના ખોળાને શોભાવી રહેલ બાળક ત્રણ બહેન અને ચાર ભાઈની વચમાં વિશિષ્ઠ સ્થાન ભોગવતો હતો.

**અધૂરી સાધના**

સૂર્ય ઊગે તો કઈ દિશામાં? આડો અવળો ઊગે? પૂર્વ દિશામાં જ ઊગેને! એવા એ ઝળહળતા સૂર્યને ઊગવાની નિશ્ચિત દિશા પૂર્વ છે તેમ મહાપુરુષોને જન્મ લેવાનું સ્થાન પણ એવું જ નિશ્ચિત હોય છે.

પૂર્વજન્મની અધૂરી સાધના પૂર્ણ કરવા માટે પુણ્યશાળીઓ જન્મ લે છે—પોતાના યોગની સાધના પૂરી કરવા અને જગતનું કલ્યાણ કરવા.

આ રીતે બાળ અવસ્થામાં હીરનો ઉછેર થઈ રહ્યો છે. બીજાં બાળકોની માફક ગંદા વાતાવરણમાં નહિ. બધાં બાળકો સરખાં હોય છે એવું નથી. એવું માનવાની રખે કોઈ ભુલ કરે. આગિયાના અને અગ્નિના તેજમાં ફરક છે. સૂર્ય અને ચંદ્રના તેજમાં પણ ફરક છે. મણિ, માણેક, મોતી વગેરે જુદી જુદી વસ્તુઓ છે; જ્યારે કાચના ટુકડા અલગ ચીજ છે. શું આગિયાના તેજ સાથે સૂર્યના તેજની સરખામણી કરી શકાશે? એ જ રીતે આ બાળક બીજા બાળકની સરખામણીમાં મૂકી શકાય ખરો? 'પુત્રના લક્ષણ પારણા'માં એવી કહેવત છે ને! એ મુજબ તેમના સુસંસ્કાર બાળપણથી જ જણાઈ આવતા હતા.

વિનય એ જીવનમાં મહત્ત્વનો ગુણ છે, જીવનમાં

બધું હોય પણ માત્ર વિનય ન હોય તો ? સર્વધર્મનું મૂળ—સર્વધર્મની લાયકાત વિનયમાં જ છે.

હજારો રૂપિયા લાવ્યા હોય અને તિજોરી ન હોય તો ? નોટોનાં બંડલ ખિસ્સામાં ભરો અને તે ખિસ્સું ફાટેલું હોય તો ? જીવનમાં બધું જ હોય પણ વિનય ન હોય તો શું થાય ? ગુણરૂપી નોટો હોય અને વિનયનું ખિસ્સું ન હોય તો એ ગુણરૂપી નોટોની સલામતી ખરી ? હીરજી પોતાની બાલ્યાવસ્થામાં બધાંની સાથે વિનયપૂર્વક વર્તે છે તે તો પોતાના અધૂરા અભ્યાસને પૂર્ણ કરવા આવ્યા છે. બધું જ તૈયાર હોય જરૂર કેટલી ? માત્ર દીવાસળી અડે તેટલી તેમ સાત વરસના હીરજીએ ભણવાની શરૂઆત કરતાં જ અંતરમાં અજવાળું થઈ રહ્યું.

પૂર્વનો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને તે તરફની તીવ્ર રુચિ હોય એટલે જ્ઞાનની પ્રાપ્તિ થાય તે સ્વાભાવિક છે. આમ કરતાં કરતાં પોતાની તેર વર્ષની ઉંમરે માતાપિતાનો વિયોગ થયો. આ શું ? સખ્ત આંચકો લાગ્યો. 'આ સંસારમાં જન્મજરા અને મરણની પરંપરા ચાલુ જ રહેવાની ? શું તેનો કોઈ ઉપાય જ નહિ ?' તેમના મનમાં આ વિયોગે આવા વિચાર જન્માવ્યા.

**વૈરાગ્યભાવના—**

હાલમાં આપણે કેટલાં મરણ જોઈએ છીએ પણ મનમાં કશો ફેરફાર થતો નથી ? જ્યારે મહાપુરુષોને નાનામાં નાનો પ્રસંગ પણ અસર કરી જાય છે. જેમ અગ્નિ ઉપર

રાખ વળી જાય અને પછી ફૂંક મારવામાં આવે તો અગ્નિ જ્વલંત બને. ફરીથી સળગાવવાની જરૂર ન રહે એ રીતે વૈરાગ્યના અગ્નિ ઉપર વળેલી રાખને માતા-પિતાના સ્વર્ગ-વાસના પ્રસંગે ફૂંક મારી. અગ્નિ પ્રદીપ્ત થઈ ગયો. પોતે અચાનક પાટણ આવી ચડ્યા. તે વખતે જૈન શાસનના શણગાર પ્રભુ મહાવીરની પાટને અજવાળનાર આચાર્યશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજનો સંપર્ક થયો. આ કારણે વૈરાગ્યની ભાવના જ્વલંત બની.

આપણે એમ વિચારીએ કે બાળકમાં આ ભાવના ક્યાંથી આવી? જવાબ એક જ છે કે, બાળકમાં આ ભાવના કેમ ન આવે? દસ વર્ષના બાળકમાં ચોરી કર-વાની ભાવના જાગે, અસભ્ય ભાષા બોલવાની ભાવના જાગે, તો શું વૈરાગ્યની ભાવના ન જાગે? જરૂર જાગે. આ બાળક પવિત્ર વાતાવરણમાં ઉછર્યો એટલે તે વૈરાગ્યનો માર્ગ શીખ્યો.

વાર-તહેવારે આવતા મહેમાન-બાળકોને પૈસા આપે છે. ત્યારે બાળક કહે છે કે, 'આ પૈસા તો મારા' કહો એ ભાવના ક્યાંથી આવી? આ જુદાપણાની વાણી બાળક ક્યાંથી શીખ્યો? વાતાવરણમાંથી. જ્યાં વાતાવરણ જ સ્વચ્છ ન હોય તો ત્યાગ વૈરાગ્યના સંસ્કાર ક્યાંથી આવે? પણ હીરને તો બાળપણથી જ એવા સંસ્કાર મળેલા. તેમાં વળી પૂર્વજન્મની અધૂરી સાધના. બન્નેનો સંયોગ મળે પછી પૂછવું જ શું?

કેટલાય બાળક રજોહરણને જુએ ને ભાગે છે. પૂર્વ-જન્મની રુચિ જ ન હોય ત્યારે એમ જ થાય. કેટલાકને અમારા પાત્રમાં એકદમ આહાર આપી દેવાની તાલાવેલી જાગે છે. આ શું સૂચવે છે? પૂર્વજન્મની વૈરાગ્ય માર્ગની તેમની રુચિ. પૂર્વજન્મની રુચિનો આવો અભ્યાસ ન હોય તો? તો આવી ભાવના જાગે જ નહિ. બાળકોમાં આ રુચિ અમુક અંશે તો પડેલી હોય જ છે. તે રુચિને વધારનાર સંસ્કારો તેના માતા–પિતા તરફથી મળતા નથી; પરિણામે બાળક પૂર્ણ વૈરાગી બનતો નથી.

કારણ કે આ વૈરાગ્યમાર્ગની વાતો ઠસવી મુશ્કેલ બને છે. પણ ભોગની નબળી વાતો હૈયામાં જલદી ઠસી જાય છે. જેમ બગીચાના પુષ્પોની મધુર સુવાસ ફેલાતાં વાર લાગે, જ્યારે ગટરની દુર્ગંધ તાત્કાલિક ફેલાઈ જાય તેવી જ રીતે, શુભ રુચિ પેદા થતાં વાર લાગે છે પણ જો તે શુભ રુચિનો પ્રયત્ન કરવામાં આવે અથવા તેને એ જાતની પ્રેરણા આપવામાં આવે તો બાળકના હૈયામાં જરૂર સુસં-સ્કારોની રુચિ જાગ્યા સિવાય રહે નહિ. એકવાર જાગ્યા પછી આવેલી સુરુચિ ચિરકાળપર્યંત હૈયામાંથી ખસે નહિ.

પિતા કુરાશાહ અને માતા નાથીબાઈના સુસંસ્કારો અને ત્યાગી ગુરુનો સંપર્ક પછી શું બાકી રહે?

પાસા પાડ્યા વિનાનો હીરો હોય ને પાસા પાડનાર કારીગર મળે તો તેનો દેખાવ, તેની કિંમત કેટલી વધે? એવી રીતે શ્રીવિજયદાનસૂરીશ્વરજી ગુરુના મિલાપે હીરજીના

હૈયાની અંદર ત્યાગ વૈરાગ્યની અખંડ જ્યોત જગાવી દીધી. ગુરુના સંપર્કથી તમો દૂર ભાગતા હો તો જાણજો કે, ગુરુના સંપર્ક વિના કશી સિદ્ધિ નથી. દેવ અને ધર્મ માત્ર ગુરુ બતાવી શકે, દેવની પાસે દર્શન કરનારાઓ ઘણા જાય છે, કારણ કે દેવાધિદેવ વિતરાગી છે અને મૌની છે. આપણા જીવનની ભૂલો પ્રત્યક્ષ બતાવતા નથી, જ્યારે ગુરુ તો પ્રત્યક્ષ રીતે તરત જ ભૂલોનું ભાન કરાવે છે.

આપણા જેવાઓને આ 'ભાન કરાવે તે' વસ્તુ પાલવતી નથી. આપણી કંઈ ભૂલ હોય, આપણે તો ડાહ્યા. પણ ધ્યાન રાખજો કે ડાહ્યાને પણ ગુરુની જરૂર તો રહે જ છે. અંધારામાં રહેલા પદાર્થને જોવા માટે દીવાની જરૂર છે તેમ.

"ગુરુ ગોવિંદ દોનો ખડે કીસકું લાગું પાય ?
બલિહારી ગુરુ દેવકી ગોવિંદ દીઓ બતાય."

દેવાધિદેવની મહત્તા કોઈ અનોખી ચીજ છે. સાથે સાથે ગુરુનું સ્થાન પણ આપણા જીવનમાં ઘણું મહત્ત્વનું છે કારણ કે, દેવ અને ધર્મનું સ્વરૂપ શબ્દોમાં વ્યક્ત કરવાની તાકાત માત્ર ગુરુમાં જ છે.

તેરમા વરસે ગુરુ મળ્યા. વૈરાગ્યની ભાવનાને સાકાર બનાવવા માટે સંબંધીઓની અનુમતિ લેવા અર્થે પ્રયત્નો કર્યા પ્રેમઘેલાં કુટુંબીઓ સહેજે અનુમતિ આપી દે ? તેમાંય લાડકવાયા હીરજીને તો દૂર કરવાનું કોને પાલવે ?

સંસારમાં વસતા કુટુંબીઓમાં અન્યોન્ય સ્નેહ ભરેલો

હોવાથી હીરજી સંયમ સ્વીકારે તે ભાઈ–બહેન વગેરેને ગળે ઊતરે તેવી વાત ન હતી. તેથી હીરજીને આજ્ઞા આપવા માટે તૈયાર નહોતા.

પણ જેના હૈયામાં ત્યાગ વૈરાગ્યની છોળો ઉછળતી હોય, આ સંસાર જેને ઝેરરૂપે ભાસ્યો હોય અને જીવન ઉજ્જવળ બનાવવાને માટેના મનોરથોમાં મન તલસી રહ્યું હોય તેને કુટુંબીઓનો સ્નેહ પીગળાવી શકતો નથી—અટકાવી શકતો નથી. કાચાપોચા વિચારો હોય અર્થાત્ કે માટીની ભીંત હોય તો પાણીનો પ્રવાહ તેને તોડી શકે છે. પણ સિમેન્ટ–કોન્ક્રીટની ભીંતને તોડવાની તાકાત પાણીમાં હોતી નથી. તે મુજબ હીરજીના હૈયામાં ખડી થએલી ત્યાગ–વૈરાગ્યની સીમેન્ટ કોન્ક્રીટ જેવી દીવાલને તોડવાની સ્નેહીઓના સ્નેહ જળમાં તાકાત નહોતી.

રાજા બનેલો મેઘકુમાર પોતાના પિતા શ્રેણિકને આજ્ઞા આપે છે કે, તિજોરીમાંથી લાખ રૂપિયા લઇને રજોહરણ લાવી આપો. રજોહરણ એટલે અંતરમાં વહેતી કર્મની ધૂળને દૂર કરવાનું અપૂર્વ સાધન. આ આજ્ઞાથી માતા–પિતા સમજ્યાં કે કોઈ સંજોગોમાં આપણો મેઘ હવે સંસારમાં ટકે તેમ નથી. મેઘકુમાર જેવું જ હીરજીનું પણ બન્યું.

જે કુંભકર્ણની નિદ્રામાં પડેલો હોય તેના કર્ણપટ આગળ તોતિંગ નગારાં વગાડો તો પણ તેન જાગે.

પરંતુ જે નિદ્રામાંથી જાગ્રત બની ચૂકયા છે તેને પુનઃ નિદ્રાધીન બનાવવાની સંસારના કોઈ પણ પદાર્થમાં તાકાત નથી હોતી. આપણને સૌને મોહની ઘેરી નિદ્રામાંથી જગાડવા માટે જ્ઞાનીઓ પ્રબળ પુરુષાર્થ કરે છે. હીરજી મોહથી બિલકુલ વિખૂટા પડી ગયા હતા એમ નહિ પણ તેમનામાં મોહ બહુ અલ્પ માત્રામાં હતો. જેમ શ્વાન નિદ્રામાંથી સહેજ અવાજ થાય તો પણ જાગી જાય તેવી રીતે એક જ વખતના ગુરુના સંપર્કમાં હીરજીના હૈયાની અંદરથી સ્નેહીઓ પ્રતિનો મોહ ઓસરી ગયો. જાગ્રત થયા પછી કોઈની તાકાત નથી કે તેને અટકાવે.

બંધનની દીવાલથી રુંધાએલું પાણી કયાં સુધી અટકાએલું રહે ? જ્યાં સુધી દીવાલમાં કાણું ન પડયું હોય ત્યાં સુધી. હીરજીના હૈયામાં ઉછળતો વૈરાગ્ય જ્યાં સુધી ગુરુની વાણીએ અંતરને વીંધ્યું ન હતું ત્યાં સુધી અટકાયતમાં હતો. સંવેગના રંગથી ઝરતી વિમળ વિતરાગની વાણીના પ્રભાવે મન જાગ્રત થયું. સ્નેહીજનો, ભાઈ–બહેનો વિ. હીરજીની સમક્ષ વિયોગના દુઃખથી દુઃખિત થઈને આંસુ સારે, પાલવ પાથરે, વિનંતિઓ કરે તો પણ વૈરાગ્યના માર્ગથી હીરજી હઠે ?

જ્ઞાનીઓ કહે છે, '**एकोऽहं नास्ति मे कश्चित्**—હું એકલો છું, મારું કોઈ નથી' આવી સાચી સમજ પ્રાપ્ત કરનાર કુટુંબથી વિખૂટો પડવા છતાં કોઈ કાળે દીનતા અનુ-

આવતો નથી; નિશદિન પોતાના સાધ્યની આરાધનામાં જ ગુંથાએલો રહે છે.

## દીક્ષાસ્વીકાર

આ રીતે કુટુંબીજનોની મહાપ્રયત્ને અનુમતિ મેળવીને હીરજીએ સંવત ૧૫૯૬ માં શ્રીમંત જૈનોની જાહોજલાલીથી ભરપૂર એવા પાટણ શહેરમાં આચાર્ય-વિજય શ્રી દાનસૂરીશ્વરજીના વરદ્ હસ્તે દીક્ષા સ્વીકારી. હીરજીમાંથી મુનિ હીરહર્ષ તરીકે જાહેર થયા.

હીરજીને ત્યાગી બનવાનું કારણ શું ? જેના હૈયામાં ત્યાગ-વૈરાગ્યના રંગો ન હોય તે જગતના જીવોને કલ્યાણનો માર્ગ બતાવી શકતો જ નથી. ત્યાગી કઈ રીતે બનવાનું ? સંસારથી વિરક્ત કેવી રીતે થવાનું ? સાપ કાંચળી ઉતારીને ફેંકી દે છે તે મુજબ વૈરાગ્યના નાદથી પ્રાપ્ત થતા ભોગોનો ત્યાગ કરનાર મહાપુરુષ જગતના જીવોને કલ્યાણનો પંથ બતાવી શકે છે. આપણા હીરહર્ષ જગતના જીવોને કલ્યાણનો માર્ગ ઉપદેશવા ત્યાગના સાગરમાં પોતાના આત્માને ડૂબકી મરાવી રહ્યા છે.

કોઈને હૈયામાં પ્રશ્ન થશે કે, ભોગને અનુભવ્યા સિવાય તે ભૂંડો છે એમ કેમ મનાય ? અરે ભલા ! વિચાર તો કરો જે ભોગોની ખાઈમાં ડૂબેલા જીવો જિંદગીની કોઈ પણ પળે શાંતિનો શ્વાસ અનુભવી શકતા નથી.

નજર સમક્ષ આ દેખાય છે. છતાં હજુ અનુભવ લેવાનું મન છે? ઝેર પીવાથી મૃત્યુ આવે છે, પણ એનો અનુભવ કોઈ લે છે? તેનાથી બધા દૂર ભાગે છે! તમે સ્વયં અનુભવ્યું કે બીજાને મૃત્યુ આવે છે તે જોઈને જ બધા ડરે છે. કોઈ અનુભવ કરવા જાય છે? જઈને કોઈ પાછું આવ્યું છે? આમ ભોગો પણ જીવનનો વિનાશ કરવાનું કામ કાતિલ ઝેર કરતાંય વધારે કાતિલ રીતે કરે છે આનો સ્વાનુભવ કરવાનો ન હોય. બીજાઓ હેરાન થઈ રહ્યા છે તે જોઈને જ આપણે નિવૃત્ત થવું જોઈએ.

આ રીતે સાપની કાંચળીની માફક ભોગોનો ત્યાગ કરી હીરહર્ષ મુનિ પ્રભુ મહાવીરના સૈન્યના સૈનિક બન્યા. સૈનિકના માથે બીજી કાંઈ વધારાની જવાબદારી નહિ; માત્ર એક જ વાત કે અખંડ નિષ્ઠાપૂર્વક સરહદનું રક્ષણ કરવું; પ્રજાના માણસો તે સૈનિકોના જીવનને જોઈતી સામગ્રીઓ પૂરી પાડવાની જવાબદારી રાખે.

શ્રાવક અને શ્રાવકાઓની જવાબદારી પણ એવી જ છે. પ્રભુ મહાવીરના સૈનિકોની જવાબદારી પૂર્ણરૂપે ઉઠાવવાની અર્થાત્ તેમની ભક્તિમાં સહેજ પણ ખામી ન આવવા દેવી. એટલે તો ત્યાગપ્રધાન ધર્મમાં ગૃહસ્થાશ્રમીઓનું સ્થાન છે.

સાધુ અને સાધ્વી તે મહાવીર સ્વામીના સૈનિકો. આ સૈન્યમાં ભરતી કરવા તમારા પાસે માગણી મૂકવામાં

આવે તો આપો ખરા ને ! ભારે પડી જાય ? ખેર, આપવાની ભાવના જરૂર રાખજો. રાજ્ય તરફથી ફરજિયાત ભરતીનો હુકમ થાય ત્યારે ૧૮ વર્ષથી ઉપરના તમામ યુવાનોને અંગે તમને આ હુકમ સ્પર્શતો હોય તો મોકલો કે નહિ ? પચાસ હજારનો બંગલો હોય પણ કોઈને આપો ખરા ? અપાતો હશે ? અને રીકવીઝીશન થાય તો ? આજે પણ અમુક મકાનો આ કલમ હેઠળ લેવામાં આવે છે ને ! ભલે પછી તેની પાછળ દોડધામ કરીને તેનો થોડો ભાગ પાછો મેળવો, પણ તેનો અર્થ ખરો ?

છોકરો ઉપાશ્રયે આવતો હોય ઘેર પૂછે, ' ક્યાં ગયો હતો ? '

છોકરો કહે, ' ઉપાશ્રયે. '

તો શું સૂચના મળે ? ' જોજે, ધ્યાન રાખજે ત્યાં બહુ નહિ જવાનું. ક્યાંક ભૂરકી નાખી દેશે માથે.... ' આવી સ્થિતિ હોય અને કહેવડાવવું છે કે અમે મહાવીરની પ્રજા છીએ આનો કેમ મેળ પડશે ?

પ્રભુ મહાવીરે સ્થાપેલી અખંડ સરહદનું રક્ષણ કરનાર કોણ ? તેનું મહત્ત્વ સૌએ સમજવું જોઈએ. સરહદ કઈ ? તમારી અને મોહરાજાની વચ્ચે સરહદના સૈનિકો મોહરાજાથી તમને બચાવવાનું કામ કરે છે. એ સરહદની રક્ષા કરતાં કરતાં ખપી જાય. પણ રક્ષણમાં ખામી ન આવે. આવતી ખામીને પહોંચી વળવાનું કામ આ સૈનિકોનું છે.

પછી એમ સૈનિકો ન કહે કે અમારા બદલે તમે ભણો નહિ તો પછી તમે પ્રજા જ મટી જાઓને!

**આચાર્યપદવી**

ગુરુએ નામ હીરહર્ષ પાડ્યું. નાની ઉંમરમાં બુદ્ધિની તીવ્રતા અને અખંડ ઉપાસના—આ બંનેના કારણે થોડા સમયમાં રત્નની માફક હીરહર્ષ મુનિ જ્ઞાન-ધ્યાનમાં ખૂબ જ આગળ વધી ગયા. અર્થાત્ અલ્પ સમયમાં સ્વ-પરશાસ્ત્રનું અપૂર્વ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. શ્રીસંઘને તેમ જ ગુરુમહારાજને હીરહર્ષ મુનિની અપૂર્વ યોગ્યતા દેખાવા લાગી. ક્રમશઃ પંડિતપદ અને ઉપાધ્યાયપદ આપ્યાં, તે પછી પણ પરમેષ્ઠીના ત્રીજાપદે સ્થાપવાની બધાને અદમ્ય ઇચ્છા જાગી. તે મુજબ ૧૬૧૦ ની સાલમાં ભવ્ય સમારોહ કરી રાજસ્થાનની તે વખતની રાજધાની સમા શિરોહી શહેરમાં ધામધૂમપૂર્વક આચાર્યપદવી અપાઈ; ત્યારથી હીરહર્ષને બદલે આચાર્ય વિજયહીરસૂરીશ્વરજી તરીકે ઓળખાવા લાગ્યા.

આવું મહાન પદ પ્રાપ્ત કર્યા છતાં આચાર્યદેવશ્રી નમ્રાતિનમ્ર બની રહ્યા.

આજે તો થોડું પ્રાપ્ત થાય ત્યાં અહંભાવ આવી જાય છે, પણ ધ્યાન રાખજો કે નમ્ર બનતા નેતરને જેટલો ભય હોતો નથી તેટલો ભય ટટ્ટાર રહેનાર થાંભલાને હોય છે. તો વિચાર કરી લેજો કે થાંભલો બનવું છે કે નેતર?

**ધર્મો રક્ષતિ રક્ષિતઃ**

આ રીતે એમના જીવનમાં જ્ઞાન, ધ્યાન, તપ, વિનય હતાં. ઉપરાંત નૈષ્ઠિક બ્રહ્મચર્ય હતું. જે દિવસથી તેમણે દીક્ષા લીધી તે દિવસથી રોજ એકાસણું કરતા એટલે તેમના વચનમાં પ્રબળ તાકાત હતી.

એવો એક પ્રસંગ જોઈએ.

પ્રભુ મહાવીરના આ સેનાધિપતિની પ્રશંસા સર્વત્ર ફેલાઈ ગઈ. એવામાં ખંભાત શહેરમાં રત્નપાળ નામે ગૃહસ્થાશ્રમીના પુત્રને અસાધારણ વ્યાધિ થયો. તે કોટિ ઉપાયે પણ મટે નહિ. રત્નપાળે ગુરુ મહારાજ પાસે આવીને વિજ્ઞપ્તિ કરી કે, 'આપ તો ત્યાગી અને નિર્ગ્રંથ મહાપુરુષ છો મંત્ર–તંત્રની વાત નથી કરતો, પરંતુ આપનો માત્ર આશીર્વાદ જોઈએ છે. મારો એકનો એક પુત્ર મરણશય્યામાં પડ્યો છે, તે બેઠો થઈ જાય એવો આશીર્વાદ આપો.'

ગુરુમહારાજ કહે, 'આશીર્વાદ તો કદાચ આપું પણ એક વાત તારે સ્વીકારવી પડશે, તારો પુત્ર પથારીમાંથી ઉઠતાં જ શાસનનાં ચરણે આપવો પડશે.'

અહીં હુંપણાનો ભાવ નથી એવો નિસ્વાર્થીભાવ ભર્યો છે. સર્વકર્તા શાસન છે. તે શાસનના ચરણે બાળકને મૂકવાની તૈયારી રત્નપાળ શ્રાવકે બતાવી. શ્રાવક શ્રદ્ધાળુ હતો. તેણે વિચાર્યું: આમ યુવાનજીવન ખતમ થાય તેના

કરતાં શાસનનની સેવામાં અર્પણ થાય તો હરકત શું? એટલે તેણે ગુરુમહારાજની ઇચ્છાનો સ્વીકાર કરી લીધો.

ગુરુમહારાજે કેવળ કલ્યાણની ભાવનાથી પ્રેરાઈ શાસનની સાચી શ્રદ્ધાના બળદ્વારા અને આજીવન નૈષ્ઠિક બ્રહ્મચર્યના પ્રભાવથી કોઈપણ જાતની કીર્તિની કામના રાખ્યા સિવાય શ્રાવક પુત્રને વાસક્ષેપ નાખી રોગમુક્ત કર્યો.

બાળકના પિતા તેને સોંપવા તૈયાર થઈ ગયા છે. બાળક પણ જવા ખુશી હતો પણ તે પરિણીત હતો. તેનાં સાસુ-સસરાએ ધમાલ મચાવી મૂકી.

મોહમાં ઘેરાએલા જીવો જમને દેવા તૈયાર થાય પણ જતિને આપી શકતા નથી! પોતાનો પુત્ર ત્યાગી બને તો તે પાલવતું નથી બીજાના પ્રસંગોમાં વરઘોડો કાઢીને કદાચ સંયમ અપાવી દઈએ પણ પોતાનો પુત્ર તૈયાર થાય તો મોહ છૂટતો નથી. બીજાના પુત્રના સંયમમાં આનંદ અને અનુમતિ બતાવો છો તે ખરેખર હર્ષની વાત છે. પણ તેથી વિશેષ આનંદ તો પોતાના સંતાનને ત્યાગી બનાવવાના મનોરથો હૈયામાં પ્રગટે ત્યારે થવો જોઈએ. જેના ફળરૂપે સંતાન કદાચ ત્યાગી ન બને તો પણ ત્યાગમાર્ગનો પૂજક તો જરૂર બને.

આ સાસુ-સસરા પોતાના જમાઈને જવા દેવા તૈયાર નથી. ભલે તે પોતાનો પુત્ર ન રહ્યો પણ જમાઈ તો ખરો ને? તે જાય તો પોતાની પુત્રીનું શું થાય? તેમણે

ત્યાંના મુસલમાન સુબાને ભંભેરણી કરી. ગુરુમહારાજને કેદ કરવાનું ફરમાન કઢાવડાવ્યું, પણ જેને આ 'સંસારની કેદ' કાંઈ નથી કરી શકી તેને આ કેદનો શું હિસાબ? ધર્મના ચરણે તેમણે જીવન સમર્પી દીધું હતું? '**धर्मो रक्षति रक्षितः**' એ મુજબ અપૂર્વ તાકાતવાન ધર્મ જ્યાં રક્ષણ કરનાર હોય ત્યારે તેને ડરાવવાની કોઈની તાકાત નથી હીરસૂરીજીને આ બાબતમાં કશી જ ચિંતા નહોતી.

બાળકના પિતાએ સૂબાને સમજાવ્યો કે ગુરુ નિર્દોષ છે. અંતે પુત્રને દીક્ષા તો આપી જ દીધી.

પૂજ્યશ્રીના આશીર્વાદમાં કેટલું બળ હતું! આવું બળ હોવું તે તેમના જેવા પુરુષ માટે સ્વાભાવિક છે. એ બળ-વડે રોગીના રોગ તો મુક્ત થાય પણ દુઃખિયાનાં દુઃખ નાશ પામે, ભિખારીની ભૂખ ભાંગી જાય છે; સંતપુરુષોના આશીર્વાદથી આમ બને તે હકીકત છે.

## અકબર સાથે મિલન

પૂજ્ય આચાર્યદેવશ્રીના આવા અનેક પ્રભાવપૂર્ણ પ્રસંગોની પ્રશંસા ચોમેર ફેલાવા લાગી. તે પ્રશંસા છેક દિલ્હીના દરબારમાં પહોંચી. તે અરસામાં દિલ્હી શહેરમાં ચંપા નામની એક શ્રાવિકાએ છ માસના ઉપવાસની તપશ્ચર્યા આદરેલી. તેની પૂર્ણાહૂતિનો વરઘોડો રાજમાર્ગ ઉપરથી પસાર થતો હતો. ને બાદશાહ અકબર જોવા આવ્યો. તેણે પૂછ્યું 'આ શું છે?' તે વખતે ત્યાં હાજર

રહેલા એક શ્રાવક દરબારીએ બાદશાહને સમજાવ્યું કે, ‘ આ બહેને છ માસના રોજા કર્યા છે. ’

‘હેં....છ માસના રોજા ? શું કહો છો ?’ બાદશાહ આશ્ચર્યથી બોલી ઉઠયો. વિચારવા લાગ્યો કે અમારામાં તો દિવસના રોજા હોય અને રાતે કયારે ચાંદ ઉગે તેની કાગના ડોળે રાહ જોવાય છે, તો આ તો છ માસના રો....જા ! અકબરે પેલા દરબારીને કહ્યું, ‘ આવું ગપ્પું હું માનવા તૈયાર નથી. ’

‘ દેવગુરુ અને ધર્મની શ્રદ્ધાના બળે આ બહેન છ માસ સુધી નિરાહારી રહ્યાં છે. દિલ્હીનાં તમામ પ્રજાજનો આ વાત જાણે છે. તેમાંય અમારા ગુરુ હીરસૂરીશ્વરજી મહારાજના નામમાં એટલો પ્રભાવ છે કે તેમનું નામ લેતાં ભૂખ કે તૃષા કયાંય ભાગી જાય ! આ બહેને પણ એ જ શ્રદ્ધાથી આવા મહાન્ તપની નિર્વિઘ્ને પૂર્ણાહૂતિ કરી છે.’ આ વાત સાંભળીને બાદશાહ અકબરના હૈયાની અંદર પૂજ્ય આચાર્યદેવ પ્રતિ અપૂર્વ ભક્તિભાવ જાગ્યો. તેને લાગ્યું કે, મારે આવા સમર્થ પ્રભાવશાળીના સંપર્કમાં આવવું જ જોઈએ.

એક શ્રાવિકાની ગુરુ પ્રતિની અતૂટ શ્રદ્ધાના પરિણામે મુસલમાન બાદશાહના હૈયામાં પણ જિજ્ઞાસા જાગી, આ ઉપરથી નક્કી થાય છે કે, દેવગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા રાખનાર જ્યાં જાય ત્યાં અજવાળું ફેલાવે છે. તેને કોઈ

સંકટ નડતું નથી પણ સાચી શ્રદ્ધા હોય તો, અડગ વિશ્વાસ હોય તો !

આવા દેવગુરુ અને ધર્મ ઉપરના અડગ વિશ્વાસના પ્રભાવે ચંપા શ્રાવિકાએ અકબરના દિલમાં પ્રભુમહાવીરના શાસનના ઝગમગતા દીવડા સમાન હીરસૂરીશ્વરજી મહારાજને મળવાની પ્રબળ તાલાવેલી જગાવી. તદનુસાર અકબરે તે વખતના ગુજરાતના સૂબા ઉપર અમદાવાદ મુકામે ખરીતો મોકલ્યો. તેમાં લખ્યું હતું કે, 'તમારા ગુજરાતમાં વિચરતા અનેક કીમિયાઓથી ભરેલા જૈનોના ઓલિયા પૂજ્ય હીરસૂરીશ્વરજીને રૂબરૂ મળી તેમને દિલ્હી પધારી મને દર્શન આપવાની વિનંતિ કરો.'

આ હુકમ સાંભળતાં જ ગુજરાતનો સૂબો ગુરુમહારાજ પાસે આવ્યો. તેણે બાદશાહનો પોતાના ઉપર આવેલ સંદેશો જણાવ્યો. વધુમાં જણાવ્યું કે, 'આપ ક્યારે પ્રયાણ કરો છો તે જણાવશો; જેથી આપના પ્રવાસ માટે હું હાથી, ઘોડા, મ્યાના, પાલખી વગેરે આપની અનુકૂળતા માટે સેવામાં હાજર કરું.'

આ સાંભળી ગુરુમહારાજે કહ્યું, 'ભાઈ! અમારે ન જોઈએ હાથી, ઘોડા કે પાલખી, અમે તો ત્યાગી છીએ. જો અમારી તે તરફની ક્ષેત્રસ્પર્શના હશે તો અમે જરૂર તમારા બાદશાહની જિજ્ઞાસા પૂર્ણ કરીશું.'

ગુરુમહારાજે અકબરના દિલમાં જાગેલી જિજ્ઞાસા

પૂર્ણ કરવાની તૈયારી બતાવી. કારણ, મહાપુરુષોના હૈયામાં સ્વકલ્યાણની સાથે પરકલ્યાણની ભાવના વણાઈ ચૂકેલી હોય છે. કેવળ સ્વકલ્યાણ રૂપિયાની એક જ બાજુ છે સ્વ-પર—ઉભયનું કલ્યાણ કરવાની તમન્ના જાગે એટલે સમજવું કે રૂપિયાની બન્ને બાજુ મજબૂત થઈ. કેવળ પરનું કલ્યાણ થતું હોય અને સ્વનું અકલ્યાણ થતું હોય તો એ સાચો માર્ગ નહિ. ત્યાગી પુરુષો હમેશાં સ્વ-પર ઉભયનું કલ્યાણ જેમાં સમાએલું હોય એ જ માર્ગને ગ્રહણ કરે છે.

શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના દિલમાં એ વિચાર નથી જાગતો કે થોડો સમય મારા મુનિધર્મને વેગળો મૂકીને શીઘ્ર ગતિવાળા વાહનનો ઉપયોગ કરીને દિલ્હી પહોંચું. રાજાને તુરત ધર્મી બનાવું. આ વિચાર જ નથી પણ સ્વ-પર ઉભયનું કલ્યાણ થાય એ લક્ષ્યબિંદુ નજર સમક્ષ રાખી સુબાને જવાબ આપ્યો કે, 'અમારે તો સાધનોની જરૂરિયાત નથી.'

સુબો પૂછે છે, 'આપ જશો કેવી રીતે?'

ગુરુમહારાજ કહે, 'ભાઈ! પગે ચાલી ને.'

આ સાંભળીને ગુજરાતનો સૂબો ચોંકીને બોલી ઉઠ્યો, 'આવો દૂરનો વિકટ પ્રવાસ શું આપ પગે ચાલીને કરશો? આમ બનવું ખૂબ અશક્ય છે.'

ગુરુમહારાજ કહે, 'ભાઈ! અમે તો જ્યારથી આ

ત્યાગી જીવન સ્વીકાર્યું છે ત્યારથી જ પગે ચાલી રહ્યા છીએ.'

સૂબો બિચારો જીવનમાં બે ફર્લાંગ પણ પગે ચાલ્યો ન હોય તેને આ વાત આશ્ચર્યજનક લાગે એમાં શી નવાઈ!

સૂરીજીના ત્યાગીજીવનની આવી આશ્ચર્ય પમાડે એવી અનેક વાતો છે. અમે જ્યારે પ્રસંગ પડે કોઈને જણાવીએ છીએ કે, આ બધા વાળ ચૂંટી–ચૂંટીને લેવામાં આવે છે ત્યારે સાંભળનાર અમારા સામા જ જોતા રહી આશ્ચર્યથી બોલી ઉઠે છે, 'શું વાત કરો છો? આવું કષ્ટ તમે સહન કરો છો?' આમ હૈયામાં એકદમ ત્યાગી પ્રતિ પ્રેમ જાગે છે. તમને આ બધી બાબત કદાચ સામાન્ય લાગે. આંખવાળાને આંખની કિંમત બહુ ઓછી હોય છે. પણ આંખ ન હોય તેને? તેજ રીતે ત્યાગી પ્રતિની ભક્તિ ત્યાગના જ્ઞાનથી વધે છે.

ગુજરાતનો સૂબો બાદશાહનો સંદેશો જણાવી ગુરુમહારાજને નમન કરી વિદાય થયો ત્યાર બાદ હીરસૂરીશ્વરજીમહારાજ પણ વિહાર કરતા કરતા ગામડે ગામડે પ્રભુ મહાવીરનો સંદેશો આપતા આપતા ૧૬૩૯માં દિલ્હી સમીપ આવી પહોંચ્યા.

અકબર બાદશાહ રાહ જોઈ રહ્યો હતો. ગુરુમહારાજનો સંઘ પગપાળા આવી રહ્યો છે એમ જાણ્યું ત્યારે અકબરનો

ક્રોધ સૂબા ઉપર ભભૂકી ઉઠ્યો. તેણે તુરત સૂબા ઉપર સંદેશો મોકલ્યો કે ગુરુમહારાજને સાધનની સગવડ કેમ ન આપી ?

સૂબાનો જવાબ મળ્યો કે, 'હું તો આ બાબતમાં તદ્દન નિર્દોષ છું, મેં તો તેઓશ્રીને જણાવ્યું હતું કે જે માગો તે સાધનની સગવડ હાજર કરું પણ જવાબમાં ગુરુમહારાજે પોતે સંપૂર્ણ નકાર ભણ્યો હતો.'

અકબર વિચારે છે, પગમાં કોઈ પણ સાધન પહેર્યા સિવાય ચાલતા અહીં સુધી આવ્યા ! કેટલું મહાન કષ્ટ !! મારા ખાતર તેમણે આ કષ્ટ ઉઠાવ્યું !

**ભવ્ય સ્વાગત**

જ્યારે પોતાના વિદ્વાન શિષ્ય સમુદાયસહિત ગુરુમહારાજ દિલ્હીમાં પધાર્યા. ત્યારે અકબરે ભવ્ય સમારંભ યોજી ગુરુમહારાજનું પ્રેમપૂર્વક સ્વાગત કર્યું. રાજસભામાં ધર્મોપદેશ સંભળાવવા માટે આમંત્રણ આપ્યું. તદનુસાર શિષ્યસમુદાય સાથે ગુરુ મહારાજ રાજભવનના પટાંગણમાં આવી પહોંચ્યા. પ્રધાનમંડળ-સહિત અકબર પોતે સ્વાગત કરવા હાથ જોડીને સામે આવ્યો. પરંતુ ગુરુમહારાજ રાજભવનના દ્વારે આવી અટકી ગયા. અકબરે કહ્યું, 'પધારો અંદર.' ગુરુમહારાજ કહે, 'સભામાં ગાલીચા પાથર્યા છે તે ઉપર અમારાથી ન ચલાય. મુનિનો આચારધર્મ છે કે, સાક્ષાત્ નજર સમક્ષ ભૂમિ ન દેખાતી હોય તો તેના પર પગ ન મૂકાય.'

અકબર કહે 'શું તેની નીચે જીવો હોય છે તે કારણે?'

ગુરુમહારાજ કહે, 'હા, તપાસ કરો.'

અકબરની આજ્ઞાથી સેવકે ગાલીચાનો એક ભાગ ઊંચો કર્યો. સેંકડો જંતુઓ ઉભરાઈ રહ્યાં છે. અકબર આ દૃશ્ય જોઈ એકદમ આશ્ચર્યમાં પડી ગયો. પ્રથમ પરિચયમાં જ અકબરને લાગ્યું કે, 'ખરેખર સૂરીજી અતિ મહાન પુરુષ છે, મેં કલ્પેલા કરતાં પણ સવિશેષ છે. તે સમયે જ તેણે ગુરુમહારાજના ચરણોમાં મસ્તક ઝુકાવી દીધું.

સભામાંથી ગાલીચો હટાવી લેવડાવ્યો. ગુરુમહારાજ આગળ વધ્યા. અકબર કહે, 'બિરાજો, આ રત્નજડિત સિંહાસન ઉપર.'

ગુરુમહારાજ કહે, 'ન જોઈએ આ સિંહાસન. અમે તો ત્યાગી, આ બધાં તો ભોગનાં સાધનો છે.'

આ બીજા પરિચયમાં અકબરનું હૈયું ગુરુમહારાજની ત્યાગની ભાવના પ્રતિ ઝૂકી ગયું.

લાકડાનો બાજોઠ મંગાવવામાં આવ્યો. તેના ઉપર ગુરુમહારાજ બિરાજ્યા અને અતિ કોમળ મીઠી ભાષામાં અર્થગંભીર રીતે અકબરને ધર્મનું સ્વરૂપ સમજાવ્યું: હિંસા–અહિંસાનું સ્વરૂપ સમજાવ્યું. અમારો ધર્મ પાળો એવો ઉપદેશ ન આપ્યો, પણ જગતના જીવોને બચાવો, અસત્ય ન બોલો, ચોરી ન કરો એવો માર્મિક ઉપદેશ આપ્યો. આ ઉપદેશમાં આપણો ધર્મ આવી જ ગયો ને!

આ રીતે દિલ્હીમાં ચોમાસા દરમ્યાન અકબરને ગુરુમહારાજનો રોજનો સંપર્ક થયો. ચાતુર્માસ પૂર્ણ થયે ગુરુમહારાજ જવાની તૈયારી કરવા લાગ્યા, ત્યારે અકબરે ભાવપૂર્ણ શબ્દોમાં ગુરુમહારાજને કહ્યું, 'આપ મારી પાસે કંઈક માગો.'

ગુરુમહારાજ કહે, 'જે હતું તેને છોડયું છે પછી અમારે હવે શું જોઇએ?'

અકબર કહે 'કંઈક તો જરૂરથી તમે માગો.'

'ગુરુમહારાજ કહે. કંઈ જ ન જોઈએ!'

છેવટે અકબરનો અતિ આગ્રહ જોઈ ગુરુમહારાજે માગ્યું. રૂપિયા માગ્યા? રત્નો માગ્યાં? મહેલાત માગી? શું માગ્યું? તેમાંનું કાંઈ નહિ. ગુરુમહારાજે અકબરને કહ્યું કે, 'જો આપવાની જ તમારી ભાવના હોય તો જગતના જીવોને બચાવવાની બાંહેધરી આપો. તમારી પાસે સત્તાની શક્તિ છે તેનો ઉપયોગ મારવામાં નહિ પણ બચાવવામાં કરો. પર્વાધિરાજ પર્યુષણના આઠ દિવસમાં તમારા રાજ્યમાં કોઈ પણ હિંસા ન થવી જોઇએ.' કેટલી નિસ્પૃહતા? અકબરે શું ધાર્યું હશે અને ગુરુમહારાજે શું માગ્યું?! અને જે માગ્યું તે પણ પોતાના માટે તો નહિ જ. આ પ્રસંગથી અકબરની ગુરુમહારાજ પ્રત્યેની શ્રદ્ધા વધુ જ્વલંત બની.

કોઈ રૂપિયો ચાંલ્લો કરે તે સામો રૂપિયો વાળવામાં શી મહત્તા? અકબર કહે, 'પર્યુષણના માત્ર આઠ દિવસ

આપ માગો છો પણ મારા તરફથી હું વધુ ચાર દિવસ બે આગળના અને બે પછીના ઉમેરી કુલ બાર દિવસની ખાત્રી આપું છું.' તેણે પોતાના રાજ્યના તમામ સૂબાઓ ઉપર ફરમાન પાઠવ્યું. તેમાં જણાવ્યું કે, 'આ બાર દિવસ દરમ્યાન કોઈ પણ નાના–મોટા જીવની હિંસા ન થવી જોઈએ.'

ગુરુમહારાજની જવાની તૈયારી સંપૂર્ણ થતાં અકબર ગળગળો થઈ. કહેવા લાગ્યો કે, 'આપે, બગીચો વાવ્યો છે, તેને સિંચન નહિ મળે તો તે બગીચો વેરાન થઈ જશે ?'

તેથી ગુરુમહારાજે શાંતિચંદ્ર ઉપાધ્યાયને ધર્મોપદેશ માટે દિલ્હીમાં-જ રોકાવા જણાવ્યું. પછી ગુરુમહારાજે પ્રયાણ કર્યું.

શાંતિચંદ્ર ઉપાધ્યાય પણ વિદ્વાન્ હતા. તેમણે બાર દિવસની અહિંસાના પાલનમાંથી આગળ વધારી છ માસની મુદત કરાવડાવી. અકબરના હૈયામાં કરુણાનું ખૂબ સિંચન થવા માંડ્યું. એ કારણે અકબર પોતે પણ માંસાહારી મટી ગયો.

આમ આચાર્ય મહારાજશ્રીએ દિલ્હીના સમ્રાટને પ્રતિબોધ આપ્યો તેમ પોતાની પ્રતિભાથી બીજા પણ ઘણા સૂબાઓને શાસનના રાગી બનાવ્યા હતા. પૂજ્યશ્રીના પ્રભાવથી શિરોહીના રાજાએ કોઈ કારણસર કેદ કરેલા શ્રાવકોને સન્માનપૂર્વક છૂટા કર્યા હતા.

પૂજ્યશ્રીનો આવો પ્રભાવ અગણિત રૂપે છે. જો તેને સંપૂર્ણ રીતે જણાવવા બેસીએ તો કલાકોના કલાકો વ્યતીત થઈ જાય. આવું ત્યાગમય જીવન, નિઃસ્વાર્થી પરોપકાર, ઉચ્ચ કોટિનું જ્ઞાન, આજીવન નિર્મળ બ્રહ્મચર્ય, ત્યાગ–વૈરાગ્યની અખંડ ઉપાસના–આ બધું આચરી પૂજ્યશ્રીએ સંયમ જીવનની અપૂર્વ રીતે આરાધના કરી અને અનેકોને કલ્યાણના પવિત્ર માર્ગે વાળ્યા.

## અંતિમ વિદાય

તે વખતે તેમનો શિષ્ય–પરિવાર અતિ વિશાળ હતો. બે હજાર શિષ્ય સમુદાયના તેઓ નાયક હતા. પોતે દીક્ષા લીધી, તે દિવસથી માંડીને છેક છેલ્લા દિવસ સુધી એકાસણાથી ઓછું તપ કર્યું નથી. બીજા તપમાં બે હજાર આંબીલ, એક હજાર છસો ઉપવાસ, બસો પચીસ છઠ, બોંતેર અઠ્ઠમ ( ત્રણ ઉપવાસ )–આવી અનેક તપશ્ચર્યા કરતાં કરતાં જીવનના છેલ્લા દિવસોમાં દેહ ઉપરના મમત્વના ત્યાગને લીધે પોતાને થએલા રોગને દૂર કરવાને માટે ઔષધ લેવાની પણ અનિચ્છા બતાવી.

પૂજ્યશ્રી પ્રતિના અપૂર્વ રાગથી આકર્ષિત થએલા ઉનાના શ્રીસંઘે જણાવ્યું કે, આપ આપના માટે નહિ પરંતુ સંઘના કલ્યાણને માટે ઔષધ સ્વીકારો. જો ઔષધ નહિ સ્વીકારો તો અમે સંઘના તમામ ભાઈ–બહેન ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીશું. માતાઓએ ધાવતાં બાળકોને સ્તનપાન કરાવવાનું પણ બંધ કર્યું. આટલી

ઉત્કૃષ્ટ કોટિની ભક્તિના પરિણામે ગુરુમહારાજે નિર્દોષ ઔષધ લેવાનું સ્વીકાર્યું. તો પણ 'જેની તૂટી તેની બુટી નહિ' તે મુજબ પૂજ્યશ્રીએ પોતાની પાટે આચાર્ય વિજયસેન-સૂરિજીને સ્થાપીને સંવત ૧૬૫૨ ની સાલના ભાદરવા સુદ ૧૧ ના દિવસે નશ્વર દેહનો ત્યાગ કર્યો અને સદ્ગતિના માર્ગે સંચર્યા.

પૂજ્યશ્રીના નિર્વાણ પછી પણ તેમના તપ-ત્યાગના પ્રભાવથી ખેંચાએલા નજીકના દેવતાઓએ અકાળે આંબાને ફળ બતાવ્યાં હતાં એવી દંતકથા છે.

આવા મહાન પ્રભાવશાળી અને આપણા ઉપકારી શાસનના શણગાર સમા આચાર્ય હીરસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ દિને તેમના જીવનના પ્રસંગોનું શ્રવણ કરી આપણે આપણા જીવનમાં ઉતારીએ અને તે પૂજ્યશ્રી જે જાતનું ઉચ્ચ કોટિનું જીવન જીવી ગયા તેવું જીવન પ્રાપ્ત કરવા આપણે ભાગ્યશાળી બનીએ એ જ શુભેચ્છા.

卐

**સથવારો**

ત્યાગના તેજથી, પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાન-પ્રકાશથી ઝગહળતા ગુરુનો સથવારો સંસારના વેરાનવગડામાં પથભ્રષ્ટ થએલા મુસાફરને નિરાબાધ રીતે મુક્તિના મંદિરમાં બિરાજમાન કરે છે.

—પ્રવચનકાર

# દેહનું બલિદાન અને આત્માનું ઉર્ધ્વગમન

[ ૫ ]

**स्वयंम्भूरमणस्पर्द्धि-वर्द्धिष्णु समतारसः ।**
**मुनिर्येनोपमीयेत कोऽपि नासौ चराचरे ॥**

( ज्ञा. अ. ६. )

## દેહ-કાયમી સાથી

દેહનો આત્મા સાથેનો સંબંધ છોડી શકાય નહિ; તે અતૂટ છે. પ્રત્યેક જીવમાત્રને જો કોઈ અભીષ્ટ વસ્તુ હોય તો તે મોહ છે. મોહ દેહ ઉપર કાબૂ ધરાવે છે. ચોવીસકલાક આપણી સાથે દેહ રહે છે. જીવન દરમ્યાન હરેક જીવમાત્ર આ દેહને માટે પ્રયત્નશીલ રહે છે. સારો ખોરાક, સારી સારવાર અને તાજગી વડે આ દેહને સુંદર બનાવવા સઘળા જીવ પ્રયત્નો આદરે છે. એવા દેહના બલિદાનની આ વાત છે.

બલિદાન એટલે ત્યાગી દેવું તે. બીજાને કાજે પોતાની ચીજનું સમર્પણ અર્થાત્ બલિદાન; ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ ત્યાગ અર્થાત્ બલિદાન કરવાથી જ થાય છે. સાચું બલિદાન

કયું ? જે ચીજની સાથે હંમેશાનો સંપર્ક હોય તે ચીજનો ત્યાગ એટલે સાચું બલિદાન.

કોઈ આપણી પાસે પોતાની દુઃખી પરિસ્થિતિ જણાવી વિનતિ કરે તો આપણામાં દયા ઉપજે, પાઈ–પૈસો યથાશક્તિ આપી દઈએ. કોઈ એમ વિનતિ કરે કે, હું છ દિવસનો ભૂખ્યો છું. તો કદાચ આપણે કરુણાથી પ્રેરાઈને કંઈક આપીએ, પણ ચોવીસ કલાકનો સાથી દેહ તો ન જ આપીએ. આજ સુધીમાં કોઈએ દહનું બલિદાન આપ્યું છે ? જવાબ નકારમાં જ મળશે.

જ્ઞાનીઓ કહે છેઃ જીવનમાં આવતા ઝંઝાવાતોમાં તોફાનોમાં કે આવતી આંધીમાં આપણો આ જીવ બેભાન બને છે અને મૂંઝાય છે. ત્યારે ‘શું કરવું’ તેની ગતાગમ પડતી નથી ત્યારે જીવ ખાડામાં પડે છે ? કૂવામાં પડે ? ઝેર પી લે છે ?....ના કોઈપણ સ્થિતિમાં જીવ મરવા માટે તો તૈયાર થતો જ નથી.

એક જંગલ હતું. ઉનાળાનો સખત તાપ પડે. ચારે કોર ગરમ લૂ વાય. એવામાં સાઠ વર્ષની ડોશી નીકળી. પરસેવાનાં ટીપાં પડે. અંગે કપડાં પણ પૂરતાં નહિ. સૂર્યનો તાપ તેને અકળાવી રહ્યો છે. પરસેવે રેબઝેબ તે ડગલાં ભરી રહી છે. તેમાંય વળી માથે લાકડાંનો ભારો છે. આ અસહ્ય તડકાથી ડોશી ત્રાસી ગઈ હતી. આ સ્થિતિમાં થોડુંક ચાલ્યા પછી માથા ઉપર રહેલો લાકડાંનો ભારો ભોંયપર નાંખી કંટાળાથી ડોશી બોલીઃ ‘આનાં

કરતાં તો મોત આવે તો સારું.' એવામાં ચમત્કાર થયો. નજર કરતાં બાજુમાં એક કાળો આકાર-કાળો પડછાયો હાલતો-ચાલતો આવીને પાસે ઊભો રહ્યો, ડોશીએ પૂછયું : 'કોણ છે રે તું ?'

આગંતુક પડછાયાએ જવાબ આપ્યો : 'જમ રાજાનો દૂત !'

ડોશી બોલી : 'કેમ આવ્યો છે ?'

પડછાયાએ જવાબ આપ્યો : 'તને લેવા.'

ડોશી ગભરામણમાં બોલી : 'મને તે શું કામ તું લેવા આવ્યો ?'

પડછાયો બોલ્યો : 'કેમ તેં હમણાં તો કહ્યું ને કે મોત આવે તો સારું !'

ડોશી લોચા વાળવા માંડી : 'પણ એ તો....અમસ્તી જ કહેતી હતી. કંઈ મારે મરવું નથી હો ! મારે તો હજુ જીવવું છે એ....તો....એ તો મેં...!'

તોફાનમાં પણ જીવ મરે છે તેમ માનશો નહિ. તો પછી દેહનું બલિદાન શી રીતે અપાય છે ? તેનો જવાબ આ પ્રમાણે છે :

સામાન્ય કોટિના જીવોમાં બલિદાન સંભવી શકતું નથી, ત્યારે તમે કહેશો કે મૃત્યુ બલિદાન ખરું કે નહિ ? તેનો જવાબ નકારમાં છે. એમ તો પતંગિયું પણ દીવાની આસપાસ ફરીને મોતને ભેટે છે. તેને શું આપણે બલિદાન કહીશું ?

સ્વ અને પરના કાજે દેહનો ત્યાગ થાય તે જ બલિદાન છે. આ જગતના જીવો બલિદાન આપવા માટે નહિ પણ બીજાનું બલિદાન લેવાને ઉત્સુક હોય છે. એવા લોકો ઇચ્છે છે કે બધા મારી સેવા કરે પણ હું કોઈની સેવા ન કરું. પોતાની ચીજ છોડવા તો કોઈ વિરલ પુરુષ જ તૈયાર હોય છે. જેની સાથે આપણો નિકટનો સંબંધ છે તે ઘરેણાં, કપડાં વિગેરે કાંઈ બધાં જ બધો વખત ઉપયોગમાં નથી આવતાં. પહેર્યા પછી તેને કેટલોક વખત મૂકી પણ દઈએ છીએ. તેના વગર ચલાવી શકાય છે. ચોવીસે કલાક આપણે એ બધી માયા સાથે નથી રાખતા ચોવીસે કલાકનો સંપર્ક તો દેહ સાથે છે. એક મિનિટ, એક સેકંડ, એક વિપળ પણ જેના વિયોગ નથી તે દેહ છે. આટલા નિકટના સાથીનું બલિદાન ક્યારે અને કઈ રીતે આપણે આપીએ ? એ બલિદાન વગર તો આત્માનું ઉર્ધ્વગમન સંભવિત જ નથી. જો એ બલિદાન સ્વ અને પરના કાજે અપાયું હોય તો જ બલિદાન સાચું.

ધનુષ્ય ઉપર બાણ ચઢાવવામાં ( મૂકવામાં ) આવે પણ જ્યાં સુધી તેને દૂર ફેંકવામાં ન આવે ત્યાં સુધી લક્ષ્યની સિદ્ધિ નથી. એરંડાના દાણા માટે કહેવાય છે કે, તે દાણા ઉપરનાં કાચલાં જ્યારે ફૂટે ત્યારે જ દાણો બહાર નીકળે નહિ તો દાણો કાચલામાં છૂપાએલો રહે છે. જો કાચલાંને ફોડીને જુદું કરવામાં ન આવે તો દાણો બહાર નીકળે કઈ રીતે ? દાણો તમારું લક્ષ્ય હોય તો તે

દાણારૂપી લક્ષ્યને સિદ્ધ કરવા કાચલાને દૂર કરવું જોઈએ કે નહિ ?

## દેહ અને આત્મા

માટીનો પિંડ લઈ કુંભાર ચાકડા ઉપર મૂકે છે અને ઘડો બનાવે છે. ચાકડા ઉપર તૈયાર થઈ ગએલા ઘડાને દોરી વડે કાપીને ચાકડાથી જુદો કરવામાં ન આવે તો તે ઘડો પકવવાને લાયક નથી બનતો. વાપરવા માટે લાયક બનતો જ નથી. ઘડો પિંડમાંથી બને જરૂર! કુંભાર તેને ઘડાનો આકાર આપે જરૂર!! પણ ચાકડાથી દૂર કરવામાં ન આવે તો તે ઘડો પૂર્ણતા પામે જ નહિ!

આ ચાકડો તે આપણો દેહ અને ઘડો એ આપણો આત્મા. આ બન્ને એકબીજાથી વિખૂટા ન પડે ત્યાં સુધી આત્માનું ઉર્ધ્વગમન શક્ય નથી. દેહ ઉપર અનાસક્તિ લાવ્યા સિવાય તેમ બન્યાનો એક દાખલો હોય તો બતાવો. જ્યાં સુધી દેહ ઉપર આસક્તિ ત્યાં સુધી આત્માનું ઉર્ધ્વ-ગમન પણ અશક્ય. આપણે એમ કહીએ છીએ કે દેહ અમને છોડતો નથી. પણ હકીકતમાં કોણ કોને છોડતું નથી ?

## જૂઠી માયા

એક જંગલ હતું તેમાં વાંદરાં રહે. તે બધાં નજીકનાં ખેતરોમાં જઈ પાકને નુકશાન કરે. એક ખેતરના માલિકે વિચાર કર્યો કે આ નુકશાન અટકે કઈ રીતે? એક વખત

જો મેર્થીપાક આપ્યો હોય તો વાંદરાંની ટેવ જાય. વાંદરાં હાથમાં આવે તો એ બને. પણ આવો મેળ પડે નહિ. ખેડૂતે એક યુક્તિ કરી તે ચણા-મમરા લઈ આવ્યો. એક નાના સાંકડા મોઢાવાળા ઘડામાં થોડા ચણા-મમરા ભરીને તે ઘડો ખેતરમાં મૂક્યો અને થોડા ચણા-મમરા ઘડાની આસપાસ ભોંય પર વેર્યા. પોતે દૂર જઈ સંતાઈ ગયો. વાંદરાનું ટોળું ફરતું ફરતું ત્યાં આવ્યું. ચણા-મમરા જોઈ ને બધા પડાપડી કરવા લાગ્યા. પાક કરતાં ચણા-મમરા વાંદરાંને ખૂબ જ ભાવે. ભોંય ઉપર પડેલા ચણા-મમરા ખલાસ થઈ ગયા ત્યારે એક અટકચાળા વાંદરાએ વધારે લાલચથી ઘડામાં રહેલા ચણા-મમરા ખાવા પોતાનો હાથ ઘડામાં નાંખ્યો. એટલામાં ખેતરનો માલિક આવ્યો. તે જોઈ વાંદરાં ભાગ્યાં. અટકચાળા વાંદરાને પણ બધાએ ચેતવ્યો કે ચાલ ભાગ નહિ તો આવી બન્યું. પણ તે લાચાર હોય તેમ બોલ્યો: આ ઘડો મને છોડે તો ભાગું ને! તેનાથી ઘડો છૂટે તેમ ન હતું. ખેડૂતે ડાંગ મારી. છેવટે તે તો માર ખાઈ ને ભાગ્યો. પહેલાં સ્વપ્રયત્ને ઘડો છોડીને તે ભાગ્યો હોત તો તેને માર ખાવો પડત? ના. તે ભાગ્યો નહિ તે કારણે આમ બન્યું. ઘડા સાથે તેને કાંઈ નિસ્બત ન હતી. તેને તો નિસ્બત હતી ઘડામાં રહેલા ચણા અને મમરા સાથે. વિચાર કરો ઘડો વાંદરાને નહોતો છોડતો કે વાંદરો ઘડાને.... ?

સંસારની પરિસ્થિતિ પણ કંઈક એવી જ છે. સંસાર

આપણને છોડતો નથી કે આપણે સંસારને છોડતા **નથી** એ પ્રશ્ન છે. શું આપણે સંસાર છોડવા તૈયાર છીએ? **શું** આપણને એમ લાગે છે કે આપણે સંસારને છોડીશું તો સૂર્યોદય અટકશે? એક કારખાનાનો મેનેજર તેના **શેઠ** આગળ જઈ કડકાઈથી કહે: 'હું ચાલ્યો જઈશ.' તો શું તેના વગર કારખાનાનું કામ અટકશે? તે નહિ તો તેનો ભાઈ કોઈ બીજો આવશે. પણ કારખાનાનું કામ કાંઈ અટકવાનું નથી. તો આ સંસારનાં કામો અટકે ખરાં? જાવ તો કોઈ રોકતું નથી, રહો તો કોઈ કાઢી મુકતું નથી!

ગાંડો બનેલો આત્મા એમ સમજે કે બધા લોકો મારી માફક કપડાં કાઢીને ચાલે તો કોઈ ભેદ રહે નહિ. બધા જ એક સરખા એટલે શરમની વાત નહિ. બોલો સમસ્ત સંસારની મુખ્ય કળ અહીં છે. કારખાનાને ચાલુ કરવા 'મેઈન સ્વીચ' જોઈએ, તેમ સંસારની મેઈનસ્વીચ છે 'દેહ'. દેહ થડ છે, અને આજુબાજુના સંયોગો ડાળાં-પાંખડાં છે. દેહ વરરાજા છે, જ્યારે સગાંવહાલાં જાનૈયા છે.

## સ્વાર્થભાવના

શેઠ-શેઠાણી હતાં. પૈસો સારો પણ સંતાન નહિ. શેઠાણી શેઠને વારંવાર વંધ્યત્વની ફરિયાદ કરે પણ શેઠ મન મનાવે કે એ તો કુદરતના હાથની વાત છે.

શેઠાણી કહે: 'બાધા માનતા કરીએ.'

શેઠ કહે: તે આપણું કામ નહિ અને તેમ કર્યે કાંઈ છોકરાં થાય નહિ.'

આપદ્‌સમયે ધર્મ કેવી રીતે વેગળો મૂકાય છે તે જોઈ એ. શેઠાણીએ સારો દિવસ જોઈ ગામ બહાર બળિયા-કાકાના સ્થાને જઈ માનતા માની કે મને છોકરો થશે તો હું અમુક માનતા કરીશ. શું કરીશ તે વાત તેણે મનમાં જ રાખી.

ઝાડની ડાળ ઉપર કાગડો આવીને બેસે અને તે જ ક્ષણે કડડડ કરતી ડાળ તૂટી પડે તો કાગડો મનમાં કેટલો ફુલાય? શેઠાણીને દા'ડા રહ્યા. પોતાની માનતા ફળતી જોઈ શેઠાણી પણ હરખાઈ ગયાં. શેઠાણીને પૂરા દા'ડે છોકરો થયો. ધીમે ધીમે તે મોટો પણ થયો. શેઠાણી શેઠને કહે: 'હવે મેં માનેલી માનતા પૂરી કરવી પડશે.'

શેઠ કહે: 'તો કરી નાંખો.'

શેઠાણી કહે: 'એમ નહિ, મેં કાંઈ જેવી તેવી માનતા નથી રાખી. આકરામાં આકરી માનતા માની ત્યારે તો છોકરો મળ્યો છે. અને તેથી તો બળિયાકાકાને જીવ સાટે જીવ ચઢાવવાની મેં માનતા રાખેલ છે.'

શેઠ ભડકયા: 'હેં....શું વાત કરે છે? આવું આપ-ણાથી થાય?'

શેઠાણી કહે: 'થાય કે ન થાય પણ મેં માનેલી માનતા તો પુરી કરવી જ પડશે!'

શેઠ કહે : 'પણ જરા વિચાર તો કર. જીવ ચઢા-વવો તે કાંઈ નાનીસૂની વાત છે? વળી જીવ લાવવો પણ ક્યાંથી?'

શેઠાણી કહે : 'ક્યાંથી વળી કેમ? આપણાં ડોશીમા છે જ તો, તે મરવાનાં તો છે જ. માટે તેમને જ ચઢાવી દઈએ.'

શેઠ તો આ સાંભળી દિંગ થઈ ગયા. શેઠાણીની દુષ્ટ અને સ્વાર્થભાવના ઉપર તેમને નફરત તો ખૂબ આવી પણ શેઠાણીની જીદ આગળ તેમનું કાંઈ ચાલ્યું નહિં. ઘરમાં ના કહ્યે ચાલે કાંઈ? શેઠ કબૂલ થયા. કંઈક વિચા-રીને તે બોલ્યા ? 'તે તો ઠીક, પણ પછી આવડું મોટું ઘર, આટલી સંપત્તિ, આ છોકરો, વિગેરે સંભાળશે કોણ?'

શેઠાણી કહે : 'તેની ચિંતા કરવાની જરૂર શી છે! મારી મા છે જ ને તેને અહીં બોલાવી લઈશું, પછી કોઇ જાતનો વાંધો આવશે નહિ.'

શેઠ મનમાં વિચારવા લાગ્યા કે, આ સ્ત્રી કેટલી દુષ્ટ અને ભયંકર વિચારો ધરાવે છે. મારી માને મારવા માગે છે. પોતાના સ્વાર્થ માટે બીજાનો નાશ કરવા તૈયાર થાય છે. પોતાના પતિની માતા એટલે પોતાની માતા તે ભાવ રહ્યો નહિ. શેઠાણી ઇચ્છે છે કે 'સાઠ વર્ષનું ખોખું, જાય તો ઘર થાય ચોખું.' શેઠાણી આમ વિચારે છે કારણ કે અહીં તેને મારાપણાનો ભાવ નથી.

મારી પાસે મારી પ્રિય ચીજ હોય તે હું તમને સોંપી

હઉં અને બીજી જ મિનિટે તે નાશ પામે તો મને શું લેવા દેવા ? દુઃખી કોણ થાય ? જેણે મમત્વ બાંધ્યું હશે તે. મેં તો મમત્વ ઉઠાવી લીધું. તેનામાં રહેલો મારાપણાનો ભાવ ઉઠાવીને પછી જ તે ચીજ તમને મેં સોંપી, જેથી તે ચીજ નાશ પામતાં મારે દુઃખી થવાનું કંઈ કારણ રહેતું નથી. આમ મમત્વ દુઃખ ઊપજાવે. શેઠને માના મમત્વના કારણે જ દુઃખ થતું હતું.

શેઠે શેઠાણીને કહ્યું : 'તારી માને બોલાવી લે. એકાદ માસ અહીં રહીને બધી રીતે જાણકાર થાય, પછી વાંધો નહિ. બાધા તો કરવાની જ છે.'

પછી શું જોઈએ ? શેઠાણીએ તો પત્ર લખ્યો. તરત ડોશી આવી ગઈ. દીકરી પાસે જવું કોને ન ગમે ? તેમાંય પૈસાપાત્ર ઘર. વેવાણને વેવાણ મળ્યાં. સુખદુઃખની વાતો કરી.

વીસેક દિવસ થયા અંધારિયાની આઠમ આવી, શેઠાણી શેઠને કહે : 'ચાલો હવે તો માનતા પૂરી કરી નાખીએ.'

શેઠ કહે: 'આ અમાસ આવે એટલે કામ પૂરૂં કરીશું. આવું કામ અંધારિયા સિવાય ન થાય.'

અત્યારે પણ આવું જ બને છે. મારવાનું નહિ તો જુદા રહેવાનું માતાએ પાળીપોષીને મોટો કર્યો તે માતાને છોડતાં જીવ કેમ ચાલે ? પંદર–વીસ વર્ષ સુધી માતા ઉપર ભાવ રહે છે, પછી તે ભાવ પત્ની ઉપર રૂપાંતર પામે છે. પત્ની આવે પછી માતા ન પાલવે.

મનુષ્ય અને પશુમાં ફરક કેટલો ? સ્તનમાં દૂધ હોય ત્યાં સુધી પશુબાળ તેની માતાની અપેક્ષા રાખે છે. જ્યારે અધમ માણસ ઘરમાં પત્ની ન આવે ત્યાં સુધી માના ઉપર ભાવ રાખશે. જ્યારે ઉત્તમ માણસ પત્ની હોય તો પણ માતાની સેવા યથાશક્તિ કરે જ છે. ઉત્તમોત્તમ માણસ જીવનપર્યંત માતાની સેવા ધ્યાન દઈને કરે છે. તે ઉચ્ચ કોટિનો આત્મા ગણાય.

તમે ત્યાગી ન બનો, તપસ્વી ન બનો પણ જીવન દરમ્યાન ખ્યાલ રાખો કે વીસ વર્ષ સુધી માતાનું બલિદાન લીધું માતાની સેવા લીધી, એ પછી માતાને જુદા થવાનો વખત આવે તે શું યોગ્ય ગણાશે ? માતાના ભરણપોષણ માટે સરકાર જવાબદાર નથી. જ્યારે પત્નીના ભરણપોષણ માટે સરકાર જવાબદાર છે! પત્નીનું ભરણપોષણ એ બંધન છે. સમાજે લાદેલી ફરજ છે, જ્યારે માતાનું ભરણપોષણ એ તો અંતરનો ભાવ છે. તે મરજિયાત છે જેને કોઈ જ બંધન નથી.—બંધન હોય તો ભાવનાનાં છે, કાયદાનાં નહિ.

શેઠ બિચારો પત્નીનો પરાધીન બની ગયો હતો પણ માતાને બચાવવાની ઇચ્છાથી ફાંફાં મારતો હતો.

દિવસો જતાં અંધારી અમાસ આવી. ડોસીને ખાટલા-સહીત ઉપાડવા બે માણસ જોઈએ. બીજાને તો કહેવાય જ નહિ. એટલે આ કામ સ્વયં શેઠ–શેઠાણીએ જ કરવાનું નક્કી કર્યું હતું. બંને હૃષ્ટપુષ્ટ હતાં એટલે વાંધો આવે

તેમ હતું નહિ. ઘરડી ડોશીમાં વજન કેટલું હોય? શેઠ શેઠાણીને કહે છે, 'આ તો ખૂબ અંધારું છે બન્ને ડોશીઓ જોડે જ સુએ છે માટે ધ્યાન રાખજે. ખાટલો બદલાઈ ના જાય.'

બુદ્ધિશાળી શેઠાણીએ જવાબ આપ્યો: 'હું કાંઈ કાચી નથી ખાટલાને દોરડું બાંધીશ આ નિશાનીથી ખાટલો નહિ બદલાય.' આમ કહી દોરડાની નિશાની કરી મધ્યરાત્રિની વાટ જોતાં સમય પસાર કરવા માંડ્યો. બરાબર મધ્યરાત્રીએ શેઠે શેઠાણીને ઉઠાડયાં. શેઠાણીએ પણ ઝટપટ મેડા ઉપરથી ઊતરીને ખાટલો ઉપાડ્યો. ગયા ગામ બહાર અળિયાકાકાના મંદિરમાં. બધી સાધન-સામગ્રી પણ સાથે લાવેલાં. બાધા માનતા કાંઈ એમને એમ થાય ધૂપદીપ કર્યા. નૈવેદ્ય ધરાવ્યું શેઠ તો દૂર ઊભા ઊભા આ બધું જોઈ રહ્યા. હતા. વિધિ પૂરી થઈ એટલે શેઠાણી ડોશી ઉપર ચઢી બેઠી અને ગળું દબાવી દીધું. બસ કામ પૂરું....ખેલ ખતમ!

બાધા પૂરી થઈ. એક તો છોકરો મળ્યાનો હર્ષ અને બીજું પોતે માનેલી માનતા પૂરી થયાનો હર્ષ-આમ હર્ષનો અતિરેક થયો. તેમણે તો હર્ષાતિરેકમાં ગાવા માંડ્યું—

'બઈજીને બળીએ ચઢાવિયાં અમે ધણી ને ધણીઆણી.'

શેઠ દૂર ઊભા રહીને તમાશો જોતા હતા. તે બોલ્યા:

'પાછું વળીને જો જરા મા છે તારી કે મારી.'

આ સાંભળી શેઠાણી ચોંકી ગયાં. આમ જોયું તો પોતાની જ મા હતી. તેણે તો કલ્પાંત શરુ કર્યું શેઠ કહે 'એ બધું હવે ચૂપચાપ પતાવી નાખ. ડોશીને બાળી નાખ નહિ તો સવારે ગામ જાણશે તો તારો ફજેતો થશે. તારા સ્વાર્થ ખાતર તું બીજાનું નિકંદન કરવા તૈયાર હતી. પોતાની વસ્તુનું બલિદાન આપવા તૈયાર નહોતી કેમ ?' આ છે બલિદાનની ભાવના–પારકાનું બલિદાન ને પોતાનું સમાધાન ! એ બલિદાન સાચું બલિદાન નથી–ભ્રમ છે.

**ઉર્ધ્વગમન**

દેશમાં તોફાન થાય છે. એ બધાં તોફાનોમાં શું બધા સમજીને મરે છે? ઉદ્દેશની સિદ્ધિ અને લક્ષ્ય વગર મરવું તેનું નામ જ અજ્ઞાન. ઉદ્દેશ અને ધ્યેય નજર સમક્ષ રાખી મરવું તે જ્ઞાન જ્ઞાનપૂર્વકનું મૃત્યુ—તે જ સાચું બલિદાન.

એક બાળકને મેડા ઉપરથી અમુક વસ્તુઓ લાવવા કહીશું તો તે કેટલા સમયમાં કેટલી વસ્તુઓ લાવશે? જ્યારે તેની તે અને તેટલી જ વસ્તુઓ મોટા માણસને લાવવાનું કહો તો તે કેટલા સમયમાં લાવશે? તે રીતે જ્ઞાન સકામ છે અને અજ્ઞાન અકામ છે. સકામ એટલે ફળ વધુ અને મહેનત તથા સમય ઓછો, જ્યારે અકામ એટલે ફળ ઓછું અને મહેનત તથા સમય વધારે. આવું અજ્ઞાન કષ્ટરૂપ છે.

અજ્ઞાનનું બલિદાન હકીકતમાં બલિદાન હોતું નથી. સંયોગ, સ્થળ અને સમય વિચારીને તપ કરવું તે અજ્ઞાન ન કહેવાય. બે ચીજના રંગ એક હોય તો તેથી તે ચીજો સરખી છે એવું ન કહેવાય. પ્રકારમાં પણ પ્રકારાંતર હોય છે.

તમે દેહ ઘેર મૂકીને આવ્યા છો ? ના, તે તો મૂકીને અવાય જ શી રીતે ? મૃત્યુ સમયે પણ જેનો ત્યાગ કરો છો તે સ્થૂળ દેહનો ત્યાગ છે. સૂક્ષ્મ તો સાથે જ રહે છે. આ સૂક્ષ્મ અને સ્થૂળ દેહના ત્યાગમાં અર્થાત્ બલિદાનમાં સ્વ અને પરના કલ્યાણનો ઉદ્દેશ હૈયામાં રાખી કષ્ટ સહન કરે તે જ ઉર્ધ્વગમન કરી શકે છે.

એક વખતના રાજકુમાર સ્કંધકકુમાર એટલે કે આચાર્ય ભગવાને પોતાની બહેનના ગામ દંડક રાજાની રાજધાનીમાં પોતાના પાંચસો શિષ્યોસહિત જવાની તીર્થંકર ભગવાન પાસે આજ્ઞા માગી. તીર્થંકર ભગવાને કહ્યું : 'ત્યાં જવાથી તારી સાથે નાને લાભ છે, તને નથી.'

આચાર્ય ભગવાને કહ્યું : 'બીજાનું પણ જો કલ્યાણ થતું હોય તો મારે જવું જોઈએ.' તીર્થંકર ભગવાને આજ્ઞા આપી કે તમને જેમ સુખ ઉપજે તેમ કરો.'

સ્કંધકસૂરીજી મહારાજે પોતાના ૫૦૦ શિષ્યોસહિત દંડક રાજાની રાજધાની તરફ પ્રયાણ કર્યું.

દંડક રાજાનો પ્રધાન નમૂચી રાજકુમાર તરફની ઈર્ષ્યામાં બળી રહ્યો હતો. તેને સમાચાર મળ્યા કે ગામ

બહાર ૫૦૦ શિષ્યોસહિત રાજકુમારમાંથી આચાર્ય બનેલા સ્કંધકસૂરી આવેલ છે. સાપના મોઢામાં જેમ ઝેર હોય તેમ દ્વેષી માણસના હૈયામાં પણ ઝેર હોય છે. પણ પોતે આ દ્વેષની જ્વાળામાં બળે છે. તેનું તેને તો ભાન હોતું જ નથી. નમૂચીને લાગ્યું કે પોતાનું વૈર લેવાનો સમય આવ્યો છે, જેથી મુનિઓના ઉતારાના સ્થાને શસ્ત્રોનો જથ્થો ગુપ્ત રીતે માણસો દ્વારા પહોંચતો કર્યો અને તેણે રાજા પાસે જઈ પોતાની જાળ પાથરી. રાજાને સારું લાગે અને રાજકુમારમાંથી આચાર્ય બનેલા પ્રત્યે રોષ પ્રગટે તેવી રીતે તેણે પાસો નાંખ્યો.

સીધી વાત કરીએ તો કદાચ ગળે ન ઉતરે પણ એમ કહ્યું હોય કે, તમારા લાભની વાત છે. તો તે સાતમા માળેથી પણ નીચે ઉતરે, તેમ નમૂચીએ રાજાને કહેવા માંડયું કે, તમારા સાળા તમારું રાજ્ય લૂંટવા ૫૦૦ માણસના કાફલા સાથે સાધુવેશમાં આવે છે. ગામ બહાર પડાવ નાંખ્યો છે. અને તેમના સ્થાનમાં શસ્ત્રો પણ સંતાડી રાખ્યાં છે, માટે તમે ચેતો નહિ તો તમારું રાજ્ય જતું રહેશે અને તમે લૂંટાઈ જશો.

રાજા 'વાજાં ને વાંદરાં,'ની જેમ–એક તો બુદ્ધિ ઓછી અને સત્તા મળે પછી બાકી રહે ? રાજાએ નમૂચીને સત્તા આપી કે આવેલ સાધુના વેશમાં સંતાએલા આક્રમણકારો(?)ને યોગ્ય લાગે તે દંડ આપો. હવે નમૂચીના હાથમાં સત્તા

આવી. તેણે રાજાજ્ઞાની મહોર લઈ લીધી. પછી પોતે પોતાની નીચ પ્રવૃત્તિની પેરવીમાં પડ્યો.

બહેનને પોતાના ભાઈ આવ્યાના સમાચાર મળ્યા એટલે તે હર્ષાવેશમાં પોતાના ભાઇના સ્વાગતની ઉમળકાભેર તૈયારી કરે છે. ભાઇની સાથે પૂર્વાવસ્થામાં નિર્વ્યાજ ગાઢ સ્નેહ હતો અને તેથી જ ભાઇએ બહેનનો વિયોગ થતાં સંયમ સ્વીકાર્યો હતો. તે જ ભાઈ ઘણાં વર્ષે આવ્યો હતો એટલે સ્વાભાવિક જ હૈયામાં હર્ષાતિરેક થાય જ.

સંયોગની બીજી બાજુ વિયોગ છે. સંયોગના સંબંધ સ્વપ્નની પરંપરા જેવા હોય છે. સ્વપ્નની વાત સાચી માની કોઈ તેને આચરણમાં મૂકે તો શું થાય?

એક બાવાને લાડવાનું સ્વપ્ન આવ્યું. ઝૂંપડીમાં લાડવાનો ઢગલો પડ્યો છે. તે તો સવારે વહેલો ઉઠીને ગામ આખાને મફત લાડવા જમવાનું આમંત્રણ આપી આવ્યો. વખત થયો એટલે આમંત્રિતોનાં ટોળાં ઝૂંપડી તરફ આવવા લાગ્યાં. આ બાજુ બાવો તો ઝૂંપડીમાં સોડ તાણીને સૂતો છે. ટોળાંમાંથી કો'કે બાવાને જગાડ્યો.

બાવો કહે: 'મને જગાડશો નહિ. ગઈ રાતે આવ્યું હતું તે લાડવાનું સ્વપ્ન લાવવા હું મથું છું.'

સ્વપ્નના લાડુ આવે નહિ ને લોકો જમે નહિ.

સંયોગની વાતો આવી છે. સ્વપ્ન સત્ય હોતું નથી. સ્વપ્નને સત્ય માને તે મૂર્ખ. સંયોગોને પણ સત્યની

રીતે સ્વીકારવાની આપણી આ દુન્યવી પરંપરા ભ્રામક છે. ખોટી છે.

આ વિચારથી જ રાજકુમાર સ્કંધકકુમારે નવા નવા સંયોગો ઊભા કરવાનું બંધ કર્યું. પીડા જનક કામો ન કરવાં. પીડાનાં જન્મદાતા કારણો દૂર થાય તો ખુશી થવાનું કે દુઃખી થવાનું?

કોઈને બે–ચાર મકાનો હોય અને એકાદ મકાન જમીમાં જાય અથવા મકાન વગરનો કોઈ તે મકાનને ખાલી ન કરે તો તેનો કબજો મેળવવા તે મકાનમાલિક ધમપછાડા કરે. કાયદાનો આશરો લઈ તેને પાછું મેળવવા માટે નાણાંનો અને પોતાના કિંમતી વખતનો વ્યય કરે. પણ 'ભલું થયું ભાગી જંજાળ' એવું માનનારા કેટલા? એ મકાનને છોડવું નથી ખમાતું તો પછી આ ચોવીસ કલાકના સાથીને છોડવાનું કેમ ખમાય? કુટુંબને છોડીને આખો દિવસ દુકાનમાં બેસો છો તેનું મુખ્ય કારણ શું છે? દેહ મેળવતાં મૂંઝવણ થાય તેમ તેને મેલતાં પણ મૂંઝવણ થાય. પરંતુ જેને મેળવતાં મૂંઝવણ ન હોય તેને મેલતાં પણ મૂંઝવણ ન હોય.

આ સંયોગની બીજી બાજુ વિયોગ ના દેખાય તે માટે રાજકુમારે સંયમ સ્વીકાર્યો. અઢારેક વર્ષના યુવાનને કોઈ પૂછે કે તું સુખી કે દુઃખી? તો 'કહેશે કે તે દુઃખી' કારણ પૂછતાં તે જણાવશે: 'એકલો છું.' પરણ્યા પછી

પૂછવામાં આવે તો જવાબ આપશે : 'સંતાન નથી માટે'. દુઃખી. સંતાન થયા પછી કોઈ પૂછે કે હવે તું સુખી કે દુઃખી ? જવાબ મળશે: 'દુઃખી.' 'ભાઈ અત્યારે પણ દુઃખી ?' જવાબ મળશે: 'પુરું નથી થતું માટે.' તો પછી માનવી તું સુખી ક્યારે ? કદાચ, ક્યારેય નહિ!

કોઇને વહાલાં બનાવીને દવલાં બનાવવાં, મિત્ર બનાવીને શત્રુ બનાવવા તેના કરતાં મિત્રો કે વહાલાં ઊભાં કરવાં જ નહિ. કાદવમાં હાથ બોળવા જ નહિ જેથી તે હાથ ધોવાનો પ્રશ્ન જ ન આવે. આ બધું વિચારીને જ રાજકુમારે સંયમ સ્વીકાર્યો હતો.

હવે આ બાજુ નમૂચી રાજાજ્ઞાની મહોર લઈને આચાર્ય ભગવાન પાસે આવ્યો.

જાહેરાત નમૂચીએ વાંચી સંભળાવી. આચાર્ય ભગવાનસહિત સૌ મુનિઓ આ હુકમ શાંત ચિત્તે સાંભળી રહ્યા. નમૂચીએ એક ખાસ પ્રકારની મોટી ઘાણી તૈયાર કરાવી એક પછી એક સૌ મુનિઓએ આ ઘાણીમાં તલની માફક પીલાઈ જવાનું હતું. મુનિઓએ તે કબૂલ કર્યું. ચૂપચાપ જે આવ્યું તે વધાવી લેવું.

મુશીબતને હર્ષપૂર્વક વધાવી લે તેનું નામ સંત. ગુરુનું વચન એટલે શિષ્યનું કર્તવ્ય. આચાર્ય ભગવાન આ ૫૦૦ મુનિઓના નાયક હતા. તેમની આજ્ઞા એટલે કર્તવ્ય.

દેહ અને આત્મા ભિન્ન છે કોઈ કાળે તે એક નથી. આ જ્ઞાન તો ક્યારનું અંતરમાં રમતું હતું. એ જ્ઞાન આચરવાનો સમય હવે આવી ગયો. આત્મા તો શાશ્વત રહેવાનો છે. તો પછી દેહના બંધનથી છૂટો પાડવામાં આનાકાની શા માટે ? સૌ એક પછી એક ઘાણીમાં પીલાવા લાગ્યા. લોહીની ધારા વહેવા લાગી. સંધ્યાથી સવાર સુધી આ કૃત્ય ચાલતું રહ્યું. દ્વેષ, સંઘર્ષ અને અધમતાની મૂર્તિ જેવો નમૂચી પોતાને મળેલી સત્તાનો બેફામ દુરુપયોગ કરી રહ્યો છે.

અનિયંત્રિત સાપ, કાબૂવિનાનો દુર્જન–આ બન્ને ભયંકર છે. મુનિઓ પીલાઈ રહ્યા હતા ત્યારે તેમના કર્મો પણ સાથે પીલાઈ રહ્યાં હતાં. તેમાં બાલ હતા, વૃદ્ધ હતા, અને યુવાન પણ હતા. આપણને એમ થશે કે આટલી સ્થિરતા ક્યાંથી આવી ?

પાણીનો સ્વભાવ ઠંડક આપવાનો છે. પાણી અગ્નિને ઓલવે છે. તે પાણી આગથી ગરમ પણ બને છે. સરોવર નીચે ખોદીને ભઠ્ઠી કરવામાં આવે તો ગરમ થાય ? પાણીને ગરમ કરવા માટે તો તેને વાસણમાં ભરવું જોઈએ. પછી વાસણ અગ્નિ ઉપર મૂકવામાં આવે તો તે પાણી ગરમ થાય. પાણીને પાત્રનો સંયોગ થયો છે તે કારણે તે ગરમ થાય છે.

જે પાણીની તાકાત આગને ઠારવાનું કામ કરી શકે

છે તે જ પાણીને પાત્રનો સંયોગ થતાં તે જ આગ તેને ગરમ કરી શકે છે. આત્માની તાકાત કર્મનો નાશ કરી નાંખે છે. પણ એ જ આત્માને જો દેહનો સંયોગ થાય તો કર્મ આત્માને રાંક બનાવી મૂકે છે. અર્થાત્ આત્માને રઝળતો કરે આ સુંદર રહસ્ય તે સમયે આચાર્ય ભગવાન મુનિઓને સમજાવી રહ્યા હતા.

નેતાની ફરજ છે કે, આશ્રિતોનું અકલ્યાણ ન થાય તે તેણે જોવું જોઈએ. એકેક મુનિ પીલાતા જતા હતા. કર્મ પણ પીલાતાં હતાં. સાથે સાથે દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ પણ કરતા જતા હતા.

આ બધા કર્મ ખપાવે છે જ્ઞાનથી કે બીજાથી ? તેનો જવાબ છે, શુકલધ્યાનથી. આ શુકલધ્યાન અભ્યંતર તપનો ભેદ છે. શુકલધ્યાનમાં જ્ઞાનયોગ અને કર્મયોગ સમાઈ જાય છે.

તલમાંથી તેલ જુદું. દેહમાંથી આત્મા જુદો. આમ સમજનારા મુનિઓ એક પછી એક ઘાણીમાં પીલાતાં પીલાતાં આંકડો ૪૯૯ સુધી પહોંચ્યો. આ બધાના અંતરમાં સ્વયંભૂ રમણસમુદ્ર જેટલી સમતા સ્ફુરી રહી. આવા સ્થૈર્યાત્મા મુનિઓની સાથે જગતના કોઈ પણ પદાર્થની સરખામણી કરી શકાય ? ન જ કરી શકાય. એમ વાચકવર્ય શ્રી યશોવિજયજી મહારાજ શમાષ્ટકમાં જણાવે છે.

જ્યારે પાંચસોમા મુનિનો વારો આવ્યો ત્યારે

આચાર્ય ભગવાન નમૂચીને સંબોધી બોલ્યા કે, 'હવે બે પળ તું થોભી જા.

નમૂચી કહે: 'શા માટે થોભું ?'

આચાર્ય ભગવાને કહ્યું, 'આ બાલ છે તેના ઉપર મને સ્નેહ છે. માટે તેના પહેલાં મને બલિદાન આપવા દે કારણ કે, મારી દૃષ્ટિ સમક્ષ ૪૯૯ પીલાયા તો પણ મને મોહ આવ્યો નથી પણ કદાચ આ બાલમુનિ વખતે મને મોહ ઉભરાઈ આવે તો મારું અકલ્યાણ થાય.'

નમૂચી બોલ્યો: 'તમારું અકલ્યાણ થાય તો જ તમારા ઉપરનું વૈર હું પૂર્ણરૂપે વાળી શકું એટલા માટે તો આ પ્રયત્ન કરું છું. તમારું કલ્યાણ થાય એવું નહિ થવા દઉં, માટે તમારા દેખતાં જ હું તેને પીલવાનો.'

આચાર્ય ભગવાનની સમતા તૂટી, સામી બાજુ દુષ્ટતાની અવધિ આવી ગઈ. ૫૦૦ દેહની અનિત્યતા અને આત્માની શાશ્વતતાએ નિર્વાણ પામ્યા. આચાર્ય ભગવાનને એ પ્રસંગ ન મળ્યો. સમતાના બંધ તૂટી ગયા. છેલ્લા બાલમુનિને પોતાની નજર સમક્ષ પીલાતા જોઈ કરુણામય આચાર્ય ભગવાનના હૃદયમાં વૈરની ભાવના જન્મી.


મનમાં નક્કી કર્યું કે, આ દુષ્ટનો અને તેનું પાલન કરનાર રાજાનો વિનાશ કરવો જ જોઈએ. આ વૈરની ભાવનાથી આચાર્ય ભગવાન ઘાણીમાં તો પીલાયા પણ કર્મને ન પીલી શક્યા.

દેહના બલિદાનમાં સહેજ ખામી આવી જાય તો આત્માનું ઉર્ધ્વગમન ન થઈ શકે. ૫૦૦ મુનિઓ લક્ષ્યપૂર્વક પોતાના દેહનું બલિદાન આપી ગયા ને તેમનું ઉર્ધ્વગમન થઈ ગયું પણ આચાર્ય ભગવાનને તે ન આવડયું. કષાયોએ કાબૂમાં ન રહેવા દીધા જેથી 'દુષ્ટોનું પણ કલ્યાણ થાઓ' એ ભાવના વેગળી મૂકી બીજા જન્મમાં આખા રાજ્યને આ દુષ્ટસહિત બાળીને ભસ્મીભૂત કરી નાંખ્યું. તેમણે જે રીતે પોતાના દેહનું બલિદાન આપ્યું તે પેલા ૫૦૦ મુનિઓ કરતાં ભિન્ન હતું.

દેહનું બલિદાન તો તેઓ આપતા ગયા પણ તે સ્થૂળ દેહનું. સ્થૂળ અને સૂક્ષ્મ–બન્નેનો જ્યાં સુધી ત્યાગ ન થાય ત્યાં સુધી આત્માનું ઉર્ધ્વગમન ન સંભવે. ૫૦૦ શાશ્વત ધામને પામ્યા. તેમનું ઉર્ધ્વગમન થયું. તેમના નાયક અગ્નિકુમારના દેવ તરીકે ઉત્પન્ન થયા. બલિદાન આપ્યા છતાં ઉર્ધ્વગમન અટકી ગયું.

આપણે સમજપૂર્વક દેહનું બલિદાન આપવાનું શીખીએ. સમજપૂર્વકનું દેહબલિદાન આત્માનું ઉર્ધ્વગમન કરે જ. આપ સૌમાં એવા બલિદાનની ભાવના જાગે એવી શુભેચ્છા!

卐



## રાગનું રમખાણ અને વિરાગનો વિજય

[ ૬ ]

**भोगान् कृष्णभुजङ्गभोगविषमान् राज्यं रजःसंन्निभं**
**बन्धून्बन्धनिबन्धनानि विषयग्रामं विषान्नोपमम् ।**
**भूतिं भूतिसहोदरां तृणमिव स्त्रैणं विदित्वा त्यजन्**
**तेष्वासक्तिमनाविलो विलभते मुक्तिं विरक्तःपुमान् ॥**

[ सि. प्र. ]

### રાગ-વિરાગ

જ્ઞાની પુરુષો કહી ગયા છે કે, જગતની અંદર બે પ્રકારનાં તોફાનો ચાલી રહ્યાં છે; જેમાંનો એક પ્રકાર છે બાહ્ય તોફાનોનો અને બીજો પ્રકાર છે અભ્યંતર તોફાનોનો.

બાહ્ય તોફાનો માનવ માનવ વચ્ચે અશાંતિ ઊભી કરે છે, પાડોશી પાડોશી વચ્ચે અસંતોષ જગાવે છે, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે અથડામણો સરજાવે છે. પણ અભ્યંતર તોફાનો તો અંતરમાં જ તોફાનનો દાવાનળ પ્રગટાવે છે. આ તોફાન વ્યક્તિના અંતરમાં પ્રગટે છે છતાં સમગ્ર વિશ્વમાં ડામાડોળ સ્થિતિ પેદા કરે છે, આ તોફાન હૈયામાં ઉદ્ભવે છે છતાં સમસ્ત વિશ્વને આવરી લે છે.

હૈયામાં ઉત્પન્ન થતી બે ચિત્તવૃત્તિઓ છેઃ રાગ અને વિરાગ. રાગ-વિરાગની દુનિયા માનવીને કઈ દિશામાં દોરે છે, એ આપણે જાણવાનું છે. રાગનો અર્થ જગતના બાહ્ય પદાર્થો તરફનું મમત્વ. જ્યારે વિરાગનો અર્થ જગતના આ બાહ્ય પદાર્થો તરફના મમત્વને છોડી દેવું તે. બન્ને વિપરીત અર્થવાળા શબ્દો છે. આ તેની ટૂંકી પરસ્પર વિરોધી વ્યાખ્યા થઈ. પણ જ્ઞાનીઓના મત મુજબ આટલી ટૂંકી વ્યાખ્યાએ કાર્ય પતતું નથી, તે માટે જરા વિસ્તારપૂર્વક વિચારવું જોઈએ.

વિરાગનો માર્ગ રાજમાર્ગ નથી. તે માર્ગ તો નાની સાંકડી ગલી જેવો, પહાડની ઊંચીનીચી વાંકીચૂકી અને અસમાન કેડી જેવો છે. સહેજ નજરચૂક થઇ તો સીધા ખીણમાં.

તત્વજ્ઞાનીઓ કહે છે કે, દોરડા ઉપરનો નટ જેમ પોતાનું ધ્યાન કેન્દ્રિત કરીને પોતાનું સમતોલપણું જાળવે છે, તેવી જ રીતે વિરાગના માર્ગે ચાલનાર પોતાના ધ્યાનને સ્થિર બનાવે તો જ તે પાર ઉતરી શકે. થોડી પણ અસાવધતા રાગના માર્ગે ખેંચી જાય. વિરાગના માર્ગે પૂરતી સાવધતા હોય તો જ આગળ ધપાય.

પદાર્થની બંને બાજુ નિહાળો. એક બાજુ રાગ હોય તેની બીજી બાજુ વિરાગ હોય જ. સૂક્ષ્મતાથી જોતાં જણાશે કે જ્યાં રાગની છાયા છે ત્યાં વિરાગની છાયા પણ હોય છે રાગમાંથી વિરાગની સિદ્ધિ તરફ જવાનો આ જીવનનો

ઉદ્દેશ છે. એક જ જગ્યાએ બે કાર્યની સિદ્ધિ કેવી રીતે થાય? એકનો અર્થ છે આંધી અને બીજાનો અર્થ છે આંધી ઉપરનો વિજય. એકમાં ચિત્તવૃત્તિઓ ડામાડોળ થાય જ્યારે બીજામાં ચિત્તવૃત્તિઓ નિર્વિકારપણે શાંત થાય.

નીતિકારો કહે છે કે, વિરાગના માર્ગનો આશ્રય એટલે ઝેરી સાપને હાથમાં રમાડવા જેવી સ્થિતિ. જે સાધનાનો માર્ગ આટલો મુશ્કેલ છે તેનો સાધક પણ પૂરો શૂરો જોઈએ. તેમાં કાયરનું કામ નહિ. વિરાગના માર્ગે ચાલવું એટલે બળબળતી આગમાં હાથ બોળવો.

વૈરાગ્ય મુશ્કેલ લાગે છે. રાગમાં સંભાળવાનું શું? કશું જ નહિ. પણ વિરાગમાં તો ઘણું સંભાળવું પડે. એટલે તો દુનિયા કહે છે કે, **"માથું મૂંડાવે શું, મન મૂંડાવવું જોઈએ."** આમાં એ સૂર નીકળે છે કે, હૈયામાંથી રાગને દૂર કર્યા વગર વિરાગ કઠિન છે. હૈયામાંથી જ્યાં સુધી રાગવૃત્તિ સંપૂર્ણપણે દૂર ન કરવામાં આવે ત્યાં સુધી વિરાગ અતિ દુષ્કર છે, વિરાગ ન આવે ત્યાં સુધી રાગ-વૃત્તિ રાગના પદાર્થોમાં ભટકતી જ રાખે.

રાગનું રમખાણ મચ્યું હોય ત્યારે મન રાગના પદાર્થોને શોધે. પણ એ હૈયામાં તે રાગના પદાર્થોને બદલે આપણે તો વિરાગની નિર્વિકાર શાંત ભાવનાની જ સ્થાપના કરવાની છે.

શબ્દમાં એક ઉપસર્ગ વધારવામાં આવે અને બીજા-માંથી એક ઉપસર્ગ ઘટાડવામાં આવે એટલો ફરક છે રાગ

-વિરાગમાં છે, બહુ ઝાઝો ફરક નથી. 'વિ' એકમાં વધારે અને એ જ 'વિ' એકમાં ઓછો. પણ એટલા એ 'વિ'ની અંદર જ સંપૂર્ણ રહસ્ય સમાએલું છે. એ રહસ્ય જીવનનું રહસ્ય છે.

રણમેદાનમાં સેનાપતિ લડાઈ જીતે તો વિજય મળે. હારે તો નામોશી મળે. બે પક્ષો સામસામા ચૂંટણી લડે-જીતે તેને ખુરશી મળે અને હારે તેને ઘેર બેસવાનું. તે મુજબ આ રાગ-વિરાગની આંતરિક લડાઈ છે-હારે તે નાશ પામે, જીતે તે જીવી જાય.

દરેક વાતને સૂક્ષ્મ રીતે સમજવામાં ન આવે અને માત્ર બહારથી જ જોઈને અભિપ્રાય બાંધવામાં આવે તો તો તેમાં કેટલું જોખમ છે તે સૌએ જાણી લેવું જોઈએ.

**રાગનો અંધાપો**

બહારથી આકર્ષક એવા કોઇ મકાનને જોઇ તમે મોહ પામી તે ખરીદ કરવાનું નક્કી કરો તો શું થાય? એક મકાન હોય તેને કોઇ ભાડે ન રાખતું હોય તો તે મકાનને તેનો માલિક બહારથી રંગ-રોગાન કરાવે. બારી-બારણાં, ભીંતો વિ. સુંદર ઓઇલ કલરથી રંગાવે અને તેનો બાહ્ય ભાગ એવો સુશોભિત કરાવે કે જોનારની આંખમાં વસી જાય.

મકાન સુંદર છે એમ જોઈ કોઈ પૂછે. મકાન ભાડે આપવું છે?

માલિક કહે, 'હા'

'બોલો શું ભાડું?'

માલિક: ‘આટલા રૂપિયા, પણ ચાર માસનું ભાડું પહેલાં આપવું પડશે.’

રહેવાની ઉતાવળ હોવાના કારણે ચાર માસનું ભાડું અગાઉથી આપી દીધા પછી.

મકાન માલિક પાસેથી ચાવી લઈ અંદર ગયા. પણ ઘરમાં તો મરેલા ઉંદરો.. તેમાંય પ્લેગનો રોગચાળો. હવે શું કરવું? ભાડું મૂકીને જ નાસવું પડે ને!

પ્લેગનો ભય જે સમજ્યો હોય તે તો નાસે જ. બહારથી સારું પણ અંદરથી પોલું! ઊંડા ઉતરીને વિચાર કરો ત્યારે રાગનું તોફાન પણ આ મકાન જેવું જ બહારથી ભવ્ય પણ અંદરથી પોલું છે તે સમજાય. જો દુનિયામાંથી ‘રાગનું રમખાણ.’ વિદાય લે તો સર્વત્ર શાંતિ સ્થપાઈ જાય, જે વિશ્વ આજે ધગધગતી આગ જેવું લાગે છે તે બીજી જ પળે શાંતિવાળું બની જાય.

જ્યાં સુધી ભર્તૃહરિ પિંગલાને પોતાની માનતો હતો–પિંગલાને પ્રેમ–પાત્ર–માનતો હતો, ત્યાં સુધી તેને બીજી બાજુ દેખાતી જ ન હતી. કારણ કે, તેના હૈયામાં રાગ ભરેલો હતો. પોતાના માજણ્યા ભાઈ વિક્રમને દેશવટો આપવાનો પ્રસંગ ઊભો થાય છે. પિંગલાના કારણે એમ બન્યું હતું. પણ વિક્રમ આ બધાથી અજાણ હતો. પિંગલાની આંખમાં તે કણાની માફક ખૂંચતો હતો. રાગમાં ભૂલા પડેલા ભર્તૃહરિના કાનમાં પિંગલા ઝેર ભરે છે કે, “વિક્રમ ઉપર કાબૂ રાખો નહિ તો મારું

જીવન ભયમાં છે, આપની ગેરહાજરીમાં તે મારી પાસે અણઘટતી વાત કરે છે. નગરમાં પણ તેની ઘણી બૂમ છે." વિ. વિ.

રાજા ભર્તૃહરિએ કશું જાણ્યા સિવાય વિક્રમને દેશવટો આપી દીધો. હૈયામાં પિંગલા પ્રત્યેનો રાગ હતો. માટે તે સગા ભાઈને કાઢતાં પણ અચકાયો નહિ. અરે! આ બાબતની સત્યાસત્ય જાણવાની કોશિષ પણ કરી નહિ.

ભાઈ એટલે બે હાથ પૈકીનો એક હાથ. તે હાથ ભર્તૃહરિએ કાપીને ફેંકી દીધો.

જ્યારે ભર્તૃહરિને આ કારસ્તાનની સાચી જાણ થઈ ત્યારે તે બધું જ છોડીને ચાલ્યો ગયો. અર્થાત્ તેના હૈયામાં વિરાગની ભાવનાએ જન્મ લીધો. તેથી બધાંને છોડીને ચાલી નીકળ્યો. નાની પુત્રી કૃષ્ણ કહેવા માંડી: 'તમે જાઓ તો મારું શું?

ભર્તૃહરિ કહે: 'તું માને છે પણ હવે હું કશું મારું માનતો નથી. હવે તો મારા હૈયામાં એક ઉપસર્ગ વધ્યો છે. રાગ આજ સુધી હતો તેમાં 'વિ' વધ્યો એટલે વિરાગ થયો.

## ચિત્તવૃત્તિનો તાગ

**भोगान् कृष्णभुजंगभोगविषमान्**

નજર સામે આવતા ભોગોને ભયંકર સર્પરૂપે માનવાના છે. પણ આ વાત કઠિન છે. જગતના ભોગમય પદાર્થોને વિનાશીસ્વરૂપે જાણવા તેનું નામ વિરાગ. કદાચ પહેલાં

પદાર્થોનો તમે બાહ્ય ત્યાગ કરો. પણ તે તો સ્થૂળ ત્યાગ છે. હકીકતમાં તો,

**નિરખીને નવયૌવના લેશ ન વિષય નિદાન ।**
**ગણે કાષ્ટની પુતળી તે ભગવાન સમાન ॥**

આ સ્થિતિ જ્યારે પેદા થાય ત્યારે સૂક્ષ્મ-વૈરાગ્યની ભૂમિકાએ આપણે પહોંચ્યા કહેવાઇએ. ચીજ તેની તે છે માત્ર દૃષ્ટિ ફેરવાઈ એટલું જ.

જ્ઞાનીઓએ કહેલી ઉપરની રીતે પદાર્થોનો અનુભવ કરવો એનું નામ વિરાગ. તમારી વચ્ચે પડેલા ભોગોને ભયંકર ભોરીંગના રાફડા માનો. બધું કેળવી શકાશે, પણ હૈયામાં પડેલી રાગની ચિત્તવૃત્તિઓનો તાગ કેળવી શકાશે ? શું તમારે માટે તે સહેલ છે ?

દરિયાને સદાકાળ ડહોળનાર પણ તળિયાને પામી શકતો નથી તો પછી મનુષ્યના હૈયાની ચિત્તવૃત્તિઓનો તાગ કેવી રીતે મેળવવો ? તળિયાને જ ઓળખતો ન હોય તેને તેમાં કાંકરા છે કે રત્નો તેની શી ખબર પડવાની હતી ? જ્યાં સુધી ચિત્તવૃત્તિનો તાગ ન મેળવવામાં આવે ત્યાં સુધી રાગ કે વિરાગની સત્યાસત્યતા મનાય કેવી રીતે ? એ જાણવા ચામડાની આંખ સાધન તરીકે કામ લાગે નહિ.

**સ્વાધીન-પરાધીન**

આજના વાતાવરણમાં ટૂંકી દૃષ્ટિનો રોગ ફેલાએલો છે. પહેલાં આટલાં ચશ્માં પહેરાતાં હતાં ? સાત આઠ

વર્ષના છોકરાંને પણ હવે તો ચશ્મા પહેરવાં પડે છે. જેવી રીતે આંખને ટૂંકી દૃષ્ટિનો રોગ લાગ્યો તેવી રીતે હૈયાને પણ ટૂંકી દૃષ્ટિનો રોગ લાગ્યો છે. થોડી ઘણી ઉકેલ લાવવાની તાકાત પણ ક્ષીણ થતી જાય છે. આવી ટૂંકી દૃષ્ટિવાળો જ રાગના રમખાણમાં વ્યસ્ત રહે છે. તેના માટે વિરાગનો વિજય દૂર રહે છે. તેને તો માત્ર રાગની એક જ બાજુ દેખાય છે, વિરાગની બીજી બાજુ તો દેખાતી જ નથી.

એક પદાર્થની એક બાજુની કલ્પના કરો. તેમાં પરાધીનતા દેખાશે તેના તે જ પદાર્થની બીજી બાજુની કલ્પના કરો તો તેમાં સ્વાધીનતા પણ નજરે ચડશે.

એક પદાર્થની બે બાજુ હોય છે તેમ માનવ માત્રની ચિત્તવૃત્તિની બાજુઓ પણ બે હોય છે: એક રાગની, બીજી વિરાગની. એક પદાર્થ ઉપર રાગની કલ્પના કરો ત્યાં પરાધીનતા પણ દેખાશે. એ જ પદાર્થ ઉપર વિરાગની કલ્પના કરો તો સ્વાધીનતા (મુક્તિ) પણ દેખાશે. એક પદાર્થ ઉપર રાગની કલ્પના કરો તો શાપ દેખાશે, વિરાગની કલ્પનાથી આશીર્વાદ દેખાશે. રાગની કલ્પનાથી વિનાશ દેખાય તે જ પદાર્થ ઉપર વિરાગની કલ્પનાથી અવિનાશી ભાવ પણ દેખાય રાગની કલ્પનાથી ભય જણાય ત્યારે વિરાગની કલ્પનાથી નિર્ભયતા આવે.

બંને બાજુ ઉપર રાગ અને વિરાગ છવાએલો છે.

પદાર્થ ઉપર રાગ ધારણ કર્યો હોય તો તે સ્વાધીન

ગણાય કે પરાધીન ? તુરત જ એક જ જવાબ મળવાનો પરાધીન–રાગોનો ગુલામ. જે જે મહાપુરુષોએ વિરાગની કલ્પના કરી છે તે બધા સ્વાધીન કે પરાધીન ? સ્વાધીન જ. એવા વૈરાગીને પરાધીનતા સંભવી જ ક્યાંથી શકે ?

ભોગના પ્રસંગ આવે તો જ્ઞાનીઓ નક્કી કરી લે કે, આમાં તો જકડવાનું જ છે. અઢાર વર્ષનો ખીલે બંધાય તો શું દશા થાય ? પૂછડું વળગે એના કરતાં 'ફક્કડ ગિરધારી' હોય તો ? તે તો નીકળી જ જાય. આમ જેને લફરું ન હોય તે સ્વાધીન. પદાર્થ પર રાગ એટલે પરાધીનતા અને વિરાગ એટલે સ્વાધીનતા.

રાગની ચિત્તવૃત્તિના પરિણામે જેના ઉપર રાગની વૃત્તિ સ્થિર કરી તે પદાર્થ વિનાશી કે અવિનાશી કહેવાય ?

એક બાળક રડતું હોય તે શાંત ક્યારે થાય ? તે જ સમયે તેને રમકડું આપવામાં આવે તો તે રડતું બંધ થઈ જાય છે. પણ તેય બે ચાર મિનિટ માટે જ, બાળકનો સ્વભાવ મમતાથી બંધાએલો હોય છે. જો તે રમકડું તૂટે તો એ પહેલાં કરતાં વધારે રડે છે. કારણ કે હૈયામાં રાગની કલ્પના હતી. રમકડાંનો વિનાશ થતાં રાગને આઘાત લાગવાથી જ રડવાનો પ્રસંગ ઊભો થયો, નહિ તો આમ ન જ થાય. સંસારમાં સ્વાર્થ હોય, સંબંધ હોય, મમતા હોય ત્યારે રડવાનું થાય છે !

રાગ કેવો ? વિનાશી. એના એ પદાર્થ ઉપર

વિરાગની કલ્પના કરો તો વિનાશ છે જ નહિ. જ્યાં સુધી એ સાધનો રાગનાં છે ત્યાં સુધી રમખાણુ–વિનાશ અને ત્યાં સુધી જ પરાધીનતા !

ઘેર કશું ખાવા નહિ. પત્ની અને પતિએ વિચાર કર્યો. કરવું શું ? નગરમાં તો આજીવિકા મળતી નથી, તો હવે શું કરવું ? પરદેશ કમાવા જવું એમ નક્કી થયું. પણ પાછળ ચાર વર્ષનો છોકરો હતો તેનું શું થાય ? પત્નીએ પતિને આશ્વાસન આપ્યું કે તમે ખુશીથી જાવ હું તેનું જતન કરીશ. જે રીતે જીવાશે તે રીતે જીવીશું પણ મુશ્કેલી દૂર કરવાનો માર્ગ કરો. પતિ મક્કમ વિચાર કરીને પરદેશ ગયો. જ્યાં રાગ ત્યાં પરાધીનતા. તમે કહેશો કે લીધેલી ફરજ અદા ન કરે તો જગત તેને ગાંડો કહે, પણ આપણે જ નક્કી કરીએ કે એવા જગતમાં જ નથી રહેવું તો પછી કોણ કંઈ કહેવાનું છે ?

## ત્યાગનું જીવન

આ જગત કેવું ખરાબ છે ! ભર્તૃહરિનો દાખલો જુઓને ! નગર બહાર રાજા ભર્તૃહરિ–ના હવે રાજા નહિ, ભેખધારી ભર્તૃહરિ ઝાડ નીચે સૂતો છે. રાજાનો જીવ સુખમાં પડેલો એટલે ત્યાગનું જીવન કેળવતાં વાર લાગે. અહીં મનગમતી ચીજો ન હોય, મનભાવતાં ભોજન ન હોય, ભિક્ષા માગીને જ જીવન વ્યતીત કરવાનું. માથા નીચે ઓશિકું મૂકવાની :જૂની–પુરાણી આદત જતી ન

હતી. પણ અહીં ઓશિકું ક્યાં? એક પથ્થર માથા નીચે મૂકીને સૂતા છે. ત્યાં પનિહારીઓ પસાર થાય છે, તેમાંની એક પનિહારી કહે છે: "જુઓ તો ખરા, રાજપાટ છોડીને ત્યાગી બન્યા છે ને હજુ ઓશિકાનો મોહ તો જતો નથી."

આપણે વિચાર કરીએ છીએ કે સાધુમહારાજને શું દુઃખ છે? કંઈ ચિંતા જ નહિ. અરે ભાઈ, અહીં ક્યાં તાળાં માર્યાં છે તું જ આવી જાને? તું શા માટે તકલીફ ઉઠાવે છે? તને તકલીફો ગમે છે? માટે તો તકલીફો વગરના નાં વખાણ કરે છે, 'ખાવું' પીવું ને સૂઈ રહેવું. પણ આવોને! બહારથી જ માત્ર જોવું છે ને! પણ આ જીવનમાં આવોને! સ્પર્શ તો કરી જુઓ આ જીવનનો!

ત્યારે વિરાગ કઠિન છે, રાગ સહેલો છે.

એકમાં લાભ વધારે છે તો સાથે જોખમ પણ વધારે છે, જ્યારે બીજામાં લાભ થોડો છે અને જોખમ પણ ઓછું છે.

શાક વેચનારને જો ભાવમાં વધઘટ થાય કે બજાર ઊંચા-નીચા થાય તો તેને એક દિવસમાં કેટલી ખોટ જાય? પાંચ-દસ રૂપિયાની.

ત્યારે શેરબજારવાળાને પાંચ-દશ શેર હોય અને બીજી જ મિનિટે દશ ટકા ભાવ ઊતરી જાય તો કેટલું નુકશાન જાય?

પચાસ રૂપિયા. મળે તો પાંચસોય મળે.

જ્યાં પ્રાપ્તિ વિશેષ ત્યાં જોખમ પણુ વિશેષ. રાગમાં કાંકરા ભરેલા છે, જ્યારે વિરાગમાં અવિચળ સંપત્તિ. માટે જ તે અતિ કઠિન માર્ગ છે.

એક હાથમાં સાપને રમાડતા હો પણ બીજા હાથમાં ગારુડીવિદ્યાના જાપ ન હોય તો શું થાય ? ઝેર ચઢે. મૂર્છા અને મોત....મૂર્છા ઉતારનાર-ઝેર ઉતારનાર કોઈ ન મળે તો મૃત્યુ. હાથમાં સાપ રમાડતાં ન આવડે એટલે આવું થાય.

વિરાગના માર્ગે પણ ગારુડી—સાપ પકડનાર જેવું જ છે, ન ચાલતાં આવડ્યું તે ત્યાંથી પટકાવવાનો જ. એવી રીતે પટકાએલા ક્યાં રખડે છે તેનો પત્તો નથી લાગતો. પણ જે નથી પટકાયા અને સીધા રસ્તે ચાલ્યા છે. તેમને અપૂર્વ પ્રાપ્તિ થાય છે. વાત એક જ છે. જગતમાં જોખમ ભયંકર હોય છે એટલે સમસ્ત જગતથી પર થવું. એ જ સહેલામાં સહેલો માર્ગ છે. જગતમાં રહી વિરાગી થવામાં જોખમ છે. જંગલમાં રહેવાનું હોય તો ? કદાચ ઓછું જોખમ ભયંકર ભોગના વાતાવરણમાં રહી ત્યાગને કેળવવાનો પ્રયત્ન કરવામાં બહુ મુશ્કેલી હોય છે.

આંખવાળો આંખથી જોઈ શકે, કાનવાળો કાનથી સાંભળી શકે; તેથી ઊલટું, આંધળો ચૂપચાપ બેસી રહે છે. તેમ કશું જોયા સિવાય આંખોવાળો આંખો બંધ કરી બેસી શકશે ? કાનવાળો સાંભળ્યા સિવાય, નાકવાળો શ્વાસ લીધા—સિવાય ચૂપચાપ બેસી શકશે ? વધારે નહિ, ચોવીસ કલાકે ચૂપ બેસી શકે ?

ના, બેસી શકે. તે પ્રમાણે રાગના પદાર્થોમાં વિરાગની કલ્પના કરવી કઠિન છે.

પળે પળે ભાવો બદલાતા હોય તે જગતનો વિશ્વાસ શો ? ક્ષણ પહેલાં શું હતું અને ક્ષણ પછી શું હશે? આવા પરિવર્તનશીલ જગતનો વિશ્વાસ શો ?

પનિહારીઓના શબ્દો ભર્તૃહરિ સાંભળે છે. વિચાર કરી તે સીધા ચત્તાપાટ સૂઈ રહ્યા. બીજી પનિહારી બોલી કે, 'રાજ છોડયું ને હજુ ચટકો તો જતો નથી. જોને ! આટલું કીધું એમાં તો આવડું મોઢું ચડી ગયું. આમ જગતની દૃષ્ટિ સમક્ષ રહીને ચાલે તો તે મુશ્કેલ છે. જગતનો વ્યવહાર જ એવો છે કે તે ભલભલાને અકળાવી મૂકે. આજે જગતના વ્યવહારની દૃષ્ટિએ ચાલે તો રહેવું મુશ્કેલ બની જાય. કયું સારું ને કયું નહિ ? તે પોતાની દૃષ્ટિથી જોવું જોઇએ. પણ આ બાબત રાગના રમખાણવાળાને દેખાતી નથી. રાગ ઉપર વિજય કરનાર જ જોઈ શકે છે. જગતની દૃષ્ટિએ ચાલનારા જીવનમાં કંઈ પ્રાપ્ત કરી શકતા નથી.

તમો જગતથી બંધાએલા છો તેના વ્યવહારને ન અનુસરો તો ચાલે ? ન જ ચાલે.

જ્યારે વિરાગીને આ જગતનું બંધન નથી. જગતના—વ્યવહારોથી વિરાગીના વ્યવહારો ભિન્ન છે. વિરાગના વિજયીને લોક–સંજ્ઞાથી ગભરાવાની જરૂર હોતી

નથી–તે તો વિરાગમાં જ મસ્ત હોય, તેનો વિરાગ એ જ વિજય હોય છે.

પરદેશમાં ઘર છોડીને કમાવા ગયો તે સ્વાધીન કે પરાધીન ? પરાધીન. તેણે પરદેશમાં જઈ ઉદ્યમ કર્યો. બે –પાંચ વર્ષ વીતી ગયાં. કમાવાની ધૂનમાં બધું જ ભૂલી ગયો. આખી દુનિયાને ભૂલી ગયો. અર્થોપાર્જનમાં વ્યસ્ત-દામ અને કામમાં રગદોળાએલાને રામ યાદ ન આવે. દામ એટલે પૈસો; કામ એટલે ભોગ આ બંને પ્રવૃત્તિમાં દસ વર્ષ સુધી આને કશું યાદ ન આવ્યું. દામની કથામાં રામની ઉપાસના ક્યાંથી યાદ આવે ?

એક દિવસ અચાનક પાડોશીના ઘરમાં છોકરાંનું મધુર હાસ્ય અને સ્ત્રીનો પ્રેમાળ શબ્દ સાંભળીને તેને ઘરની યાદ આવી. વિચાર્યું કે જેના માટે આવ્યો છું તેના વિચાર જ નથી આવતા. તેમને તો આમ ભૂલી જ ગયો. આ પછી તેણે તમામ સંપત્તિ એકઠી કરવા માંડી. આવ્યો ત્યારે એકલો હતો, ફક્કડ હતો અને ચાલ્યો ત્યારે ? ઘણું મેળવ્યું. એની દૃષ્ટિએ, જગતની દૃષ્ટિએ પણ જ્યારે પૈસા થાય ત્યારે એકલાપણું હોતું નથી. પરદેશમાં આવીને તેણે પુરુષાર્થ કર્યો–પુરુષાર્થે એકલપણું ટાળ્યું.

માનવ જે કાર્ય સિદ્ધ કરવા ધારે તે સિદ્ધ કરી શકે છે. ટેલીફોન, રેડિયો વિગેરેનો શોધક કોણ ? માનવી જ, આપણા જેવા જ આકારવાળા માણસે આ શોધો કરી.

ભલે તે ભૌતિક સિદ્ધિવાળો હોય તોય માનવ તો છે જ! ભૌતિક સિદ્ધિ માટે પણ ચિત્તની એકાગ્રતાની જરૂર હોય છે. તેવી રીતે વિરાગના જીવનમાં પણ ચિત્તની એકાગ્રતા હોય તો વધુ પ્રાપ્ત કરી શકીએ. કોઈ ચીજ અશકય નથી. પણ આ જાતની ધૂન હોય તો જ એ બને. પુરુષાર્થ જ સિદ્ધિ માટેનું પ્રથમ પગથિયું છે.

સામે ભોજનનું ભરેલું ભાણું મૂકીને હાથપગ હલાવ્યા સિવાય સવારથી સાંજ સુધી બેસી રહો તો શું પેટ ભરાશે? ના, ભૂખે રહેવું પડશે. માટે જ પુરુષાર્થની જરૂર છે. પ્રારબ્ધ પુરુષાર્થના પ્રયત્ને સાધ્ય થવાનું જ.

વતનમાં ચાર વર્ષનો છોકરો ચૌદ વર્ષનો થયો. પોતાનો બાપ કોણ તે તેને ખબર નથી. હાલત ઘણી ગરીબ. જેમતેમ મજૂરી કરીને માતા પોતાનું અને છોકરાનું પૂરું કરતી હતી. કોઇક અટકચાળાએ આ છોકરાને ટોણો માર્યો કે, 'બેસને, તારો બાપ તો છે નહિ.' આ છોકરો ઘરે આવી માતાને પૂછે છે કે મારા બાપ કોણ? તે ક્યાં છે? માતા આંખમાં આંસુ સાથે છોકરાને સમજાવે છે કે, દસ વર્ષથી પરદેશ ગયા છે. પાછા ક્યારે આવશે તે જણાવ્યું નથી. કાંઈ જ પત્તો નથી તારા બાપનો. આ છોકરો હોંશિયાર હતો, સમજુ હતો. માતાની રજા લઈને તે બાપને શોધવા નીકળ્યો.

આ બાજુ પેલા શેઠ મુસાફરી કરતા ઠાઠમાઠથી

આવી રહ્યા છે. એક ગામને નાકે ધર્મશાળામાં પડાવ નાખ્યો. પોતાનો મોટો રસાલો પણ સાથે જ છે. ધર્મશાળાના નોકર-ચાકરે 'કંઈક મળશે' એ આશાએ શેઠની સરભરામાં કાંઈ ખામી રાખી નહોતી. રાત પડી. અચાનક શેઠને સંગીત સાંભળવાની ઇચ્છા થઈ. સાધનો સાથે જ હતાં. "**પૈસા હોય તે પાણીમાં પણ પાળ બાંધે.**" એ કહેવત યાદ છે ને? સંગીત શરૂ થયું. અડધા કલાકમાં પૂરબહારમાં સંગીત ચાલી રહ્યું. શેઠ પૂરા તાનમાં આવી ગયા. તેટલામાં કાન ભેદી નાખે તેવી ચીસો સંભળાઈ: 'મરી ગયો રે, મરી ગયો.' સંગીતમાં ભયંકર ધાંધલ મચી ગઈ.

શેઠ ગુસ્સે થયા. નોકરને આખરે સુચના આપી. નોકર તપાસ અર્થે ધર્મશાળાની બહાર આવ્યો ત્યારે બહારની ઓસરીમાં ફાટેલા લૂગડાંવાળો એક છોકરો પેટ ઉપર હાથ દાબીને ચીસાચીસ કરતો હતો. શેઠનો નોકર ધમકાવા માંડ્યો અને ચાલ્યા જવાની સૂચના આપી. ધર્મશાળાના રખેવાળે કહ્યું, 'બિચારો ગરીબ છોકરો છે. સાંજનું પેટમાં દુઃખવા ચડ્યું છે, માટે અહીં સૂવા દો. સવારે તે તેના રસ્તે પડશે.'

પણ શેઠને આ વાત પસંદ ન પડતાં તેમણે કહેવરાવ્યું કે, 'સંગીતમાં ખલેલ પડે તે અમને પોસાય નહિ. તેને હડસેલી મેલો નહિ તો અમે રસાલો ઉપાડી ચાલતા થઈએ.' ધર્મશાળાનો નોકર દયાવાન હતો છતાં તેણે વિચાર્યું કે,

આ ગરીબ છોકરાની દયા ખાવાથી શું મળશે ? પણ શેઠનો રસાલો જો જતો રહ્યો તો મને મળતું બધું ગુમાવીશ. બિચારા આ ધર્મશાળાના નોકરના હૈયામાં પણ રાગનું રમખાણ રમતું હતું. એક બાજુ કાતિલ ઠંડી, બીજી પેટની પીડા. પણ શેઠ તો પોતાના સંગીતના રાગમાં મશગુલ હતા. વળી પત્ની–પુત્રને મળવાનો સમય નજીક હતો એટલે આનંદમાં વધારો થયો હતો.

માનવતા પરવારે ત્યારે રાગનો રાગી આવું જ કરે. જ્યારે વિરાગનો વિજયી માનવતા ન ભૂલે **वसुधैव कुटुम्बकम्** ની ભાવના હોય તે કારણે તેનામાં તુચ્છ ભાવના ના હોય. જેના હૈયામાં વિરાગ સ્ફુર્યો હોય તેને મન તો બીજાને દુઃખ તે મને દુઃખ.

જ્ઞાનીઓએ જણાવ્યું છે કે, તારી સામે રાજ્ય આવીને પડે તો તેને ધૂળ રૂપે જોજે, બંધુઓ મળે, કુટુમ્બ–પરિવાર મળે, તો તેને બંધનરૂપે જ સમજજે, રાગના રમખાણ-વાળો આ માનવા તૈયાર થશે જ નહિ. જ્યારે વિરાગની ભાવનાવાળો માનશે કે બંધુ વગેરે બંધનરૂપે જ છે, ભોગ એ સાપના રાફડા સમાન અને વિષયનો સમુદાય ઝેર જેવો છે. સ્વાર્થમાં મસ્ત માનવીને વિરાગની કલ્પના ગળે ઊતરતી નથી. તે તો ભૂતકાળ ભૂલીને વર્તમાનમાં રાચે છે. પોતાનો ભૂતકાળ ભૂલીને સંગીતમાં મસ્ત બનેલા શેઠના કડક હુકમથી ધર્મશાળાના નોકરે આ છોકરાને બહાર કાઢી

મૂકયો. શેઠમાં દયાનો ભાવ પણ ન હતો. શેઠ દયાહીન હતો એ કારણે આમ બન્યું.

પહેરવા જેને વસ્ત્ર નથી ત્યાં ઓઢવાનો ધાબળો તો કયાંથી હોય! આવા સંજોગોમાં થર થર કાંપતો પોતાના એક હાથે પેટ દાબીને છોકરો દૂર જઈ પડ્યો અને એ જ પરિસ્થિતિમાં અંતે તે છોકરો મૃત્યુ પામ્યો....!

સવાર પડયું. ગામલોકોએ આ જાણ્યું. 'તપાસ કરો, તપાસ કરો' એમ કહેતા સૌ ભેગા થયા. ત્યાં રસાલો ઉપાડી જવાની તૈયારી કરતા શેઠ પણ આવી પહોંચ્યા. એક જણાએ તે બાળકનું ગજવું તપાસ્યું. તેમાંથી ચિઠ્ઠી મળી આવી. તેણે મોટા સાદે તે ચિઠ્ઠી વાંચવા માંડી: 'ફલાણા ગામના, ફલાણા માણસ પરદેશ પૈસા કમા વાગયા છે. તેમનો હું છોકરો છું. બાપની તપાસ કરવા જાઉં છું.'

મોટા સાદે નામ સાથે ચિઠ્ઠી વંચાઈ હતી તેથી શેઠે તે સાંભળ્યું. તમ્મર ખાઈને નીચે પટકાઇ પડયા. એકનો એક આંધળાની લાકડી સમો પુત્ર પોતાના મોજશોખનો ભોગ થઈ ગયો. શેઠ ચોધાર આંસુડે રડવા માંડયા. ગામ લોકોને આથી આશ્ચર્ય થયું. તેમણે શેઠને પૂછ્યું ત્યારે ડૂસકાં ભરતા શેઠે રડતાં રડતાં કહ્યું: 'આ મારો છોકરો છે!'

રડવાનો વખત કેમ આવ્યો? સાધન ઉપર રાગનો ભાવ હતો માટે. પહેલેથી જ સમસ્ત જગત ઉપર મૈત્રીભાવ રાખ્યો હોત તો?

ગામ લોકોએ પૂછ્યું ત્યારે તેણે કહ્યું : ‘ આ સ્થિતિનો સર્જક હું જ છું મેં જ તેને ધર્મશાળામાંથી બહાર કઢાવ્યો હતો. ’

“ હાથના કર્યાં.... હૈયે વાગ્યાં ” તે આનું નામ.

લોકો તેના પર થૂકયા : ‘ આ તો માનવ નથી દાનવ છે.’ લોકોએ તેને ધૂત્કાર્યો : અરે ! તેં તેને બહાર કઢાવ્યો ત્યારે તને એમ કેમ ન સૂઝયું કે તે તારો છોકરો નહોતો પણ કોકનો છોકરો હતો જ ને ! હવે રડવાથી દા’ડો વળવાનો નથી. ’

રાગ હોય તેને રડવાનો પ્રસંગ આવે જ્યારે વિરાગ તો અવિનાશી છે. વિરાગમાં તો અશાંતિ હોય જ નહિ. રાગનું આવું રમખાણ જીવને સાચી શાંતિ આપતું જ નથી.

જ્યારે ચિત્તવૃત્તિ ચંચળ થઈ જાય છે ત્યારે તે ચંચળ થયેલી ચિત્તવૃત્તિઓને દબાવવા માટે જ્ઞાનીઓએ સૂચવેલા સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.

આ માટે જંબુસ્વામીનો પૂર્વભવ જોઇએ ભવદત્ત અને ભવદેવ બે ભાઇઓ હતા મોટા ભવદત્તે સંયમ સ્વીકાર્યો છે, જ્યારે ભવદેવ સંસારમાં છે. ભવદેવ યુવાવસ્થાનો રાગી જીવડો છે. ઘરના આંગણે ભવદેવનો લગ્ન–મહોત્સવ ઉજવાય છે. ભવદેવનાં લગ્ન થઈ ગયાં. સંસારે માનેલો મંગળ પ્રસંગ પતી ગયો. વર–વહુ ઘર આંગણે આવ્યાં. નાગીલાએ એક ઘેરથી સગાંને છોડી બીજા સગાં ઉપર મોહ ધારણ

કર્યો. આ પણ એક જાતનું રાગનું તોફાન જ છે. ઘેર ભાઈને જરૂર હોય તોય અહીં તો સાસુ-સસરા, જેઠને સાચવવાના. તે મોકલે તો જ જવાય. જે ઘરમાં ૧૮ વર્ષની થઈ તે ઘરને કહે છે: આજથી આ મારું ઘર નથી. મારું ઘર તો હવે પેલું. આ ઘરની સાથે હવે મારે ઓછો સંબંધ. ?

ભવદેવ પરણીને ઘેર આવ્યો. ઘેર મકાનના ઉપર ભાગમાં બપોરના સમયે બન્ને પતિ-પત્ની બેઠાં હતાં. હજુ દંપતીને પોતાનો લગ્ન-મહોત્સવ ઉજવવાનો બાકી છે. ભવદેવ પોતાની પત્ની નાગીલા સાથે બહાર ફરવા જવા માટે તેને શણગાર સજાવી રહ્યો છે. તેવામાં બૂમ પડે છે: 'ભાઈ આવ્યા, ભાઈ આવ્યા.'

ઘણાં વર્ષો પૂર્વે સંયમી બનેલા ભવદેવના મોટાભાઈ આ સમયે ફરતા ફરતા આવી ચઢ્યા હતા.

સંયમીને કોઈ સગાં સંબંધી હોતા નથી. પણ સગાં-સંબંધીને મન તો તે સગા હતા જ. સર્વત્ર દોડધામ થઈ રહી. બહેન દોડતી આવીને ભવદેવને કહી ગઈ: 'મોટાભાઈ આવ્યા છે.

## ભાઈની શરમ ને રાગની ભરતી

સંસારી જીવને લગ્નથી અધિક મહત્વનો બીજો કોઈ પ્રસંગ હોતો નથી. અને વળી ભાઈ આવ્યા તેથી સર્વત્ર

આનંદ થયો. તે હર્ષાવેશમાં આવી ગયો. નાગીલા કહે : 'સ્વામી! કેમ દોડાદોડ કરો છો?'

ભવદેવ કહે: 'જેની છાયા નીચે હું ઉછર્યો હતો, જેમની આંગળી પકડી હું દોડતો હતો તે મોટાભાઈ આવ્યા છે. તું જરા થોભી જા.'

થોડા સમય પહેલાં તો રાગની માયામાં હતો. મુખારવિંદ પર પત્રવલ્લીની રચના કરતો હતો. ભાઈ આવતાં તે કામ અપૂર્ણ મૂકીને તેમને મળવા નીચે દોડયો. પત્ની નાગીલા પોતાના સ્વામીની રાહ જોતી બેઠી હતી. 'હમણાં આવશે હમણાં આવશે' એવા વિચારમાં મશગુલ હતી. 'પોતાને શણગાર સજાવશે.' એવું મન મનાવતી ભાવીની કલ્પના કરવામાં રાચતી હતી. સૌ સગાં એકઠાં થઈ ગયાં. પોતાના સંબંધી મુનિ આવે તો હર્ષ વ્યાપે તેમાં નવાઈ નથી. મુનિએ રાગને દૂર કર્યો છે કાંઈ સંબંધીઓએ રાગને દૂર કરવાનો પ્રયત્ન કર્યો નથી.

સંસારથી પર ત્યાગી જીવ તેમાં ન લેપાય તો જ નસીબ. બધાં એકઠાં થયાં છે. મેળ પણ કેવો અજબ! નાનો ભાઈ પરણીને હજુ સવારે જ ઘેર આવ્યો છે. એક બાજુ લગ્નની ખુશી અને બીજી બાજુ મોટાભાઇ આવ્યાની ખુશી!

સગાં–સંબંધીઓ એકબીજાને મળે ત્યારે સ્વાભાવિક જ જો સુખ હોય તો સુખમાં ઉછાળો આવે અને દુઃખ હોય તો દુઃખમાં ઉછાળો આવે અર્થાત્ હૈયું ભરાઈ આવે.

નારી નાગીલા સ્વામીનાથના વિચારમાં હતી. પોતાનો અધૂરો શણગાર ક્યારે પૂર્ણ થાય તેની ઇચ્છામાં તે રમતી હતી. રાગમાં રાચતા જીવોને આમ ખૂબ જ અધીરાઈ હોય છે.

ભવદેવ વિચારે છે કે, મુનિ એવા મોટાભાઈને બે-પાંચ ડગલાં મૂકી આવું પછી પત્ની પાસે જવાનું જ છે ને! મુનિ બહાર નીકળ્યા. ભવદેવ પણ ભાઈની સાથે બહાર નીકળ્યો. મુનિને વિદાય આપવા ટોળું જઈ રહ્યું હતું. ટોળાનું લક્ષ્ય છે મુનિ, જ્યારે ભવદેવનું લક્ષ્ય છે નાગીલા. તે હાથ ઊંચો કરી નાગીલાને સમજાવે છે કે હમણાં આવું છું. પેલી એકીટશે જોઈ રહી છે. ટોળું પાછળ, મુનિ આગળ. ચિરપરિચિત ભાઈ ભવદેવ પણ સાથે ચાલી રહ્યો છે. મુનિ ભવદેવને વાતોમાં લે છે.

એક વખત એક વાતે વિવાદનું સ્વરૂપ પકડ્યું હતું. એક મુનિએ ગુરુમહારાજને આવીને જણાવ્યું : 'સાહેબ મેં તો મારા ભાઈને વૈરાગ્યનો માર્ગ સ્વીકારવા માટે ઘણો સમજાવ્યો તો પણ તે સમજ્યો નહિ. તે સમયે ભવદેવ મુનિએ કહેલું. 'હું હોઉં તો મારા ભાઈને જરૂર વૈરાગ્યના માર્ગે વળાવી દઉં.' મુનિએ કહ્યું હતું : 'અમે જોઈશું.' મુનિને આજે એ વસ્તુ સિદ્ધ કરવાની તક મળી ગઈ. આવેલું ટોળું 'સુખશાતામાં રહેજો, પધારજો' વગેરે કહી જવાબની રાહ જોયા વિના રવાના થયું. પણ ભવદેવ મોટાભાઈની રજા વિના કેવી રીતે જાય?

શેરી દેખાતી બંધ થઈ ત્યાં સુધી ભવદેવે નાગીલાને હાથ ઊંચો કરી બતાવે રાખ્યો. પણ હવે શું કરે? મુનિએ તેને મૌન રીતે જ રોકી રાખ્યો. મુનિ તો કંઈ કહેતા જ નથી. કંઇ કહે નહિ ત્યાં સુધી કેવી રીતે જવાય? વળી હાથમાં મુનિનું પાતરું પણ હતું. હૈયામાં રાગનું તોફાન ચાલુ હોય તે વિરાગના માર્ગે ટકી જ ન શકે અને ટકે તો મુશ્કેલી રહે.

રસ્તામાં મુનિ કહે છે: 'જો આ ખેતર અહીં આપણે રમતા હતા. આ ઝાડ પર આપણે હીંચતા હતા.' આમ બાળપણની વાતો મુનિ યાદ કરે જતા હતા. પણ ભવદેવનું ચિત્ત આ બાજુ નથી. 'હા–હા' કર્યા કરતો હતો. કહેવત છે: "**હસતીનો પરોણો અને રોતીનોય પરોણો.**" તે પ્રમાણે ભવદેવ વિચારે છે: બહુ બહુ તો કલાક થશે તેમના સ્થાન સુધી જઇશ પછી પાછો આવતો રહીશ. આમ કરતાં કરતાં મુનિની સાથે તે પહોંચે છે. જેની સાથે ચર્ચા થયેલી તે મુનિ સમજ્યા કે સાચે જ પોતાના ભાઈને લઇ આવ્યા!

તેમણે તરત પ્રશ્ન કર્યો: 'કેમ ભાઈને સમજાવી દીધું? પ્રતિબોધ પમાડી દીધો? તમે તો ગજબ કર્યો. યુવાન ભાઇને વૈરાગ્યના માર્ગે વાળ્યો.'

મુનિએ જવાબ આપ્યો: 'હા, એ તો નવપરિણીત પત્નીને ત્યાગી આવ્યો છે.'

ગુરુમહારાજે પૂછ્યું: 'કેમ ભાઇ! સંયમ સ્વીકારવો છે?'

ભવદેવને જાણે વીજળીનો શૉક લાગ્યો. હૃદયમાં હલમલ મચી ગઈ. બીજી જ ક્ષણે વિચાર કર્યો કે હું આ વખતે કંઈ આનાકાની કરીશ તો મારા મોટાભાઇનું ગૌરવ હણાશે. જે થવું હોય તે થાય પણ મોટાભાઈનું ગૌરવ તો જળવાવું જ જોઇએ. નાગીલા ભલે રાહ જુએ. એ જ સમયે મુનિએ સંયમનો માર્ગ લેવડાવી દીધો.

ભવદેવ હવે શું કરવું તે મનમાં વિચારે છે.

ભવદત્ત મુનિ સાથે ભવદેવના ગયા પછી ઘરના લોકો વિચારે છે કે ભવદેવ કેમ નહિ આવ્યો હોય ? નાગીલાની અધીરાઈ પણ ખૂબ વધી ગઈ હતી.

નાગીલા રાહ જોતી થાકી અને અંતે સમય વ્યતીત થતાં સાસુ-સસરાની સેવામાં દિવસો વીતાવવા લાગી. કાળાંતરે તેમનું મૃત્યુ થયું. નાગીલા એકલી સમય પસાર કરવા લાગી.

ભવદેવ રાગની આસક્તિમાં 'ક્યારે જાઉં, ક્યારે જાઉં' એ જ રટણ કરતો હતો પણ જવાની તક નહોતી-પરિસ્થિતિ નહોતી.

કાળ કાળનું કામ કરે છે. બાર વર્ષ વીતી ગયાં. ભાઈ પણ કાળધર્મ પામ્યા. ભવદેવ વિચાર કરે છે કે હવે જવાનો મોકો છે. એ તો ચૂપચાપ ગામ તરફ ચાલી નીકળ્યો. ગામમાં પ્રવેશતાં જ એક અકાળે પ્રૌઢાવસ્થા તરફ ઢળેલી સ્ત્રી મળી.

યૌવનની લાલી જતી રહી હતી. બાર બાર વર્ષનાં વહાણાં વીતી ગયાં હતાં. એમાંય પતિ-વિયોગની ચિંતા, સાસુ-સસરા મરતાં એકલવાયું જીવન-આ બધાં કારણો

ભેગાં થતાં નાગીલાને અકાળે પ્રૌઢાવસ્થા આવી ગઈ હતી. તેને જ મુનિ પ્રશ્ન પૂછે છેઃ 'ફલાણાના ઘેર બે ભાઈ રહેતા હતા. એક ભાઈ મુનિ થએલા, તે ઘરનો રસ્તો કયો ?' આમ પૂછી નાગીલાની સ્થિતિ જાણવાનો મુનિનો ઇરાદો હતો.

નાગીલાએ પતિને કેટલો સમય જોયો હોય ? ઘનિષ્ટ સંપર્ક હોય તો પણ યાદ ન રહે તો આ તો માત્ર એક દિવસનોય પૂરો પરિચય નહિ. નાગીલા મુનિ સામું જુએ છે. ઊંડે ઊંડે કંઇક પરિચિત જેવું લાગે છે. મુનિ અધીરાઇથી ફરી પૂછે છે: 'તે ઘેર વીસેક વર્ષની સ્ત્રી હતી તે વિષે તમને કાંઈ ખબર છે ?'

નાગીલા કહે : 'ચાલો બતાવું.'

મુનિ ભવદેવ આ સ્ત્રી સાથે શેરીઓ વટાવતા વટાવતા આગળ વધે છે. માર્ગમાં એક ફળિયા આગળથી બંને પસાર થતાં હતાં. ત્યાં એક છોકરો પોતાની માતાને કહેતો હતો : 'મા, મા એક વાસણ લાવ. મારે ઊલટી કરવી છે. પેલા ઘેર જમાડયા પછી દક્ષિણા વહેંચે છે. માટે જમવા જવું છે. જેથી હમણાં જે મેં ખાધું છે તે એક વાસણમાં પાછું કાઢી લઉં પછી મોડેથી ખાઈશ.' કેવી ભ્રામક ઘેલછા !

મુનિ કહે : 'કેવો ગાંડો છે ! વમન કરેલી ચીજ ફરી ખાવાની ઇચ્છા કરે છે ?'

બરાબર આ જ તકે નાગીલાએ કહ્યું : 'આમ ડુંગર ઉપર બળતું જુઓ છો. ત્યારે તમારા પગમાં બળે છે તે જ જુઓને !'

મુનિ કહે : 'આમ કેમ કહો છો ?'

નાગીલાએ કહ્યું: 'તમે જેની શોધમાં આવ્યા છો તે જ હું પોતે છું. ઓળખો છો મને?'

આપણને પ્રશ્ન થાય કે આ આમ કેમ બોલે છે? જેની રાહ જોતી હતી તે પતિ આવી ગયો તો તેને વધાવવાને બદલે ઊલટું કેમ બોલી? તેના હૈયામાં આર્ય–સંસ્કાર હતા તે કારણે પતિ સન્માર્ગે વળી ગયો હોય તો પાછો તેને પોતાના તરફ ખેંચીને તેને પોતાનો બનાવી લેવાની તેને ઇચ્છા નહોતી. તેના હૈયામાં રાગનું તોફાન શમી ગયું હતું, જ્યારે મુનિ ભવદેવમાં આ તોફાન હજી શમ્યું ન હતું. બાર વર્ષ મુનિજીવન સેવ્યું તોય દૃષ્ટિ–મન રાગમાં હતાં.

મુનિની આંખો ઉઘડી ગઈ. તરત જ તેઓ ગુરુ પાસે ગયા. ત્યાં તેમણે પ્રાયશ્ચિત કર્યું.

નાગીલાની ત્યાગભાવનાએ ભવદેવને ઉગારી લીધો.

આપણે આ બધામાં રહેલાં મૂળ તત્ત્વોનો વિચાર કરીએ. ભોગ ઝેરી સાપ છે, રાજ્ય ધૂળ સમાન છે. સગાં–સંબંધી બંધન છે, વિષય ઝેર છે, આબાદી, વૈભવ, એ બધું ભૂતિ અર્થાત્ રાખોડી સમાન છે. આ રીતે સંસારના પદાર્થોમાંથી આસક્તિ–ભાવ ઘટાડી રાગના રમખાણને ઓછું કરી વિરાગના વિજયને પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થી બનવું જોઈએ. જે રાગના રમખાણથી દૂર થાય છે તે જ વિરાગના વિજયની વરમાળા મેળવી શકે છે! આપણે પણ તે વિરાગના વિજયની વરમાળા વરીએ એ જ શુભભાવના.

卐



## સમતાની શીતળ ચાંદની અને મહામુનિની મંગલયાત્રા

[ ૭ ]

**शमसूक्तसुधासिक्तं येषां नक्तं दिनं मनः ।**
**कदापि ते न दह्यन्ते रागोरगविषोर्मिभिः ॥**

( ज्ञा. अ. ६. )

### અંતરની સમતા

શરદપૂનમનો ચંદ્ર આકાશમાં સોળે કળાએ ખીલ્યો હોય અને અવની ઉપર પોતાનાં અજવાળાંની સાથે સાથે શીતળ ચાંદની ફેલાવતો હોય તે વખતે જગતના તમામ જીવોને હૈયામાં આનંદવિલાસ પ્રગટે, ઠંડક વળે, અને વાતાવરણ ઉલ્લાસમય બની જાય. પણ આકાશના ચંદ્રની ચાંદનીમાં જેટલી શીતળતા, અને રમણીયતા હોય છે તેથી અનેક ગણી શીતળતા સમતામાં છે જેના અંતરમાં સમતા રમી રહી હોય, ક્ષમા ભરી હોય અને શાંતિના સાગર હોય તેજ સાચા સંત–સાચો મુનિ કહેવાય છે.

શરદના સુધાંશુ કરતાં અનેક ગણી તાકાત ક્ષમા, શાંતિ અને સમતાવાળા જીવમાં હોય છે. જગતના જીવો ઉનાળામાં તાપથી સંતપ્ત થઈ ઠંડકના સાધનો ખોળે છે.

બહારથી ફરીને આવતાં સખત તાપથી 'બળું છું, બળું છું.' તેવા સંકલ્પ-વિકલ્પ થતા હોય, અસહ્ય ગરમીથી ત્રાસી ગયા હોય ત્યારે સાદા ઘરમાં જવાને બદલે કોઇક એરકંડીશન્ડ-ઓરડામાં ઘુસી જાય તો કેવી શાંતિ મળે ? એ બાહ્ય શીતળતા છે. ક્ષમા અને શાંતિમાં જે આંતરિક શીતળતા છે તેવી અન્ય કોઈ સાધનમાં નથી.

જગતના આંગણે પ્રેમનું વાતાવરણ, સહિષ્ણુતાની શાંતિ, સહકારની ભાવના કેળવવા દરેકના હૈયામાં અપાર ક્ષમા અને સમતાની ભાવના જોઇએ. પણ અત્યારે તો દરેકના હૈયામાંથી ક્ષમાનું વાતાવરણ દિનપ્રતિદિન દૂર હડસેલાતું જાય છે; આ કારણે જગત હિંસા અને વૈરના ભયંકર અગ્નિમાં શેકાઈ રહ્યું છે. તેવા જગતને સમતાથી જ શીતળ ચાંદની જેવો અનુભવ થઈ શકે.

સૌ પહેલાં તો આપણા હૈયાને અશાંત કરી બાળનાર કોણ છે તેની તપાસ કરવી જોઇએ.

હયામાં હોળી કોણ પ્રગટાવે છે ?

## ક્રોધની હોળી

રોગની દવા થઈ શકે. પણ પહેલી જરૂર રોગના નિદાનની હોય છે. સાચું નિદાન ન થાય તો દવાઓ અને ડોકટરો શા કામના ?

જગતના આંગણે હોળી સળગાવનાર બખેડા કરાવનાર

'ક્રોધ' છે. પિતા-પુત્ર વચ્ચે કોઈ વાત ન હોય, હસતાં હસતાં બંને સવારનાં દાતણ કરે. પિતાએ અચાનક એક વાત મૂકી. પુત્રને ન ગમી. ઉશ્કેરાટ થયો. પછી તો દિમાગનો પારો થર્મોમીટર તોડીને બહાર નીકળી ગયો. સવારે જ્યાં કશું જ ન હતું ત્યાં બપોરે તો આ બધું થઈ ગયું. માત્ર અઢી જ અક્ષરના ક્રોધના કારણે આ બન્યું. આંખમાં ઝેર વરસે, હૈયામાં આગ હોય ત્યારે ક્રોધ આવે. જગત માત્રના જીવોને બાળનાર હોય તો તે ક્રોધ જ છે.

લાકડાં જેટલાં ખરાબ નથી તેટલી દીવાસળી ખરાબ છે. લાકડાં જથ્થાબંધ ભરેલાં હોય, કેરોસીનના ડબ્બેડબ્બા ખડકયા હોય અને દીવાસળીની ક્રિયા-પ્રક્રિયા પછી શું થાય? એકજ દીવાસળીના સંયોગ માત્રથી બધું સાફ થઈ જાય.

સમતાના વાતાવરણથી સભર ક્ષમાના સાગર તીર્થંકર ભગવાનની હાજરીવાળી જગ્યામાં ભયંકર 'ક્રોધ' ફાટી નીકળે તો? ચોરને આવવાનો રસ્તો એક હોય તો એક ગોદરેજનું તાળું વાસે ચાલે. પણ અનેક રસ્તા હોય તો કેટલી જગ્યાએ તાળાં વાસવાં?

બાલ્યાવસ્થામાં કૃષ્ણ યમુનાકાંઠે દડાની રમત રમતા હતા અચાનક આ દડો યમુનાના ઊંડા પાણીમાં જઈ પડયો. ઊછાળો મારે તે પડે જ. પણ ક્રમશઃ ઊંચે ચઢે તેને પતન ન હોય. ઉછાળાનો ઊલટો ક્રમ પછાડ છે, ધીરે

ધીરે ઉન્નતિના શિખર ઉપર જવાય. જગત આજે કૂદકે ને ભૂસકે આગળ વધે છે. ઉછળે તે પ્રક્રિયાઓ અંતે તો પછાડ ખાવા માટે જ સર્જાએલી હોય છે. ક્રમશઃ વિકાસમાં તેવું નથી બનતું. કદાચ બને તો પણ એક પગથિયેથી ગતિ અટકે.

જેના હાથે દડો ખોવાય તેણે જ લઈ આવવાની શરત હતી. કૃષ્ણના હાથે દડો ગયો, તેથી કૃષ્ણ કછોટો મારીને યમુનામાં કૂદી પડ્યા. યમુનામાં ફણીધર કાલીનાગ વસતો હતો. આ કાલીનાગને વશ કરવાની તાકાત કૃષ્ણમાં હતી. સાવધતાથી અનેક ફેણ ધરાવતા તે નાગને કૃષ્ણે જીતી લીધો. કૃષ્ણ ખૂબ જ સાવધ રહ્યા ત્યારે જ નાગનું દમન કરી શક્યા.

તમે એક ખૂણે તાળું મારશો પણ આ જગતમાં ડગલે ને પગલે સંયોગો ઊભા જ છે. નાગની એક ફેણ કાબૂમાં રાખો. પણ સંયોગોની તો હજારો ફેણો છે. કેટલાને કાબૂમાં રાખશો ? ક્યાં ક્યાં તાળાં મારશો ? સહેજ પણ જો ભૂલચૂક થાય તો શું થાય નાશ જ ?

નગરના દરવાજા રાત્રે બંધ કેમ કરવામાં આવે છે ? સજ્જન પુરુષો અંદર ન જાય માટે ? રોડ ઉપર પોલીસ કોના માટે ? ખોટી રીતે ચલાવાતાં વાહનો માટે કે સીધાં ચાલતાં વાહનો માટે ? શાણી જનતા માટે સજ્જનો માટે કોઈ

દિવસ પોલીસ હોય નહિ. બારણાં તો દુર્જનો માટે બંધ કરવાનાં. તેમ મનનાં બારણાં કુબુદ્ધિ માટે બંધ કરવાનાં.

સદ્ગુણો માટે બંધન હોય નહિ. પાપનો બાપ ભલે લોભ હોય. પણ દુર્ગુણોનો બાપ ક્રોધ છે. આખા સંસારને સળગાવી મુકનાર જો કોઈ હોય તો તે ક્રોધ જ છે. તેનાં કેવાં કેવાં પરિણામ આવે છે? ક્યાંક અગ્નિ સ્નાન, ક્યાંક આપઘાત ! આવેશ, ઉશ્કેરાટ, ખિન્નતા એ બધાય ક્રોધના જ પર્યાયો છે. માટે જ જ્ઞાનીઓ વારેવારે કહે છે ' જીવનમાં ક્રોધનો ત્યાગ કરો. '

ક્રોધનું મૂળ ક્યાં ? અંતરમાં જ. અહંભાવ ક્રોધને વધારે છે. ક્રોધનું મૂળ શોધવા જવું પડે તેમ નથી. તેનું મૂળ આપણા અંતરમાં જ છે. દુર્ગુણ અને સદ્ગુણ એ બંને આ અંતરમાંથી જ જન્મે છે. માર્ગ એક જ છે. ઉદ્ભવસ્થાન એક જ છે, પણ એક એક ફાંટો અલગ પડે છે. એક દુર્ગુણ તરફ અને બીજો સદ્ગુણ તરફ– જ્યાં જેનું જેવું જોર.

**क्षमां कुरु**

ક્રોધને કાબૂમાં લેવા, સ્વાધીન બનાવવા નિર્મૂળ કરવા માટે ક્ષમાની જરૂર હોય છે.

ગુરુ દ્રોણાચાર્ય કૌરવોને અને પાંડવોને જ્ઞાન આપતા હતા. વિષય હતો આચાર ધર્મનો. દરેક વિદ્યાર્થીને પાઠ આપ્યો હતોઃ **सत्यं वद धर्मं चर क्षमां कुरु.**

પહેલા બે પાઠો તો બધાએ ગોખી લીધા. પછી બીજા બધાએ 'ક્ષમાં કુરુ' પણ ગોખી નાંખ્યું. પણ બાકી રહ્યા એક યુધિષ્ઠિર.

દ્રોણે યુધિષ્ઠિરને પૂછ્યું: 'કેમ ગોખ્યું?'

યુધિષ્ઠિર કહે છે. 'ના, હજુ કાચું છે!'

ફરી પૂછવામાં આવ્યું ત્યારે એ જ જવાબ મળ્યો. સાંજે પણ એ જ જવાબ હતો: 'થોડો કાચો છે.'

બીજે દિવસે દ્રોણે પૂછ્યું તો પણ યુધિષ્ઠિરે તો તેનો તે જવાબ આપ્યો. દ્રોણ કહે: 'કેવો ઠોઠ વિદ્યાર્થી છે. આટલું પણ આવડતું નથી? કેટલી બધી જડતા!' આ જડતા દૂર કરવા માટે દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને એક તમાચો ગાલ ઉપર લગાવી દીધો. થોડા સમય પછી ગુરુએ પૂછ્યું: 'બોલ હવે આવડે છે કે નહિ?'

યુધિષ્ઠિર કહે: 'ગુરુજી હવે પાઠ થઈ ગયો.'

'હવે વિદ્યા ક્યાંથી આવી?....થોડી વારમાં ક્યાંથી પાઠ તૈયાર થઈ ગયો....?'

યુધિષ્ઠિર કહે: 'ગુરુજી મોઢે તો આવડતું હતું હું વિચારતો હતો કે કોઈ મને મારે અને તેમ છતાંય હું મારી ઇન્દ્રિયોને કાબૂમાં રાખું—ક્ષમા આચરું તો જ 'ક્ષમાં કુરુ'નો પાઠ યથાર્થ શીખ્યો ગણાય.'

ગોખણપટ્ટીનો કોઈ અર્થ નહિ. હયામાં ઉતારવું જોઇએ. પછી આચરણમાં મૂકવું જોઇએ. બોલી તો બધા જ જાણે. આચરણમાં મૂકે તેનું મહત્ત્વ–બોલનારનું નહિ.

દસ્તાવેજની કિંમત કેટલી ? દસ્તાવેજની કિંમત છે કે તેમાં કરવામાં આવેલ સહીની ? ચેકબુક લઇને આખો દિવસ ફર્યા કરો તોય શું ? તમારી સહી તો કરો પણ બેન્કમાં બેલેન્સ જોઈએ ? હૈયામાં શબ્દોનું મહત્ત્વ સમજવું જોઇએ ! તેને આચરણમાં મૂકવું જોઇએ. શબ્દોનું મહત્ત્વ તે ચેક ઉપર કરવામાં આવેલી સહી છે—જ્યારે આચાર એ તમારા ખાતામાં રહેલું બેલેન્સ છે. તે જો ન હોય તો કોઈ ઊભું રહેવા દે નહિ. આ પરિસ્થિતિ કોણ નથી સમજવા દેતું ? ક્રોધ. તત્ત્વજ્ઞાનીઓ ઉપમા આપે છે કે ક્રોધ નીચતમ ચીજ છે; ક્રોધ એ ચંડાળ છે. કષાયની ચંડાળ ચોકડીનો મુખ્ય આગેવાન તે ક્રોધ છે. તેને ઓળખી લેવો જોઈએ. જેણે હમેશાં જગતનું ભૂંડું જ કર્યું છે. ક્રોધના અનુભવોમાં શું છે તે જુઓ. પરિણામ તપાસો તો કમકમાટી આવશે. ઉશ્કેરાટ ભયંકર ચીજ છે તે જન્મે છે ક્યાંથી ? મન, વચન અને કાયાના ઉશ્કેરાટથી જ.

કલિકાલસર્વજ્ઞ ભગવાનશ્રી હેમચંદ્રાચાર્ય મ. કહે છે—

" क्षणं सक्तः क्षणं मुक्तः क्षणं क्रुद्धः क्षणं क्षमी
मोहाद्यैः क्रडयवा कारितः कपिचापलम् "

થોડીવારમાં આપણને તે આખા સંસારથી વિરક્ત

બનાવી દે છે, પુનઃ થોડા વખતમાં સંસારનાં રાગી બનાવી દે છે, તો વળી થોડી વારમાં ક્ષમાવાન બનાવી દે છે; થોડીવારમાં ક્રોધિત બનાવી દે છે. આપણી પાસે તે કેવળ વાનરવેડા જ કરાવે છે.

ખરેખર અનેકવિધ વાનરવેડા કરાવનાર મન જ છે. તે જ મનદ્વારા ક્રોધ પિતા–પુત્ર, ભાઈ–ભાઈ, પડોશી–પડોશીના સંબંધોમાં આગ ચાંપે છે. 'હુંકાર–તુંકાર' એ પ્રેમનું વાતાવરણ નથી. માટે જ આ ક્રોધથી સાવધ રહેવાની ખાસ જરૂર છે.

આપણે તે માટે એક ટૂંકો પ્રસંગ જોઇએ.

એક શેઠ હતા. લગ્ન થયા બાદ એક વખત પોતાની પત્નીને તેડવા પોતાને સાસરે ગયા. સાસરે જવાનું તે સ્ત્રીને પસંદ નહોતું. તેણે સાથે આવવા આનાકાની કરવા માંડી. જો કે સ્પષ્ટ રીતે તો ના પાડી ન શકી. પણ તબિયત સારી નથી, પેટમાં દુઃખાવો થાય છે, વિગેરે બહાનાં બતાવવાં માંડચાં. શેઠ આ સ્થિતિ જોઈ પાછા ગયા. બેચાર માસ પછી ફરીને તેડવા સારુ આવ્યા. ફરીથી પણ એવું જ બહાનું કાઢીને શેઠને પાછા કાઢચા. તે પછી ચારેક માસ વીત્યા એટલે શેઠ ફરીથી તેડવા ઉપડચા. આ વખતે ગયા વગર છૂટકો ન હતો. સ્ત્રી પતિ સાથે તૈયાર થઈ. પણ પગ સાસરી તરફ અને મન પિયર તરફ હતું. દેહ સાસરી તરફ પણ અંતર કોનેય ઝંખતું હશે.

આ સ્ત્રીના મનમાં કેટલાય વિચારો આવી ગયા પણ પિયરમાં રહી જવાય તેવા વિચારનો કાંઈ મેળ પડતો નથી. એટલામાં આગળ એક કૂવો દેખાયો. ગડમથલ કરી પણ બીજું યોગ્ય બહાનું ન જડવાથી નિરુપાયે સ્ત્રીએ પાણી પીવાની ઇચ્છા વ્યક્ત કરી. કૂવામાંથી પાણી કાઢવા લાગ્યો. આ પુરુષ ફરજરૂપે પાણી કાઢી રહ્યો છે. ત્યારે સ્ત્રી કંઇક જુદો જ ઘાટ વિચારી રહી હતી. તેને પોતાના પિયર તરફ જવું હતું અને કોઈ પણ ભોગે જવું હતું. પતિ સાથે સાસરે નથી જવું. વિચારોનો આવેગ તેના ઉપર સવાર થયો. આવેગ પણ એક ક્રોધનો પર્યાય છે. એવા એ આવેલા આવેગના પરિણામ સ્વરૂપ તુચ્છ બુદ્ધિએ તેનો અમલ કરવાનું નક્કી કર્યું કે ફેંકી દેને એટલે માથાકૂટ મટે. ફરીથી કોઇ તેડવા આવે જ નહિ. માર્યો ધક્કો અને પતિ કૂવામાં....પછી શા માટે ઊભી રહે? સ્ત્રીચરિત્રના એક ભાગરૂપ પહેરેલાં કપડાં ફાડી નાખ્યાં. દાગીના આઘા-પાછા કરીને દિશા પકડી પિયરની.

ઘેર આવી ત્યારે માતા વિગેરે સૌ પૂછવા માંડ્યાં: ‘પાછી કેમ આવી? જમાઇ ક્યાં?’ આ નીચ સ્ત્રી બનાવટી ચેનચાળા કરી કહેવા માંડી: ‘માર્ગમાં ચોર-લોકો મળ્યા અમને લૂંટી લીધા એમને સાથે લઈ ગયા અને હું મહા મુશીબતે ભાગી નીકળી’ વિગરે આને તો બનાવટ આવડે. હોશિયાર પણ ખરી, તેથી બધાએ તેની વાત સાચી માની લીધી.

નીતિકારોએ સ્ત્રીના દુર્ગુણોમાં અસત્યને પહેલું સ્થાન આપેલું છે. જૂઠું બોલવાની કળા સ્ત્રીઓમાં વિશેષ પ્રમાણમાં હોય છે. આથી એમ પણ ન માનશો કે પુરુષો સત્યવાદી જ હોય છે!

હવે આ બાજુ શેઠ કૂવામાં પડ્યા પડ્યા બૂમો પાડે છે જેનો અવાજ કોઈક મુસાફરને કાને અથડાતાં દયાભાવે તેણે શેઠને બહાર કાઢ્યા. શું હકીકત બની હતી તે પોતે સમજી ગયા હતા પણ જો જાહેર કરે તો પોતાની ફજેતી થાય અને તેવો પુરુષ ડાહ્યો કહેવાય નહિ. આ તો ચૂપચાપ પોતાના ઘર ભેગો થઈ ગયો. મહીનો માસ વીત્યો પછી ઉપડ્યો તેડવા-જેની સાથે લગ્નફેરા ફર્યા તેને ઘેર તો લાવવી જ પડેને!

જમાઇને હેમખેમ આવેલા જોઇ સૌ ખુશ થયાં. ખુશ ન થઈ એકલી તેની પત્ની. તેના હૈયામાં તો ફફડાટ થઈ ગયો કે હમણાં બધી વાત કહી દેશે તો મારું આવી બન્યું. કલાક વીત્યો, બે કલાક થયા, દિવસ ગયો અને રાત પડી. પોતાના માટે વહેતી મૂકાએલી વાતોનું દીર્ઘદૃષ્ટિવાળા શેઠે સમર્થન આપ્યા કર્યું. અહીં આ શેઠના હૈયામાં ક્રોધાગ્નિ ભભૂકતો હોવા છતાં તે ક્રોધના દરેક પર્યાયોને હજમ કરી ગયા હતા પરિણામે પત્નીના હૈયામાં ઠંડક વળી અને પોતાને અફસોસ થયો પોતાના પતિ પ્રત્યે તેને માન પણ ઉપજ્યું. 'ક્ષમાં કુરુ'નું આચરણ કર્યું હતું ને! સ્ત્રીને પોતાની મૂર્ખાઇ

ઉપર તિરસ્કાર થયો. અને મનોમન કહેવા લાગી : 'મેં ભૂંડું તો કર્યું જ છે. પણ હવે તેને સુધારી લેવું જોઈએ.'

આ વખતે પોતે જરાય આનાકાની વગર આગળ થઈ. સાસરે આવી સંસાર માંડયો. બન્ને પતિ-પત્ની બનેલી વાતને ભૂલી ગયાં. કોણ જાણે કશું જ બન્યું ન હતું. તેમ લગ્નજીવન ગાળવા લાગ્યાં. તેમને એક છોકરો થયો. મોટો પણ થયો. છોકરાને પરણાવ્યો. વહુ પણ ઘેર આવી. પુત્રવધૂ ઘરનું કામકાજ કરે છે. સાસુ પોતાના પ્રાયશ્ચિતરૂપે પતિની ભક્તિમાં દૃઢચિત્ત છે. સમય જતાં સંસારમાં જવલ્લે જ કોઈ અલિપ્ત રહ્યું હોય તેવા સાસુ-વહુના ઝગડાની શરૂઆત થાય છે.

જ્યાં સુધી સાસુના હૈયામાં પુત્રવધૂ પ્રત્યે પુત્રીભાવ ન પ્રગટે, જ્યાં સુધી પુત્રવધૂના હૈયામાં સાસુ પ્રત્યે માતાનો ભાવ ન પ્રગટે ત્યાં સુધી આવા ઝગડા રહેવાના. જ્યાં સુધી આ બન્ને એકબીજાને પરાયાં સમજતાં હોય ત્યાં સુધી ઉભયના અંતરમાં ક્રોધના પ્રત્યેક પર્યાયો દારૂગોળાની જેમ ભરેલા રહેવાના. જેમાં એક જ ઝગડો અર્થાત્ એક જ તણખાનો સંયોગ થવાથી પરિણામ ખરાબ જ આવવાનું.

સનાતન કાળથી સાસુ-વહુના ઝગડા ચાલતા આવ્યા છે. કારણ કે સાસુએ પોતાના જીવન દરમ્યાન પસાર કરેલો સમય અને પુત્રવધૂ જે પોતાના નવજીવનના દ્વારે ઊભીને મજલ કાપવા અજાણ્યા ઘરમાં આવી છે તે, સમયને પરસ્પર

મેળ નથી બેસતો. પરંતુ સહિષ્ણુતા, સહનશીલતા, ક્ષમાવૃત્તિ, સંકુચિત ભાવનાઓનો ત્યાગ, કંઈક ભૂલી જવાની વૃત્તિ જ માત્ર આ ઝગડા દફનાવી શકવા સમર્થ થઈ શકે–તો જ પરસ્પર મેળ થઈ શકે. આમ નથી થતું તેના મૂળમાં શું છે? સાસુ વહુને 'પારકીજણી' માને છે અને પુત્રવધૂ સાસુને પારકી માને છે.

એક વખતની વાત છે. શેઠ જમવા બેઠા બરાબર તે જ સમયે છત ઉપરના ભાગમાંથી તેમના મુખ ઉપર સૂર્યનો તડકો પડ્યો. દૃઢપતિભક્તિવાળી આ પત્ની પોતાના પતિ ઉપર પડતા આ તડકાને રોકવા પોતાની સાડીનો પાલવ વચ્ચે ધરીને ઊભી રહી. છોકરો સાથે જ જમતો હતો. પુત્રવધૂ પીરસતી હતી. બંનેએ આ દૃશ્ય જોયું આમ તો સામાન્ય વસ્તુ હતી. પણ પોતાની પત્નીની આ પ્રવૃત્તિ જોઈ શેઠથી સહેજ હસી દેવાયું. પુત્ર તથા પુત્રવધૂને શેઠના હાસ્યથી આશ્ચર્ય લાગ્યું. આ તો એક કુતૂહલ થયું. આ વાત આટલેથી જ અટકી ને કુતૂહલના રૂપમાં જ રહી હોત તો સારું હતું. વહુએ તેના પતિને કહ્યું: 'આજે દુકાન જાઓ ત્યારે બાપુને પૂછજો કે જમતી વખતે તમે કેમ હસ્યા હતા?'

બરાબર આ જ અરસામાં સાસુ–વહુને કોઈ વાત ઉપર ઝગડો થયો. તેથી મન તો ઊંચું હતું જ. બંનેના હૈયામાં ભિન્ન ભિન્ન સ્વરૂપે ક્રોધના પર્યાયો રમી રહ્યા હતા.

છોકરાએ દુકાને જઈ પોતાના બાપને હસવાનું કારણ

પૂછ્યું. બાપ કહે છે: 'એ તારે જાણવાની જરૂર નથી.' છોકરો આગ્રહ કરે છે. બાપ ફરી ફરીને તેને સમજાવે છે કે તેમાં તારે ઊંડા ઉતરવામાં સાર નથી. છતાં છોકરો માન્યો નહિ. માને ક્યાંથી? એ તો ઘેરથી ઇંજેકશન લઈને આવેલો. તેનું દબાણ અહીં વધી રહ્યું હતું. રમૂજની વાત ક્યારેક જીદનું રૂપ ગ્રહણ કરે છે. છેવટે પુત્રના અતિ આગ્રહને વશ થઈને બાપે પોતાના પૂર્વકાળની હકીકત પુત્રને કહી: એ હકીકતની જમતી વખતના પ્રસંગ સાથેની સરખામણી પોતાના હાસ્યનું કારણ હતું તેમ તેમણે જણાવ્યું. આ વાત સાંભળતાં જ પુત્રનો માતા પ્રત્યેનો પ્રેમ ખલાસ થઈ ગયો. આ વાત ત્યાં જ પતી જાત તો સારું હતું. પણ પત્નીને રિપોર્ટ આપવાનો તો બાકી હતો એટલે ઘેર આવ્યો. અને વહુએ પૂછ્યું. એટલે પિતાની કડક સૂચના હોવા છતાં છોકરાએ પોતાની પત્નીને આ વાત કરી.

સરકસમાં ઘુઘવાટ કરતો વાઘ ચાબુક ન વાગે ત્યાં સુધી અવાજ કરે. ચાબુક વાગે એટલે ગરીબડી ગાય થઈ જાય. આમ પિતાની બધી જ સૂચના, બધી જ સલાહ અહીં કામ ન લાગ્યાં. પિતાની હાજરી ગઈ એટલે સૂચના પણ ગઈ. ખલાસ....કહી દીધું. બીજે જ દિવસે અચાનક ઝગડો વધ્યો. આવેગમાં માણસ શું બોલે છે તેનું તેને પોતાને ભાન રહેતું નથી, તેમ આ વહુના મોઢામાંથી બે શબ્દો સરી ગયા. 'હવે રહેવા દોને. તમે કેવા છો તે

હું જાણું છું.' પતી ગયું. વહુના મોઢામાંથી આ શબ્દો કેમ નીકળ્યા ? ઝગડો વધ્યો માટે, જેના હૈયામાં ક્રોધના પ્રત્યેક પર્યાયો દારૂગોળાના રૂપમાં રહેલા હોય તેમાં ઝગડાની માત્ર એક જ વાત, માત્ર એક જ તણખાથી શું થાય ? તેમ આ વહુના હૈયામાં પણ હતું. તેથી આવેશના અતિરેકમાં પોતે શું કહી દીધું અને તેનું પરિણામ શું આવશે તે તેને ભાન ન રહ્યું.

સાસુને આઘાત લાગ્યો. ઘરમાં આગ ચંપાઈ ગઇ. હવે તેનાથી આ ઘરમાં રહેવું અને જીવન જીવવું તે અસહ્ય લાગ્યું. તેણે ચૂપચાપ વહુના શબ્દો સાંભળી લીધા. આમ સૂનમૂન અવસ્થામાં તે મેડી ઉપર ગઈ. ઉશ્કેરાએલું મન ન કરવાનાં કામ પણ કરી બેસે છે. ભલભલા બુદ્ધિશાળીઓ પણ આવેશથી વંચિત નથી રહી શક્યા. એવા એ આવેશના અતિરેકમાં તેણે પોતાનું કામ પતાવી નાખ્યું. આ આવેશ પણ ક્રોધનું જ સ્વરૂપ છે. અગિયાર વાગ્યા. શેઠ જમવા આવ્યા. 'કેમ કોઈ દેખાતું નથી ?' આમ વિચારી પુત્રવધૂને પૂછે છે. પુત્રવધૂએ કહ્યું: 'એ તો મેડી ઉપર ક્યારનાંય ગયાં છે.' શેઠ ઉપર પહોંચ્યા તપાસ કરી. જુએ તો ? ઉપર દોરડાના ફાંસે લટકતું શબ !.... પુત્રવધૂના માત્ર મહેણાના મૂળમાં પુત્રવધૂના હૈયામાં રહેલો ....ક્રોધ....આ કારણે જ આવું બન્યું !

આવેશ, ઉશ્કેરાટ અને ક્રોધ–આજુબાજુની તમામ બુદ્ધિમતાનો નાશ કરે છે. 'હું મરું ને મારું બીજી વાત

નહિ.' તેની સામે લાલબત્તીરૂપે ક્ષમા, સમતા ને શાંતિ રહેલી છે. આત્માને ચાંદની કરતાંય વધુ ઠંડક તે આપે છે.

ન્યાયાચાર્ય યશોવિજયજી મહારાજ પોતાના 'જ્ઞાન-સારઅષ્ટક' નામના ગ્રંથમાં જણાવે છે કે—

**"शमसूक्तसुधासिक्तं येषां नक्तंदिवं मनः**
**कदापि ते न दह्यंते रागोरगविषोर्मिभीः"**

જેનું હૈયું સમતાની સુધાથી સિંચાએલું છે, રાત-દિવસ સમતામાં હૈયું ઝૂલી રહ્યું છે, તેવા મહાપુરુષને કોઇ પણ કાળે રાગાદિ સર્પોનું ઝેર ચઢતું નથી. કષાયના કાળા નાગો સમતાવાન આત્માને કશું જ કરી શકતા નથી. તો પછી કષાયના કાળા નાગોનું ઝેર કોને ચઢે છે? જેનું હૈયું સમતાની સુધાથી પ્લાવિત નથી તેવા સંસારી જીવોને.

સાપોનો સ્વભાવ જ્યાં ત્યાં ઝેર ઓકવાનો છે. કુટુંબનો નાયક હોય કે કન્યાનો પતિ હોય કે માતાનો એકનો એક બાળક હોય. સાપ કંઈ જોતો જ નથી. સાઠ વર્ષના ડોસાને કરડે તો? દુનિયા દુઃખના આંસુ ન વરસાવે પણ ઉપર કહ્યા એવા જીવોને કરડે તો શું થાય? બધાં કકળી ઊઠે ને! સાપનો તો આવો જ સ્વભાવ હોય છે. તેવો જ સ્વભાવ ક્રોધાદિક કષાયોનો હોય છે. જેના અંતરમાં સમતાના કુંભો અર્થાત્ એક એક ઘડો ગોઠવાઈ ગયો હોય તેને આ ઝેર કશી અસર કરતું નથી.

જ્યારે અહીં એ સમતાનો અભાવ હતો. સાસુમાં

એ શબ્દો પચાવવાની તાકાત ન હતી. વહુમાં આવેશ રોકવાની શક્તિ ન હતી. તેના પરિણામે શું બન્યું ? અકાળે જિંદગીનો નાશ ! શેઠને બધી વાત સમજાઈ ગઇ. પોતાની જ ભૂલ હતી. નીચે કયે મોઢે જવું ? તે વિચારથી તેમણે પણ પોતાની પત્નીની સાથે જ સ્થાન લીધું.

બપોરે છોકરો આવ્યો. તેણે પૂછયું, 'બા-બાપુ ક્યાં ?' વહુ ઉપર આંગળી ચીંધે છે. છોકરો ઉપર આવીને જુએ તો બે શબ લટકી રહ્યાં છે. પ્રાણપંખેરાં ઊડી ગયાં છે. છોકરાને વિચાર આવ્યો: આનું કારણ હું જ છું. ગઈકાલની પિતાની સૂચના અવગણી સ્ત્રીનો ચઢાવ્યો ચઢયો. હવે આ પરિસ્થિતિમાં કયા મોઢે જીવવું ? મા-બાપના ઘાતનું કારણ હું જ છું. એમ વિચારી પોતે પણ ગળે ફાંસો નાખ્યો. ઘણીવાર થઈ પણ પોતાનો પતિ નીચે ન આવ્યો તે કારણે પુત્રવધૂને ચટપટી લાગી. દરેકની વિચારશક્તિનાં દ્વાર બંધ થઈ ગયાં હતાં-દરેકમાં સમતાના વાતાવરણનો અભાવ હતો. નહિ તો આવું ન જ બને.

તે ઉપર તપાસ કરવા ગઈ ત્રણ ત્રણ મડદાં લટકતાં હતાં. આ દૃશ્ય જોઈ તેને કમકમાટી આવી ગઈ. બેભાન બનીને તે પછડાટ ખાઈ જમીન પર ફસડાઈ પડી. થોડી વારે ભાન આવતાં તેને પોતાની ભૂલ સમજાઈ: સાસુ-સસરા અને પતિનો ઘાત કરનાર હું પોતે જ છું તો હવે હું કઈ રીતે જીવું એમ વિચારી ત્રણેયની પછી એણે પણ ગળે ફાંસો ખાધો.

ચારેય લટકી ગયાં........! પરિણામે ભર્યાભાદર્યા કુટુંબનો વિનાશ !! આ વિનાશનું મૂળ કોણ ? ક્રોધ, આવેશ, ઉશ્કેરાટ, અસહનશીલતા ! સહનશીલતા નહિ ઉદ્ભવે ત્યાં સુધી દુનિયા ઊંચી આવવાની નથી.

પગનાં તળિયા ગરમ અને માથું ઠંડું રાખો ! તળિયાં ગરમ ક્યારે રહે અને મગજ ઠંડું ક્યારે રહે ? શ્રમ અને શમ હોય તો. પાણી ગરમ કરવાનો ધગધગતો બંબો જોયો છે ? બે પળ હાથ ઝબોળી રાખો શું થાય છે ? ગરમી. મગજ ઠંડું હોય તેના બદલે તળિયાં ઠંડાં હોય તો ? માણસ બીમાર કહેવાયને ! ઠંડા તળિયાં ગરમ રાખવા પ્રયત્નો થાય કે નહિં થાય. કારણ કે તળિયાંની ગરમી આખા શરીરે પહોંચે છે. જ્યારે મગજની ગરમી આખા શરીરમાં પહોંચતી નથી. ક્રોધ આવે ત્યારે મગજ ગરમ થાય છે. ગરમીથી ભરેલું મગજ ગરમીને દૂર નહિ કરવાથી નુકશાન કરે છે.

આવા ભયંકર ક્રોધ સામે ફાયરપ્રૂફ મુનિઓ જીવન સાવધ રાખે છે. લક્ષ્ય રાખી જીવન જીવે છે. મહાપુરુષો આંગળી ચીંધે છે પણ આપણે તેને નથી માનતા, અને દોઢ ડહાપણ કરીએ છીએ. આજે તો પચાસ વર્ષના બાપ કરતાં પંદર વર્ષનો પુત્ર ડાહ્યો. 'દરેક વાતને અમે જ જાણીએ.' એમ દરેક માને તો પરિણામ શું આવે ? તત્વજ્ઞાનીઓ કહે છે : 'આંગળી ચીંધેલા માર્ગે દોડો, ભાવપૂર્વક દોડો; તે રસ્તે ઉન્નતિ છે. તે સિવાયના

રસ્તે તો મુશ્કેલી જ છે. વ્યવહારમાં તમે કયો રસ્તો પકડો છો ? જાણીતો કે અજાણ્યો ? કોઈ તમને અજાણ્યો ધંધો બતાવે તો ? ના પાડી દોને ! જે માર્ગ જાણતા ન હોઈએ તે માર્ગ સ્વીકારીએ તો તે માર્ગે શ્રેય થાય નહિ.

હૈયામાં બીજાના માર્ગે જવાની ભાવના નથી અમે તો સ્વયં બુદ્ધિથી આગળ જઈશું. એવી સ્વયંસ્ફૂરણા ક્યારે પરિપકવ થઈ ગણાય ? વર્ષોના અનુભવ પછી. અનુભવી મહાપુરુષોએ દર્શાવેલા માર્ગે પ્રયાણ કરનાર પોતાની મંગળ-યાત્રા પૂર્ણ કરી શકે છે.

હવે આપણે મહામુનિની મંગળ યાત્રામાં ઊંડા ઉતરીએ.

## મહામુનિ

મહાબલકુમાર પોતાના સંસારી જીવનનો ત્યાગ કરી, ભોગને તરછોડી, વૈભવથી વિખૂટા પડી કષાયોને જીતવા સંયમી જીવનમાં ઉદ્યમી બને છે. તેમના હૈયામાં એક વાત સ્થિર થઈ ગઈ છે કે સંયમી જીવન વિના આ કષાયોને ડામી શકાય તેમ નથી. કોઈ કહે: 'અમે તેને ઘરમાં રહીને જીતીશું. પણ આ માર્ગે સફળતા મુશ્કેલ છે. સંસારમાં રહીને જીત નથી મળવાની. જંગલમાં બાર બાર માસ સુધી ઘોર તપશ્ચર્યા કર્યા છતાં બાહુબલિના જીવનમાંથી અભિમાનનો અંશ ન ગયો તે શું દર્શાવે છે? તેનો અર્થ એ થયો કે ક્રોધ વગેરેની ચંડાળ ચોકડી બહુ

ભયંકર છે. એને જીતવી ખૂબ જ મુશ્કેલ છે જંગલની અંદર જઈને પણ જ્યારે આ ચંડાળ ચોકડી જીતાતી નથી તો પછી સંસારીનું જોર કેટલું ?

શાક લેતાં આવડતું ન હોય અને ધંધો હીરા-માણેકનો કરવો એ કેમ બને? એક તો સારું-ખોટું શાક આવે ને પૈસા વધારે જાય. શાકમાં ખોટ જાય તો તે બે-પાંચ પંદરની જાય, હીરા-માણેકના ધંધામાં પૂરી પાયમાલી થાય! ત્યારે ખબર ન હોય તો પાયમાલ જ થવાયને! મહાપુરુષો પણ આ ચંડાળ ચોકડીને હાથ જોડીને 'नमस्तुभ्यं, नमस्तुभ्यं' જણાવે છે. આમ કષાયોની ચંડાળ ચોકડીને જીતવી મુશ્કેલ છે. આ ચંડાળ ચોકડી તો જ્યાં જાઓ ત્યાં નવા નવા સ્વરૂપે ઊભી જ હોય છે. કેટલાથી સાવધાન રહેશો ? કહેવાય તો ચાર પણ ચારનાય બીજા સહાયકો ઘણા છે. તેનાય પાછા નોકરો ઘણા છે. ચંડાળનો પરિવાર બહુ મોટો છે. તેમાં મુખ્ય વડીલ ક્રોધ જ છે. આ ચાર કષાયના જ્ઞાનીઓ એ સોળ ભેદ બતાવ્યા છે.

મહાબલે નક્કી કર્યું કે આ ચંડાળ ચોકડીની સાંકળ તોડી જીવનને સંસારથી મુક્ત કરી નાખું. કોઈ શત્રુ-નહિ મિત્ર નહિ. બધું છોડી દીધું. સંયમી જીવનના અપૂર્વ આનંદમાં જીવન પસાર કરતા મહામુનિ એક વખત પોતાના પુત્રની રાજધાનીના નગરની બહારના ભાગમાં આવી ચઢયા. અને કાઉસ્સગ્ગ ધ્યાને સ્મશાનમાં રહ્યા.

પુત્રને આ સમાચાર મળ્યા. પોતાના દીક્ષિત પિતાને મળી શકાશે એ ભાવનાથી તેના હૈયામાં આનંદ જન્મ્યો પ્રાતઃકાળે ઘણી ધામધૂમથી પિતાને વંદન કરવા જવું એવો તેણે નિશ્ચય કર્યો. તેના મનમાં શુભ મનોરથોની પરંપરા જામીઃ પ્રભાતકાળ થશે ત્યારે મારાં નયનો પિતાનાં દર્શન કરશે, શ્રવણેંદ્રિય દ્વારા તેમના મુખની વાણી સાંભળીશ. જિહ્વા-દ્વારા તેમના ગુણાનુવાદ કરીશ. સ્પર્શ દ્વારા તેમના ચરણોની ઉપાસના કરીશ.

**મનોરથોની પરંપરાઃ—**

ધન્ય ધન્ય તે સમય ક્યારે આવશે.... ?

આ ભાવના આપણામાં ત્યારે આવે જ્યારે કાંઈ ભાન હોય નહિ. છેલ્લી પરિસ્થિતિમાં બધી ઇન્દ્રિયો પાંગળી બની ગઈ હોય અને પછી પુણ્યપ્રકાશનું સ્તવન સંભળાવો તો કોણ સાંભળે ? આ ભાવના તો અંતઃકાળની પરિસ્થિતિ માટે નથી. જીવનની દરેક પળે આ ભાવના હોવી જોઇએ શુભ મનોરથોની પરંપરા તો ચાલુ જ હોવી જોઈએ. તમારા મનોરથો ક્યા ? મનોરથો કષાયની ચોકડીને વધારે છે કે ઘટાડે ?

પુત્ર મનોરથો સેવી રહ્યો હતો. મહામુનિના જીવનમાંથી કંઈક પ્રાપ્ત કરવા—કંઇક મેળવવાનું તેનું ધ્યેય હતું. ધ્યેય ભૂલે તે કશું જ ન મેળવી શકે. ઘેરથી નીકળો કે ફલાણે ઠેકાણે જવું છે. પણ તે સ્થાન જ યાદ ન રહે તો ? સવારથી સાંજ સુધી ભટકો પછી પાછા ઘેર પૂછવા

જવું પડેને ! જ્યાં ઉદ્દેશ જ ભૂલાઈ ગયો ત્યાં શું ? તમો ઘેરથી ઘરના વિચારોનો ત્યાગ કરી પૌષધ લેવા માટે જાવ છતાં વિચારોનું લફરું ભૂલાઈ જાય છે ? નથી ભૂલાતું.

પેટમાં દુ:ખાવો ઉપડે ત્યારે દવાની જરૂર પડે છે ? દવા લેવા દોડો. પછી ખબર પડે હં........આ તો એલ. એલ. બી. વકીલ છે. અહીં તો ઝગડાની પતાવટ થાય ભૂલ્યો અહીં દવા ક્યાંથી હોય ? સામેના મકાનમાં દોડ્યા ખુરશીમાં સુટવાળાને બેઠેલા જોયા પણ કામ શું હતું ? ઝગડાની પતાવટનું, પણ આ તો ગળામાં સ્ટેથેસ્કોપવાળા નીકળ્યા. ભૂલ્યો આ તો વકીલ નથી ડૉકટર છે. અહીં તો રોગનું નિદાન થાય છે. પણ પાટિયું કોણ વાંચે છે. સૌ ભળતા સ્થળે પહોંચે છે. એવી રીતે ત્યાગના સ્થાને— ઉપાશ્રયે પણ લોકો સંસારની વાતો લઈ જાય છે-ભળતું જ થયું ને ? ત્યાગ જોઇએ તો ઉપાશ્રયે જાવ. દેવ—ગુરુ બન્નેનાં સ્થાન ભોગના નથી. ત્યાં તો કષાયને જીતવાની સલાહ મળે છે. બીજી સલાહ મળતી જ નથી. માટે બીજાં કામો માટે ઉપાશ્રયે ન જવાય. સમય ન બગાડાય. ભોગ સંસારમાં—ત્યાગ ઉપાશ્રયમાં. વકીલનું કામ ડૉકટર ન કરી શકે તેમ ભોગ માટે ઉપાશ્રય કામ ન આપે.

પૌષધ લીધેલા પિતાએ કહી દેવાનું હોય કે અહીં બીજા કોઈ ટેક્ષની વાત નહિ, અહીં તો મારા કર્મના ટેક્ષને દૂર કરવાનો ઉદ્દેશ છે. આ વસ્તુ યાદ રાખવી જોઇએ. યાદ ન રહેતું હોય તો ઉપાશ્રયમાં મોટા અક્ષરે

લખવું જોઇએ કે અહીયાં ત્યાગ સિવાય બીજી કોઈ વાત કરવી નહિ. જેને પોતાના હૈયામાં પોતાનો ઉદ્દેશ યાદ રહ્યો હોય તે જ આવું લખાવી શકે.

આ મુનિ પાસેથી પુત્ર શું મેળવવાની આશા સેવે છે? કષાયની ચંડાળ ચોકડીને જીતવાની સફળ ચાવી જાણવાની તેની ઇચ્છા હતી.

યોગનું સ્થાન ક્યાં? કાં તો ઘોર જંગલ યા સ્મશાન. તેને વળી નગર શું અને સ્મશાન શું બન્ને સરખાં. ઘાસનું તરણું અને રહીમતુલ્લાની લગડી બન્ને એને માટે સરખાં હોય છે.

ભોગીને ભોગી મળે ત્યારે તે શું પૂછે? મેં ઓછું મેળવ્યું ને પેલાને વધારે મળ્યું, કેટલા મળ્યા, કોણ રોયો, કોણે ખોયું. આ સિવાય બીજી વાત નહિ. કાપડિયા મળે તો શું વાત કરે? ચોકસી મળે તો શું વાત કરે? કાપડની અને સોનાની. શું એવી વાતો કરે છે કોઈ દિવસ કે મેં કેટલો વખત ક્રોધ કર્યો? કેટલી ક્ષમા કરી? કે તેના બદલે કોણુ રંડાયું, કોણ મંડાયું? આજ વાતો હોય છે!

મુનિ પોતાના ધ્યાનમાં તલ્લીન હતા. રાત્રી આનંદમય હતી. 'या निशा सर्वभूताना तस्यां जागर्ति संयमी.' સર્વ પ્રાણીઓ જ્યારે નિદ્રા લે છે તે સમયે મહામુનિઓ જાગતા હોય છે. અપૂર્વ નીરવ શાંતિ પથરાએલી એવી આ રાત્રિ હતી. દિવસે તો થોડીય ધાંધલ હોય પણ રાત્રે તો સર્વત્ર શાંતિ! અવિનાશી સાધનોની સિદ્ધિ માટે સોનેરી પળને સફળ કરવા અંધકારમાં મહામુનિ ધ્યાનમાં મસ્ત છે.

નગરના તમામ જીવો સૂઈ ગયા હતા, પણ માત્ર એક જ જીવ જાગે છે. મુનિના પૂર્વકાળની પત્નીની અપરમા કનકવતી. તે રખડતી રખડતી હેરાન પરેશાન થતી, પોતાની પ્રકૃતિ દ્વારા જ્યાં ને ત્યાં હોળી સળગાવતી આ નગર સમીપ આવી પહોંચી હતી. રાત્રીના સમયે નગરના દરવાજા બંધ થઈ જવાથી તેણે આજની રાત્રિ સ્મશાનમાં જ ગાળવાનો વિચાર કર્યો હતો. હડકાયા કૂતરાંને ક્યાંય આશરો ન હોય તેમ આને ક્યાંય સ્થાન નહોતું. જ્યાં જાય ત્યાં હડધૂત થાય. તે ધારતી હતી કે આ નગરમાં મને કોઈ ઓળખશે નહિ. તેથી વાંધો નથી. શાંતિથી રહીશ, આમ વિચારમાં ગોથાં ખાતી મુનિ ધ્યાનમાં બેઠા હતા. ત્યાં આવી. તેણે આ મુનિને જોયા. તેને થયું: આ તો મારો જનમ જનમનો વૈરી, આના કારણે તો હું હેરાન—પરેશાન થઈ ગઈ છું.

મુનિ તો સંસારથી વિરક્ત છે. તેમને શત્રુ કોણ અને મિત્ર કોણ, વેરી કોણ અને વહાલું કોણ? કશી જ પડી નથી. છતાં આ સ્ત્રીને એ સત્ય સમજાતું નથી. તે તો એમ જ વિચારે છે કે ઘણા દિવસથી શોધતી હતી. આજે આનું રક્ષણ કરનાર કોઈ નથી. ખરી તક મળી છે.

ખરેખર તો તક મળી હતી મહામુનિને–મંગળ યાત્રાની અને સ્ત્રીને વિનાશ સર્જવાની તક. સ્ત્રી ઘાટ ઘડે છે કે આજે જો હું આનો વિનાશ નહિ કરું તો સવાર પડશે અને રાજા વંદન કરવા આવશે ત્યારે ભાંડો ફોડશે. તેથી

વહેલી તકે મુનિનો વિનાશ કરવો જોઈએ કોણ જોવા જાણવાનું છે? બાળીને ખાક જ કરી નાખું! આ યોજના ઘડી લાકડાં એકઠાં કરી મુનિની આજુબાજુ ગોઠવી દીધાં. બાળવા માટે ચિતા જેવી જ ગોઠવણ તેણે કરી.

સમતાની ભાવનાવાળા મુનિ હજુ પોતાના ધ્યાનમાં જ મગ્ન છે. કોઈક વખત દુષ્ટ જીવોને પણ અનુકૂળ વાતાવરણ અને અનુકૂળ સાધનો મળી જ જાય છે. સાંજના સમયે કોઈ મડદું બાળી ગયું હશે. તેની આગ હજી સુધી જલતી હતી. તેમાંથી આગ લાવી આ મુનિની આસપાસ ગોઠવેલાં લાકડામાં સ્ત્રીએ મૂકી દીધી અને પોતે વૈરનો બદલો લીધાનો સંતોષ માનવા લાગી. પણ આ આગ તેણે પોતાના જીવનમાં ચાંપી હતી તેનું તેને ભાન નહોતું.

લાકડાં બળતાં બળતાં તેજ બન્યાં અને તાપ સખત બન્યો ત્યારે મુનિ ધ્યાનમાંથી જાગ્રત થયા. ત્યાં સુધી તો ધ્યાનમાં હતા. ધ્યાનમાંથી દૃષ્ટિ બહાર આવી ત્યારે જણાયું કે આજુબાજુ કંઈક છે. અગ્નિનો ભાસ થયો તેમ છતાં મુનિના મનમાંથી સમતાની શાંતિ જ વહેતી હતી. તેમના મનમાં તો—

कदापि ते न दह्यंते रागोरगविषोर्मिभीः

જેના હૈયામાં સમતા હોય તેને આવા સંકટના પ્રસંગો શું અસર કરે? મુનિની જેમ જેના હૈયામાં સમતાનું વાતાવરણ હોય તેને કષાયોનું ઝેર લાગવાનું નથી.

અહીં બહારનો અગ્નિ મુનિના દેહને બાળી રહ્યો છે, જ્યારે મુનિ પોતાનાં કર્મને બાળી રહ્યા હતા. આ અગ્નિ માત્ર હાડ, ચામ અને માંસ બાળી શકે પણ આત્માને બાળવાની તાકાત તેનામાં નથી. લાખો મણ લાકડાનો ઢગલો કરી સળગાવો પણ શું આકાશને સળગાવી શકાશે? ધારો કે આકાશ સુધી જ્વાળા પહોંચી પણ તેથી આકાશને નુકશાન સહેજે નહિ થાય. મુનિનાં સાડા ત્રણ કરોડ રુંવાં બળી રહ્યાં પણ તેમણે કાબૂ ન ગુમાવ્યો-સમતા ન ગુમાવી. દેહ બળી રહ્યો આત્મા અજર અમર બન્યો.

પ્રાતઃકાળે પુત્ર પિતાને વંદન કરવાને માટે આવ્યો. પિતાની આ સ્થિતિ જોઈને ખિન્નતા અનુભવે છે. ગુનેગારની પગલે પગલે તપાસ કરાવતાં દૂર ખૂણામાં કનકવતી મળી આવે છે. તે સ્ત્રી હોવાથી બીજી સજા ન કરતાં તેના નાક, કાન કાપીને કાઢી મૂકવાનો તે હુકમ કરે છે.

આ રીતે તે વૈરની આગમાં બળીને છઠ્ઠી નરકમાં સ્થાન પ્રાપ્ત કરે છે. જ્યારે મુનિ નિર્વિઘ્ને મંગળયાત્રા કરે છે. અને તેમનો આત્મા શાશ્વત સુખને પ્રાપ્ત કરે છે.

આપણે હૈયામાં કષાયોનું ઝેર દૂર કરવા અને સમતાની શીતળ ચાંદની પ્રાપ્ત કરવા માટે મહામુનિઓના મંગળ જીવનમાંથી કંઈક ગ્રહણ કરીએ અને જીવનને સફળ બનાવીએ. સમતાની શીતળ ચાંદનીના પ્રકાશે ક્રોધના તાપ નાશ પામો એવી મહેચ્છા!

卐



# સુખનું સોનેરી સ્વપ્ન અને દુઃખનો દાવાનળ

## [ ૮ ]

**दुःखद्विड् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः ।**
**यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ॥**

**[ प्रशमरति प्र. ]**

જગતના તમામ જીવો સુખને ઇચ્છે છે. જેને પૂછો તે એ જ જણાવે છે કે સુખ જ જોઈએ. પણ કોઈ સુખીને પૂછો કે વાસ્તવિક સુખ તમે પ્રાપ્ત કરી શક્યા છો ? નકારમાં જવાબ મળશે. છતાં સુખને માટે દોડધામ તો સદા રહે જ છે.

જીવનમાં છેક સુધી સુખ અનુભવ્યું હોય અને છેક છેલ્લા વર્ષે દુઃખ પરિણમે તો આપણને ભારે પડી જાય છે. છતાંય સુખને શોધવાને માટેનો પુરુષાર્થ જગતમાં નિરંતર ચાલુ જ છે. તો પણ તેમને સુખની પ્રાપ્તિ નથી થતી. કારણ કે સાચું સુખ ક્યાં છૂપાયું છે તેનું તેમને ભાન જ નથી હોતું. પછી ખોટી દોડાદોડ કરે શું વળે ?

જંગલમાં હરણું પવનના સૂસવાટા સાથે વહી આવતી સુગંધનું જ્ઞાન મેળવે છે. આ સુગંધ ક્યાંથી આવે છે તે

જાણવા કાન સ્થિર કરે છે. ઘ્રાણેન્દ્રિય તો આ સુગંધની દિશા જાણવા માટે સચેત જ હોય છે. પવનનો ઝપાટો આવે છે ત્યારે તેને વાતાવરણ સુગંધમય લાગે છે. પવનની દિશામાં હરણ દોડ આરંભે છે. થોડાંક ડગલાં દોડયા પછી સુગંધ કયાંથી આવે છે તે શોધવા માટે સ્થિરતાપૂર્વક ઘ્રાણેન્દ્રિયનો ઉપયોગ કરે છે. પવનની દિશા બદલાઈ છે. હરણ વિચારે છેઃ અહીં નહિ. બીજી દિશામાં જાઉં. બીજી દિશામાં દોડ લગાવે છે, પણ થોડેક ગયા પછી જણાય છે કે અહીં પણ સુગંધનો ખજાનો નથી. સુગંધ આવે છે જરૂર પણ કયાંથી આવે છે તે સમજાતું નથી. હવે ત્રીજી દિશામાં દોડવાનું શરૂ કરે છે, પણ અથાગ પ્રયત્ન છતાં કયાંય આ સુગંધનો ખજાનો મળતો નથી. એવી જ રીતે ચોથી દિશામાં પણ દોડયું. આખરે થાકીને લોથ થઈ જ્યાં ઊભું હતું ત્યાં આવીને પટકાયું. છતાં હજુ સુગંધ તો આવતી જ હતી.

તેની પોતાની જ નાભિમાંથી સુગંધ આવતી હતી તે તેને ખબર નહોતી. તેણે સહેજ ઊંડા ઊતરીને તપાસ કરી હોત તો આટલી મહેનત કરવી પડત નહિ. સુગંધ પોતાની નાભિમાંથી જ આવતી હતી પણ તેનું તેને ભાન ન હતું. પરિણામે મિથ્યા પ્રયત્ન કર્યા–દોડધામ કરી, પણ પ્રાપ્તિ કંઈ થઈ જ નહિ.

જગત માત્રના જીવો માટે પણ આવી જ ભ્રમણા છે. માટે જ્ઞાનીઓએ કહ્યું છે—

**दुःखद्विट् सुखलिप्सुर्मोहान्धत्वाददृष्टगुणदोषः ।**
**यां यां करोति चेष्टां तया तया दुःखमादत्ते ॥**

સૌ કોઈને સુખ જોઈએ છે. જિંદગીનાં અંતિમ દિવસ સુધી સુખ ભોગવ્યું હોય અને કદાચ છેલ્લે એકાદ દિવસ ભૂલેચૂકે જો સહેજ દુઃખ આવી પડે તો તે ગાંડો બની જાય છે. આમ નક્કી થાય છે કે દુઃખ કોઈને જોઈતું નથી. દુઃખ દૂરેય થતું નથી.

સુખની અભીપ્સા નિરંતર રહે છે. પણ સુખદુઃખને આપનારાં સાધનો જાણ્યા સિવાય દોડાદોડ કરવી વ્યર્થ છે. પોતાના પ્રયત્ન દ્વારા દુઃખ મળે છે તેનું માનવીને ભાન હોતું નથી. આથી તો ચીકણા પદાર્થો પર ફસાએલી માખીની માફક દુઃખ જ મળે છે. માખી ચીકણા પદાર્થો પર બેસે છે. પણ એથી તેનો પગ વધુ ખરડાય છે છૂટવા પ્રયત્ન કરે તેમ વધારે ફસાતી જ જાય. જગતના જીવોની પણ આવી જ પરિસ્થિતિ છે.

સુખ જોઈએ છે પણ દુઃખ સામુ આવીને જ ઊભું રહે છે. આવું કેમ બને છે? કારણ એ છે કે આપણે જેને સુખ માનીએ છીએ તે હકીકતમાં સુખ નથી. આપણે કેવળ સુખનાં રંગીન સ્વપ્નોમાં આકર્ષાઈ જઈએ છીએ, પણ તેની પાછળ રહેલાં દુઃખોનું તેને ભાન રહેતું નથી.

એક રાજકુમાર હતો. લક્ષ્યસિદ્ધિ માટે પોતાના પાંચ સાથીદારો લઈને નીકળી પડયો. થોડે દૂર ગયા ત્યાં મીઠું

મધુરું સંગીત વાગી રહ્યું હોય તેવો એક જણને ભાસ થયો. સંગીતની સુરાવલિથી તેના કાન સતેજ થયા. રાજકુમાર તો આગળ છે. આ સાથીદાર શ્રવણેન્દ્રિયના વિષયથી આકર્ષાઈ કહેવા લાગ્યો' 'ઘડીક થોભી જાઓ થાક ખાઈને પછી આગળ વધીશું.'

બીજા સાથીદારો કહે: 'તારે ઊભું રહેવું હોય તો ઊભો રહે અમે નથી ઊભા રહેવાના. માર્ગ ભયજનક છે. રોકાયા તો ભુક્કા નીકળી જવાના.'

પેલો કહે: 'ભાઈ મને તો રોકાયા સિવાય ચેન નહિ પડે.' બીજા તો આને પડતો મૂકીને આગળ વધ્યા.

હવે અહીં પેલો સાથીદાર રહ્યો. ત્યાં ચૂડેલોનો વાસ હતો. આવતા-જતાને ફસાવવા માટેની આ તો જાળ હતી. તે મુજબ ચૂડેલો આવી એનું ભક્ષણ કરી ગઈ.

આ બાજુ રાજકુમાર અને પેલા ચાર સાથીઓ આગળ ચાલ્યા. ત્યાં માર્ગમાં પુષ્પોની સુવાસ મહેંક મહેંક થઈ રહી. પરિશ્રમથી થાકેલા એવા મગજને તાજગી આપનારી આ સુગંધ ચાર સાથીઓમાંના એકને ખૂબ ગમી ગઈ. તે રાજકુમારને કહેવા લાગ્યો: 'અહીં વિસામો કરીએ.'

રાજકુમાર તો લક્ષ્યસિદ્ધિ માટે આગળ વધ્યે જતો હતો તેણે કહ્યું: 'ના, કોઈ ઠેકાણે વિસામો નથી કરવાનો.'

પેલો કહે: 'હું અહીં જ રહેવાનો.' એમ કહી તે રોકાયો અને પેલા આગળ વધ્યા. થોડી વાર થઈ ત્યાંની

જગ્યા પણ ડાકણોવાળી હોવાથી ડાકણો આવીને તેને પણ ખાઇ ગઇ. આવી રીતે બે નો તો વિનાશ થયો.

રાજકુમાર સાથે બાકી રહેલા ત્રણ સાથીઓ આગળ વધતા હતા. થોડીવાર પછી એક સાથીની જીભ સળવળવા માંડી. મોઢામાં પાણી આવવા માંડયું. તેણે રાજકુમારને કહ્યું: 'અહીં ઊભા રહીએ.'

રાજકુમાર કહે. 'ભાઇ રહેવા દે ને કોઇ પાછું નથી આવતું.'

પેલો કહે: 'ના, ના, ભય જેવું કાંઇ છે નહિ. હું તો અહીં જ રોકાઇશ.'

ભરેલી રસોઇના થાળ જોઈ મોઢામાં પાણી આવે-મનગમતાં ભોજન સામેથી પસાર થતાં લૂલીબાઈ સળવળ્યા વગર રહે જ નહિ. સ્વાદિષ્ટ મિઠાઇ જોઇ હૈયામાં ધરપત રહે નહિ. સ્થિતપ્રજ્ઞ યોગી જેવી આપણી સ્થિતિ છે? સામે આવેલા પદાર્થો પ્રતિ પણ સહેજે રુચિ-અરુચિ ન દાખવે. કોઇ જાતની વિકારી સ્થિતિ ન હોય ત્યારે જ તમે સાચા સુખને પ્રાપ્ત કરવાના અધિકારી બનશો અને પછી તમે જે સુખ પ્રાપ્ત કરશો તેની પાછળ દુઃખ નહિ હોય!

ભલેને સમુદ્ર ચોવીસે કલાક ગંભીર દેખાતો હોય પણ તેના ઊંડાણમાં વડવાનળ ખદબદતો છે જ. તેમ માનેલા સુખના મહાસાગરમાં પણ દુઃખનો દાવાનળ તો હોય જ છે.

ભૂલેચૂકે જે કોઈ સુખના રંગીન સ્વપ્નમાં ફસાયા તેના ઉપર ભયંકર દુઃખના ડુંગર તૂટી જ પડવાના. બૂમાબૂમ કરશો તો પણ ઊગરવાનું મુશ્કેલ છે. કદાચ બચાવનાર મળશે. તો કહેશે થોભી જાઓ. હું આવું છું. નદીમાં ઘોડાપૂર આવ્યું હોય, નદીના મધ્યમાં રહેલાને કાંઠે રહેલા લોકો બૂમો પાડી ચેતવે છતાં પેલો કહે : હા નીકળું છું, હમણાં નીકળું છું. પણ આ આવતા ઘોડાપૂરમાં નીકળવામાંને-નીકળવામાં તો સાફ થઈ જઈશ પછી શું ?

ઘરમાં ચોર પેઠા. શેઠાણી શેઠને કહે : ‘ચોર આવ્યા છે.’ શેઠ કહે : ‘હા ખબર છે.’ થોડીવારે શેઠાણી ફરી બોલ્યાં : ‘અંદરના ખંડમાં ચોર પહોંચ્યા.’ શેઠ કહે : ‘મને ખબર છે. હમણાં ઊઠું છું, પકડી પાડું છું.’ ચોર લોકો પોતાનાં સાધનો વડે તાળાં તોડીને ધન-માલ બહાર કાઢવા માંડચા ત્યારે શેઠાણી કહે : ‘આતો લઈ જાય છે.’ શેઠ કહે ‘હું જોઉં છું.’ શેઠાણી કહે : ‘ગાંસડાં પોટલાં બાંધ્યાં.’ શેઠ કહે : ‘મને ખબર છે હું જાગું છું.’ ધૂળ પડી તમારા જાગવામાં ચોર તો બધું લઇને ચાલ્યા ગયા પછી શું ?’ દુઃખનો દાવાનળ ઊભરાઈ ગયા પછી આવેલી જાગૃતિ શા કામની ? શેઠની જાગૃતિ રાંડચા પછીના ડહાપણ જેવી હતી. એ રીતે રાજકુમારનો ત્રીજો સાથી મઘમઘતી રસોઈની લાલચમાં ફસાયો તે ગયો.

રાજકુમાર અને બે સાથીઓ આગળ વધ્યા. ત્યાં માર્ગમાં આંખને ભાવે તેવી સુંદરીઓ આવી. તેમાં ચોથો

ફસાયો. હવે રહ્યો રાજકુમાર અને એક સાથી આ બન્ને થોડા આગળ ચાલ્યા ત્યાં વળી પાછી રૂપવાન યુવતીઓ આવી. રાજકુમાર તો પોતાના લક્ષ્યમાં આગળ વધ્યે જ જાય છે તેણે તો આંખ, કાન, નાક ઉપર કાબૂ મૂક્યો છે. તેને કશું સંભળાતું નથી તેને બીજું કશું દેખાતું નથી. પોતાનો માર્ગ જ દેખાય છે. વાસનાઘેલો પાંચમો સાથી ત્યાં ઊભો. ટોળે વળેલી સુંદરીઓ રૂપી ડાકણોએ તેને પણ ભરખી લીધો.

કહેવાનો આશય છે કે 'જગતના જીવો આવી હકીકતોમાં રહેલા દુઃખને નહિ જાણતા હોવાને પરિણામે મુશ્કેલીઓમાં ફસાઈ જાય છે. સુખની પાછળ ભયંકર દુઃખની ખાઈ છે.' તે તેમને સમજાતું નથી.

## तया तया दुःखमादत्ते

જે પ્રયત્નો સુખ માટે હોય છે તે જ દુઃખદાયક બને છે. પ્રયત્નો માને સુખના અને હકીકતમાં હોય દુઃખના. પછી કહે દુઃખ પ્રાપ્ત થાય છે, તો બીજું પ્રાપ્ત પણ શું થાય ? માનેલા સુખના પદાર્થો જોવાથી શું સુખ મળી જાય ? હૈયામાં નક્કી સમજી જજો કે સુખના સોનેરી સ્વપ્નોની પાછળ ભયંકર દુઃખનો દાવાનળ સળગી રહ્યો છે.

ભોગમાં ડૂબેલો ભોગ ભોગવતાં ભોગવતાં સુખ જ માની રહ્યો છે તેથી ઊંચી નજર શા માટે કરે ? ઊંચી નજર કરે તો તેને ખ્યાલ આવેને ? આ તો ભયંકર દુઃખ આવશે.

જગતના જીવોએ કરેલી કલ્પનાના રંગીન સ્વપ્નોમાં દોડતો જીવ મૃગની માફક 'સુગંધ ક્યાં? સુગંધ ક્યાં?' શોધતો જ રહે છે. પણ એ ભ્રમ સાચો મનાય? આ હકીકતના ઉકેલમાં જ્ઞાનીઓ જણાવે છે કે—

**'सुखस्य दुःखस्य न कोऽपि दाता'**

સ્વયં ચેતન પોતે જ સુખ અને દુઃખ ખડું કરે છે.

બહાર ભટકતા જીવોને સુખ છે જ નહિ. આ સુખ કોઈને હસ્તગત થયું જ નથી. પદાર્થો ઘણા સુંદર હશે તોપણ આવતી કાલે તેનો વિનાશ જરૂર છે. સર્વ ધર્મનો, સર્વ ધર્મના ઉપદેશકોનો આ જ સાર છે.

વિનાશીમાં અવિનાશી કલ્પના કરશો જ નહિ. વિનાશીમાં અવિનાશીની કલ્પનાથી જ દુઃખો ઊભાં થાય છે.

ગરમીનું ભાન થાય છે ત્યારે પંખો શોધીએ છીએ. ભૂખનું ભાન થાય છે ત્યારે તે સંતોષવાનાં સાધનો શોધીએ છીએ, તેવી રીતે જો દુઃખનું ભાન થાય તો તેને દૂર કરવાનાં સાધનો શોધીએ. પણ હજુ તેનું ભાન જ થયું નથી એટલે શું થાય? કદાચ વ્યવહારમાં ડહાપણવાળા હોઈશું પણ દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રવૃત્તિ કરાવે તેવા વિવેકવાળું જ્ઞાન તો છે જ નહિ.

કોના દ્વારા સુખ મળે, કોના દ્વારા દુઃખ દૂર થાય તેની તપાસ કોઈએ કરી છે કદી? તમે કહેશો કે કરી છે. તો તે સ્થૂળ છે, સૂક્ષ્મ નહિ. ઉપરછલ્લી દૃષ્ટિથી સાચું સ્વરૂપ

સમજાતું નથી. ધર્મ જાણવાની બાબતમાં પણ सूक्ष्मबुद्ध्या सदा ज्ञेयो धर्म પણ સૂક્ષ્મ બુદ્ધિથી જ સમજાય છે. જો દૃષ્ટિ સૂક્ષ્મ હોય તો જ પ્રવૃત્તિ નિવૃત્તિની સમજણ આવે. આપણે તો દુઃખજન્ય સાધનો અપનાવી રહ્યા છીએ. પુરુષાર્થ કરતાં ફળ અવશ્ય મળે, પણ ફળ ન મળે તો પુરુષાર્થમાં જ કંઈક ખામી છે તેમ માનવું.

મથુરામાં યમુના નદીના કિનારે બે ચોબા સામે પાર જવા હોડીમાં ચઢી બેઠા. સાંજે કોઇક ભાવિક ભક્તે ઠાંસી ઠાંસીને ભોજન કરાવેલું. એટલે તેનું ઘેન ઉતારવું કઈ રીતે ? હોડીમાં બેસી હલેસાં મારતા મારતા સામે પાર જઇએ તો જ પચે નહિ તો પચવું મુશ્કેલ. આ હેતુથી રાત્રિના પ્રારંભમાં બન્ને ચોબા વારાફરતી હલેસાં મારવા માંડયા. આખી રાત હલેસાં માર્યાં. સૂર્યનું અજવાળું થયું. પણ બંને તો હતા ત્યાંને ત્યાં જ ! બંને વિચારે છે; આ તો એ જ કિનારો ! આમ કેમ ? પાછળ લંગર બાંધેલું હતું માટે !

ઘેનમાં ને ઘેનમાં લંગર છોડવું ભુલાઈ ગયું હતું. લંગરને છોડયું નહોતું એટલે હોડી ત્યાંની ત્યાં જ આઘી–પાછી થઈ રહી હતી. જગતના જીવોની આવી સ્થિતિ છે. પુરુષાર્થ તો લોકો કરે છે પણ આવો—બંધનયુક્ત પુરુષાર્થ હોય છે. આથી ફળની સિદ્ધિ થતી નથી. હલેસાં ઓછાં નહોતાં માર્યાં. પણ લંગર બાંધેલું એટલે ફળ કશું નહિ. આપણે દુઃખ દૂર કરવા અને સુખ પ્રાપ્ત

કરવા મથીએ છીએ; તેમાં માયા, મમતાનું લંગર તો બાંધેલું હોય છે. એ કારણે સુખના ઉપાયો કરીએ છીએ છતાં દુઃખ મળે તેનું કારણ આવું જ સમજવું.

બાર વર્ષની રાજકન્યા સુનંદા પોતાની સખીઓ સાથે સાંજના સમયે અગાસી ઉપર ટોળ-ટપ્પાં કરી રહી હતી. અચાનક ત્યાં ચીસ સંભળાઈ. સુનંદાએ આમતેમ જોયું પણ કાંઈ દેખાયું નહિ. એવામાં ચીસ વધુ તીવ્ર બને છે. 'બચાવો, બચાવો, મારી નાખી.' અવાજ તરફ ધ્યાન ખેંચાતાં સુનંદાની નજર દૂર એક અગાસીમાં પડી. એક પુરુષ લાકડી વડે પોતાની સ્ત્રીને મારી રહ્યો હતો. સ્ત્રી વિનતિ કરે છે: 'મારી કશી ભૂલ નથી.' છતાં પેલો તો નિર્દય રીતે માર્યે જ જાય છે. સુનંદા વિચારે છે. 'આ શું? નારીની આવી પરાધીનતા? પેલી બિચારી આજીજી કરે છે છતાં પુરુષમાં દયા નથી. ધિક્કાર છે એવી જીંદગીને....! એના કરતાં તો પરણવું જ નહિ. તેણે તો સખીઓ મારફત પોતાના પિતાને જણાવી દીધું કે પોતાને માટે વર શોધે નહિ. આ પ્રકારની પરાધીનતા કરતાં મરી જવું સારું.

કૂતરાનો સ્વભાવ પથ્થર મારનાર તરફ નહિ પથ્થર તરફ નજર રાખવાનો હોય છે. પથ્થરને બચકાં ભરે તેથી તો મોઢું છોલાય; જ્યારે સિંહનો સ્વભાવ તેને બાણ મારનાર તરફ હોય છે, બાણ તરફ નહિ.

સંસારમાં સુખો અને દુઃખો છે. લાલ આંખ સુખ કે દુઃખ આપનાર નિમિત્ત ઉપર હોય છે. પણ તે નિમિત્તોને ઊભાં કરનાર તરફ તો નજર પણ નથી હોતી —કૂતરાની જેમ ! સુખ અને દુઃખના નિમિત્તોને જુએ છે પણ સુખ અને દુઃખ ઊભાં કરનાર પોતે પોતાના ઉપર લાલ આંખ કરતો નથી, એ કેટલી અજ્ઞાનતા છે !

સુનંદાએ સખીઓને પોતાનો નહિ પરણવાનો નિશ્ચય જણાવી દીધો. પોતે કોઇના બંધનમાં ફસાવાનું પસંદ નહિ કરે એવું જણાવ્યું. ત્યારે સખીઓ કહે છે : 'હજુ તમે નાનાં છો. જેમ જેમ સમય જતો જશે તેમ તેમ સંસારનાં સુખોનું તમને ભાન થશે. આજે આટલું દુઃખ જોયું એટલામાં તો પરણવાનું નાપસંદ કર્યું એમ તે કાંઈ ચાલે ? સુનંદા કહે : 'ચાલે કે ના ચાલે. મેં કહ્યું તે જ થવું જોઈએ. આ મારો અડગ નિશ્ચય છે.'

આ વાતને પાંચ–છ વર્ષનાં વહાણાં વીતી ગયાં. નાની ભોળી બાલિકામાંથી સોળ વર્ષની યુવાનીને ઊંબરે ડગ મૂકતી સુનંદા એની એ જ અગાસીમાં એક વખત પોતાની સખીઓના વૃંદ સાથે રમત–ગમત કરી રહી હતી. સાંજનો સમય હતો. ત્યાં એવા મનોરમ્ય અને આહ્લાદક વાતાવરણમાં હૈયાના તારને ઝણઝણાવી મૂકે એવી સૂરાવલિ કાને અથડાઈ. સુનંદાની ઉત્સુક નજર એ દિશામાં મંડાઈ. ત્યાં થોડે દૂર ઘણી સુંદર સજાવટ, ફૂલોની સુવાસ અને એ સુવાસમાં માદકતા લાવતાં તીવ્ર સુવાસિત

દ્રવ્યોના ફુવારા અત્યંત સુમધુર તાજગી આપી રહ્યા હતા! પાંચેય ઇન્દ્રિયોને મનગમતા પદાર્થો ભરપૂર પ્રમાણમાં હતા. એવા મનમોહક વાતાવરણમાં એક સુંદર હિંચોળા–ખાટ ઉપર ક્રીડામાં મશગુલ યુગલ ઝૂલી રહ્યું હતું. આ દંપતીને મન જગત ભૂલાઈ ચૂકયું હતું. પોતે જ માત્ર દુનિયા છે એમ માની મસ્તીથી હસતાં હતાં આવા સુમધુર દૃશ્યને સુનંદા નિહાળી રહી હતી. જોતાંની સાથે જ હૈયામાં અકથ્ય લાગણીઓ ઊભરાઈ આથી સુનંદા વિચારે છે કે આ બે જીવ કેટલાં સુખી છે!

ભ્રામક સુખોનાં મોહક દૃશ્યો જોઈને જ દૃષ્ટિનો બધો વિવેક ભૂલાઈ જાય છે. પરિણામે એવા સુખોને પ્રાપ્ત કરવા જીવ આંધળિયાં કરે છે. ઘણા મૃત્યુ પામે છે—વિનાશના માર્ગે વળે છે, તેનું પણ ભાન રહેતું નથી.

બત્તી નીચે સેંકડો જંતુઓ પોતાના જીવનનું બલિદાન આપી જતાં ત્યાં પડયાં હોય છે તેનું ભાન બીજા જંતુઓને નહિ હોય? બીજા જીવો પણ આ દૃશ્ય જોતા તો હશેને? પણ છતાંય નિવૃત્તિ નથી આવતી. મોહ આંધળો હોય છે. મોહ આવતાં વિવેક ભૂલાઈ જાય છે.

જગતના જીવોને પૂછો તો કહે કે સળગી રહ્યા છીએ, પૂરી નિદ્રા પણ આવતી નથી; આ બધું ખડું કર્યું છે તેને કેમ પોષવું? તેની ચિંતાની ભઠ્ઠીમાં જલી રહ્યા છીએ. આમ છતાં પણ એની એ પ્રવૃત્તિ કે ભઠ્ઠીમાં શેકાયા કરે છે–બહાર નીકળતા નથી.

ચોવીસે કલાક ભઠ્ઠીમાં જલવાવાળાની જ વાત કરી રહ્યો છું. બધા જીવો કબૂલ કરે છે પણ એ આગ ઓલવવાની વાત કોઈને ગળે ઊતરતી નથી.

'દષ્ટિભેદ'

એક વખત દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને હસ્તિનાપુરમાં દુર્ગુણીની શોધમાં મોકલ્યા. યુધિષ્ઠિર હસ્તિનાપુરમાં ઠેર ઠેર ફર્યા. કોઈ દુર્ગુણી તેમને મળ્યો નહિ. પાપી, ચોર, કસાઈ બધા જોયા, કોઈમાંએ દુર્ગણ તેમને ન દેખાયો. તેમણે દ્રોણાચાર્યને આવીને કહ્યું કે 'કોઈએ દુર્ગુણી નથી.'

ફરી દ્રોણાચાર્યે સદ્ગુણીની તપાસ કરવા માટે દુર્યોધનને હસ્તિનાપુરમાં મોકલ્યો. તેણે તપાસ કરી કોઈ જ ગુણી તેને જડયો નહિ! જ્ઞાની, ઉદાર, તપસ્વી જોયા તેમાંય અહં દ્વેષ, મોટાઈ વિગેરે દુર્ગણો હતા.

આખા હસ્તિનાપુરમાં કોઈ ગુણી–દુર્ગુણી નહિ હોય? એમ તો બને જ નહિ, તો પછી આમ બંનેને કેમ એમ લાગ્યું? દૃષ્ટિમાં ફેર હતો માટે. જો તમે સુખ અને દુઃખનો ભેદ શોધવા જશો તો તમને નહિ જડે. તે ભેદ શોધવાનું તો ત્યાગીને સોંપો. બંગલા, મોટર સાહ્યબીવાળાને કોઈ 'શાંતિમાં છો?' એમ પૂછે તો તે એમ જ કહેશે : આ બધું આપી દઉં જો શાંતિ આવે તો. એટલે જ યશોવિજયજી મહારાજ પોતાના 'જ્ઞાનસાર' અષ્ટકમાં લખે છે.

परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखम् ।

દેવલોકમાં દેવેન્દ્રને જે સુખ નથી તે સુખ કેવળ ગોચરચર્યા ઉપર જ જેનું જીવન નિર્ભર છે તેવા મહામુનિને છે. તો પછી દેવેન્દ્રને દેવના ચક્રવર્તીને સુખ નહિ. મહામુનિ તેના કરતાં મહાન જ ગણાય કારણ તેમને જરાય દુઃખ નહિ.

સાચા સુખની અપેક્ષાએ દેવેન્દ્રનાં સુખો મહાન નથી– મહામુનિના સાચાં સુખ મહાન છે. મનુષ્યના સુખની અપેક્ષાએ દેવોનાં સુખ મહાન્ છે. કારણ કે પાંચસો યોજન સુધી આ લોકની દુર્ગંધ ઊછળી રહી છે, પછી સુખ હોય શું ? કેવળ સાત ધાતુની મિશ્રણથી બનેલ શરીરમાં સુખ હોય ? તો પણ ભ્રામક સુખોથી ભરેલા દેવેન્દ્રોની અપેક્ષાએ મહામુનિને વધારે સુખી જણાવ્યા છે. કારણ કે સાચું સુખ ત્યાગ અને સંતોષમાં છે, ભોગવિલાસમાં નહિ.

સ્વપ્નમાં ભારતના વડાપ્રધાન બની જઈએ તો ખુશ ખુશ શું વડાપ્રધાનપદ સુખની ટોચ લાગે છે ? પણ તેઓ જ કહે છે કે મને કોઇ સંગીન કાર્ય કરવાનો સમય નથી. ઉપાધિનો પાર નથી. ત્યારે આપણને સ્વપ્ન આવે છે કે વડાપ્રધાન થયા આપણે આનંદ અનુભવીએ છીએ. પણ ધ્યાન રાખો ડુંગરા દૂરથી જ રળિયામણા લાગે ! નજીકથી તો પથ્થર જ હોય. ભૂલેચૂકે ભિખારીનું સ્વપ્ન આવે તો શું થાય ? દીવેલ પીધા જેવું મોઢું થઈ જાય કે બીજું કાંઇ ? આમ ફેર બધો દૃષ્ટિનો છે.

સુખની અમાપ ઇચ્છા છે. એ કારણે સ્વપ્નમાંય ભિખારી થઈએ તો પાલવતું નથી. પણ વડા પ્રધાન બનીએ

એટલે ખુશાલી થાય છે. તેનું મૂળ કારણ એ છે કે દેખાતા પદાર્થો મોહક લાગે છે. દૃષ્ટિ ટૂંકી છે એટલે તેની પાછળ શું છે તે દેખાતું નથી. દૃષ્ટિ સ્થિર થઈ ગઈ છે. ફક્ત સામે દેખાય એટલું જ જોઈ ચાલવાવાળાને જો આગળ આવતો મોટો ખાડો ન દેખાય તો શું થાય? ખાડામાં પડે દૃષ્ટિ ક્યાં સુધી જવી જોઈએ? વચ્ચે શું છે તેનું માપ લેતાં ન આવડતું હોય તો કઈ પરિસ્થિતિ થાય?

સિંહાસન ઉપર બેસતા રાજાને જીવનમાં સુખ કેવું? આપણી દૃષ્ટિએ તો ઘણું સુખ દેખાય છતાં જ્ઞાનીઓ તેના સુખ કરતાં અકિંચન મુનિના સુખને વધુ મહત્વ આપે છે.

વ્યવહારમાં અનુભવાતી કાંઈ ચિંતા છે? દુનિયાની જંજાળ છે? શું ચાલે છે? આજે તો પાંચ શેર તુવરની દાળ લેતા આવજો, શર્ટનું કાપડ બાબા માટે જોઈએ, મકાનનું ભાડું બે–ચાર માસનું આપવાનું છે, દૂધવાળો પૈસા લેવા આવશે આવી આવી કેટલી બાબતો જણાવું? આવી તો કેટલીય અશાંતિ છે. તો પછી આગળ કૂદકો શા કારણે મારવો? આગળની વાત જવા દો. બહારનું આકર્ષણ જોઈ પોતાને આવું મળે એવી ઇચ્છાથી આવા માનવી કૂદકો મારે છે.

## સંસાર સુખનું આકર્ષણ

સુનંદા આ દૃશ્ય જોઈ પોતાના અપરિપકવ વિચારોને રંગીન સમુદ્રની દુનિયામાં વહેતા મૂકે છે અને તેના વહેણ

વમળમાં ખોવાઈ જાય છે. તે વિચારે છે: હું પણ આવા પતિને પ્રાપ્ત કરું તો? આવી સાહ્યબી, આવું સુખ, આવો આનંદ....રાજકુમારી સુનંદાની આવી સ્થિતિ જોઈ બાજુમાં ઊભેલી એક સખી બોલી: 'કેમ આવું ગમે?' સુનંદા કહે: 'કેમ ન ગમે?' સખી: 'તમે તો ના કહેતા હતાં ને કે આ લપમાં નથી પડવુ?' સુનંદા: 'હવે શાને માટે ક્ષત ઉપર ક્ષાર ભભરાવે છે? 'હવે આવું મળે તેવો પ્રયત્ન કરજે. મારે પરણવું છે. માતા-પિતાને સમજાવ.'

એ દિવસથી ચોવીસે કલાક રંગીન સ્વપ્નમાં રાજ-કુમારી સુનંદા મહાલવા લાગી. પોતે અહર્નિશ ઝરૂખે બેઠી બેઠી અવનવાં દશ્યોની સ્વપ્નમાળા ખડી કરે છે. પોતે કલ્પનાની દુનિયામાં ખોવાઈ જાય છે. એક વખત આ જ સ્થિતિમાં પોતે બારીએ બેઠી છે. માર્ગ ઉપરથી વીસેક વર્ષનો યુવાન શ્રેષ્ઠીનો પુત્ર મંદ ગતિએ પસાર થઈ રહ્યો હતો. સુનંદાની દૃષ્ટિ તેના ઉપર પડી. યુવાનનો દેખાવ આકર્ષક હતો, સોહામણો હતો. વ્યાકુળ વદને તે સખીને કહેવા લાગી કે જોઇએ તો આવો જ.

માણસ બે લાખનો લાગે પણ બોલે નહિ ત્યાં સુધી. બોલે ત્યારે બધું સમજાઈ જાય. એવાની સાથે જિંદગી બંધાય તો શા કામનું? તેણે વિચાર્યું પત્ર લખીને આપું ચતુર હશે તો સમજશે. આમ વિચારી તેણે સખી દ્વારા એક પત્ર લખીને પેલા યુવાન પાસે મોકલ્યો. તેમાં આ

ગાંધીનગર

પ્રમાણે લખ્યું હતું: 'આકાશમાં ઉગેલા ચંદ્રને ન દેખે તો કુમુદિનીનો જન્મ નિષ્ફળ જાય છે.' યુવાન પણ ચતુર હતો. તેણે જવાબ લખી મોકલ્યો: 'કુમુદિની ન ખીલે તે ચંદ્રની અપૂર્ણતા.' રાગ ન જાગે તો હું અપૂર્ણ ગણાઉં એવું એનું સૂચન હતું.

બંનેનો સંબંધ શરૂ થઇ ગયો. એકબીજાની પસંદગી થઇ ગઇ. પણ આ રાજકુમારી અને આ શ્રેષ્ઠીપુત્ર, મિલનનો અવકાશ ક્યાંથી મળે? રાજમહેલનું ધાંધલિયું વાતાવરણ દૂર દૂરથી દેખવાનું અને દાઝવાનું. રોજરોજનાં રંગીન સ્વપ્નમાં સુનંદા અને રૂપસેન મહાલવા લાગ્યાં. બન્ને વિચારોના વમળમાં અટવાય છે. સુનંદા વલખાં મારે છે: 'રૂપસેન ક્યારે મળે?' રૂપસેન વલખાં મારે છે: 'સુનંદા ક્યારે મળે?' ખાવા–પીવાનું પણ આ ઝંખનાના કારણે અકારું લાગવા માંડયું. બન્ને શૂન્યમનસ્ક થઈ જીવવા માંડયાં.

કુદરતને કરવું એક વખત આખા ગામને ગામ બહાર ઉજાણી કરવા જવાનો પ્રસંગ આવ્યો. આ બાજુ રાજમાતાએ સુનંદાને જણાવ્યું: 'ચાલો આપણે ઉજાણીમાં જઈએ.'

માયાવી સુખનાં સોનેરી સ્વપ્નોમાં રાચતા જીવોને ભાન જ હોતું નથી કે અમે દુઃખના દાવાનળમાં આંધળી દોટ મૂકી રહ્યા છીએ. સુનંદા પોતાની સખીઓને જણાવે છે કે, 'રૂપસેનના મિલનની એક જ તક છે. બધાં ગામ બહાર

જશે. હું તબિયત નરમ છે એવું બહાનું કાઢીશ.' એ રીતે બહાનું કાઢીને તેણે માતાને જણાવી દીધું. મારી તબિયત સારી નથી એટલે હું નહિ આવું.'

સખીઓ દ્વારા રૂપસેનને મુકરર સ્થળ--સમયે રાજ-મહેલમાં પહોંચવાનો સંદેશો મળ્યો. તેથી તે પણ બહાનું કાઢી ઘેર રહ્યો. સમય થતાં સુનંદાને મળવાના વિચારોમાં સજ્જ થઇને નીકળી પડ્યો. આ બાજુ સુનંદાની સખીઓ નક્કી કરેલી બારીમાંથી વારેવારે નજર કરે છે. ત્યાં નક્કી કરેલા સંકેત મુજબ દોરડું હાલ્યું. તુરત જ સખીઓએ નિસરણી મૂકી. આ નિસરણી મારફત એક માણસ ઉપર આવ્યો. તેટલામાં તો ખબર કાઢવા સ્ત્રીઓ આવતી દેખાતાં તેમને ખબર ન પડી જાય માટે દીપક બુઝાવી દીધા. અંધારામાં હળ્યાંમળ્યાં. થોડો સમય વીતાવ્યો. સુનંદાએ માન્યું: મારો માનીતો મને મળી ગયો ઉભરાતા હૈયાને સહેજ ટાઢક વળી, બીજો દિવસ થયો, ત્રીજો દિવસ થયો અને અઠવાડિયું વીત્યું પણ પછી રૂપસેનનો પત્તો નથી. કોઈને ખબર નથી કે તે ક્યાં ગયો. તેના બાપે તપાસ કરી. રાજાએ તપાસ કરી સુનંદાએ પણ પોતાનો પ્રેમી ક્યાં ગયો તેની ખાનગીમાં તપાસ કરાવડાવી પણ ક્યાંય પત્તો ન મળ્યો. સુનંદા વિચારે છે. મારી પાસેથી ગયા બાદ તે નાસી ગયો કે શું થયું હશે ?

સમય વીતે છે સુનંદાને પોતાની કુમારિકાવસ્થામાં

જ ગર્ભવતી બન્યાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં. તે સખીઓ સાથે મળી વિચાર કરવા લાગી: 'હવે પરિણામ ખરાબ આવશે ?' બીકના કારણે ઉપાયો વડે ગર્ભનો નિકાલ પણ કરી દીધો. ત્યારબાદ ટૂંક સમયમાં એક નગરના રાજા સાથે લગ્ન પણ થઈ ગયાં.

લગ્ન થયા બાદ પ્રથમ દિવસે શયનખંડમાં શણગારેલી શૈયા ઉપર સુનંદા પોતાના પતિની રાહ જોતી બેઠી છે ત્યાં સામે જ ફેણ ચઢાવેલો એક સાપ જોઈને ચીસ પાડી ઊઠે છે. જે સાંભળી તેનો પતિ દોડી આવીને તલવાર વડે તે સર્પના ટુકડા કરી નાખે છે.

આ વાતને દિવસો વીત્યા. એક દિવસ રાજા-રાણી સંગીતમાં મસ્ત બની ગીત સાંભળી રહ્યાં છે. ત્યારે બહાર એક કાગડો કા-કા કરીને સંગીતમાં ખલેલ પાડે છે. રાજા ક્રોધમાં ધનુષ્ય-બાણ વડે કાગડાને મારી નાખે છે.

એક વખત રાજા-રાણી સહેલગાહ કરવા જંગલમાંથી પસાર થઈ રહ્યાં હતાં. ત્યાં અચાનક ઝાડ ઉપર બેઠેલા હંસની દૃષ્ટિ રાગથી રાણી ઉપર પડી. બરાબર તે જ સમયે તેની બાજુમાં રહેલો કાગડો રાજા ઉપર ચરક્યો. આથી રાજાએ બાણ છોડયું. કાગડો તો ઊડી ગયો અને હંસ વિંધાઈ ગયો.

સુનંદા આ પ્રમાણે સુખનાં સોનેરી સ્વપ્નમાં પતિ સાથે રોજ ક્રીડા કરી રહી છે. બધું જ ભૂલીને રંગરાગમાં

મસ્ત બનેલી સુનંદાને રૂપસેનનું શું થયું હશે. તેનો ખ્યાલ આવતો જ નથી.

જગતમાં એક આવે ને બીજો જાય. જગતના પદાર્થો ગયેલાનો શોક કરતા નથી. તેના માટે તમે ગમે તેટલી રંગીન કલ્પના કરો પણ તે વસ્તુઓને અસર નથી. નવો માલિક આવશે. રાજાના ભંડારોને શું ? ભંડારમાંનો એક પૈસો યા ખડકાએલા ભોગના પદાર્થો ઊંડા નિશ્વાસ નાખવાના નથી. આપણે અફસોસ કરીશું પણ એ અફસોસ નહિ કરે. આ રીતે મોંઘી જિંદગી વેરણ–છેરણ થઈ જાય છે તોય જીવને ભાન રહેતું જ નથી.

'मोहांधत्वाददृष्टगुणदोषः'

મોહમાયામાં આંધળા બનવાથી માનવીને કશું ભાન હોતું નથી. પરિણામે તે જે પ્રવૃત્તિ કરે છે તેમાંથી સુખ પ્રાપ્ત નથી થતું પણ દુઃખ જ મળે છે. હૈયામાં દુઃખનો દાવાનળ જાગી જાય છે અને સુખ પ્રતિની અભિલાષા પણ ચાલુ રહે છે. આ બેનો મેળ કેમ મળે ?

પકવાન સાથે પીરસાતી ચટણી જેટલું પણ દુઃખ જોઈતું નથી. ત્યાં જમવામાં ભલે ચટણી રહી અહીં તો સુખ, સુખને સુખ, દુઃખ જરાય નહિ. આજે જેવું સુખ હોય તેવું આવતી કાલે દુ.ખ પણ હોય. દિવસો કોઈના સદા સરખા જતા નથી. આજે સુખમાં ઊંડા ઊતર્યા તો કાલે દુઃખ આવવાનું જ છે.

આ વાતનું સુનંદાને ભાન નથી તે તો રંગરાગમાં મશગુલ બની, એક વખત જંગલમાં પતિ સાથે મજા માણી રહી છે. રાજા વાંસળી વગાડે છે. બાજુમાં સુનંદા બેઠી છે. વાંસળીમાંથી મીઠા સૂર વહી રહ્યા છે. સુનંદા આ મીઠા મધુર સ્વરોનું એક ચિત્તે પાન કરી રહી હતી. સામે દૂર દૂરથી વાંસળીના નાદે આકર્ષાઈ આવેલાં હરણોનાં ટોળાં આવીને ઊભાં છે. વાંસળી બંધ થઇ. બધાં હરણાં આવ્યા હતાં એવાં ભાગ્યાં. ન ગયું એક. તે તો ઊભું જ રહ્યું. નાનું રેશમ જેવું હરણ ટગર ટગર જોતું ઊભું છે. રાજા વિચારે છે આનું માંસ સુંદર બને : આ હેતુથી બાણ મારી તેને વીંધી નાખે છે. સાથે રહેલા નોકર મારફત રસોયાને પહોંચાડે છે.

ભોજન સમયે રાજા–રાણી હસતાં હસતાં આવીને જમવા બેઠાં.

એ જ વખતે તેમના આંગણે એક મહામુનિ પધાર્યા. સાથે એક નાના મુનિ પણ હતા. રાજા–રાણીને જમતાં જોઈ મુનિના મોં ઉપર સહેજ હાસ્ય ફરકયું. હસતાં હસતાં સાથેના નાના મુનિને સંબોધીને મહામુનિ બોલ્યા : ‘ જુઓ તો ખરા! એક જીવ ભૂંડી હાલતમાં હેરાન–પરેશાન બની રહ્યો છે અને આ બંને મજા માણી રહ્યાં છે.’

રાજા–રાણીને શંકા ઊઠી મુનિ કોઈ દિવસ કોઇના જીવન પ્રત્યે આમ વગર કારણે હસે નહિ. કાંઇક તો હશે જ. એ વિચારે તેઓ મુનિ પાસે આવી હસવાનું પ્રયોજન પૂછવા માંડયા. મુનિ કહે : ‘ જવા દો એ વાત. તમને

ખોટું લાગશે.' રાજા કહે. 'અમારા કલ્યાણની વાત હશે તેમાં અમને ખોટું નહિ લાગે.'

અથથી ઇતિ સુધી બધી વાત કહેવાની મહામુનિએ શરૂઆત કરી.

સુનંદાને ઉદ્દેશીને મુનિએ કહ્યું: 'તને બારમા વર્ષે સંસાર ઉપર અણગમો જાગેલો?'

સુનંદા કહે 'કબૂલ.' પછી અઢાર વર્ષની ઉંમરે તને સંસાર પર પ્રેમ ઉત્પન્ન થયો હતો?

'સુનંદા કહે: હા, શ્રેષ્ઠીના પુત્ર રૂપસેનના સોનેરી સ્વપ્નાં મેં સેવ્યાં હતાં.'

મુનિએ આગળ પૂછ્યું: એકેય વખત મળ્યાં હતાં?' સુનંદાએ હકારમાં જવાબ આપ્યો. મુનિ કહે: 'શું હા? ત્યાં જ તારી ભૂલ થાય છે. જેને તું રૂપ-સેન માની રહી છે તે રૂપસેન હતો જ નહિ. તે તો નગરનો એક ચોર-જુગારી હતો. નિસરણી લટકતી જોઈ તે ઉપર ચઢયો. અંધારામાં આવ્યો અને ગયો ત્યાં સુધી આનંદ-પ્રમોદ કર્યો. જતાં જતાં ત્યાં પડેલા દાગીના પણ ઉઠાવતો ગયો.'

સુનંદા કહે: 'તો રૂપસેનનું શું થયું?'

'મુનિ કહે, એની તને ખબર નથી કેમ? તેં તો માની લીધું કે રૂપસેન આવ્યો પણ ઘેરથી સોનેરી સ્વપ્નમાં

રાચતો તારો રૂપસેન જ્યારે રાજમાર્ગ ઉપરથી પસાર થતો હતો ત્યારે ઉપરથી એક ભીંત પડતાં તે નીચે દટાઈ જઈ મૃત્યુ પામ્યો હતો.'

સુનંદાની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. રાજાને અનહદ આશ્ચર્ય થયું.

મોહના અંધકારથી અંધ એવા આ જગતના લોકો માને છે કે સુખ અમને મળે છે, પણ સાચેસાચ તે સુખ હોતું નથી. જ્ઞાનીઓ એટલે જ કહે છે:

## यां यां करोति चेष्टाम्

જે જે પ્રયત્નો કરો છો, તેના દ્વારા દુઃખ જ આવે છે.

'તારાં લગ્ન લેવાયાં તે પહેલાં કુમારી અવસ્થામાં ઉત્પન્ન થએલા ગર્ભને પડાવી નાંખ્યો. ગર્ભમાં તારા ઉપરની અત્યંત આસક્તિ ધરાવતો રૂપસેનનો જીવ હતો. પરણ્યાની પહેલી રાત્રે તારા શયનખંડમાં સાપ આવેલો તેના તારા સ્વામીનાથે બે ટુકડા કરી નાખેલા તે રૂપસેનનો જ જીવ હતો. ગર્ભપાત બાદ તે સર્પરૂપે ત્યાં આવેલો. તે તારા તરફનો મોહ ત્યજી શક્યો ન હતો. તે તને કરડવા આવ્યો ન હતો પણ તારા મોહમાં તને જોવાને આતુર હતો. તને જોતો ને તેની આંખમાં ઘેન ઉભરાઈ જતું. પછી ખબર છે? સંગીતની મોજમાં ખલેલ પાડતા કાગડાને તારા સ્વામીએ બાણથી વિંધી નાંખ્યો તે પણ રૂપસેનનો જીવ હતો.'

સુનંદાના સ્વપ્નમાં રાચતા જીવના કેટલા ભવ થયા? ત્રણ ભવ. આસક્તિભાવ ઘટતો નથી. દિનપ્રતિદિન વધ્યા જ કરે છે. જુગારીના સંસર્ગથી જે ગર્ભ રહ્યો તે અકસ્માતથી મરી ગએલ રૂપસેનનો જીવ સુનંદા તરફની આસક્તિને કારણે ગર્ભમાં આવ્યો. તે નષ્ટ થતાં ત્યાંથી સર્પ બન્યો. ત્યાંથી કાગડામાં આવ્યો. હંસ મરી ગયો હતો એ પણ એનો જ જીવ હતો.

'વણખાધાં વણભોગવ્યાં!' કેટલી કઠિનતામાં જીવ અટવાય છે? એણે તો ખાધું પણ નથી, માત્ર ઇચ્છા જ કરી હતી. આ સુખનાં સોનેરી સ્વપ્નો કેવાં ભ્રામક છે? ભયંકર દુઃખના દાવાનળથી ભરેલાં છે. ભોગવનાર તો ખરડાય પણ કેવળ વિચાર કરનાર પણ દુઃખમાં ઢસડાઇ જાય. 'લક્કડકા લડ્ડુ ખાય વહ ભી પછતાય, નહિ ખાય વહ ભી પછતાય.' નહિ ખાધેલાને અભરખો રહે અને ખાધેલાને કંઈ સ્વાદ નહિ—સંસારના રંગીન સુખોનું સ્વપ્ન પણ આવું જ છે. ભોગવે એને તો દુઃખ છે જ, પણ ન ભોગવે તેને પણ 'પોતે રહી ગયા' તેનું દુઃખ લાગે છે.

સુનંદાનો માત્ર એક ભવ ત્યારે રૂપસેનનો પાંચમો ભવ. કુદરત કેવા પ્રકારની છે: જેના નિમિત્તે રઝળી રહ્યો છે, તેના નિમિત્તે મરી પણ રહ્યો છે.

મુનિ કહે છે: 'હરણનું માંસ આરોગવા તો બેઠી છે. પણ તને ભાન નથી કે તારા માટે તે તલસી રહ્યો હતો,

તેનો તારે હાથે તેં જ ઘાત કરાવ્યો છે.' આ સાંભળી સુનંદા અત્યંત આઘાત અનુભવે છે. પોતાની ઉપર ફીટકાર વરસાવે છે કે હું ભયંકર પાપિણી છું. આ પાપમાંથી બચવાનો આરો નથી. તેનો પતિ સમજુ છે તે સમજે છે કે જીવ કર્મને વશ છે અજ્ઞાનના અંધકારમાં વિચરતા જીવો દુઃખના દાવાનળમાં હોમાઇ જાય છે ત્યારે તેમને પોતાને તો તેનું ભાન હોતું જ નથી.

સુનંદા આ કથા સાંભળી ઘણી પસ્તાય છે. મહામુનિ સમક્ષ હાથ જોડીને પોતાના ઉદ્ધારનો માર્ગ બતાવવા પ્રાર્થના કરે છે. મુનિ સુનંદાને કહે છે કે સંયમ સિવાય બીજો માર્ગ નથી. સોનેરી સ્વપ્નોનો ત્યાગ જ્યાં સુધી કરવામાં નહિ આવે ત્યાં સુધી દુઃખનો દાવાનળ શાંત નહિ બને. જો આ બધા ફાંફાં છોડશો તો સંસાર નંદનવન લાગશે. પણ એ અવસ્થાનું ભાન આવે ત્યારે ને! ભોગવ્યું નથી તેય દુઃખી થાય છે. અનુભવ કરનાર પણ પસ્તાય છે. આમ જીવો શાંતિનો શ્વાસ લેતા નથી મુનિએ ઉદ્ધારનો માર્ગ ચીંધ્યો : 'નિસ્પૃહી બનો તો મહાસુખ પામશો.'

ડગલે ને પગલે ઉભરાતું ધન ભોગ તરફ મમતા જગાવે છે. જે સળગતા સંસારમાં પહોંચાડે છે, જ્યારે અપૂર્વ શાંતિ તો સંયમમાં જ છે. મહામુનિના ઉપદેશથી સુનંદા અને રાજાએ સંયમ સ્વીકારી લીધો.

સુનંદાએ આગળ પૂછ્યું : 'રૂપસેનનું શું થશે ?'

મુનિએ જણાવ્યું. અહીંથી મરીને તે હાથી તરીકે ઉત્પન્ન થયો છે. એ હાથી રૂપે તારી સામે આવશે. તને એ જોશે પણ હજી તેનું ઘેન ઉતરવાનું નથી.'

સુનંદા કહે: 'જો તે મારી સામે આવશે તો હું તેને બધી હકીકત કહીશ અને સમજાવીશ.'

મુનિ ગયા. રાજા-રાણી સંયમી બન્યાં.

સાધ્વી બનેલ સુનંદા એક વખત વિહાર કરતાં ગામ બહારના માર્ગ ઉપરથી પસાર થઈ રહી હતી ત્યારે સામી બાજુએથી એક ગાંડો હાથી આવતો જોઈ લોકોએ દોડાદોડી કરી મૂકી. સુનંદાને પણ લોકોએ ચેતવી કે ત્યાં ન જશો. પણ સાધ્વીના હૈયામાં શાંતિ સિવાય બીજો ભાવ નહોતો તે તો હાથીને રૂપસેનરૂપે જોતી હતી.

જેણે પોતાના માટે જિંદગીનો ભોગ આપ્યો તેને બચાવવાના અર્થે સાધ્વીજી લોકોની આ વાત પ્રત્યે ધ્યાન દેતાં નથી, હાથીની દૃષ્ટિ અચાનક સાધ્વી બનેલી સુનંદા ઉપર પડી. સૂંઢ હલાવતો તે સામે આવીને ઊભો રહ્યો. હજુ પણ આસક્તિ જતી નથી. સાધ્વી જણાવે છે: શા માટે ઉપધિ કરે છે? મારા તરફની આસક્તિ છોડી દે. આ મોહમાં તારી જિંદગી હોમાઈ ગઈ. ક્ષુદ્ર જીવોની અવસ્થાએ પહોંચી ગયો છે. હવે તો કંઇ સમજ અને મારા તરફનો મોહ છોડી દે.

પૂર્વ જન્મો સંભળાવ્યા, જાતિસ્મરણ જ્ઞાન થયું.

કંઈક સમજણથી હાથીની આંખમાંથી આંસુ ટપકવા માડયાં. સાધ્વીએ દેશવિરતિ આપી, જેને હાથીએ મુક મંજૂરી આપી નગરના રાજાને સાધ્વીજીએ પ્રેરણા આપી કે આ ઉત્તમ જીવ છે એને તમે સાચવજો.

રાજાની ગજશાળામાં રહેલો હાથી અંત સમયે આરાધના કરી સુખના સોનેરી સ્વપ્નો ભૂલી દુઃખના દાવાનળને બૂઝાવી સદ્ગતિનો અધિકારી બન્યો.

સુનંદાએ પણ આરાધનાના દિવ્ય માર્ગે વિચરતાં સાચા સુખની પ્રાપ્તિ કરી.

આપણે પણ આ રીતે સુખનાં કાલ્પનિક સ્વપ્નોમાં રાચ્યા સિવાય સાચા સુખના અધિકારી બનવા માટેના પ્રયત્નો શરૂ કરીશું તો દુઃખનો નાશ કરી શાશ્વત સુખના પંથે પ્રયાણ કરવા ભાગ્યશાળી બનીશું.

સમાપ્ત

# ચેતનને લાલ બત્તી

[ રેડ સિગ્નલ ]

રાજમાર્ગે દોડી રહેલાં વાહનની સલામતી ખાતર, જાહેર જનતાના હિત માટે, રાજ્ય તરફથી આગળ આવતા ભયથી બચવા માટે, **લાલબત્તી** રાખવામાં આવે છે. તે મુજબ જ્ઞાનીઓ તરફથી અનાદિ સંસારમાં રખડતા ચેતનને લાલબત્તી ધરવામાં આવે છે કેઃ—

જો તારે સલામતીપૂર્વક જીવનની ગાડીને આગળ ધપાવતાં ધપાવતાં મુક્તિના મંદિરમાં પહોંચવું હોય તો વિષયના વિષથી ભરેલા ફલોથી વ્યાપ્ત ભોગના વૃક્ષની છાયામાં ઘડીભર પણ તું વિસામો લઇશ નહિ. જો થોડો પણ સમય તે વિષયના વૃક્ષની છાયામાં વિસામો લેવા થોભીશ, તો તેનું પ્રસરતું ઝેર તારા જ્ઞાનાદિ ગુણોની આસપાસ વીંટળાઇ જશે અને તું મુંઝાઈ જઇશ.

આ લાલબત્તીની અવગણના કરનાર અશાંતિની આગમાં સંતપ્ત બની જાય છે. અને જ્ઞાનીઓનાં વચનોનો ભાવપૂર્વક આદર કરનાર ધીરે ધીરે પ્રગતિ કરતો શાશ્વત શાન્તિનો ભોક્તા બને છે.

**—પ્રવચનકાર**

## તારકની કરુણા

ભવની ભયંકર આગમાં સંતપ્ત પ્રાણીઓને સુખના શીતળ સમીરથી સભર શાન્તિના મંદિરમાં વાસ કરાવવા માટે ભોગના ભંડારોનો ત્યાગ કરી કુસુમને બદલે કંટક ઉપર કદમ ભરનાર મહેલોની મઝાને ત્યાગી વનવગડામાં નિશદિન વિચરનાર પરમતારક પરમાત્માનો કરુણા ભાવ સાગરના નીરથી અધિક પ્રમાણમાં હતો, તેમાં સંશયને સ્થાન છે ?

★ ★ ★

## ચેતન! જરા સાંભળ.

જેમાં તું વસી રહ્યો છે તે તારો કાયાનો મહેલ પાયા વિનાનો છે. દિન પ્રતિદિન ક્ષીણ સ્વભાવી આયુષ્યના જર્જરિત સ્થંભનો આધાર છે. આવા ભયજનક દેહના મંદિરમાં તું મોહની મીઠી નિદ્રાનો અનુભવ કરે છે, તેનું તને ભાન છે ?

★ ★ ★

## સાચી શાન્તિ.

વૈભવને વિલાસમાં રાચતા શચિપતિને અને સુખની રંગીન કલ્પનામાં રમતા રાજવીને સાચી શાન્તિ નથી. પણ સંસારના વાતાવરણથી પર બની સંયમી જીવનની સાધનાના રસાસ્વાદમાં તલ્લીન શ્રમણ ભગવંતોના અંતરમાં સાચી શાન્તિનો વાસ છે.

—પ્રવચનકાર

